(૧૭) **ચૌદ મનુનો અવતાર** – **नूपुरकंकणादिभिर्विभूषितम्** શ્રી વિગ્રહના અલંકારોનો અવતાર છે. બાર અંગના બાર અલંકારો અને મેખલા ને વનમાલા મળીને ૧૪ થયા.

(૧૮) ધન્વંતરિનો અવતાર ને મોહિનીનો અવતાર
(૧૯) **स्निग्धामलाकुंचित नीलकुन्तलैः** ધર્મ સ્નેહ અને શુધ્ધિરૂપ ધન્વંતરિ છે. ધન્વંતરિમાંજ મોહિની સ્વરૂપ આવી જાય છે. એકજ અવતારમાં બે અવતાર લીધા છે. કુંચિત શબ્દનો અર્થ કુટિલતા થઈ શકે. તે ક્રિયા દૈત્યવંચના માટે મોહિની રૂપ લઇને ધન્વંતરિએ કરી. તેથી કુંચિત શબ્દથી મોહિની અવતારનું પણ ગ્રહણ થશે.

(૨૦) પરશુરામનો અવતાર – **नीलकुन्तलैः** વિશેષણથી બતાવ્યો. નીલ એટલે શ્યામતા. ક્ષત્રિયના વધનું કર્મ શ્યામ હતું. કુન્તલ એટલે કેશ. કેશ શબ્દ બહુ વચનમાં વાપર્યો છે, માટે પરશુરામે અનેકવિધ કર્મો કર્યાં છે, તે પણ સૂચવ્યું. **त्रिःसप्तकृत्व** ત્રણ વખત સાત સાત, એટલે એકવીશ. ત્યાં એકવીશ શબ્દ ન વાપરતાં ત્રણે ગુણાયેલ સાત એમ કહેવામાં હેતુ છે. એક વખત એક સાથે સાત લઢાઇ લઢી ક્રૂર – પ્રજાપીડક ક્ષત્રિયોને હણ્યા. પુનઃ તેઓના પુત્રો જન્મ્યા. તે સૃષ્ટિ બ્રાહ્મણ દ્વારા થઇ. તે ઉદ્દંડ થયા. તેમનો પણ નાશ કર્યો અને ત્રીજી વખત તેજ પ્રકાર યુધ્ધ થયું.

(૨૧) **શ્રી રામાવતાર** **विरोचमानाननहासपेशलम्** હાસ્ય માધુર્ય. શ્રીના મુખારવિંદ ઉપર સર્વથા સર્વ અવસ્થામાં મુખની પ્રસન્નતા એ શ્રી રામાવતાર છે. હાસ્યના ત્રણ પ્રકાર – ગર્વ હરે, મોહ કરે, અને કૃપા કરે. શ્રી રામે તે ત્રણે કાર્ય કર્યાં.

૧ ૨ ૩ ૪
(૨૨) **બલભદ્ર સહિત કૃષ્ણાવતાર** – **अदीनलीलाहसितेक्षणो**
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
**ल्लसद् भ्रूभंगसंसू चित भूर्यनु ग्रहम्**. ૨૬ થી ૩૫ શ્લોકો સુધીમાં દશ પ્રકારની લીલાઓ કરનાર ભગવચ્ચરિત્રનો દશ શ્લોકોમાં સંગ્રહ છે. **अदीन – सर्गलीला** વસ્તુ કે વ્યક્તિ આદિ ન મળે તે દીન થાય. ભગવાન સ્વયં સર્વ વસ્તુ અને વ્યકિત રૂપે થવાના ને સર્વની દીનતા દૂર કરવાજ સર્ગ લીલાની રચના કરી સર્વને સુખી કરશે. ભગવાન દીનબંધુ છે ને સ્વયં અદીન છે. અદીન લીલામાં ભગવાનનું ચતુર્વ્યુહ રૂપે પ્રકટ થવું વર્ણવ્યું છે. **लीला – विसर्गलीला** – સૃષ્ટિ રચી તેના જીવ માત્ર માટે સુખ આપવા ભગવાને લીલા ચરિત્રો કર્યાં તે વિસર્ગ લીલા. **हसित – स्थिति लीला** પૃથ્વી આદિ સ્થાનોની રચના કરવી એ તો ભગવાનને હાસ્ય જેટલું સુલભ છે. **ईक्षणः पुष्टिलीला** ભગવાન જેના ઉપર દૃષ્ટિ કરે તેનું પોષણ – અનુગ્રહ થાય છે. **उल्लसद् – ईशानुकथा** ઉલ્લાસ વંશ વિસ્તારથી અને શ્રીરામાદિ અવતારથી થાય છે, તે નવમા સ્કંધની ઇશાનુકથા. **भ्रू – ऊति लीला** ભ્રૂકુટીથી વાસના દેખાય છે. ભ્રૂકુટી ચલન વાસનામાં થયાં કરેછે. **भङ्ग–सद्धर्मलीला** સંતોના ધર્મો જગતના સ્થૂલ સંબંધોને અને સ્વાર્થને દૂર કરે છે. **संसूचित – निरोधलीला** સારા પ્રમાણમાં ભગવદ્ ધર્મોનું સૂચન નિરોધ લીલામાં છે. **भूरि – मुक्तिलीला** ભૂરિપણું એટલે મહત્વપણું અને તે મુકિતમાં છે. **अनुग्रह – आश्रयलीला** જેના ઉપર કોઇનો અનુગ્રહ ન હોય તેને કોઈપણ રાખતો નથી. ઉપરના દશ શ્લોકોમાં આ લીલાઓ ઘટાવી લેવી.

(૨૩) **શ્રી વ્યાસજીનો અવતાર** – **ईक्षेत चिन्तामयमेनम्** વિશ્વની વિવિધ પ્રકારની ચિંતાઓ દૂર કરનાર ભગવાનના અવતારોના અભાવમાં વ્યાસજીને વ્યાપક ચિંતા થતાં વિપુલ સાહિત્ય વિશ્વ માટે મૂકી વિશ્વનો માર્ગ મોકળો કર્યો.

(૨૪) **બુદ્ધાવતાર** **ईश्वरम्** સર્વની બુધ્ધિ ઉપર પોતાનું પ્રભુત્વ દર્શાવે તેને ઇશ્વર કહેવાય. વેદોનો અન્યથા ઉપયોગ અને આશ્રય લઈ આસુરી વૃત્તિઓથી વિશ્વને કનડગત કરતા વર્ગની બુધ્ધિમાં મતિભ્રમ કરનાર બુધ્ધ થયા. એ તેમનું પ્રભુત્વ હતું.

(૨૫) **કલ્કિ અવતાર – यावन्मनो धारणयावतिष्ठति** મનની કલિયુગમાં ધારણા કરાવવા માટે કલ્કિ ભગવાનનો અવતાર.

ભકત – સંત – વિભૂતિઓ – મહા પુરુષો વિગેરે ભગવાનના અવતારોનું કથન કરતાં **एकैकशोऽगानि धियानुभावयेत्** લખ્યું. એક એક અંગોનું ધ્યાન કરવું.

૪૩, ૪૪ અને ૪૫ એ ત્રણ શ્લોકોમાં ૫૪ સંખ્યામાં ભકતો ગણાવ્યા છે, જે ભગવાનના એક એક અંગના ભાવ સ્વરૂપો છે. સાત્વિક, રાજસ અને તામસ ત્રણ પ્રકારો છે, તે ત્રણ શ્લોકોમાં છે. ૪૬મા શ્લોકમાં નિઃસાધન, દીન, ભગવદ્ અનુગ્રહ શીલ થયેલા માયાને તરી જાયછે, તે વર્ણવ્યું.

શ્રીમદ્ ભાગવતનું વર્ણન શ્રોતા વકતાના હૃદયમાં સેવાભાવ ને ભક્તિભાવ જાગ્રત થવાના એકજ ઉદ્દેશથી છે.

## **અધ્યાય ૮મો** (શ્લોક સંખ્યા ૨૯)

ત્રણ અધ્યાયમાં યુકિત યુકત સૃષ્ટિ આદિનું ઉત્પત્તિ નિરૂપણ કરેછે. ભગવાનનો અવતાર શી રીતે? સૃષ્ટિનો કર્તા કોણ? નિત્ય શું? અનિત્ય શું? સર્વનું વિવેચન યુકિત સંગત કરશે.

**कथा लोकसुमंगलाः**– રક્ષા બંધન પુરુષને માટે મંગલ છે. અલંકાર પહેરનારને મંગલ; શણગાર, ગૃહ મંગલ છે; પુત્ર જન્મ, પુત્રી લગ્ન આદિ કુલ મંગલ; વૃષ્ટિ વિગેરે ગામ – દેશ મંગલ છે; જ્યારે કથા વિશ્વ મંગલ છે. **વિશ્વ બંધુત્વ ભાવ, વિશુદ્ધ ભાવ, આત્મભાવ** – એ ત્રણ ભાવ કથાથી થશે, જેમાં વિશ્વકલ્યાણ થશે.

પ્રથમ શ્લોકથી છવ્વીસ શ્લોક સુધીમાં રાજાના અનેક પ્રશ્નો છે, જેમાં પૂર્વ પક્ષના આક્ષેપો છે. પ્રશ્નો ઉપરથી જિજ્ઞાસા અને સમજ શકિતનું માપ નીકળ્યું; અને પ્રસન્ન થઇ શુકદેવજીએ બધાજ પ્રશ્નોનું સમાધાન કર્યું. તે સમાધાન તેજ શ્રીમદ્ ભાગવત. અષ્ટમ અધ્યાય શ્રીમદ્ ભાગવતનો મુખ્ય પ્રશ્નાધ્યાય છે, જેમાં જીવ સ્વરૂપ, ઇશ સ્વરૂપ, જગત્ સ્વરૂપ અને પરસ્પરનો સંભવ તેમજ સંબંધ વર્ણવ્યાં છે.

## **અધ્યાય ૯મો** (શ્લોક સંખ્યા ૪૫)

આ નવમા અધ્યાયમાં જીવ–બ્રહ્મ સ્વરૂપનો વિચાર કરવામાં આવ્યો છે.

આઠમા અધ્યાયમાં બે પ્રશ્નો હતા. (૧) જીવમાં ધાતુઓ નથી, તો સપ્ત ધાતુના સંબંધવાળા દેહનો સંબંધ શા માટે? ભગવદ્ ઇચ્છાથી દેહ સાથે સંબંધ થયો માનશો, તો ભગવાનને તેવી ઇચ્છા શા માટે? આ એક પ્રશ્ન. (૨) બીજા પ્રશ્નમાં ભગવાનના સૂક્ષ્મ સ્વરૂપમાં તો ગાઢ રીતે મેધાનો પ્રવેશ નથી થઇ શકતો, એટલે તેમાં શંકા નથી થતી; પરંતુ સ્થૂલ સ્વરૂપમાં તો અનેક પ્રકારની પ્રશ્નાવલી રાજાએ પૂછી છે. આ બન્નેનો પ્રત્યુત્તર નવમા અધ્યાયથી આપેછે.

નવમા અધ્યાયના પ્રથમ ત્રણ શ્લોકથી પ્રથમ પ્રશ્નનું સમાધાન છે. જીવના સ્વરૂપની રચના કેમ થઇ તે બતાવેછે. ભગવાન્ એટલે સત્ – ચિદ્ – આનંદ – ત્રણ ધર્મોનું પૂર્ણ સ્વરૂપ. તે ભગવાનની બે પ્રકારની માયા છે. તેમાંથી જે મોહ કરાવનારી માયા છે, તે જીવનું સ્વરૂપ ઘડે છે. સદાનંદ રૂપ એક માયાનો વિભાગ, અને બીજો ચિદાત્મક પ્રકાર. સદાત્મિકા માયાએ જીવ બનાવ્યો. **जीवतीति जीवः**

જીવ ધાતુનો અર્થ જ પ્રાણ ધારણ થાય છે. પ્રાણોને ધારણ કરે તે જીવ; એ રીતે ચિદાત્મક માયાથી મોહ પામ્યો અને અકળાયો; પછી આનંદ શોધ્યો, ત્યારે દશ પ્રકારના પ્રાણો ધારણ કર્યા; અને સૃષ્ટિમાં પરોવાયો. ભૌતિક વિષયોમાં આનંદની લાલસાથી તે ઓતપ્રોત થયો. જીવ સંસાર રત બની ગયો. પછી તેને સાચા આનંદની વાંછા થઈ; ભગવાન તરફ વળ્યો; કાલધર્મ અને માયાના ધર્મથી પર થયો ને પ્રભુ કૃપાથી સ્વરૂપાનંદ પ્રાપ્ત કરી ગયો.

બ્રહ્મ સ્વરૂપનું વર્ણન કરવા માટે બ્રહ્માજીનું તપ અને ભગવત્સ્વરૂપનું દર્શન શ્લોક પથી શ્લોક ૧૮ સુધી પ્રસંગ વર્ણવ્યો છે. ૧૯મા શ્લોકથી ૩૧મા શ્લોક સુધી બ્રહ્માજીની સ્તુતિ અને ભગવદ્ વાર્તાલાપ વર્ણવીને ૩૨, ૩૩ ૩૪ અને ૩૫ એમ ચાર શ્લોકોમાં ભાગવત્ ચતુઃશ્લોકીનું કથન છે.

**अहमेवासमेवाग्रे नान्यद्यत्सदसत्परम् ।**
**पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम् ॥३२॥**

હું પૂર્વે હતો જ; બીજું કાર્યકારણાત્મક અથવા તેથી પર કાંઇ ન હોતું. પછીથી પણ હું જ છું. આ જે દેખાય છે તે હું છું. પ્રલયથી જે બાકી રહેશે, તે પણ હું જ છું.

**एको नारायण आसीत्, सदेव सोम्येदमग्र आसीत्, असद्वा इदमग्र आसीत्, आपो वा इदमग्रे सलीलमासीत्** — આવાં શ્રુતિ વાક્યો પરસ્પરનો વિરોધ દર્શાવતાં લાગે, તે બધાંનો સમાવેશ **ધર્મીમાં** થઇ શકશે. **सर्वे वेदा यत् पदमामनन्ति** સર્વ વેદો એ **બ્રહ્મનેજ** દર્શાવે છે એવાં વાક્યોથી નિર્ણય કરી શકાય. એકજ દિવસમાં મત્સ્યનું સો યોજન વધવું, ક્ષણવારમાં વરાહનું પર્વતાકાર થવું, સાત વર્ષની વયમાં શ્રી ગોવર્ધનને ધરવો – આ સર્વ લોક વિરૂદ્ધ લાગતું, **સર્વ શકિત સમ્પન્ન, સર્વ ભવન સમર્થ ભગવાન**માં ઘટી શકશે.

**ऋतेऽर्थं यत्प्रतीयेत न प्रतीयेत चात्मनि ।**
**तद्विद्यादात्मनो मायां यथाऽऽभासो यथा तमः ॥३३॥**

અર્થ વગર જેની પ્રતીતિ થાય છે, આત્મામાં જે દેખાતું નથી, જેવાં તમ અને આભાસ દેખાય છે તેવી તેને આત્માની માયા જાણો.

**यथा महान्ति भूतानि भूतेषूच्चावचेष्वनु ।**
**प्रविष्टान्यप्रविष्टानि तथा तेषु न तेष्वहम् ॥३४॥**

જેમ મહાભૂતો પાછળથી ભૂતોમાં પ્રવેશ કરે છે છતાં તેથી જુદાં રહે છે તેમ તેમાં હું રહું છું, છતાં નથી પણ રહેતો. કારણ રૂપ છું છતાં જુદો છું.

**एतावदेव जिज्ञास्यं तत्त्वजिज्ञासुनात्मनः ।**
**अन्वयव्यतिरेकाभ्यां यत्स्यात् सर्वत्र सर्वदा ॥३५॥**

તત્વજિજ્ઞાસુઓએ આત્મા સંબંધી એટલું જ જાણવું બસ છે કે જે અન્વય અને વ્યતિરેકથી સર્વત્ર અને સર્વદા હોઇ શકે, તે જાણવાથી બધું જણાય.

ચતુઃશ્લોકી ભાગવતમાં **પ્રમેય, પ્રમાણ, વિષય અને ઉત્પત્તિનું** કથન કર્યું છે.

## અધ્યાય ૧૦મો (શ્લોક સંખ્યા ૫૧)

એકાવન શ્લોકથી દશમા અધ્યાયમાં દશ પ્રકારના ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે.

સર્ગ, વિસર્ગ, સ્થિતિ, પોષણ, ઉતિ, મન્વન્તર, ઇશાનુકથા, નિરોધ, મુકિત અને આશ્રય–એ દશ પ્રકારની લીલાનું કથન કર્યું. વિષ્ણુ ભગવાન શરીરનો સ્વીકાર કરે તે **સર્ગ**. પૂર્ણ પુરુષથી બ્રહ્માદિની ઉત્પત્તિ કરી તે **વિસર્ગ**. ઉત્પન્ન થયેલ તત્ત્વોનું મર્યાદાથી પાલન કરવું તે **સ્થિતિ**. સ્થિતિ કરીને રહેલાંની અભિવૃદ્ધિ કરવી તે **પોષણ**. પોષણ પામેલાંઓનાં આચરણો તે **ઊતિવાસના**. તેમાં

પણ જે સદાચાર દેખાય છે તે **મન્વંતર**. મન્વંતરમાં જે વિષ્ણુ ભગવાનના ભકતો અને ભક્તિ વર્ણવાય તે **ઇશાનુકથા**. ભકતોને પ્રપંચમાંથી બચાવી લે તે ભગવલ્લીલા **નિરોધ**. પ્રપંચ દૂર થતાં સ્વરૂપલાભ થયો તે **મુક્તિ**. મુકતોનું બ્રહ્મના સ્વરૂપમાં રહેવું તે **આશ્રય**.

દશ પ્રકારના વર્ણવેલા એ ભગવત્સ્વરૂપનું આધિભૌતિક, આધ્યાત્મિક ને આધિદૈવિક ત્રણ પ્રકારે, અથવા તો ગુણ, કર્મ એ પ્રકારે પણ નિરૂપણ કરાય છે. તે પણ અધ્યાયની સમાપ્તિ સુધીમાં વર્ણવામાં આવ્યું છે.

દશમા શ્લોકથી તેત્રીસમા શ્લોક સુધીમાં વિરાજનું વર્ણન કરી **ત્રણે** પ્રકારના સ્વરૂપોનું કથન કરી આધિભૌતિક સ્વરૂપની ઉત્પત્તિ અને સ્વરૂપ સ્પષ્ટ રૂપે દર્શાવ્યું છે, જે આધિભૌતિક સ્વરૂપ ભગવાનનો સ્થૂલ દેહ છે.

બ્રહ્મ કલ્પની બીજા કલ્પો કરતાં વિશેષતા એ છે કે જ્યાં ભગવાન સ્વયં જગદ્રૂપે બને છે; પરંતુ બ્રહ્મ કલ્પના અવાંતર કલ્પમાં એટલે વિકલ્પમાં માયા વડે સર્વ રૂપ બને છે.

બીજા સ્કંધની કથામાં એક દિવસની કથા પૂર્ણ થઇ. શુક-પરીક્ષિતનો સંવાદ પૂરો થયો; અને ભગવલ્લીલા સાંભળવામાં ઇંતેજારી થઇ. વિદુર-મૈત્રેયની કથાના અવતરણ રૂપે શૌનક મહર્ષિએ ૪૮થી ૫૦ એમ ત્રણ શ્લોકોથી પ્રશ્નો પૂછ્યા; અને એકાવનમા શ્લોકમાં પ્રતિજ્ઞા કરીને સૂતે કહ્યું કે “પરીક્ષિત રાજાના પૂછેલા પ્રશ્નોના ક્રમને અનુસરી શ્રી શુક મહામુનિએ વર્ણવ્યું તે તૃતીય સ્કંધથી વર્ણવીશ.”

## દ્વિતીય સ્કંધ સમાપ્ત.

શ્રી હરિઃ

## શ્રીમદ્ ભાગવત તત્ત્વ સુધા બિંદુ

## તૃતીય સ્કંધ

### સર્ગલીલા - ભગવાનનો દક્ષિણ કર. (અધ્યાય ૩૩)

બે પ્રકરણ - ૧ થી ૧૯; ૨૦ થી ૩૩

**સર્ગલીલા** - સર્ગ એટલે કારણોની રચના અથવા જન્મ. બ્રહ્મમાંથી - ભગવાનમાંથી પંચ મહાભૂત, તન્માત્રાઓ, ઇન્દ્રિયો અને બુદ્ધિની જે ઉત્પત્તિ તેનું નામ સર્ગ. એ ચાર કારણ રૂપ અને કાર્યરૂપ એવાં બે પ્રકારનાં હોયછે. તૃતીય સ્કંધમાં જે વર્ણવ્યાં છે તે કારણ રૂપ છે. એટલે અલૌકિક એવાં પંચ મહાભૂત, તન્માત્રા, ઇન્દ્રિયો અને બુદ્ધિ છે. જીવોમાં રહેલાં તે તત્ત્વો કાર્યરૂપ છે. તેનું વર્ણન તે સર્ગલીલાનો નિર્દેશ અહિં નથી કર્યો.

**અધ્યાય ૩૩** - આ સ્કંધના ૩૩ અધ્યાયો, ૩૩ તત્ત્વોની અને ૩૩ દેવોની સૃષ્ટિ વર્ણવેલી છે માટે છે. અઠ્ઠાવીસ તત્ત્વો, ચાર પ્રાણીઓનાં ચાર બીજો, અને કાલ મળીને ૩૩ થયાં. તે લૌકિક સૃષ્ટિનો પ્રકાર. ૮ વસુ, ૧૧ રૂદ્ર, ૧૨ આદિત્ય, ઇન્દ્ર, પ્રજાપતિ મળીને ૩૩ થયા, તે અલૌકિક સૃષ્ટિનો પ્રકાર.

તૃતીય સ્કંધનાં મૂળ તો ચાર પ્રકરણો છે-અધિકાર, સૃષ્ટિ, ઉત્પત્તિ અને મુકિત. પરંતુ તેનાં અવાંતર **દશ પ્રકરણો** બનેછે. સગુણથી અને ગુણાતીતથી સૃષ્ટિની રચના થઇ, તે કર્તાના બે ભેદથી બે પ્રકાર થયા. તેમજ તત્ત્વો, જીવ અને કાલ એવા કારણોના ત્રણ ભેદ થયા, એટલે મળીને પાંચ પ્રકાર થયા. તે દરેક પ્રકારના બંધ અને મોક્ષના ભેદથી દશ પ્રકાર થયા માટે **દશ પ્રકરણ**.

૧. પ્રથમ પ્રકરણ – અ. ૧ થી ૬. ગુણાતીતથી સૃષ્ટિ કેવી રીતે થઈ, તેનું નિરૂપણ, જેમાં એકથી ચાર અધ્યાયમાં અધિકારી અથવા અધિકારનું કથન. વિદુરજીને વૈરાગ્ય થયો અને શ્રવણના અધિકારી થયા. તે દર્શાવી પાંચ અને છ અધ્યાયોમાં ગુણાતીતથી સૃષ્ટિનું વર્ણન કર્યું,

૨. બીજું પ્રકરણ – અ. ૭થી ૯. આ ત્રણ અધ્યાયમાં સગુણ બ્રહ્મમાંથી થયેલી વિસર્ગરૂપ સૃષ્ટિનું વર્ણન. આ સૃષ્ટિમાં બ્રહ્મા વિગેરેની ઉત્પત્તિ છે.

૩. ત્રીજું પ્રકરણ – અ. ૧૦, ૧૧. બે અધ્યાયથી કાલસૃષ્ટિ. કાલ સૃષ્ટિ પણ દશ પ્રકારની દર્શાવી છે.

૪. ચોથું પ્રકરણ–અ. ૧૨. એક અધ્યાયમાં મુકત જીવોની સૃષ્ટિ.

૫. પાંચમું પ્રકરણ – અ. ૧૩થી ૧૯. આ સાત અધ્યાયોમાં મુકત જીવો પૃથ્વી ઉપર કેમ આવ્યા તેના ઉપોદ્ઘાતનું કથન છે.

૬. છઠ્ઠું પ્રકરણ– અ. ૨૦થી ૨૪. પાંચ અધ્યાયોથી તત્ત્વ મુકિતના વિચારોનું પ્રકરણ. તત્ત્વોમાંથી કેવી રીતે છૂટી શકાય?

૭. સાતમું પ્રકરણ – અ. ૨૫. જીવ જગતમાંથી કેવી રીતે છૂટે તેનો વિચાર.

૮. આઠમું પ્રકરણ – અ. ૨૬, ૨૭, બે અધ્યાયોમાં ગુણાતીતોએ કેવી રીતે છૂટવું તેનો વિમર્શ.

૯. નવમું પ્રકરણ – અ. ૨૮ સગુણ પુરુષોએ કઇ રીતે છૂટવું.

૧૦. દશમું પ્રકરણ – અ. ૨૯થી ૩૩ આ પાંચ અધ્યાયમાં સમસ્ત જીવોએ કેવી રીતે છૂટવું તેના વિચાર.

પ્રથમ સ્કંધમાં અધિકાર પ્રાપ્ત થયો, અને દ્વિતીય સ્કંધમાં જ્ઞાન પ્રાપ્ત થયું. અધિકાર એટલે કોઇપણ કાર્યને યોગ્ય થવું, કાર્યક્ષમ થવું. જ્યારે યોગ્યતા આવે, ત્યારેજ જ્ઞાન થઇ શકે. દ્વિતીય સ્કંધમાં તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કર્યું અને તૃતીયમાં ક્રિયા વર્ણવી. તેત્રીસ તત્ત્વોની – કારણ તત્ત્વોની સૃષ્ટિ વર્ણવી. આ કારણ તત્ત્વોમાંથી વર્ણ, આકૃતિ થતાં ચતુર્થ સ્કંધમાં એ ચારે વર્ણ માટે ચતુર્વિધ પુરુષાર્થનું વર્ણન કરતાં ૩૧ અધ્યાયમાં વિસર્ગ લીલા વર્ણવાશે. તૃતીયના ૩૩ અને ચતુર્થના ૩૧ મળી ૬૪ અધ્યાયોમાં ભગવાનની ૬૪ કલાઓનુંજ નિરૂપણ છે. અન્યત્ર પુરાણોમાં સર્ગ – વિસર્ગ એકજ સ્થલમાં દર્શાવ્યાં છે, જ્યારે શ્રીમદ્ ભાગવતમાં બન્ને પૃથક વર્ણવ્યાં છે.

તૃતીય સ્કંધ કર્મ–જ્ઞાનનો સમન્વય છે, અને તૃતીયથી દ્વાદશ સુધી વર્ણવાતા દશ લક્ષણ વાળા મહા પુરાણ અથવા ભગવલ્લીલાના ઉપોદ્ઘાત રૂપ છે. એકાદશ સ્કંધ ઉપસંહાર રૂપે છે; અને વચલા અધ્યાયો ભગવદ્ તત્ત્વના અને અવતારોના વિસ્તાર રૂપ છે. તૃતીય સ્કંધમાં પૂર્વાર્ધ, ઉત્તરાર્ધમાં વરાહ – કપિલનાં વર્ણન કર્મ અને જ્ઞાનના પરસ્પરના સહકાર માટે છે. વરાહ એ યજ્ઞનું સ્વરૂપ છે. યજ્ઞ એટલે વિનિયોગ, અને કપિલ એટલે વિવેક. વિનિયોગથી આનંદ ત્યારે થાય કે જ્યારે વિવેક આવે. વિવેક સર્વમાં પ્રેમ જાગૃત કરે. પ્રેમ થતાં ત્યાગ; વિનિયોગ સરલતાથી થઇ શકે.

યજ્ઞ કે કર્મ વેદોના આધારથી થાય. વરાહ વેદોનું સ્વરૂપ છે, અથવા વેદોનો અવતાર છે. ૧ થી ૪ અધ્યાયમાં વિદુરજીને ત્યાગી બનાવી, વિરકત બનાવી અધિકારી સિદ્ધ કર્યા અને પછીના ૫મા અધ્યાયથી ૧૯મા અધ્યાય સુધીમાં સૃષ્ટિની રચના – ઉત્પત્તિ વિગેરેનાં કારણો, પ્રકારનું કથન કરતાં ભગવાન વરાહના જન્મ અને લીલાનો વિસ્તાર દર્શાવશે.

## પ્રથમ પ્રકરણ - ૧ થી ૪ અધ્યાય.

વિદુરજીનો હસ્તિનાપુર ત્યાગ. ઉત્તમ અધિકાર ત્રણ પ્રકારે. ૧. અનાસક્તિ; ૨. વ્રતારાધન; ૩. તીર્થ સેવન. વિદુર એટલે ત્રણ બંધનોથી દૂર. ગૃહ, ભોગ અને પરિવાર એ ત્રણે ત્યજે તે ત્યાગી. ગૃહાસકિત છૂટે, ત્યારેજ તીર્થ સેવન થઇ શકે. તીર્થારાધન વ્રત, ઉપવાસ આદિથીજ સફલ થઇ શકે. તીર્થાટન દેહ શુધ્ધિ કરે, ત્યારે કથા- શ્રવણથી આન્તર શુદ્ધિ થઈ શકે. આન્તર શુદ્ધ થયેલ સેવાનો અધિકારી બને છે.

## પ્રથમ અધ્યાય. (શ્લોક ૪૫.)

વિદુરજીનો ગૃહ ત્યાગ, ઉદ્ધવજીનું મિલન અને પ્રશ્નાવલીનું કથન છે. શુદ્ધિનાં પાંચ કારણ - તીર્થસંગ; ગુણ સ્મરણ, હરિકૃપા ભકત પ્રસંગ અને કથા પ્રસંગ.

**एवमेतत् पुरा पृष्टो मैत्रेयो भगवान् किल**
**क्षत्त्रा वनं प्रविष्टेन त्यक्त्वा स्वगृहमृद्धिमत् ॥१॥**

શ્રીમદ્ ભાગવતના વકતા પણ ભગવાન જોઇએ. મૈત્રેય ભગવાન છે. શુકદેવ ભગવાન છે. વ્યાસજી પણ ભગવાન છે; ને નારદજી પણ ભગવાન છે. જ્યાં ભગવાન માટે ભગવાન્ શબ્દ વિશેષણ આવે ત્યાં ઐશ્વર્યાદિ છ ગુણો; અને ભકતો - જ્ઞાનીઓ માટે આવે ત્યાં જનોની ઉત્પત્તિ, વિનાશ, ગમન, આગમન, બંધ, મોક્ષને જાણે તેને ભગવાન મનાય. **ક્ષત્તા એટલે જિતેન્દ્રિય.** અન્તઃપુરમાં બે પ્રકારના પુરુષો વસી શકે - નિરીન્દ્રિય અને જિતેન્દ્રિય. વિદુરજી જિતેન્દ્રિય હતા. જિતેન્દ્રિયનેજ ત્યાગ મળે અને ફળે, અને ભગવાન મળે.

ભગવાન વિદુરજીના અતિથિ થયા. **पौरवेन्द्र गृहं हित्वा** દુઃશાશનના રાજ મહેલનો ત્યાગ કરીને, પગે ચાલીને, સીધા વિદુરજીને ત્યાં ગયા. જ્યારે ભગવાન યુધિષ્ઠિરજીના વિષ્ટિ (સંધિના મંત્રણાકારી) તરીકે કૌરવોને ત્યાં સભામાં આવ્યા, અને દુર્યોધન, ધૃતરાષ્ટ્રાદિને સમજાવ્યા, ત્યારે માન્યું તો નહિ, પરંતુ કહ્યું કે **सूच्यग्र नैव दास्यामि विना युद्धेन केशव** - એક સોયભર પણ ભૂમિ યુધ્ધ વિના નહિ મળે. શ્રી કૃષ્ણે પુનઃ પ્રયત્ન સમજાવવા કર્યો; પણ વિનાશ-બુદ્ધિઓને ન રૂચ્યું. શ્રી કૃષ્ણને બાંધવા ફરમાન છોડયું. રાજ-સેવકોને દરબારમાં સર્વ શ્રી કૃષ્ણ દેખાયા. શ્રી કૃષ્ણે કરેલી સત્ય નિષ્પક્ષપાત રજૂઆતથી સર્વ સામાન્ય પ્રજા-સભ્યો અને દૂત-સેવક પણ સત્ય પક્ષકાર થાય એટલે સર્વ કૃષ્ણ રૂપ દેખાયા. રાજાએ દરબાર બરખાસ્ત કર્યો. દરબારમાંથી બહાર આવીને કહ્યું, "કૃષ્ણ! મધ્યાહ્ન કાલ છે. ચાલો, જમીને જાવ." ભગવાને કહ્યું, "રાજન્! આભાર. હું તો બેજ ઘરે ભોજન સ્વીકારૂં છું. સગાને ત્યાં કે સખાને ત્યાં. તમે સગા તો થવાના હતા, મોટાભાઇ બલભદ્ર સુભદ્રાને તમને પરણાવીને; પરંતુ મેં તે ન થવા દીધું, કારણ કે મારી સુભદ્રા, રાજન્! મને કહે કે ભાઇ જમીને જા, તો ના કેમ કહેવાય?". દુર્યોધને પૂછ્યું, "જમવામાં શો વાંધો?" પ્રભુએ કહ્યું, "રાજન્! તારૂં જમું તો બુદ્ધિ બગડે. સર્વનાશ કૃષ્ણ સ્વીકારશે. કેવલ બુધ્ધિ નાશ તેને નહિ ગમે." દુર્યોધને ભગવાનનો ઉતારો દુઃશાસનને ત્યાં રાખેલો. રાજમિત્રો આવે, તે દુર્યોધનને ત્યાં અને રાજ્ય કાર્યે આવે તે દુઃશાસનને ત્યાં. ભગવાનમાં આવી તુચ્છ રાજ્યદૂત તરીકેની અનાદર દૃષ્ટિ હતી, તેથી પ્રભુ ત્યાં ન ગયા દુઃશાસનને ત્યાં છપ્પન ભોગ હતા, કે અમારા આ વૈભવો જોઇને કૃષ્ણ લલચાય અને અમારા પક્ષકાર થાય. જો તેમ થાય તો કૃષ્ણ શી રીતે થતે? પરંતુ ભકતો માટે અને સિધ્ધાન્ત માટે ત્યાગની ઉપાસના કરતા શ્રી વિદુરજીને ત્યાં પધાર્યા. કારણકે **आत्मसात् कृतम्**

પ્રભુને સમર્પેલું હતું. જ્યારે દુર્યોધનનું ઘર દર્પ-સર્પથી ભરેલું હતું, જ્યાં અભિમાન-દ્વેષના દંશ હતા, અને વિદુરજીને ત્યાં પ્રેમ – ત્યાગના અંશ હતા. ધૃતરાષ્ટ્રને નેત્ર ન હતાં. સ્મૃતિ, શ્રુતિ, નીતિ, પ્રીતિ, વિધિ નિષેધ, નામનાં નેત્ર વિનાનો અને રાગદ્વેષના પાટા બાંધેલો વિષયાસકત પુરુષ તે ધૃતરાષ્ટ્ર. અવળે માર્ગે જનારા આત્મજોને અન્યાયથી મેળવેલા અર્થથી પોષનાર પિતા.

ધૃતરાષ્ટ્રના ચાર અપરાધ. ધર્મશાસ્ત્ર વિરુદ્ધ, નીતિ વિરુદ્ધ, લોકવિરુધ્ધ અને ઇશ્વર આદેશ વિરુધ્ધ વર્તન હતાં. ધૃતરાષ્ટ્રે સ્વયં અપરાધો કરેલા નહિ; પરંતુ અપરાધીઓને સાથ આપવો, અગર સમર્થ પુરુષે તેઓને ન રોકવા અને આડકતરૂ ઉત્તેજન આપવું એ પણ અપરાધ છે.

**न तानि पुंसाममृतायनानि राजोरु मेने क्षतपुण्यलेश:—**

સંત વચન અમૃત સરોવર. પુણ્યક્ષય થાય તે તેમાં સ્નાન ન કરે.

પદાર્થોનો ક્ષય થાય ત્યારે પુણ્ય ક્ષય ન ગણાય, પરંતુ પાપ આચાર થાય ત્યારે પુણ્યક્ષય થાય; અને સદુપદેશ સાંભળવાની કે હિત વચન સાંભળવાની ઇચ્છા ન થાય, ત્યારે તો પુણ્યનો એકાદ અવશેષ હોય તે પણ ચાલ્યો જાય.

સુણજો સજ્જન નરનારી, હિત શિખામણ સારીજી
રીસ કરે દેતાં શિખામણ, ભાગ્ય દશા પરવારીજી.

**वैदुरिकम्** વિદુર નીતિ. **मंत्रजुषां वरीयान्** રાજ્યનીતિ (Politics) જાણનારાઓમાં શ્રેષ્ઠ, સર્વોત્કૃષ્ટ નીતિજ્ઞ.

બે અજાત શત્રુ – યુધિષ્ઠિરજી અને પ્રહ્લાદજી.

**पार्थांस्तु देवो भगवान् मुकुन्दो गृहीतवान् स क्षितिदेवदेवः**
**आस्ते स्वपुर्यां यदुदेवदेवो विनिर्जिताशेषनृदेवदेव:** ॥૧૨॥

પાંડવોને શ્રીકૃષ્ણ સહાયક છે. તે ભગવાન છે, પાંડવોના પ્રતિકૂલ પ્રારબ્ધને પણ ફેરવી શકશે. **ભગવાન** એટલે ભકતોના અનિષ્ટ અદૃષ્ટને ફેરવવામાં સમર્થ. મુકુન્દ એટલે કાલધર્મ ઉપર પ્રભુત્વ ધરાવનાર. **ક્ષિતિદેવદેવ** – પૃથ્વી દેવ એટલે વિપ્રો અને એ જેના દેવ છે, તેથી વિપ્ર કૃપાવાન છે; અથવા તે ભૂમિદેવના પણ દેવ છે, તેથી બ્રાહ્મણો પણ તને આશીર્વાદ કે સત્કર્મથી મદદ નહિ કરે. **યદુદેવદેવ** શ્રીકૃષ્ણ હોવાથી સ્નેહી સગાં પણ સહાય નહિ કરે. **વિનિર્જિતાશેષનૃદેવદેવ** હોવાથી દુનિયાના રાજાઓ જે મિત્રો છે, તેઓની પણ મદદ કામ નહિ લાગે.

વિદુરજીએ ત્રણ શ્લોકથી ઉપદેશ – ઔષધ આપ્યું, પણ ત્રિદોષી ધૃતરાષ્ટ્રને તે ઔષધે અસર ન કરી. દુર્યોધન એજ ધૃતરાષ્ટ્રનો ત્રિદોષ રોગ હતો. **स एष दोषः पुरुषद्विडास्ते** ક્ષય કાયરોગ છે. ચારિત્ર્ય ક્ષય તો કુલ રોગ છે. કાય રોગી બચે. કુલ રોગ કુલનો ક્ષય કરે. કુલક્ષય એટલે સંત અનાદર, સદ્ વચન અનાદર, સંત ત્યાગ. અન્તઃકરણ ચતુષ્ટયના ચાર રોગ – દુર્યોધન, દુઃશાસન, કર્ણ, શકુનિ, એ ચારથીજ ધૃતરાષ્ટ્ર હૃદય શૂન્ય – અંધ – હતા.

**कर्णबाणै:** દુર્યોધન, શકુનિ, કર્ણ વિગેરે મળી કરેલા અપમાન અને ત્યાગ, તિરસ્કાર, કટુ શબ્દો વિગેરે દશ બાણો વિદુરજીના હૃદયને લગાવ્યાં.

સત્તરમા શ્લોકથી વિદુરજીએ હસ્તિનાપુરનો ત્યાગ કર્યો, અને તીર્થયાત્રાએ નીકળ્યા. તે પ્રસંગનું વર્ણન આઠ શ્લોકથી કરે છે. અષ્ટ પ્રકૃતિની શુદ્ધિ માટેનું વર્ણન છે.

**स निर्गतः कौरवपुण्यलब्धः** પુણ્ય પુરુષ સંયોગ પૂર્વજોનાં પુણ્ય અને આશીષનું ફલ છે. પુણ્ય, પ્રતિષ્ઠા અને પ્રમાણિકતા આવે કીડીના વેગે, અને વિદાય લે કુંજરના વેગે. સંતને સર્વ ભોગે પણ સાચવવા. વડીલનાં વચન, અને વિદ્વાનનાં પ્રવચન પુણ્ય ને પ્રેમ વિનાનાં પ્રયોજન શૂન્ય બને છે. વિદુરજીએ પોતાનાં

વચન દુર્યોધને ન સુણ્યાં તેમાં દુર્યોધનનો દોષ ન જોયો, પરંતુ પોતાનાં વાકયોમાં પીઠબળ નહિ એમ માની **पुण्यचिकीर्षया** પુણ્ય સંપાદન કાજ તીર્થયાત્રાએ નીકળ્યા.

તીર્થયાત્રા – તીર્થ જેવા થવા તીર્થે જવું એ તીર્થયાત્રા. **या** એટલે જવું અને **त्रा** એટલે પાલન. ઇન્દ્રિયોનું વિષયોમાંથી, વિદ્વેષ વૃત્તિઓમાંથી, ને શોકમાંથી પાલન કરવા જવું તે તીર્થયાત્રા. પંચતત્વ, અન્તઃકરણ ને સપ્ત ધાતુ સંશોધન માટે યાત્રા.

**पुरेषु पुण्योपवनाद्रिकुंजेष्वपंकतोयेषु सरित्सरःसु ।**
**अनन्तलिंगैः समलंकृतेषु चचार तीर्थायतनेष्वनन्यः ॥૧૮॥**

૧. **पुरेषु** પૃથ્વી અને પવિત્ર શ્રી ગોવર્ધનાદ્રિ, વંકટાદ્રિ પર્વતોની યાત્રામાં પૃથ્વી તત્ત્વની શુદ્ધિ ૨. ઉપવનોમાં જવાથી વાયુ તત્વોની શુદ્ધિ: ૩. કુંજોમાં જવાથી સ્પર્શની શુદ્ધિ. ૪. **अपङ्कतोयेषु सरित्सरःसु** જલના કાલીયાદિધરા, સરિતા, સરોવરોમાં જલતત્વની શુદ્ધિ. **अनन्तलिङ्गैः** ભગવચ્ચિહ્નોથી, રૂપ તત્વની શુદ્ધિ કરી, અથવા કુંજોમાં શબ્દની શુદ્ધિ, જલના ધરાઓમાં સ્પર્શની શુદ્ધિ, સરિતાઓમાં જલની શુદ્ધિ. **अनन्यः** એટલે એકલા મૌન સેવી થયા તેથી શબ્દ શુદ્ધિ. આ પ્રમાણે આ શ્લોકમાં પંચભૂત શુદ્ધિ દર્શાવી છે.

**गां पर्यटन् मेध्यविविक्तवृत्तिः सदाऽऽप्लुतोऽधः शयनोऽवधूतः ।**
**अलक्षितः स्वैरवधूतवेषो व्रतानि चेरे हरितोषणानि ॥૧૯॥**

આ શ્લોકમાં સપ્તધાતુઓની શુદ્ધિનાં સાધન બતાવ્યાં, જે તીર્થના પ્રધાન સાત નિયમો છે.

૧. **गां पर्यटन्** તીર્થ ઉપર ફરવું અને પદયાત્રા. ૨. **मेध्यविविक्तवृत्तिः** પવિત્ર અને એકાન્ત દેશવાસ,–અથવા પવિત્ર અને એકાંતરે ભોજન. ૩. **सदाप्लुतः** ત્રિકાલ સ્નાન. ૪. **अधः शयनः** ભૂમિ શયન. (કોઈની વાપરેલ પથારી ન વપરાય.) ૫. **अवधूतः** શરીરે તેલ કે માથે તેલ ન નાખવું. ૬. સ્વજનોના સંપર્કનો અભાવ. ૭. અને **अवधूत वेषः** એટલે પરિચય ન થાય તેવો વેષ.

વિદુરજીએ ત્રણ સરિત કિનારા સેવ્યા. શોકમાંથી મુકત થવા સરસ્વતી, જે ધર્મભાવ વૃદ્ધિ કરે; ભકિત સેવામાં પ્રેમ કરવા યમુનાજી; અને ચિત્તવૃત્તિ પ્રસાદ માટે ગંગાજી. ૩૬ વર્ષ વિદુરજીએ તીર્થયાત્રા કરી.

બાવીસ અને ત્રેવીસ શ્લોકમાં અગિયાર તીર્થો દર્શાવ્યાં, ચાર અન્તઃકરણ અને સાત ધાતુની શુદ્ધિ માટે. તે સરસ્વતીમાં આવેલાં છે.

૧. **त्रित** નામનો કૂપ છે. કુટુંબ વિયોગ-કલેશથી કંટાળી ત્રિત રાજા કૂવામાં પડેલા, અને સંકટમાંથી તરેલા. ત્યારથી કોઈ વિવિધ કલેશવાળો તેમાં સ્નાન કરે તો કલેશમાંથી છૂટે.

૨. **ઉશનાઃ તીર્થ** – શ્રી શુક્રાચાર્યે મૃતસંજીવિની મેળવી. જીવતા છતાં શોકથી મરેલાને તે શોકમુક્ત કરે.

૩. **મનુ તીર્થ** – જ્ઞાન સિધ્ધિ મનુ રાજાએ ત્યાં મેળવેલી મનુતીર્થ જ્ઞાન આપે.

૪. **પૃથુ તીર્થ** – સર્વ દોષ નિવારણ માટે પૃથુતીર્થ છે, જે સર્વ શ્રેષ્ઠ છે.

આ ચાર તીર્થોમાં સ્નાન કરી અન્તઃકરણ શુધ્ધિ કરી. શ્લોકમાં **अथ** અવ્યય આપી પ્રકરણ જુદું પાડયું. પછીનાં **સાત તીર્થો** સાત ધાતુને પવિત્ર કરનારાં થયાં. અગ્નિતીર્થ, અસિતતીર્થ વાયુતીર્થ, સુદાસતીર્થ, ગોતીર્થ, ગુહતીર્થ, શ્રાધ્ધ દેવ તીર્થમાં **સ્નાન કરી** વિદુરજી આગળ ગયા. **सुराष्ट्र** એટલે સૌરાષ્ટ્ર. **सौवीर** એટલે ગુજરાત. આ સર્વ **પ્રદેશોમાં** શ્રી વિદુરજીએ પદયાત્રા કરેલી.

દશ પ્રાણ સમાન દશ શ્લોકોમાં શ્રી કૃષ્ણ અને પરિવારના પ્રશ્નો પૂછયા. સાત શ્લોકમાં પાંડવોના કુશલ પૂછી પુનઃ ભગવદ્ વિષય પ્રશ્ન પૂછી અધ્યાય સંપૂર્ણ કર્યો.

## અધ્યાય બીજો.

બીજા અધ્યાયમાં ચોત્રીસ શ્લોકમાં વિદુરજીના પ્રશ્નોનો **પ્રત્યુત્તર** વર્ણવ્યો છે. તેમાં પ્રથમ અધ્યાયમાં મહાભૂતોની સૃષ્ટિ વર્ણવી, બીજા અધ્યાયમાં તન્માત્રાઓની સૃષ્ટિ વર્ણવે છે. આ અધ્યાયમાં ૬ શ્લોકોમાં તન્માત્રાઓને લગતી વાત કરી. બીજા ૮ શ્લોકમાં ભગવાનની ચર્ચા કરી, અને ૨૦ શ્લોકમાં ભગવાનના ગુણોની ચર્ચા કરી છે, અને સરવાળે ૩૪ શ્લોકમાં અધ્યાય સંપૂર્ણ કર્યો. પ્રાદુર્ભાવથી અગિયાર વર્ષ સુધીની **શ્રી ગોકુલલીલાનું** ગાન કર્યું. ભગવાનના અલૌકિક સ્વરૂપનું નિરૂપણ **यन्मर्त्यलीलौपयिकम्**...... શ્લોક ૧૨, ૧૩, ૧૪ એમ ત્રણ શ્લોકોમાં બતાવ્યું છે, જેમાં ક્રમે સત્, ચિત્, આનંદ ધર્મોનું કથન છે. વળી બારમા શ્લોકમાં તે સ્વરૂપ પાંચ ભૌતિક તત્ત્વોનું બનેલું નથી, પરંતુ તેવું લાગે છતાં તે અલૌકિક છે, એવું પ્રતિપાદન મળે છે.

## અધ્યાય ૩જો.

ત્રીજા અધ્યાયમાં ઇન્દ્રિયોનો સર્ગ કહેવામાં આવ્યો છે. મથુરા લીલા અથવા મધ્ય અવસ્થાનું ચરિત્ર વર્ણવ્યું છે. ૨૮ શ્લોકો છે. ૧૪ ઇન્દ્રિયો અને ૧૪ ઇન્દ્રિયોના દેવો મળી ૨૮ બને, તેથીજ ૨૮ શ્લોકો છે. ચાર વ્યૂહવાળા સ્વરૂપની માથુરી લીલા છે. રૂકિમણીજીનો અને નાગ્નજીતી (સત્યા) નો વિવાહ એક સાથે વર્ણવ્યો. દશમ સ્કંધમાં તેવો ક્રમ નથી. ચન્દ્રવંશમાં રૂકિમણી અને સૂર્યવંશમાં સત્યા સાથે લગ્ન કર્યું, બન્ને વંશની મધ્યમાં સહકાર કેળવવા.

## અધ્યાય ૪થો

ચોથા અધ્યાયમાં પાંચ પ્રકારની બુદ્ધિનો સર્ગ છે. સ્મૃતિ, નિશ્ચય, સંશય, અન્યથા જ્ઞાન, ભ્રાન્તિજ્ઞાન – પાંચ પ્રકારની બુદ્ધિનું સર્જન છે.

ભગવાને ઉદ્ધવજીને બદરીકાશ્રમમાં જવાની આજ્ઞા આપી; પરંતુ ઉદ્ધવજી પ્રભાસમાં ગયા, અને પછીથી બદરીકાશ્રમ ગયા.

ત્યાં **પ્રભુથી** જ્ઞાન રસપાન કર્યું. તો ભગવાનની આજ્ઞાનો લોપ ખરો? ચોથા શ્લોકમાં ઉદ્ધવજી બોલ્યા, **अहं चोक्तो भगवता – बदरीं त्वं प्रयाहीति** શ્રીમદ્ ભાગવતમાં અક્ષરાર્થ પણ છે; માટે **अहं च उक्तः** એમાં ચકારને લીધે એવો અર્થ થાય છે કે પ્રભાસ થઈને બદરી જાવ. **बस्य अमृतस्य दरी बदरी** અમૃતની ગુફા.

૬, ૭, અને ૮ એમ ત્રણ શ્લોકોમાં ષોડશ લક્ષણ યુક્ત ભગવાનની **તિરોધાન** લીલાના સમયના સ્વરૂપનું વર્ણન છે, માટે ષોડશ – સોળ–વિશેષણો વર્ણવ્યાં છે. (૧) **एकम्** એક, પ્રપંચ વિનાના. (૨) **आसीनम्** વ્યગ્રતા વિનાના, અથવા ભકતોની પાસે બેઠેલા, અથવા દૃઢતાવાળા અન્તર્મુખ. (૩) **दयितम्** કૃપાલુ. (૪) **पतिं** પુરુષોત્તમ સ્વરૂપ. (૫) **श्रीनिकेतम्** સૌભાગ્યશાલી. (૬) **सरस्वत्यां कृतकेतम्** વેદ ગમ્ય. (૭) **अकेतनम्** સ્વસ્વરૂપ અથવા સ્વરૂપસ્થ, સ્વરૂપનિષ્ઠ. [ **एकम्** એટલે સંકર્ષણ રૂપ. **आसीनम्** એટલે વાસુદેવ. **प्रियम् – दयितम्** એટલે પ્રદ્યુમ્ન. **पतिम्** એટલે અનિરૂદ્ધ. **श्री निकेतम्** એટલે વિષ્ણુ. **सरस्वत्यां कृतकेतम्** એટલે બ્રહ્માજી. **अकेतनम्** એટલે સ્થાન વિનાના ફરતા રૂદ્ર – શિવજી]. (૮) **श्यामावदातम्** શ્યામ એટલે સુંદર અવદાત તેજસ્વી, સમાન રૂપ કરાવનારી સારૂપ્ય મુક્તિ સ્વરૂપે. (૯) **विरजम्** – રજ, રજો ગુણ વ્યાપી વૈકુંઠમાં નથી હોતો, તેથી તે સાલોક્ય મુક્તિનું સ્વરૂપ છે. (૧૦) **प्रशान्तारुणलोचनम्** શાન્ત, સ્નેહાળ નયનવાળા. શાન્ત અને લાલ નેત્ર એટલે જ્ઞાન; અને ક્રિયા શકિતઓને આંખથી દર્શાવનાર, સાર્ષ્ટિ મુકિતને આપનાર. સમાન ઐશ્વર્ય આપવું એજ સાર્ષ્ટિ મુક્તિ છે, એજ સામીપ્ય છે. (૧૧) **दोर्भिश्चतुर्भिर्विदितम्** ચાર બાહુઓથી જણાતા; સાયુજ્ય મુક્તિને આપનાર. સાયુજ્ય એટલે ભગવાનમાં મળી જવું. જ્યારે ભક્ત ભગવાનમાં મળી જાય, ત્યારે તેને ચાર હાથ થાય. ધુંધુકારીને શ્રીમદ્ ભાગવત શ્રવણથી સાયુજ્ય ભક્તિ મળી. તેને ચાર હાથ થયા હતા. (૧૨) **पीतकौशाम्बरेण स्र** પીળા

રેશમી વસ્ત્રથી પણ જણાતા. પીળા શબ્દથી અહંતા, મમતાનો અભાવ કહ્યો; કૌશ-રેશમી શબ્દના વિશેષણથી યમ-નિયમવાળા કહ્યા; અમ્બર શબ્દના વિશેષણથી આકાશ જેવા, ત્રણ અવસ્થા-જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિથી પર તુરીય અવસ્થામાં બીરાજેલ ભગવાન બતાવ્યા છે. પીત શબ્દથી વૈરાગ્ય, કૌશ શબ્દથી તેજ, અને અમ્બર શબ્દથી સમાધિ પણ ગણાવ્યાં. (૧૩) **वाम उरौ अधिश्रित्य दक्षिणाङ्घ्रिसरोरुहम** ડાબા સાથળ ઉપર જમણો સાથળ પધરાવી બેઠેલ. આ ઉપરથી ભક્તિ દર્શાવી. વામ ઉરૂ ભકિતનું સ્વરૂપ છે, ને જ્ઞાને-દક્ષિણ ચરણે-ભકિતનો આશ્રય લીધો છે. (૧૪) **अपाश्रितार्भकाश्वत्थम्** બાલ પિપલ વૃક્ષનો આશ્રય કરીને રહેલા. અર્ભ બાલકને **कं** સુખ આપનાર; અથવા કર્મ માર્ગનો આશ્રય કરેલ છે તેવા બાલકોનો કર્મમાં અધિકાર હોય છે. (૧૫) **अकृशम्** અકૃશ એટલે પરિપૂર્ણ. **अस्** એટલે હોવું, **कृ** એટલે કરવું, **शम्** એટલે શાંતિયુકત. આ ત્રણ ધાતુઓના આદ્ય અક્ષરોથી **अकृशम्** બન્યું. (૧૬) **त्यक्तपिप्पलम्** પિપ્પલનો ત્યાગ કરી બેઠેલા. કર્મના ફલનો પણ ત્યાગ કરી બેઠેલા. **पिः पलम्** અથવા **पिप्पलम्** એવા બે શબ્દો લીધા છે. **पिबतीति पिप् - पिः** મનુષ્યના આયુષ્યને પીજનાર કાલ તે **पिप्, पिपः पान्ति इति पिप्पाः** કાલમાં બચાવનારાં સત્કર્મો. **पिप्पान् लातीति पिप्पलः** કર્મનાં ફલોને લેનાર. **त्यक्तः पिप्पलः येन सः तम् त्यक्तपिप्पलम** પિપ્પલનો એટલે કર્મના ફલનો ત્યાગ કરનાર. **न मे कर्मफले स्पृहा** ગીતાના વચનમાં દર્શાવ્યા છે તેવા. આ પ્રમાણે ત્રણ શ્લોકોમાં ષોડશ કલાઓના પ્રતિનિધિ રૂપ ભગવાનને સોળ વિશેષણથી વર્ણવી ધર્મો દર્શાવ્યા.

પ્રભાસમાં **ઉદ્ધવજી** ગયા. ત્યાંજ **મૈત્રેય** મહર્ષિ મળ્યા. મૈત્રેય દ્વૈપાયન વ્યાસના સુહૃદ્-સખા છે અને સ્વયં મહાભાગવત છે. વગર જાણે ને નિમંત્રણે ભગવન્મહાપ્રયાણે ઉપસ્થિત થયા, માટે ઉદ્ધવજી ભાગવત અને મૈત્રેય મહાભાગવત. વિદુરજીને માટે ઉદ્ધવને બદલે મૈત્રેયથી ભાગવત સાંભળવાનું વિધાન કર્યું. ભાગવતથી-ભકતથી ભગવાન મળે, પરંતુ મહાભાગવતથી ભગવાન મળે, ને ભાગવત ફળે.

**દયા અને ઉપદેશ** ગુપ્ત રાખવાં, અને ગુપ્ત રીતે આપવાં. બે વિરૂદ્ધ ગુણ, સ્વભાવ, જાતિને એક સાથ ઉપદેશ ન આપવો. ઉદ્ધવજી અને મૈત્રેયને માટેજ સાથે ઉપદેશ આપ્યો. વિદુર, ઉદ્ધવજી, મૈત્રેયનું મિલન માટે ન કર્યું, અને ઉપદેશ ન કર્યો. ઉદ્ધવજી વસુઓમાંના એક વસુ છે.

તપના ત્રણ પ્રકાર-મૃદુ, તીવ્ર અને દીર્ઘ. પોતાના તપથી બીજાને વ્યથા અને કાયાને અતિ કલેશ ન થાય તે મૃદુ; તીવ્ર-બ્રહ્મચર્ય, સંયમ વિગેરે; દીર્ઘ એટલે સતત્ ને નિત્ય.

વિદુર ઉદ્ધવ સંધ્યાકાલે મળ્યા અને પ્રાતઃકાલે વિખૂટા પડયા. સંતોને સંધિકાલમાં મળવું એટલે જીવનમાં પ્રભાતકાલ આવે. ૨૭ મા શ્લોકમાં ઉદ્ધવજીને **औपगविः** કહ્યા. ઇન્દ્રિયો, શ્રુતિઓ જેણે સમીપમાં રાખી છે, તેવા જિતેન્દ્રિય ઔપગવિ.

## અધ્યાય ૫ મો.

પ્રથમ ચાર અધ્યાયમાં અધિકારી નિરૂપણ કર્યું. વિદુરજી અધિકારી બન્યા, એટલે શ્રી મૈત્રેય મળ્યા. અને પાંચમા અધ્યાયથી સત્સંગ શરૂ થયો. પાંચ અને છ અધ્યાયોમાં ગુણાતીત સૃષ્ટિનું કથન છે. પાંચમા અધ્યાયમાં તત્ત્વોની ઉત્પત્તિ, અને છઠ્ઠા અધ્યાયમાં પુરુષના શરીરની ઉત્પત્તિ વર્ણવશે. એ બન્ને જગતની ઉત્પત્તિનાં કારણો છે. એમાંથી જગતનું સર્જન થાય છે.

પાંચમા અધ્યાયથી બારમા અધ્યાય સુધીમાં સંક્ષેપ સારમાં નીચે દર્શાવેલી વસ્તુઓ વિચારી.

પાંચમા અધ્યાયમાં મહત્ તત્ત્વ વિગેરે તત્ત્વોની ઉત્પત્તિ; છઠ્ઠામાં બ્રહ્માંડની ઉત્પત્તિ; સાતમામાં શાસ્ત્રમાં સંદેહ અને નિશ્ચય;

આઠમામાં બ્રહ્માની ઉત્પત્તિ; નવમામાં બ્રહ્માની સ્તુતિ; દશમામાં પુનઃ મહત્તત્વનો સર્ગ, અગિયારમામાં કાલ સૃષ્ટિ – શબ્દ બ્રહ્મ સૃષ્ટિ; અને બારમામાં વરાહ અવતારાદિ કથાનો ઉપોદ્ઘાત અને કથા દર્શાવ્યાં છે.

આ તૃતીય સ્કંધના સર્ગ કથનનું તાત્પર્ય જુદું છે. પ્રાણી માત્રમાં જે મહાભૂતો કાર્ય સ્વરૂપે દેખાય છે, તેવાં મહાભૂતોની સૃષ્ટિનો ઉલ્લેખ આ સર્ગમાં વર્ણવ્યો નથી, પરંતુ લીલા રૂપ સર્ગ વર્ણવ્યો છે અને તેમાં ઉપયોગી તેના જેવા મહાભૂતો બતાવ્યા છે. પૃથ્વી વિગેરેને મહાભૂત, શબ્દ વિગેરેને તન્માત્રા, ચક્ષુ વિગેરેને ઇન્દ્રિય, ચિત્ત વિગેરેને બુદ્ધિ કહેલ નથી, પરંતુ ભગવાન જુદાં જુદાં સ્વરૂપજ ધારણ કરેછે એવા પ્રકારના સર્ગનું અહિં કથન છે.

**द्वारि द्युनद्याः ऋषभः कुरूणां मैत्रेयमासीनमगाधबोधम् ।**
**क्षत्तोपसृत्याच्युतभावशुद्धः पप्रच्छ सौशील्यगुणाभितृप्तः ॥१॥**

વિદુર મૈત્રેય દ્યુનદી એટલે દેવ નદીને કિનારે મળ્યા. ગંગા યમુના વચ્ચે ભગવાન રહેતા હોવાથી બ્રહ્મકુંડ પાસેજ મૈત્રેય વિદુરજીની વાટ જોઈ બેઠેલા, અને ત્યાંજ સત્સંગ થયો. કૌરવશ્રેષ્ઠ વિશેષણથી વિદુરજીને શ્રવણના અધિકારી કહ્યા. બેઠેલા અને અગાધ બોધ એ બે વિશેષણોથી મનનશીલ, નિશ્ચિંત અને ઊંડા જ્ઞાન વાળા મૈત્રેયને કહ્યા. જ્ઞાન ઉપદેશ બેસીનેજ કરવો. અગાધ બોધ છે, માટે તો બેજ સ્કંધથી અનેક સંદેહવાળા પ્રશ્નોને કરનાર સંત વિદુરજીને સંતોષ આપી દીધો. અચ્યુત ભાવ શુદ્ધ વિદુરજી છે. અચ્યુતમાં ભાવ અથવા અખંડભાવ શુદ્ધિનું કારણ છે.

મૈત્રેયના બે ગુણો – સૌશીલ્ય અને દયા. દીન, હીન, મલીનની સાથે પણ અદીન, અહીન, અમલીનને જરા પણ અતડાપણા – અહંભાવ વિના સદ્ભાવે મળવું. દયા અકારણ લાગણી.

**अनुग्रहायेह चरन्ति नूनं भूतानि भव्यानि जनार्दनस्य** (શ્લોક ૩). સંતો જનાર્દનનાં વિચરતાં મૂર્ત સ્વરૂપો છે, દિવ્ય પવન લોકમાં

ફરે છે; **ભવ્ય** ભૂલોકમાં ફરે છે. નપુંસકે **ભૂત** શબ્દ સંત માટે વાપર્યો, તેઓનું નિર્વિકારપણું દર્શાવવા માટે. **चरन्ति** પવન સમાન એક સ્થાને સ્થિર બેસતાં નથી, પરંતુ વિચરે છે. સંતો પવન કે અગ્નિ સમાન હોય છે. **चरगतिभक्षणयोः** ચર ધાતુનો અર્થ ગતિ, ભક્ષણ – પવનના વેગે જડ સંસારીઓમાં ભગવન્માર્ગ તરફ ગતિ કરાવે છે. અને અગ્નિના સ્વભાવે તેઓની વાસનાઓને બાળી નાખે છે. એ અનુગ્રહ છે.

બીજા શ્લોકથી સોળમા શ્લોક સુધી – ૧૫ શ્લોકથી – ઉત્તમ શ્લોક ભગવાન પૂર્ણ પુરુષોત્તમને શોક મુકત થવા વિદુરજીએ પ્રશ્નો પૂછ્યા. તેઓના છ પ્રશ્નો છે; તેમાં અવાંતર અનેક પ્રશ્નો છે. લોકો સુખ માટે પ્રયત્ન કરે છે. દુઃખ દૂર કરવા પ્રયત્ન કરે છે. ઉલટા તે પ્રયત્નથી વધુ દુઃખ ભોગવે છે. તો પણ વૈરાગ્ય નથી. તો વૈરાગ્ય શી રીતે જન્મે? એ પ્રથમ પ્રશ્ન. ભગવદ્ ભજનથી જન્મે તો ભગવદ્ ભજન કોને કહેવાય? કેમ કરવું? વિગેરે અનેક પ્રશ્નો પૂછ્યા.

**क्षिणोति देवोऽनिमिषस्तु तेषामायुर्वृथावादगतिस्मृतीनाम्** (શ્લોક ૧૪.) વૃથાવાદ, વૃથાગતિ, વૃથા સ્મૃતિમાં સમય હાનિ એ જીવન હાનિ. જીવ બે પ્રકારના – શોચ્ય અને અતિશોચ્ય. ઇન્દ્રિય રહિત શોચ્ય, ઇન્દ્રિય સહિત; પરંતુ વિહિત, હિત કર્મ રહિત તે અતિશોચ્ય. વિહિત એટલે શાસ્ત્ર વચન, દેવવચન. હિત એટલે વડીલ વચન.

સમય, સમ્પત્તિ, શકિત – આ ત્રણ વ્યર્થ, પરાર્થ અને સ્વાર્થમાં વપરાયછે. સમય સ્વાર્થમાં ગાળ્યો, તેણે સમ્પત્તિ મેળવી. પરમાર્થમાં સમય ગાળ્યો, તેણે પરમાત્મા મેળવ્યા, પણ વ્યર્થ સમય ગાળ્યો તેણે સર્વસ્વ ગૂમાવ્યું.

**વૃથાવાદ** – દામ્પત્ય વાતો, મિત્ર વાર્તા, વ્યાપાર વાર્તામાં પ્રયોજનથી વધુ અને નજીવા પ્રશ્નોના વિવાદમાં સમાજ સમયની હાનિ કરે છે. વાણીનું મૌન એ જીવનની–જીગરની કમાણી અને દીર્ઘજીવનની ચાવી.

**વૃથા સ્મૃતિ** – જેની યાદમાં શોક લાભ અને સમય હાનિ બેજ ફલ છે, તે વૃથા સ્મૃતિ.

પોતાના ઉપકારો, બીજાના અપકારો,
અન્યથી થયેલા તિરસ્કારો ને અપમાનો,
વીતેલી વ્યથાની કથાઓ અને યાદીઓ,
દીધેલાં દાનનું ગાન ને અનુસંધાન,
સમ્પાદન કરેલા દ્રવ્યોનું માનસ અનુસંધાન –

આ અને આવાં વ્યર્થ સ્મરણો સમયહાનિ, ચિત્ત જડતાને જમાવે છે. તે કરતાં તો મંત્રસ્મૃતિ અને ભગવલ્લીલા સ્મૃતિ એજ મોટું, મનને મસ્ત કરનારૂં અમૃત છે.

વૃથાગતિ – નવરાં થઇ અવરને ત્યાં જઇ અવળી સવળી વાતોમાં સમયનો વ્યય કરવો.

જ્ઞાન શૂન્ય વિપ્ર શોચ્ય, દાનશૂન્ય સમ્પન્ન શોચ્ય, દયાશૂન્ય બલવાન શોચ્ય, વિવેકશૂન્ય વિદ્વાન શોચ્ય, ગૌરવ ને સ્નેહ શૂન્ય દામ્પત્ય શોચ્ય, પરંતુ ભગવત્સ્મરણ શૂન્ય સર્વશોચ્ય.

વિદુરજી ધર્મરાજનો – સંયમિની પુરીના યમનો અવતાર છે. માંડવ્ય ઋષિએ શાપ આપ્યો, અને વિદુરની કાયામાં આર્યાવર્તમાં ન્યાયના અનુશીલને આણ્યા. ભારતના ન્યાયના નિર્ણયને (Decision) સર્વ માન્ય માનતા, એટલો બધો તે બુધ્ધિગમ્ય, માનવતાથી ભરેલો ને નિષ્પક્ષપાત હતો.

મૈત્રેય મહર્ષિએ ભગવલ્લીલા કથનથીજ સર્વ સમાન કર્યું. અઢારમા શ્લોકથી શ્રોતાનો આભાર માન્યો, ઉત્સાહ વધાર્યો; અને બાવીસમા શ્લોકથી ભગવલ્લીલા કથન શરૂ કર્યું. ભગવાન દરેક તત્ત્વોનાં સ્વરૂપે બની ને દરેક દેવો અને ગણોના સ્વરૂપે બન્યા. ૩૭મા શ્લોક સુધી તત્ત્વ સૃષ્ટિ વર્ણવી. ૩૮મા શ્લોકથી સમાપ્તિ પર્યન્ત ભગવાનની સ્તુતિ વર્ણવી અધ્યાય સમાપ્ત કર્યો.

### અધ્યાય ૬ઠ્ઠો.

પાંચમા અધ્યાયમાં ભગવાનની સૃષ્ટિમાં તત્ત્વોની – ભૂતોની ઉત્પત્તિ દર્શાવી. છઠ્ઠા અધ્યાયમાં ૪૦ શ્લોકથી કાલની ઉત્પત્તિ માટે બ્રહ્માંડની ઉત્પત્તિ વર્ણવેછે. બ્રહ્માંડના સંપૂર્ણ દેહનું વર્ણન કર્યું અને દરેક પદાર્થમાં પ્રભુએ તે, તે, આવશ્યક ધર્મસ્વરૂપે પ્રવેશ કર્યો. એ વર્ણન ૩૦મા શ્લોક સુધી કરી, ૩૧મા શ્લોકથી વર્ણ, વર્ણધર્મોત્પત્તિ કહી, અને ૩૬મા શ્લોકે કહ્યું, "પ્રભુના આ તત્ત્વોનું – લીલાઓનું – વર્ણન કરૂંછું પણ સંતોષ નથી થતો. સર્વની વાણી ત્યાં વિરમી જાય છે."

### અધ્યાય ૭મો.

મન દ્વારા ઇન્દ્રિયોનું નિરૂપણ સાતમા અધ્યાયમાં વર્ણવશે. **મનની સૃષ્ટિ** એનું નામ છે. નિર્ગુણ બ્રહ્મને લીલાથી ગુણો કે ક્રિયાઓ કેમ સંભવે? છ શ્લોક સુધી પ્રશ્ન કર્યો. આઠમા શ્લોકથી મૈત્રેયે સમાધાન આરંભ્યું. **ભગવન્ માયાથી** સર્વ કાર્ય સંભવે. ૧૩મા શ્લોક સુધીમાં સમાધાન કર્યું; અને વિદુરજીએ ચૌદમા શ્લોકમાં શંકા નિવૃત્તિની કબૂલાત કરી. પછી અનેક પ્રશ્નમાલા આરંભી અને ૪૦મા શ્લોકે પ્રશ્ન પરંપરા પૂરી કરી. ૪૧મા શ્લોકે અધ્યાય પૂર્ણ કર્યો.

### અધ્યાય ૮મો.

બુધ્ધિ વિજ્ઞાન રૂપ છે, અને તે પ્રકારની ભગવાનની બુધ્ધિનું નિરૂપણ આઠમા અધ્યાયે કરશે. બુધ્ધિ ૬ પ્રકારની વર્ણવી છે. (૧) શ્લોક ૧૦માથી. (૨) શ્લોક ૧૨થી (૩) શ્લોક ૧૩થી (૪) શ્લોક ૧૬ થી (૫) શ્લોક ૧૮ થી અને (૬) શ્લોક ૨૨ થી. આ પ્રમાણે છ પ્રકારે દર્શાવી છે.

શ્રોતા એટલે ભગવદ્ કીર્તિમાલાને નિત્ય નૂતન, ઉજ્જવલ અને સુવાસમય રાખનાર માલાકાર. માટેજ **अजितकीर्तिमालां नूतनयसि** એ વાકયથી વિદુરજીને મૈત્રેયે પ્રશંસ્યા.

પ્રથમ સ્કંધ અને તૃતીય સ્કંધમાં શ્રીમદ્ ભાગવતની પરંપરા વર્ણવી. શ્રીમદ્ ભાગવત બ્રહ્મ સ્વરૂપ છે, વેદ સ્વરૂપ છે અને નિત્ય છે, અનાદિ છે. નારાયણથી શ્રીમદ્ ભાગવત જ્ઞાનનો પ્રાદુર્ભાવ વર્ણવ્યો. નારદજીને બ્રહ્માજીએ આપ્યું, ને બ્રહ્માજીએ ભગવત્સાક્ષાત્કારથી મેળવ્યું સમાધિ ભાષા સ્વરૂપે. બીજી પણ પ્રક્રિયા તેજ પ્રકારે દર્શાવી. નારાયણની નાભિમાંથી બ્રહ્માજી થયા, અને નારાયણથી જ્ઞાન –

ભાગવત સંપાદન કર્યું. સનત્કુમારને આપ્યું. આગળ પરંપરા ચાલી. તેજ ભાગવત વિદુરજીના પૂછેલા દુઃખ દૂર કરવાના ઉપાય રૂપે વર્ણવ્યું. શ્લોક ત્રીજાથી બાવીસમા શ્લોક સુધી નાભિપદ્મમાંથી બ્રહ્માજી પ્રકટી પોતાના સ્વરૂપને સમજવા પ્રયાસ કર્યા પછીથી ચોવીસમા શ્લોકથી નવ શ્લોકોમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન કરી અધ્યાયની સમાપ્તિ કરી.

### અધ્યાય ૯મો.

પાંચથી આઠ અધ્યાયોમાં પુરુષ પ્રકરણ કહ્યું છે. અધ્યાય ૯થી જીવ પ્રકરણ કહેવું છે. નવમા અધ્યાયમાં બ્રહ્માની સ્તુતિ છે. સ્તુતિ, પ્રાર્થના મળી ૨૫ શ્લોક છે. ૨૬મા શ્લોકથી ભગવાને બ્રહ્માને કરેલા ઉપદેશનું વર્ણન છે. અધ્યાયમાં ૪૪ શ્લોક છે શ્લોક ૧થી ૭માં જ્ઞાનનો વિષય; શ્લોક ૮થી ૧૩ સાધનનો વિષય, શ્લોક ૧૪થી ૨૧ ભગવાનનું સ્વરૂપ, શ્લોક ૨૨થી ૨૫ વિઘ્નોનો અભાવ વર્ણવાય છે.

**ज्ञातोऽसिमेऽद्य सुचिरान्ननु देहभाजां न ज्ञायते भगवतो गतिरित्यवद्यम्**
**नान्यत्त्वदस्ति भगवन्नपि तन्न शुद्धं मायागुणव्यतिकराद्यदुरुर्विभासि॥१॥**

અષ્ટમ અધ્યાયના બત્રીસમા શ્લોકમાં જે ભગવાનનું દર્શન બ્રહ્માને થયું તેનું વર્ણન સ્તુતિના આ પ્રથમ શ્લોકમાં કર્યું. **देहभाजां न ज्ञायते** શરીરીમાંજ ભગવાન છે, તો પણ દેહને જ સંભાળનારો આસક્ત તે પરમાત્માને કેમ સમજી શકે? **દેહાધ્યાસ ભગવદ્ દર્શનમાં બાધક છે.**

બીજા, ત્રીજા શ્લોકમાં પ્રમાણ અને ત્રીજા શ્લોકમાં તર્કના નિરૂપણે બ્રહ્મના સ્વરૂપનું પ્રતિપાદન છે. પાંચમા શ્લોકમાં ભકિતનું નિરૂપણ છે. **ये तु त्वदीयचरणाम्बुजकोशगन्धम्॥** ભકતોના ચરણ કમલની કળીનો સુગંધ કર્ણોથી સુંઘે છે, તેના હૃદયમાંથી આપ નથી જતા. ભકતોના પવિત્ર આચરણના એક અલ્પ અંશને પણ કર્ણપથ કરતાં, ભગવદ્ ભકિત ને ભગવાન હૃદયમાં પ્રવેશે છે, અથવા ભગવાનના ચરણ કમલ કલિના કીર્તિ સુગંધને સુંઘે છે, તેમના હૃદયમાંથી ભગવાન કદી પણ જતા નથી.

છઠ્ઠા શ્લોકમાં ભય શોક નિવૃત્તિ સાધન ભગવત્પ્રપત્તિને કહે છે. સાતમા શ્લોકે દુઃસંગનું બાધકપણું કહ્યું. આઠમા શ્લોકમાં માયા પીડિત જનોથી દુઃખિત દિલની વ્યથા કહી. નવમા શ્લોકમાં ભેદ ભાવથી દુઃખ થાયછે, તે કહ્યું. દશમા શ્લોકમાં રોજીંદી જીવન ચર્યાની દુર્દશા જણાવી. અગિયારમા શ્લોકમાં ભગવાન ભકત વત્સલ બની ભકતોનું ઈચ્છાનુકૂલ રૂપ સ્વીકારે છે, એ અનુગ્રહ બતાવ્યો. બારમા શ્લોકે દયાને ભગવત્પ્રાપ્તિનું સાધન માન્યું. તેરમા શ્લોકે સર્વ સાધનનું સમર્પણ, નિત્ય સુખ આપનાર કહ્યું. પછીના ૬ શ્લોકથી ભગવાનને નમઃસ્કાર કર્યા. પછીના શ્લોકોથી ભગવાન પાસે પ્રાર્થના કરે છે. ભગવાને બ્રહ્માને આશિષ આપી અને અનુગ્રહ સમજાવ્યો.

ભગવદ્ અનુગ્રહ — **यद्वा तपसि ते निष्ठा स एष मदनुग्रहः** તપમાં, અને સ્વકર્મમાં જે નિષ્ઠા એજ મારો અનુગ્રહ છે.

### અધ્યાય ૧૦મો (શ્લોક ૩૦)

દશમા અધ્યાયમાં દશ માત્રાઓનું નિરૂપણ છે. બ્રહ્માજીએ તપ કર્યું અને દશ પ્રકારની સૃષ્ટિ કરી. ૬ પ્રકારની પ્રાકૃત, ૩ પ્રકારની વૈકૃત, ૧ પ્રાકૃત વૈકૃત મળી દશ પ્રકારની સૃષ્ટિ કરી.

**૬ પ્રકારની પ્રાકૃત સૃષ્ટિ:-** (૧) બુદ્ધિ સૃષ્ટિ, (૨) અહંકાર સૃષ્ટિ, (૩) ભૂત તન્માત્રા સૃષ્ટિ, (૪) ઇન્દ્રિય સૃષ્ટિ, (૫) દેવોની સૃષ્ટિ, (૬) અવિદ્યાની સૃષ્ટિ. પદાર્થને પ્રથમ બુદ્ધિસ્થ કરે, પછી અહંકાર પદાર્થ નિર્માણનો સંકલ્પ કરે, પંચ ભૂતોથી તેની રચના કરે, ઇન્દ્રિયો તે તે વિષયોને બનાવે, તેના દેવોથી ઇન્દ્રિયોમાં ચેતના આવે અને અવિદ્યા તેમાં આસકિત કરાવે. પ્રકૃતિમાં જન્મ્યાં હોવાથી પ્રાકૃત સૃષ્ટિ કહી.

**ત્રણ પ્રકારની વૈકૃત સૃષ્ટિ:-** (૧) સ્થાવર સૃષ્ટિ; (૨) પ્રાણી સૃષ્ટિ, (૩) મનુષ્ય સૃષ્ટિ.

**(૭) સ્થાવર સૃષ્ટિ:-** વ્યાસ મહર્ષિની આર્ષ દૃષ્ટિનું અહિં ગૌરવ દેખાય છે, જેમણે સમસ્ત વૃક્ષ, પ્રાણીની જાતિ માત્રનો સમન્વય આપ્યો છે, વૃક્ષ જાતિ છ ભાગમાં વહેંચી, કારણકે પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન. તેઓનો ખોરાક વનસ્પતિઓનો હોવાથી મનુષ્યના પૂર્વમાં તે સૃષ્ટિ રચી. નવમ સ્કંધના ચોવીસમા

અધ્યાયમાં **સત્યવ્રત** રાજાને જે વનસ્પતિઓ નૌકામાં મૂકવાની કહેલી, તે આ છ પ્રકારની નીચે પ્રમાણે.

(૧) વનસ્પતિ – પીપળો વિગેરે, પુષ્પ વિનાની અને ફલવાળી હોયછે. વનસ્પતિને વૈષ્ણવ કહી છે.

(૨) ઔષધિ – ચોખા, જવ વિગેરે. ઔષધી ફલ પાકે ત્યાં સુધી રહેનારી હોય છે. તે અન્ન ગણાય છે.

(૩) લતાઓ – કહોળાં વિગેરે. ચરબી રૂપે અને મશાલા રૂપે તે હોય છે.

(૪) ત્વક્સાર – વાંસ વિગેરે.

(૫) વીરુધ્ – સોમવલ્લી અને ઘાસ વિગેરે.

(૬) વૃક્ષો – ફલ, ફુલ, બન્ને થાય. આમ્રાદિ વૃક્ષો.

(૮) **પ્રાણીસર્ગ.** અઠ્ઠાવીસ પ્રકારનો. ૯ પ્રાણીઓ બે ખરીવાળાં અને તે સાત્વિક; ૬ પ્રકારનાં પ્રાણીઓ એક ખરીવાળાં અને તે રાજસ; ૧૩ પ્રાણી પાંચ નખવાળાં, તે તામસ.

**૯ મો સર્ગ**–માનવ સર્ગ, જે રજોગુણ પ્રધાન છે. આ સર્વ સૃષ્ટિ પદ્મ કલ્પની બતાવી છે.

**૧૦ મો સર્ગ**–દેવ સર્ગ. અવાંતર આઠ વિભાગો. દેવ, પિતૃઓ, અસુરો, ગંધર્વ–અપ્સરાઓ, સિધ્ધો, યક્ષ–રાક્ષસ–ચારણો, ભૂત–પ્રેત–પિશાચો, વિદ્યાધરો અને કિન્નરો.

---

## અધ્યાય ૧૧મો

અગિયારમા અધ્યાયમાં ૪૧ શ્લોકથી કાલ વિચાર વર્ણવ્યો.

**चरमः सद्विशेषाणामनेकोऽसंयुतः सदा**
**परमाणुः स विज्ञेयो नृणामैक्यभ्रमो यतः ॥१॥**

પરમાણુ–**चरमः सद्विशेषाणाम्** એટલે કાર્યના અવયવોમાંનો છેલ્લો અવયવ, અનેક અનેક સંખ્યાવાળો; અસંયુત એટલે બીજા સાથે સંબંધમાં સદા ન આવતો–એવો જે અવયવ તે પરમાણુ.

**પરમ મહાન્** – સ્વરૂપમાં સત્ પદાર્થની જે એકતા; જેના સંબંધમાં આ અમુક વસ્તુ છે એવી બુધ્ધિ થતી નથી અને જે ભેદ રહિત છે તે પરમ મહાન્.

૨ પરમાણુ = ૧ અણુ
૩ અણુ = ૧ ત્રસરેણુ
૩ ત્રસરેણુ = ૧ ત્રુટિ
(વેધનો સોમો ભાગ)
૧૦૦ ત્રુટિ = ૧ વેધ
૩ વેધ = ૧ લવ
૩ લવ = ૧ નિમેષ

૩ નિમેષ = ૧ ક્ષણ
૫ ક્ષણ = ૧ કાષ્ઠા
૧૫ કાષ્ઠા = ૧ લઘુ
૧૫ લઘુ = ૧ નાડી (ઘડી)
૨ નાડી = ૧ મુહૂર્ત
૬ વા ૭ નાડી = ૧ પ્રહર
૫૨ નાડી = ૧ રાત્રિદિવસ

છપલ ત્રાંબાનું પાત્ર બનાવી, સુવર્ણની ચાર શલાકાઓ ભેગી કરી, તેમાં છીદ્ર પાડવું; અને એક માષ સુવર્ણની ચાર આંગળની એટલે ૩૪ તલથી ૪ ગણી લાંબી કરાવી. તે ચાર આંગળની સુવર્ણના માષાની બનેલી ચાર સળીથી તે છિદ્રવાળા પાત્રમાં એક પ્રસ્થ જલ ચોસઠ તોલા-તેમાં આવે, અને આવતાં ડૂબી જાય તે કાલનુ નામ નાડિકા.

અથવા

પાંચ ચણોઠી અને સોળ માસાનો એક 'સુવર્ણ'; ચાર સુવર્ણનો એક 'પલ'; એવા છપલ ત્રાંબાનું પાત્ર બનાવીને ચાર માસા સોનાનો ચાર આંગળનો તાર બનાવી તેનાથી એક છિદ્ર પાડી જળમાં તરતું મૂકતાં જેટલા સમયમાં એ પાણીમાં ડૂબી જાય એટલા સમયને 'નાડી' અથવા તો 'ઘડી' કહે છે.

અથવા

છ પળનું ત્રાંબાનું એક પાત્ર લેવું, જે શેર પાણી સમાય તેટલું હોવું જોઇએ. પછી એ પાત્રના મૂળમાં ચાર માસા એટલે કે વીસ ચણોઠીભારની ચાર આંગળ લાંબી સોનાની એક સળીથી છિદ્ર કરવું. પછી તે પાત્રને જળથી ભરેલા કોઇ મોટા પાત્રમાં તરતું મૂકતાં જેટલા સમયમાં પાણીથી ભરાઇને તે ડૂબી જાય એટલા સમયને એક નાડી અવથા ઘડી કહે છે.

૮ પ્રહર = ૧ રાત્રિદિવસ
૩૦ દિવસ = ૧ માસ

૨ માસ = ૧ ઋતુ
૬ માસ = ૧ અયન
૨ અયન = ૧ વર્ષ

વર્ષ પાંચ પ્રકાર–સંવત્સર, પરિવત્સર, ઈડા વત્સર, અનુવત્સર, વત્સર. સંવત્સર ચાંદ્ર છે. પરિવત્સર વૈષ્ણવ છે. ઈડા વત્સર સૌર છે, અનુવત્સર નક્ષત્ર છે. વત્સર દૈવ છે. સો વર્ષનું દેવ, પિતૃ અને મનુષ્યોનું આયુષ્ય. વર્ષ માપ જુદું.

૪ હજારનો **કૃતયુગ**, તેમાં ધર્મના ચારે અંશ; ત્રણ હજારનો ત્રેતા તેમાં ધર્મના ત્રણ અંશ, ૨ હજારનો દ્વાપર જેમાં ધર્મના બે અંશ; ૧ હજારનો કલિ જેમાં અધર્મના ચાર અંશ. દરેક યુગ વચ્ચે સંધિ વર્ષો ૮૦૦, ૬૦૦, ૪૦૦ અને ૨૦૦. આ સંધ્યાંશ વર્ષો ને યુગ વર્ષો મળી ૧૨ હજાર વર્ષનો એક **ચતુર્યુગ**.

એક મન્વંતર ઈકોતેર (૭૧) ચતુર્યુગ સુધીનો કાલ ભોગવે.

મહર્લોકથી આરંભી બ્રહ્મલોક પર્યન્ત ચાર લોકમાં એક હજાર ચતુર્યુગીનો એક દિવસ થાય છે, તેટલીજ રાત્રિ. બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુઓ થાય. આ દિવસના હિસાબે સો વર્ષનું બ્રહ્માનું આયુષ્ય. તેના બે ભાગ–તેનું નામ પરાર્ધ. પ્રથમ પરાર્ધ પૂરો થયો, અને આ બીજો પરાર્ધ શરૂ થયો. તે પૂર્વ પરાર્ધના પ્રારંભમાં **બ્રાહ્મ કલ્પ** થયો, જ્યાં ભગવાન જાતે બ્રહ્મા થયેલા. પહેલા પરાર્ધની અંતમાં જે પાદ્મ કલ્પ છે, જે કલ્પમાં પ્રભુના નાભિમાંથી પદ્મ થયેલું, તેથી પાદ્મકલ્પ નામછે. બીજા પરાર્ધમાં વરાહ થયા. **વરાહ કલ્પ** દ્વિતીય પરાર્ધમાં આવેલ છે. તેમાં પહેલો **આદિ વરાહ કલ્પ**, બીજો **વરાહ કલ્પ** અને ત્રીજો **શ્વેત વરાહ કલ્પ**. આજે શ્વેત વરાહ કલ્પ ચાલે છે. આ બે પરાર્ધનો નામનો કાલ, તે **અક્ષર**ના આયુષ્યનો માત્ર એકજ નિમેષ છે. તેની અંતના આયુષ્ય કાલની ગણના અસ્થાને છે. પરમાણુથી દ્વિપરાર્ધ સુધીના કાલની સત્તા અક્ષર ઉપર સત્તા ન ચલાવી શકે.

## અધ્યાય ૧૨મો.

બ્રહ્માજીની માનસી સૃષ્ટિનું વર્ણન ૧૨મા અધ્યાયમાં છે. શ્લોક સંખ્યા ૫૬ છે. કાલ સૃષ્ટિનું નિરૂપણ એકાદશ અધ્યાયમાં કર્યું. રૂદ્ર કાલનું સ્વરૂપ છે. રૂદ્રની સંખ્યા ૧૧ છે. અગિયાર ઇન્દ્રિયોમાં અસંયમથી કાલ આવેછે. તેજ અગિયાર ઇન્દ્રિયોમાં સેવા – ભગવત્સેવા આવે તો પુણ્ય કાલ આવેછે. એ નિરૂપણ માટે કાલનું નિરૂપણ અગિયારમા અધ્યાયમાં કર્યું.

હવે ૧૨મા અધ્યાયમાં આઠ પ્રકારની સાધારણ જીવોની બુધ્ધિનું વર્ણન આરંભ્યું. પ્રથમ પ્રકારની બુધ્ધિનું નામ પ્રાકૃત બુદ્ધિ છે. બીજી બુદ્ધિ જ્ઞાનમાં નિષ્ઠાવાળી છે, પરંતુ જરા જ્ઞાનના અહંવાળી હોવાથી દોષ વાળી બુદ્ધિ છે. સેવાના અભિમાનવાળી ત્રીજી બુદ્ધિ છે. શ્રી કૃષ્ણની આજ્ઞાનું પાલન કરનારી ચોથી બુદ્ધિ છે. સરસ્વતીના સંબંધવાળી પાંચમી બુદ્ધિ છે. વેદના અભ્યાસમાં તત્પર રહેનારી છઠ્ઠી બુદ્ધિ છે. વેદના અર્થ રૂપે, યોગ અને ઉપાસનામાં રસ ધરાવનારી સાતમી બુદ્ધિ છે. હરિની – ભગવાનની ક્રીડાની ઇચ્છાને પૂર્ણ કરનારી મનુદેવતાવાળી આઠમી બુદ્ધિ છે, અને એ તો સર્વથી શ્રેષ્ઠ છે.

અવિદ્યાની એટલે **અજ્ઞાનની પાંચ સૃષ્ટિઓ**, અવસ્થાઓ અથવા **ઓળખાણો**:– **અંધતામિસ્ર, તામિસ્ર, મહામોહ, મોહ અને તમ**: તમ: એટલે અવિવેક; અંત:કરણનો વિભ્રમ એટલે **મોહ**; વિષય સુખની ઇચ્છા મહામોહ; મરણ અંધ તામિસ્ર, અને ક્રોધ એ તામિસ્ર. અજ્ઞાન, વિપર્યાસ, ભેદ, ભય અને શોક એવી પાંચ સંજ્ઞા પણ તેનીજ થાય છે.

અવિદ્યાની સૃષ્ટિથી ખિન્ન થઈ બ્રહ્માજીએ **ચાર સનત્કુમારોની** મંગલ સૃષ્ટિ કરી. તે પણ માનસી સૃષ્ટિ છે. **સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર** – ચાર સંજ્ઞા હતી. બ્રહ્મચિંતન માટે, **મનન** માટે, બ્રહ્મચર્ય માટે એ સૃષ્ટિનો ઉપયોગ હતો.

સનત્કુમારોએ સૃષ્ટિ ન કરી. બ્રહ્માને ક્રોધ થયો, અને **અગિયાર રૂદ્રોની** સૃષ્ટિ કરી. રૂદ્રને તપ કરવા મોકલી બ્રહ્માજીએ **દશ માનસ પુત્રો** રચ્યા. મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ અને નારદ.

બ્રહ્માજીના પ્રેમ અને વાત્સલ્યનું સ્વરૂપ **નારદ**. અંગૂઠો સર્વ અંગૂલિઓનો આધાર છે, તે રીતે કર્મના આધાર તરીકે **દક્ષ** જન્મ્યા. અંગૂઠો અભિમાની છે, દક્ષ અભિમાની થયા. પ્રાણમાંથી **વસિષ્ઠ** થયા. વેદો, પ્રાણભૂત છેઃ માટે વસિષ્ઠ પ્રાણ સમાન છે. **ભૃગુ** ત્વચામાંથી પ્રકટયા છે. યજ્ઞ હાથમાંથી થાય, માટે કરમાંથી **ક્રતુને** જન્મ આપ્યો. **પુલહ** નાભિમાંથી જન્મ્યા છે. **પુલસ્ત્ય** ઋષિ બે કાનમાંથી જન્મ્યા છે. **અંગિરા** મુખમાંથી પ્રકટયા તેથી શાપ, આશીર્વાદ આપવાનું સામર્થ્ય ધરાવેછે. **અત્રિ** બે આંખમાંથી જન્મ્યા છે. **મરીચિ** મનમાંથી થયા. પ્રવૃત્તિ સ્વભાવવાળો ધર્મ ડાબા સ્તનમાંથી અને જ્ઞાનથી ભરપુર ભગવદ્‌રૂપ ધર્મ જમણા સ્તનમાંથી થયા. અધર્મ પીઠમાંથી થયો. હૃદયમાંથી કામ, ભ્રમરમાંથી ક્રોધ અને નીચેના હોઠમાંથી લોભ થયો. બ્રહ્માની છાયામાંથી કર્દમ ઋષિ થયા.

**वाचं दुहितरं तन्वीं स्वयम्भूर्हरतीं मनः।**
**अकामां चकमे क्षत्तः सकाम इति नः श्रुतम् ॥२८॥**

આ સૃષ્ટિ પ્રકરણ છે. યજ્ઞની સૃષ્ટિ, કર્મની સૃષ્ટિ, માનસ સૃષ્ટિ, અવિદ્યા સૃષ્ટિ વિગેરે સૃષ્ટિ નિરૂપણનો આ વિષય છે. ઉપરના શ્લોકનો **મર્મ** સમજવો કઠિન છે. સ્થૂલ શબ્દ અર્થ અહિં નથી કર્યો; પરંતુ આ સમાધિ ભાષાનો શ્લોક છે. વેદોના યથાર્થ તત્ત્વાર્થને વર્ણવનારી ભાષા સમાધિ ભાષા છે. ઇતિવૃત્તને વર્ણવનારી

વાણી મતાંતર ભાષા છે. આ શ્લોક ઇતિહાસનું નિરૂપણ નથી કરતો, વેદોના ગૂઢાર્થને વર્ણવે છે. આ શ્લોકમાં બે પ્રકારનું તાત્પર્ય છે. પ્રથમ અર્થ એવો થાય છે કે વેદના મંત્રોમાં બે વિભાગ છે – જ્ઞાન માર્ગ અને ઉપાસના માર્ગ. તેમાં જે આત્મતત્ત્વ નિરૂપણ કરે છે, નિર્ગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે, નિરાકાર તત્ત્વનું પ્રતિપાદન કરે છે. તે વાણી ફલને સંબંધ ધરાવનારી નથી, નિષ્કામ વાણી છે, જે ઉપનિષદ્‌ની વાણી છે. તે દુહિતા છે, દીકરી છે. એને કુમારિકા કહેછે. વેદાન્તનો રૂઢ શબ્દ તેને **સ્વરૂપ લક્ષણા** વાણી કહે છે, જેમાં માત્ર આત્માના સ્વરૂપનુંજ વર્ણન છે. વળી તે **तन्वी** છે. તન્વી એટલે શૃંગારમયી, કમનીય, સુંદર એવો અર્થ થાય. વેદોમાં તે આલંકારિક ભાષા ગણાય છે, અને મધુર વાણી છે. **मनः हरतीम्** – સાંભળનાર, વાંચનારના મનનું હરણ કરનારી છે. **अकामाम्** સ્વયં ફલરૂપ વાણી છે, એથી એનું કોઇ પણ ફલ નથી. તે વાણી તરફ જ્યારે બ્રહ્મા **સકામ** – સફલ બુધ્ધિથી પ્રવૃત્ત થયા, ત્યારે મરીચિ વિગેરે વૈદિક કર્મમાં રસ લેનારા મુનિઓએ–પુત્રોએ તેનો નિષેધ કર્યો.

બીજો અર્થ – ગદ્ય પદ્યાત્મક એવી વેદોમાં એક અતિ સુંદર કાવ્યમયી પ્રકૃતિના સૌન્દર્યનું નિરૂપણ કરનારી આલંકારિક વાણી ગુપ્ત રીતે રહેલી છે. તેને બ્રહ્માજીએ જ્યારે વેદોમાંથી શોધવા માંડી અને એના દ્વારા કાવ્યસૃષ્ટિ, શબ્દ સૃષ્ટિ આગળ વધારવા માંડી કે આ વાણીથી સમાજને ઘણોજ લાભ થશે; ત્યારે કર્મયોગ આદિમાં રત મરીચિ વિગેરે ઋષિઓએ તેમ કરતાં બ્રહ્માજીને રોકયા.

ત્યાર બાદ બ્રહ્માએ ચાર વેદો પ્રકટ કર્યા. ઉપવેદો પ્રકટ કર્યા. ચાતુર્હોત્ર કર્મ, ધર્મના ચાર પાદ (સત્ય, તપ, દયા, દાન), આશ્રમ અને આશ્રમના ધર્મો પણ પ્રકટ કર્યા. ઇતિહાસ, પુરાણ, પાંચમો વેદ પણ પ્રકટ કર્યો, અને સરસ્વતીનો વિસ્તાર કર્યો.

પૂર્વ મુખમાંથી ષોડશી અને ઉક્થ; દક્ષિણમાંથી પુરીષી અને અગ્નિષ્ટુત, પશ્ચિમમાંથી આપ્તોર્યામ અને અતિરાત્ર; ઉત્તરમાંથી ગોસવ વાજપેય પ્રકટાવ્યા. ચાર પ્રકારની વાનપ્રસ્થ વૃત્તિઓ – વૈખાનસ, વાલખિલ્ય, ઔદુમ્બર, ફેનપ નક્કી કરી. **દૈવથી** પ્રાપ્ત થતી આજિવિકામાં જીવનાર **વૈખાનસ**, પાંચ અગ્નિ રાખનાર અને સૂર્યથી પકવ અન્ન ખાનાર **વાલખિલ્ય**, નખ વાળ રાખનાર અને વૃક્ષનાં ફલ ઉપર જીવનાર **ઔદુંબર**, વાયુ જલનું ભક્ષણ કરનાર **ફેનપ** આ ચાર પ્રકારના છે. વૈખાનસ **એટલે** વણ ખેડેલા અન્નથી આજિવિકા ચલાવનાર. વાલખિલ્ય નવું અન્ન મળતાં જૂનાનો ત્યાગ કરનાર. ઔદુંબર પ્રાતઃકાલમાં ઉઠતાં જે દિશા તરફ જૂએ તે દિશામાંથી ફલ આણી તેનાથી જીવન નિર્વાહ કરે. ફેનપ પડેલાં ફલથી જીવિકા ચલાવે.

**कुटीचर:** પુત્રોએ બનાવેલી પર્ણકુટીમાં વસે. પોતાના આશ્રમના કર્મોને મુખ્ય માને. બહૂવોદ સારા પ્રમાણમાં જલ હોય તેવા તીર્થસ્થલે વસે, આશ્રમકર્મને ગૌણ ગણી જ્ઞાનને મુખ્ય માને. **હંસ** જ્ઞાનમાંજ લીન બનીને રહે. **નિષ્ક્રિય** તત્ત્વ વિચારમાંજ તદ્રૂપ રહે.

**आन्वीक्षिकी** વિદ્યા એ મનન વિદ્યાનું નામ છે. અન્વીક્ષણ એટલે મનન અથવા આત્મચિંતન.

શબ્દ **બ્રહ્મને** બ્રહ્માજીએ દેહ આપ્યો. ત્વચામાંથી ગાયત્રી છંદ થયો, એના ૨૪ અક્ષરો છે. રોમાંચમાંથી ઉષ્ણિક છંદ થયો, એના ૨૮ અક્ષરો છે. સ્નાયુમાંથી અનુષ્ટુપ છંદ થયો, તેના ૩૨ અક્ષરો છે. પ્રાણમાંથી બૃહતી છંદ થયો, જેના ૩૬ અક્ષર છે. મજ્જામાંથી પંક્તિ છંદ થયો, જેના ૪૦ અક્ષર થયા. માંસમાંથી ત્રિષ્ટુપ છંદ થયો, તેના ૪૪ અક્ષર છે. હાડકામાંથી જગતી છંદ થયો, તેના ૪૮ અક્ષર છે.

શબ્દ **બ્રહ્મના દેહની રચના** – સ્પર્શ વ્યંજનો (“ક થી મ”) પચીસ થાયછે. તે સર્વ સાથ મળી શબ્દ બ્રહ્મનો જીવ થાય છે. સોળ સ્વરો શબ્દ બ્રહ્મનો દેહ છે. શ્, ષ્, સ્, હ્ એ ચાર શબ્દ દેહની ઈન્દ્રિયો છે. ય્, ર્, લ્, વ્ એ શબ્દ બ્રહ્મના દેહનું બલ છે.

બ્રહ્માએ પોતાના દેહના બે વિભાગ કર્યા. **कस्य रूपमभूद् द्वेधा क** એટલે બ્રહ્માનાં બે સ્વરૂપ થયાં. **कायम्**ની વ્યુત્પત્તિ આ રીતે કરવી. **का इयम् कोऽयम् इति कायम्.** **का इयम्** માંથી **इयम्**નો લોપ કર્યો. **कोऽयम्** માંથી **क:** નો લોપ કર્યો. એટલે **कायम्** થયું. બ્રહ્માના તે બે દેહ વિભાગ પછીથી ભૌતિક સૃષ્ટિનો પ્રારંભ થયો.

## અધ્યાય ૧૩મો

મનુ રાજાની – મનનશીલની ત્રણ કન્યાઓ – ત્રણ અવસ્થાઓ – **આકૂતિ**–ક્રિયા શકિત, **દેવહૂતિ**–જ્ઞાન શકિત, **પ્રસૂતિ**–સૃજન શકિત.

**રૂચિ** આકૂતિને વરે. ઈચ્છા રૂચિની સંજ્ઞા છે. આકૂતિ ક્રિયાની સંજ્ઞા છે. ઈચ્છા વિના ક્રિયા ન બને. રૂચિ ઋષિ છે, ઈચ્છા સાત્વિક છે. તેની ક્રિયાઓ પણ યજ્ઞ, હોમ, તપ, આદિજ બને. માટે રૂચિ ઋષિને ત્યાં **સુયજ્ઞ ભગવાનનો** અવતાર થયો. દેવહૂતિનું કર્દમ સાથે લગ્ન થયું, પ્રસૂતિનું **દક્ષ** સાથે.

મનુને સૃષ્ટિ રચવાની બ્રહ્માએ આજ્ઞા આપી, પરંતુ પૃથ્વી ન હતી. બ્રહ્માજી પાસે પૃથ્વી માગી. બ્રહ્માજીની નાસિકામાંથી **વરાહ** પ્રકટયા અને વરાહે પૃથ્વી લાવી આપી. એ વિષય ૧૩મા અધ્યાયમાં આવ્યો.

**सहस्रशीर्ष्णश्चरणोपधानम्** વિદુરજીને સહસ્રશીર્ષા ભગવાનના ચરણના આસન રૂપે – તકીયા રૂપે વર્ણવે છે. કર્ણ, દુર્યોધનના કટુ શબ્દોથી ને તિરસ્કારથી દગ્ધ દિલ વિદુરજીના હૃદયને શાંતિ

આપવા માટે શ્રીકૃષ્ણ ભગવાને પોતાના ચરણ કમલ વિદુરજીના ખોળામાં મૂકેલા, અને તે સમયે ચરણનો સ્પર્શ વક્ષઃસ્થલને આપ્યો અને ઉર શાન્તિ આપી. ત્યારથી "**સહસ્રશીર્ષણશ્ચરણો-પધાન**" એવી પ્રસિદ્ધિ થઈ.

વિદુરજીએ શ્રી વરાહ ચરિત્ર પૂછ્યું, મહર્ષિ મૈત્રેયે તેનો પ્રસંગ પ્રારંભ્યો. મનુની પૃથ્વી સંબંધીની પ્રાર્થના સાંભળતાં ચિંતાયુકત બ્રહ્માની નાસિકામાંથી અંગુષ્ઠના માપના વરાહ પ્રકટ થયા.

**इत्यभिध्यायतो नासाविवरात्सहसानघ**
**वराहतोको निरगादंगुष्ठपरिमाणकः ॥१९॥**

ધ્યાનના સ્વરૂપના વિગ્રહનું માપ અંગુઠાનું છે, અને મીમાંસાના ક્રિયાના સ્વરૂપનું માપ ગજહાથીનું છે. માટે ભગવાનને પ્રકટ થતાં અંગુઠા જેવડા વર્ણવ્યા, અને યજ્ઞવિધિનો-કર્મ કાંડનો વિષય વર્ણવતાં બૃહદ્-સ્વરૂપ આપ્યું. માટેજ વરાહ રૂપે વર્ણન અંગ પ્રત્યંગો સાથે કર્યું. અંગુષ્ઠ માપ કારણ વિગ્રહનું છે, અને વરાહના આકૃતિનું વર્ણન કાર્ય સ્વરૂપ છે. એ રીતે આધિદૈવિક અને આધ્યાત્મિક સ્વરૂપનો સમાવેશ થાય છે.

**વરાહ** વેદોનું ક્રિયાત્મક સ્વરૂપ છે. વેદ બે વિભાગમાં છે – એક કર્મ અને બીજો તત્ત્વ વિચાર. **કર્મ** વિશ્વની સ્થૂલ સમસ્યાઓ હલ કરે, સમાજની સર્વ જીવનની સામગ્રીઓ પૂરી પાડે; અને **તત્વ વિચાર** જીવનની વિસંવાદિતાઓ દૂર કરે, ચિત્તવૃત્તિઓને સુનિયંત્રિત અને સુમંગલ બનાવે. **वरान्** એટલે શ્રેષ્ઠ વસ્તુઓને **आहरतीति** લાવીને આપે તે વરાહ છે. સ્થૂલ સુખ, આત્મસુખ, બન્ને પ્રકારનાં સુખોને લાવી આપનાર માર્ગદર્શક સાહિત્ય–સામગ્રી

વેદોમાં છે. વેદત્રયી એ વરાહની કાયા છે. આ વરાહ વનમાં થતાં સૂકરોનાં રૂપે વર્ણવેલ નથી. પૃથ્વીનો ઉધ્ધાર કરનાર વરાહ છે. પૃથ્વીનો ધર્મ ગંધ છે. ગંધનું ગ્રહણ વરાહને હોય છે, તેથીજ તે પૃથ્વીનું સંશોધન કરી શકે છે. પૃથ્વીમાંથી સંશોધન કરી શકે છે, માટે તેના ઘટતા ગુણ ધર્મને અનુસરી વરાહ રૂપે વર્ણન કર્યું છે.

બાર શ્લોકમાં વરાહ ભગવાનની સ્તુતિ છે. સ્તુતિ કરનારા ઋષિઓ છે. મંત્રના દૃષ્ટાઓ ઋષિઓ ગણાય. ભગવાન સૂર્ય કર્મમાર્ગના પ્રેરક અને સાક્ષી છે. સૂર્ય પણ દ્વાદશ છે. સૂર્યના જેવા તેજસ્વી ૧૨ શ્લોકોથી (૩૫થી ૪૬) સ્તુતિ કરી છે.

ઉષાબેન વિજયસિંહ

**जितं जितं तेऽजित यज्ञभावन त्रयीं तनुं स्वां परिधुन्वते नमः।**
**यद्रोमगर्तेषु निलिल्युरध्वरास्तस्मै नमः कारणविग्रहाय ते ॥३५॥**

આ પાંત્રીસમા શ્લોકથી વરાહ સ્વરૂપનું નિરૂપણ છે. આકૃતિ, કૃતિ, સ્વભાવ, ગુણ, આદિ ધર્મોનું કથન સ્તુતિમાં છે. વેદત્રયી એજ વરાહની કાયા. **यज्ञभावन** સંબોધન કર્યું. એનો અર્થ એ છે કે યજ્ઞોદ્વારા સર્વ પદાર્થોને રચે છે અને તે પદાર્થો દ્વારા સૃષ્ટિની આવશ્યકતાઓને પૂર્ણ કરે છે. એજ પૃથ્વીનો ઉધ્ધાર છે. વરાહ પોતાની કાયાને ધુણાવે છે. ચૌદ લોકમાં ત્રણે વેદોમાં દર્શાવેલ કર્મ–અને જ્ઞાનનો વિના પક્ષપાતે પ્રચાર કરી, સર્વને માર્ગદર્શન આપે છે. **यद्रोमगर्तेषु निलिल्युः** – જેના રોમાંચના છિદ્રોમાં વેદો રહ્યા છે. વેદોના મંત્રોમાં ગૂઢાર્થમાં જ્ઞાન – વિજ્ઞાન રહેલ છે. તેમાં અગ્નિ, વિમાન, યંત્ર, વૃષ્ટિ ઔષધિ વિગેરે સામગ્રીઓની રચનાનો વિધિ બતાવ્યો છે, પરંતુ રોમગર્તમાં, એટલે તેની રૂઢ ગૂઢ ભાષામાં છે. તેના અન્તર્ગત અર્થને પ્રકટ કરી ક્રિયા કાંડમાં સમાજને પ્રેરનાર વરાહ છે. તેમાંથી અવનવી શોધ કરતી જેની કાયા સતત

ક્રિયામય છે. જેમ કોઈ પાત્રમાં ભરાઇ રહેલી ઘી જેવી વસ્તુને પાત્ર હલાવી હલાવી બહાર કાઢે, તે રીતે વેદોના મંત્રોમાં રહેલા તત્ત્વોને તે સ્પષ્ટ કરે છે.

**શ્રી વીરરાઘવજી**ના મંતવ્ય પ્રમાણે **निलिल्युरब्धयः** એવો પાઠ છે. રત્નો વિગેરે ખાણોથી ભરેલા સમુદ્રો તો પૃથ્વી માત્રના તત્ત્વોને ને પદાર્થોને જાણનાર વરાહ ભગવાનનાં રોમાંચોમાં સમાઇ જાય છે.

**यज्ञभावन** – સંબોધનથી દર્શાવેલ વરાહ ભગવાનના સ્વરૂપનું નિરૂપણ ૩૫, ૩૬, ૩૭, ૩૮ શ્લોકોથી કર્યું છે.

છન્દો આપની ત્વચામાં છે. ગાયત્રી વિગેરે સાત છંદ અને અવાંતર અનંત છન્દો વરાહની અંદરની અને બહારની ત્વચામાં રહેલા છે. શરીરના સર્વ અવયવો, ધાતુઓ વિગેરે ચામડીમાં વીંટાયેલા છે તેજ પ્રકારે વેદોના મંત્રો – છંદોમાં સર્વ વેદોની સામગ્રી વસેલી છે. ગદ્ય સાહિત્યને કંઠ રાખવામાં કઠિનાઈ છે, પરંતુ પદ્ય સાહિત્ય એટલે છંદમાં ગવાતું સાહિત્ય કંઠ વધુ રહે છે, તે ગેય હોવાથી.

રોમાંચમાં કુશ છે. કુશ અને કાશ નામનું ઘાસ બને છે. કર્મ-કાંડની પ્રત્યેક ક્રિયાઓમાં દર્ભ વપરાય છે. યજ્ઞરૂપી એટલે કર્મરૂપી વરાહની ક્રિયા કાયા એ દર્ભોથી વીંટાયેલી છે,

નયનમાં ઘી છે. ઘૃતને તેજસ માન્યું છે. આંખની તેજસ્વિતા ઘીથી છે. નયન પ્રકાશને આપે છે. ક્રિયાત્મક એવા વરાહ દેહમાં હોમ સમયે થતો ઘીનો હોમ તે તેજોજવાલા પ્રકટાવે છે. નયન એ આધિદૈવિક છે. તેમાં રહેલ આધ્યાત્મિકપણું તે ઘી છે નયન સત્યરૂપ છે અને ઘી પ્રજાપતિ રૂપ છે.

શ્રી વરાહના ચાર ચરણોમાં ચાર હોતાઓનો સમૂહ છે. ચરણ વિના દેહ નિષ્ક્રિય છે, નિરૂપયોગી છે. એ રીતે યજ્ઞની સફળતા તો તેના હોતા ઉપરજ આધાર રાખે છે. નવમ સ્કંધમાં મનુ રાજાને ત્યાં પુત્રને બદલે પુત્રી જન્મી, તે કેવલ હોતાનાજ કરેલા મંત્ર પરિવર્તનનું પરિણામ હતું. માટે હોતા યજ્ઞનો આધાર છે. તેથીજ તેને ચરણ તરીકે વર્ણવે છે. **चातुर्होत्रम्** કહેવામાં ચાર હોતાઓ મળી આખો એક હોતા બન્યો છે, તે સૂચવ્યું છે. ચાર અલગ, અલગ મળી કાર્ય કરનાર નહિ, પરંતુ ચાર મળી એક અંગ થાયછે. અથવા ચાર હોતાઓ મળી કરાતું કાર્ય તે વરાહના ચાર ચરણ છે. યજ્ઞમાં હોમ એ પ્રધાન ક્રિયા છે. ફલ નિષ્પત્તિ–સિદ્ધિ તો હોમ ઉપરજ આધાર રાખે છે.

**स्रुक्** આપના તુંડમાં છે. સ્રુક્ ( ઘી હોમવાનું પાત્ર) તુંડમાં–મુખમાં છે. અગ્નિની જીહ્વા તરીકે સ્રુક્ પાત્રને માનવામાં આવ્યું છે. સર્વ ભોજનની સામગ્રી જીભ મારફતેજ મુખ–ઉદરમાંના અગ્નિ પાસે જઇ શકે. દાંત ચાવે અને જીભને આપે. જ્યાં સુધી દાંત ચાવે, ત્યાં સુધી જીભ પદાર્થને ધારણ કરે, તે રીતે વેદોના મંત્રોનો ઉચ્ચાર થાય ત્યાં સુધી હુતદ્રવ્ય જીભ જેવા આકાર સ્રુક્માં રહે છે; તેથી તેને સ્રુકની ઉપમા આપી છે.

નાસિકાના છિદ્રોમાં **स्रुव** પાત્ર છે. સોમ હોમવાનું પાત્ર સ્રુવ છે. તેના અગ્ર ભાગનો આકાર ગોળ છે, જે નાસિકાના છિદ્રોની સરખામણીમાં છે. **સ્રુવ્** અને **સ્રુચ્** એ બે અગ્નિહોત્ર અને દર્શપૌર્ણ માસના ભેદોથી જુદા જુદા વર્ણવ્યાં છે.

**इडापात्र** ઉદરમાં છે. હોમ કરતાં વધેલા દ્રવ્યને વિપ્રો જે પાત્રમાં રાખીને પછી પોત પોતાના ભાગ પાડે છે, તે પાત્રનું નામ **ઇડા** પાત્ર છે.

**चमस पात्र** કર્ણરંધ્રમાં છે. સોમ રસ પાન કરવાનું જે પાત્ર છે, તેનું નામ **ચમસ** પાત્ર છે.

**प्राशित्रम् आस्ये** – પ્રાશિત્ર બ્રહ્મ પાત્ર એ આસ્યમાં–મુખના છિદ્રમાં છે. બ્રહ્માના ભાગને દાંતનો સ્પર્શ થયા વિના ગળવાની આજ્ઞા છે. ચાર ઋત્વિજોમાંના એક ઋત્વિજ એ બ્રહ્મા છે. હોતા, ઉદ્‌ગાતા, અધ્વર્યુ અને બ્રહ્મા યજ્ઞ કરાવનાર ચાર ઋત્વિજ છે.

**ग्रसने ग्रहा** : ગ્રસનમાં એટલે જીભના મૂળમાં ગ્રહાઃ એટલે ગ્રહ પાત્રો છે. ઇન્દ્ર, વાયુ વિગેરે ગ્રહો ગણાય છે; તેમનાં પાત્રો છે.

**चर्वणम् अग्निहोत्रम्** અગ્નિહોત્ર એ ભગવાનની ચર્વણ ક્રિયા છે.

વારંવાર અવતાર રૂપે શ્રી વરાહ ભગવાનનું પ્રગટ થવું એ **दीक्षा** છે. દીક્ષણીય નામની ઇષ્ટિ છે. ભગવાન જેમ વરાહનો અવતાર લે છે, તેજ પ્રકારે યજમાન રૂપે પણ અવતરે છે. યજ્ઞ સંબંધી દીક્ષા લેવી એ જન્મ છે.

ઉપસદ્ નામની ત્રણ ઇષ્ટિઓ એ વરાહ ભગવાનની **शिरोधरम्** એટલે ડોક – ગ્રીવા છે. જ્યોતિષ્ટોમ યાગ કરતી વખતે થતો વિધિ એને **उपसद्** કહે છે. **प्रायणीय** અને **उदनीय** નામની બે ઇષ્ટિઓ એ બે દાઢ છે. પ્રાયણીય અને ઉદનીય નામના બે હોમ છે. સોમયાગમાં ઉપસદ્ ઇષ્ટિના આરંભમાં સોમ લાવ્યા પહેલાં જે હોમ કરવામાં આવે, તેને પ્રાયણીય ઇષ્ટિ કહે છે; અને સોમ હોમ્યા પછી જે હોમ કરવામાં આવે, તેને ઉદનીય ઇષ્ટિ કહે છે. બન્ને હોમમાં હુતદ્રવ્ય, દેવતા અને પાત્ર એકજ છે, પરંતુ કાલના નામના ભેદને લીધે જુદાં કર્મ ગણાય છે.

**जिह्वा प्रवर्ग्य:**– પ્રવર્ગ્ય આપની જિહ્વા છે અને આપનું મસ્તક છે. પ્રવર્ગ્ય સોમયજ્ઞનો આરંભ કરતાં કરવાનો વિધિ છે.

**શ્રીધરજીના** મત પ્રમાણે પ્રવર્ગ્ય વરાહ ભગવાનની જિહ્વા છે અને સભ્ય નામનો અગ્નિ અને આવસથ્ય નામનો અગ્નિ વરાહનું મસ્તક માન્યાં છે. જ્યારે અન્ય ટીકાકારોના મંતવ્યે સભ્ય, આવસથ્ય અને ચિતિઓ એ આપના પ્રાણો છે. **शीर्षकं सभ्यावसथ्यम् चितय: असव:** જેમાં હોમ કરવામાં આવતો નથી એ અગ્નિનું નામ સભ્ય છે; અને ઉપાસના કરવાના અગ્નિનું નામ આવસથ્ય છે.

અગ્નિમાં હોમ કર્યા પછી જે જ્વાલા નીકળે છે, તે આકૃતિની સમાનતાથી **જીભ** કહેવાય છે, અને તેજ પ્રવર્ગ્ય મસ્તક પણ કહેવાય છે. સભ્ય આવસથ્ય અગ્નિઓ ઇંટોની વેદીમાં નથી રખાતી, માટે પૃથક્ વર્ણવ્યા. અગ્નિહોત્રમાં, અમાસ પૂર્ણિમાના યજ્ઞોમાં, ચાતુર્માસ યજ્ઞમાં, પણ ઇંટોની વેદીમાં અગ્નિ રાખવાની આજ્ઞા છે. શાલામુખીય અને ધિષ્ણ્ય અગ્નિઓ પણ તેજ રીતે રાખવાનો વિધિ છે. દક્ષિણ અને પ્રાજહિત અગ્નિઓનું પણ ઇંટોની વેદીમાં રાખવાનું વિધાન છે. શામિત્ર અગ્નિ તો પ્રાજહિત અથવા આહવનીય અગ્નિ છે.

**सोमस्तु रेत:** સોમ એ તો વરાહ ભગવાનનું વીર્ય છે. સોમ એટલે સોમયજ્ઞ – સોમ, ઔષધિ અને ગ્રહ એમ ત્રણ અર્થ થાય છે.

**सवनानि अवस्थिति :**– સવન એ અવસ્થિતિ છે. પ્રાતઃ, મધ્ય, સાયં એ ત્રણ સવન છે. સવનનો અર્થ થાય છે, સોમરસ કાઢવો. સવાર, બપોર, સાંજ ત્રણ વખત સોમરસ કાઢવામાં આવે છે. જાગ્રત, સ્વપ્ન, અને સુષુપ્તિ ત્રણ અવસ્થાઓ છે. બાલ્ય, યૌવન, વાર્ધક્ય ત્રણ અવસ્થાઓ છે.

**संस्था विभेदा:** સાત યજ્ઞો આપની સાત ધાતુઓ છે. અગ્નિષ્ટોમ વિગેરે, ત્રણ, પાંચ અથવા સાત જે યજ્ઞના પ્રકારો છે તે આપની સાત ધાતુઓ છે. અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉકથ, ષોડશી, વાજપેય, અતિરામ, આપ્તોર્યામ આ સાત યજ્ઞો છે.

**सर्वाणि सत्राणि शरीरसन्धिः** સર્વ સત્રો શરીરના સાંધા છે. એક દિવસથી આરંભી એક હજાર વર્ષનાં સત્રો થાય છે. તે સર્વ ભગવાન વરાહના શરીરના સાંધાઓ છે, જે સત્રો સમાજનું વાતાવરણ શાંત, સાત્વિક અને ઉદ્યમશીલ રાખે છે.

**सर्वयज्ञक्रतुरिष्टिबंधनः** સર્વ યજ્ઞો, ક્રતુ અને ઇષ્ટિઓ એ આપના સ્નાયુઓ છે. યજ્ઞો ૧૭ છે. સોમ વિનાના યજ્ઞો છે. સોમ સાથેના ક્રતુઓ છે. પૂર્ણિમા – અમાવાસ્યાનાં હોમો છે. બાર દિવસથી આરંભી અશ્વમેધ સુધીના વેદીમાં રાખવાના અગ્નિવાળા યાગો એ ક્રતુઓ છે.

તેરમા અધ્યાયમાં વરાહ ભગવાનનું આધિ દૈવિક, આધ્યાત્મિક અને આધિ ભૌતિક સ્વરૂપ વર્ણવ્યું છે.

વેદનું નામ અપર નામ **વરાહ** છે. શ્રેષ્ઠ સામગ્રીઓ, શ્રેષ્ઠ સંસ્કારો, શ્રેષ્ઠ સુખો અને સમાજ સ્વાતંત્ર્ય લાવી આપનાર તત્વનું નામ વરાહ છે. વેદમાં દર્શાવેલી જીવનરીતિ અનુસાર અને સમાજ જીવનના બંધારણને અનુસાર જીવતાં સ્વાતંત્ર્ય અને સુખ આવે.

હિરણ્યાક્ષ – સંગ્રહનો નમુનો છે. પૃથ્વી રસાતલમાં ગઇ એટલે પ્રલય થયો, ત્યારે કાર્યતત્વો કારણતત્વોમાં ચાલ્યાં જાય. પૃથ્વીનું કારણતત્ત્વ જલ છે. જલનો ભાગ જમીન કરતાં વધુ થયો. પ્રજાની સંખ્યા વૃદ્ધિ પામી અને કેમ કરીને જલ તત્વનું પૃથક્કરણ કરી અગર જલ તત્વનું શોષણ કરી, પૃથ્વી નિવાસને ઉપયોગી, અને કર્ષણ–ખેતીને ઉપયોગી બને, એ જેણે શોધ કરી અને પૃથ્વીતત્વને વ્યવસ્થિત બનાવ્યું, એ ભગવાને વિજ્ઞાનના આશ્રયે પૃથ્વીતત્વનો ઉદ્ધાર કર્યો.

જ્યારે પૃથ્વી અને પૃથ્વીની પ્રજા કેવલ વિલાસ પ્રધાન અને સંગ્રહ પ્રધાન બની, અને રસાતલમાં ગઈ – સ્થૂલ રસોપભોગમાં લીન થઈ ગઇ. પરિણામે વેદ તત્વોનું; વિજ્ઞાનનું, જ્ઞાનનું, સમાજમાં સ્થાન ન રહ્યું. અર્થ પ્રધાન સમાજ બન્યો. વિદ્યાજિવીઓએ વિદ્યા વિશ્વ વિકાસને બદલે અર્થ વિકાસમાં વાપરવી શરૂ કરી. રાજ્ય સંચાલકોએ પ્રજા સુખ વિચાર, સંસ્કાર સ્થાપન, લોકોત્તર વહીવટ વિગેરે મહત્વનાં કાર્યોને અનુસરતું સંચાલન કરવાને બદલે અર્થ પ્રધાન લક્ષી બંધારણ ઘડવા માંડયું ને પ્રજામાં અધર્મ, લોભ, પ્રપંચ વધ્યાં. વ્યાપારે, વ્યાપારને ધર્મ સમજવાને બદલે ધનોપાર્જનનું સાધન માન્યું અને નીતિ ને પ્રજા સેવાને નેવે મૂકયાં. સમાજનું મહત્વનું અંગ **શ્રમ** એમાં પ્રમાદ, વ્યસન, લોભે પ્રવેશ કર્યો. વિદ્યાર્થીઆલમ આલસ્ય, વિલાસ, અને અસંયમ વ્યસનની નાગચૂડમાં ફસાઇ ગઇ, ત્યારે સર્વોદ્ધાર માટે વરાહે કાર્ય આરંભ્યું અને જીવનધોરણ દિવ્ય બનાવ્યું. એ પૃથ્વીનો વરાહ ભગવાને ઉદ્ધાર કર્યો.

## અધ્યાય ૧૪ મો શ્લોક ૫૦

**कौषारविणोपवर्णिताम्**– કુષારવના પુત્ર કૌષારવિ મૈત્રેય ઋષિ જેવા સમર્થ વકતા હતા, અને **धृतव्रतः** વિદુરજી હતા. કથા શ્રવણ વિદુરજીનું વ્રત હોવાથી તેઓ કથા વિના રહી શકતા ન હતા.

**आदिदैत्यः हिरण्याक्षः** દૈત્યનો નાશ કરવો ઉચિત છે, પરંતુ આદિ દૈત્યનો નાશ કરતાં સંસારમાં લીલા સૃષ્ટિ સંભવી ન શકે. આદિ દૈત્ય દૈત્યોનું મૂલ ગણાય. **हिरण्याक्षः हिरण्यरूपे अक्षिणी यस्य सः** સુવર્ણરૂપ બે આંખોવાળો. **हिरण्ये अक्षिणी यस्य** સુવર્ણમાં દૃષ્ટિવાળો. **અર્થ પ્રધાન જીવન જીવનારો સમાજ હિરણ્યાક્ષ બન્યો.** અર્થ પ્રધાન રાજ્ય, વહીવટ, અને રાજા હિરણ્યાક્ષ માન્યાં છે. એના પરિવર્તન માટેજ **ત્યાગ, યાગ, વિવેક રૂપ વહારના અવતારની** જરૂર છે. વરાહ અને હિરણ્યાક્ષ તો અનેક કલ્પમાં થયા છે, અને વરાહે હિરણ્યાક્ષનો વધ કર્યો છે. પરંતુ તૃતીય સ્કંધમાં વર્ણવેલી વરાહ કથા તો જે કલ્પની

સુંદર યુદ્ધ કથા હતી તે વર્ણવી છે. ‘ઇતિહાસ’ શબ્દ જ્યાં આવે ત્યાં મતાંતર ભાષા સમજવી. **વેદોની સારભૂત કથા સમાધિ ભાષા, ઇતિહાસના સારભૂત કથા તે મતાંતર ભાષા.**

**दितिर्दाक्षायणी**-પુત્રનો સ્વભાવ પિતા જેવો હોય. પુત્રીનો સ્વભાવ માતા જેવો હોય. એ સામાન્ય નિયમ છે. તેથી ઉલટું દર્શાવવા “દક્ષની કન્યા દિતિ” એ પ્રકારે ઓળખાણ આપી. દક્ષનો હઠાગ્રહી અને અભિમાની સ્વભાવ દાક્ષાયણી દિતિમાં આવ્યો.

**मारीचं कश्यपं पतिम्**-મરીચિના પુત્ર કશ્યપ એ રીતે પરિચયનું કારણ દર્શાવે છે. મરીચિ મનમાંથી જન્મ્યા. મન સંકલ્પ પેદા કરે, સંકલ્પ કામને જન્મ આપે. માટે કશ્યપ કામનો અવતાર હતા.

**संध्यायां हृच्छयार्दिता** - સંધ્યા સમયે કામાતુર બની સંસારની કામના કરી.

આસુરી, વિલાસી, રાજસી, તામસી, નીતિવિમુખ સમાજ થવાનાં કારણોમાંનું એક કારણ વર્ણવ્યું. અસંયમી માતાપિતાનાં સંતાનો આસુરી વિગેરે ધર્મવાળાં થાય છે. નિષિદ્ધ કાલમાં ગૃહસ્થાશ્રમ સુખના અનુભવોમાં આસુરી સંતતી જન્મે છે. **કાલ ધર્મના નિર્ણયે સંસાર સુખ માટે નિષિદ્ધ કરેલો કાલ**- “ચાતુર્માસના ૧૨૦ દિવસ, આઠ માસની ૧૬ એકાદશી, ૧૬ દશમી, ૧૬ દ્વાદશી; ૧૬ અષ્ટમી, ૧૬ ચતુર્દશી, ૧૬ પૂર્ણિમા-અમાવસ્યા. ૮ વ્યતિપાત, પિતૃ માતૃ સંવત્સરી, પોતાની જન્મ તિથિ, વ્રતના દિવસો, આશૌચના દિવસો, ક્ષય તિથિઓ, બીજાને ત્યાં કે શ્રાદ્ધમાં જમેલા દિવસો, પર્વના દિવસો સંધ્યાકાલ, ગ્રહણ, સંક્રાન્તિ”. આવા દિવસો ત્યજીને મનુષ્યે સંસાર સુખમાં પ્રવેશ કરવો જોઈએ, તો દિવ્ય બુધ્ધિ, દીર્ઘજીવી, દઢકાય, તંદુરસ્ત અને શીલ-સંપન્ન સંતતી થઈ શકે. લગ્ન કોઇ લાલસા પૂર્તિનું સ્થાન નથી, પરંતુ સંયમિત જીવન રચવાની સંસ્થા છે; અને આદર્શ સંતાનોના

માતાપિતા થવાની પેઢી છે. **અલ્પપ્રજ અને દિવ્ય પ્રજ** - એ લગ્ન જીવનનો વિજય ધ્વજ છે. તેના વિધાનમાં ઉપરનો સમય સંપૂર્ણ ધ્યાનમાં લેવા જેવો છે.

દિતિએ આગ્રહી અને અલજ્જ બની વ્રતસ્થ કશ્યપને આસુર-સંધ્યા કાલમાં સંસારની ફરજ પાડી, અને સંસાર તરફ ઢળ્યા. છ શ્લોકથી (૯ થી ૧૪) દિતિએ કામના પૂર્તિ માટે આગ્રહ કર્યો, અને ઋષિ શિથિલ બન્યા. પરવશ થવામાં ઋષિજ દોષિત છે. સ્થાન ત્યાગ કરી ચાલ્યા ગયા હોત, દિતિને વિવેકનું જ્ઞાન કર્યું હોત, કે મૌનના અનુસંધાન પૂર્વક અગ્નિહોત્રનું સેવન કર્યું હોત તો પ્રમાદ થવાનો સંભવ ન હતો. સંસાર સુખ ઉપભોગ પ્રમાદમાં સ્ત્રી કરતાં પુરુષ વધુ અપરાધી છે.

‘સંધ્યા સમયે શંકર ભગવાન ફરવા નીકળે છે, અને સમાજને કામ ધર્મોમાંથી નિયંત્રિત કરે છે. માટે, દિતિ ! એનો તમે ખ્યાલ કરો. જુઓ! પ્રત્યક્ષ શંકર અહિંજ છે. વળી તમારા તે દેવર (દિયર) થાય છે. તેનો પણ વિચાર કરો.” શંકર દિતિના દિયર શી રીતે? કશ્યપના તે નાના ભાઇ તો નથી. સમાધાન કર્યું કે દક્ષની સોળ કન્યાઓમાં નાનાં **સતી** હતાં. કશ્યપ ૧૩ મોટી કન્યાઓને પરણ્યા, અને સર્વથી નાની કન્યા **સતી** સાથે **શંકર** પરણ્યા. કશ્યપ, પિતૃઓ, અગ્નિ અને શિવ આ ચાર જમાઇઓ થયા. જમાઇઓમાં ભાઇઓનો સંબંધ માન્યો છે, અને એ સંબંધે શિવ નાના ભાઇ મનાતાં દેવર તરીકે ઓળખાવ્યા.

“ગાર્હપત્ય, આહવનીય, અને દક્ષિણ એવા ત્રણ અગ્નિઓ છે, તે અગ્નિશાળામાં છે અને તે શંકરનાં ત્રણ નેત્રો છે. તે જુએ છે એટલે શંકરજ જુએ છે. માટે સંકોચ કરવો જોઇએ.”

સંધ્યાકાલે ગર્ભાધાન થયેલ હોય તો ગર્ભસ્રાવ થાય છે, અથવા ઉગ્ર સ્વભાવ અને લોભી સ્વભાવનાં સંતાન થાય છે. તેમાં સ્રાવદોષના નિવારણ માટે **નીચેનો** મંત્ર જાપ કરવાથી સ્રાવ ન થયો, પણ ઉગ્ર પુત્રો થયા.

**नमो रुद्राय महते देवायोग्राय मीढुषे ।**
**शिवाय न्यस्तदण्डाय धृतदण्डाय मन्यवे** ॥ ३४ ॥

નવ વિશેષણો આ શ્લોકમાં આપ્યાં છે.

ચાર અપરાધોથી દૈત્ય પ્રકૃતિના પુત્ર બ્રાહ્મણને ત્યાં થયા. **अप्रायत्यादात्मनस्ते** - રજસ્વલા ધર્મવાળો દેહ, સમય સાયંકાલનો, આજ્ઞાનું ઉલ્લંઘન (એટલે પતિના ચિત્તમાં આવેશ હોય ને પ્રસન્નતાનો અભાવ હોય) અને દેવોની અવહેલના - આ ચાર દોષો હતા. ચતુર્થ દિવસની શુદ્ધિ થયેલ છતાં રજસ્ અધિકાંશમાં ચાલુ હોવાથી અશુદ્ધિ ગણી. રજસ્ અવસ્થાની આકૃતિ સહજ મનુષ્યને અસંયમી બનાવી આકર્ષે છે; ને જો સ્ત્રી પુરુષ સંયમ ગુમાવે તો ક્ષય, કેન્સર, આંતરડાની ગરમી, બ્લડ પ્રેશર વિગેરે રોગો જન્મે છે. આંખ અને ગળાના ખાસ રોગો થાય છે. એ સમજીનેજ શાસ્ત્રે સ્પર્શનો નિષેધ કર્યો; એથી સ્ત્રીને સંપૂર્ણ આરામ અને શાંતિ મળે. **अप्रायत्याद् - आत्मन** :—આત્માનું એટલે ચિત્તનું અશુદ્ધપણું એમ પણ વર્ણવ્યું છે.

પ્રહ્લાદજીમાં અઢાર ગુણો હતા :—

સત્પુરુષ સન્માનિત, વિશુદ્ધ યશસ્વી, નિર્વૈર, ભગવાનમાં અનન્ય દૃષ્ટિ, મહાભાગવત, મહાત્મા, મહાનુભાવ, ઉત્તમ પુરુષોમાં પણ ઉત્તમ, પ્રેમ લક્ષણા ભક્તિમાન, અલંપટ, શીલ સમ્પન્ન, ગુણભંડાર, પર ઉત્કર્ષમાં પ્રસન્ન, પર દુઃખે દુઃખી, અજાત શત્રુ, જગતના શોકને હરનાર, કલિ દુઃખને દૂર કરનાર, અન્તર્ અને બહિર્ બન્ને અવસ્થામાં પવિત્ર. આ અઢાર ગુણો ૪૪ થી ૪૯ શ્લોકમાં વર્ણવ્યા છે.

## અધ્યાય ૧૫ મો.

આ અધ્યાયમાં ક્રોધથી જ્ઞાનનો નાશ થાય છે એ વિષય છે. ૫૦ શ્લોક આ અધ્યાયમાં છે.

૧૫મા અધ્યાયમાં વૈકુંઠનું વર્ણન છે. જે પ્રદેશનાં વૃક્ષો, પંખીઓ, સ્ત્રીઓ પણ મત્સર-અસૂયા દોષ અને વૈર દોષ વિનાનાં હોય છે, તે ખાસ વર્ણન છે. ત્યાં જય, વિજય અને **સનત્ કુમારોને** ગુસ્સો થયો. તેમાં કેવલ ભગવદ્ ઇચ્છા જ હેતુ છે.

દિતિએ સો વર્ષ સુધી કશ્યપના તેજને ધારણ કર્યું. સો મનુષ્યનાં વર્ષ અથવા દેવોનાં પણ વર્ષ ગણાય છે. ઔષધિ અને મંત્ર શકિત, ને યોગ પ્રક્રિયાથી દીર્ઘ કાલ સુધી ગર્ભ ધારણ કરી શકાય છે; અને ઉભય જીવને કોઈ હાનિ થતી નથી. ગર્ભની પુષ્ટિ પણ થઈ શકે છે.

**ચાર સનત્ કુમારોનો વૈકુંઠ નિરોધ અને શાપ :—**

બે વૈકુંઠ છે. એક **રમા** વૈકુંઠ અને બીજો **વ્યાપિ** વૈકુંઠ. લક્ષ્મીજીની પ્રાર્થનાને વશ થઇ ભગવાને જે લોકની રચના કરી તે રમા વૈકુંઠ છે. પરંતુ વ્યાપિ વૈકુંઠે તેમાં પ્રવેશ કર્યો છે. **તેથી** તે લોક નિત્ય લોક છે.

વૈકુંઠ એટલે પક્ષપાત, પ્રપંચ, અસૂયા, દંભ, દ્વેષ, સ્પર્ધા, ઇર્ષ્યા વિગેરે દોષોનો જ્યાં જરા પણ અંશ નથી; પરંતુ પરસ્પરમાં સહકાર, સદ્ભાવ, શીલ, સ્નેહ, વિગેરે ધર્મો છે, અને સદ્, ચિદ્, આનંદ સ્વરૂપ જેમના વિગ્રહો છે, તેવાજ આત્માઓ વૈકુંઠમાં રહી શકે છે. **નિઃશ્રેયસ** નામનું વૈકુંઠમાં વન છે. સર્વ વૃક્ષો કલ્પવૃક્ષ છે, કલ્પના પ્રમાણે ફલ આપનારાં છે, સર્વ ઋતુમાં સર્વ ફલો આપે છે. નવગુણ સ્વરૂપ નવ પક્ષીઓ ત્યાં છે. એમાં **દાત્યૂહ** નામનો પક્ષી છે, તેનો અર્થ ચાતક થાય છે. **મંદાર** વૃક્ષ છે, જે દેવવૃક્ષ છે. પૃથ્વી ઉપર તેની પ્રસિદ્ધિ નથી. કુન્દ, કુરબ, ઉત્પલ (રાત્રી કમલ), ચમ્પક એ પ્રસિદ્ધ પુષ્પો છે. અર્ણ કાશ્મીરમાં થાય છે. પુન્નાગ, નાગકેશર, બોરસલી, કમલ

અને પારિજાત પ્રસિધ્ધ વૃક્ષો છે. પરંતુ સર્વ સુગંધીવાળાં પુષ્પો કરતાં બુધ્ધિ, ચિત્તવૃત્તિને પવિત્ર કરનાર અને આરોગ્ય આપનાર અમૃત સમાન તુલસીજીનો વધુ આદર છે. સર્વ વનસ્પતિઓમાં શ્રેષ્ઠ કેવલ **તુલસીજી** છે. તુલસી અમૃતમાંથી થયેલ છે, અથવા તપોમયી છે.

**વૈકુંઠ અને લક્ષ્મી** :—

**हरिसद्मनि मुक्तदोषा**—વૈકુંઠમાં મૂર્તિમતી લક્ષ્મી વસે છે. પરંતુ તે સર્વ પ્રકારના દોષોથી વર્જિત છે. સંપત્તિ હોવા છતાં ધન સુલભ અપરાધો અને અવગુણો જ્યાં નથી, તે વૈકુંઠ છે.

**कुकथाः मतिघ्नी** :—કથા શ્રવણથી વૈકુંઠ મળે. કુકથા કુથલી સાંભળતાં નરક મળે. વિષય સંબંધી વાર્તાઓ કુકથાઓ મનાય છે; અને મનુષ્ય એથી બહિર્મુખ થાય છે. તેજ નરક છે.

**स्पृहणीयशीला** :—જેઓનાં ચારિત્ર્ય સ્પૃહણીય છે, અનુકરણીય શીલ છે, તેઓ વૈકુંઠના યાત્રિક છે.

**दूरे यमा** :—યમ, નિયમ આદિ અષ્ટાંગ યોગ જેઓએ જીવનમાં ઉતાર્યો હોય, તેઓજ વૈકુંઠ સુખ પામી શકે એવું નથી; પરંતુ જેઓએ ચારિત્ર્ય કેળવ્યું છે તેઓએ વૈકુંઠ મેળવ્યું છે. કેટલાકના મતમાં **दूरे हमाः** એવો પાઠ છે. અહંકાર જેમનાથી દૂર છે તે **दूरे हमाः** કહેવાય.

શ્લોક ૧૭ થી ૨૫ સુધીના નવ શ્લોકોમાં વૈકુંઠ વર્ણન કર્યું. નવનો અંક પૂર્ણાંક છે, માટે વૈકુંઠ લોક પૂર્ણ લોક છે. તેથી નવ શ્લોકમાં નિરૂપણ કર્યું છે.

સનત્ કુમારો કૃપાબલ સાધ્ય વૈકુંઠ લોકમાં સાધન બળથી જવામાં છઠ્ઠા દરવાજા સુધી જઇ શકયા. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચાર સનત્ કુમાર છે. અન્તઃકરણ તો એકજ છે. તેની ચાર ભૂમિકાઓથી ચાર સંજ્ઞાઓ છે.

૧. **યમ** ....અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.
૨. **નિયમ** ....તપ, શૌચ, સ્વાધ્યાય, સંતોષ, ઇશ્વર સેવા.
૩. **આસન** ....સિદ્ધાસન, સુખાસન, સ્વસ્તિકાસન.
૪. **પ્રાણાયામ**..પૂરક, કુંભક અને રેચક.
૫. **પ્રત્યાહાર**...પ્રત્યેક ઇન્દ્રિયોને અંતર્મુખ કરવા માટે પ્રપંચમાંથી પાછી વાળવી.
૬. **ધ્યાન** ....એક એક અંગનું ક્રમેક્રમે હૃદયમાં સ્થિરીકરણ.

એ છ દરવાજાઓ સુધી તો ઉપાસકો, તપસ્વીઓ, યોગીઓ સહેલાઈથી જઇ શકે છે. પરંતુ જ્યારે સાતમી અવસ્થામાં—**ધારણામાં** પ્રવેશ કરવાનો આવે છે, ત્યારે જ નિષ્ફળતા મળે છે. **જય, વિજય** બન્ને અટકાવે છે. ધારણાના કાલમાં માત્ર ધ્યેયના સ્વરૂપનું ચરણથી મસ્તક સુધીનું સંપૂર્ણ દર્શન થવું જોઇએ. ત્યારે સાધકને ચિંતકને, ધન-જ્ઞાનથી મળેલા જગતના સ્થૂલ જય-વિજયોજ યાદ આવ્યાં કરે છે, અને તેનાંજ સ્મરણમાં તેને રસ પડે છે. આત્મ દર્શનથી કે મનોનિગ્રહથી તે વંચિત થાય છે. ધન અને માન પણ ધ્યાનમાં અંતરાયરૂપ છે. સાતમી ભૂમિકાના સાધકોને ત્યાં સાવધાન થવાનું છે.

સનત્ કુમારો **असज्जमानाः** એટલે આસકિત વિનાના હતા; અને ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય સુધીના દ્વારોથી તેઓ આગળ વધ્યા. પરંતુ ભકિતના અભાવે—દૈન્યના અભાવે—

સાતમી ભૂમિકા, ભગવત્સેવા-ભકિતને ન પામી શક્યા. સાતમી ભૂમિકામાં તેમને બેસવાતું હતું. સ્વભાવ વિજય વિના સેવામાં સ્થિર બેસી શકાતું નથી. ઐહિક સુખ એટલે લૌકિક સુખ અને પારલૌકિક સુખ એટલે સ્વર્ગાદિ લોક કામનાઓ ઉપરનો કાબૂ એ જય અને વિજય છે. એ બન્નેનું અભિમાન તેમને આડે આવ્યું. કામ અને ક્રોધ ઉપરનો મેળવેલ Control કાબૂ માત્ર પૂરતો નથી. એ બન્ને જીત્યા પછી પણ લોભ નથી જીતાતો. હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ એ બન્ને લોભનાજ સ્વરૂપો છે; અને જય વિજય આડે આવ્યા, એ બે લોભનાજ સ્વભાવો ભગવત્સેવામાં નડ્યા, સ્વરૂપ પ્રાપ્તિમાં નડ્યા. નારદનું પણ ગૌરવ એજ રીતે ક્ષીણ થયેલ વર્ણવ્યું છે. સનત્ કુમારો જેમ અન્તઃકરણનું સ્વરૂપ છે, તેમ નારદજી પણ મનનુંજ પ્રતીક છે. **जिता काम अहमिति मनमांही**, તપશ્ચર્યાથી કામજિત અને ક્રોધજિત બન્યા અને શ્રી શંકર પાસે અભિમાનથી પોતાના જય વિજયને ગાયા. એ સાધન બળનો ફાંકો હતો. કામ ક્રોધને જીત્યા એ ભ્રાન્તિ હતી. કેવલ ભગવત્કૃપાથીજ એ ધર્મો ઉપર વિજય આવે છે. **परं दृष्ट्वा निवर्तते**–પરમાત્માના દર્શનથીજ તે દોષો દૂર થાય છે. સુગ્રીવે શ્રી રઘુનાથજીને વિનવ્યા છે કે સાધન બળથી આ કાર્ય નથી થતું, પણ પ્રભુ કૃપાથી થાય છે.

**यह गुन साधन तें नहिं होई। तुम्हरी कृपाँ ते पाव कोइ कोई॥**

યોગમાં પ્રાણજય, બુદ્ધિ વિજય થવા છતાં પણ સ્વભાવ વિજય નથી થતો અને સૂક્ષ્મ વાસનારૂપે કામાદિ ધર્મો અંદર રહે છે. તેને પોષણ મળતાં જાગૃત થાય છે અને વૃદ્ધિગત થાય છે.

અધિકાર ઉપર રહેલા જય વિજય ઉપર ગુસ્સો ન કરવો જોઇએ; તો પણ સનત્કુમારોમાંની રહેલી તપોબળ અને યોગ બળની પ્રબલ વિજ્યાભિમાનવાળી વાસનાએ ક્રોધ કર્યો અને

ભગવદ્ ધામના અધિકારીઓને શાપ આપ્યો. તાત્પર્ય કે ક્રમશઃ લોભ, કામ, ક્રોધ એ ત્રણે જાગ્યા અને વૈકુંઠમાંથી પતન થયું–વૈકુંઠમાંથી એટલે નિત્યાનંદમાંથી, પ્રસન્ન અવસ્થામાંથી, કે પ્રભુ સેવામાંથી કે આત્મદર્શનમાંથી પતન થયું, અને ત્રણ અવતારો થયા. હિરણ્યાક્ષ હિરણ્યકશિપુ એ બે સંચય અને સંભોગ રૂપે થયા.

વિશ્વ વ્યાપક એ બે ધર્મો થયા. એમના જન્મ વખતના વર્ણનમાં મસ્તક આકાશને સ્પર્શે અને પગ પૃથ્વીને સ્પર્શે, એવા મોટા આકારો દર્શાવ્યા. ત્યાં મસ્તક એટલે વિદ્યા, જ્ઞાન. જેઓ જ્ઞાનથી જીવનારા, બુદ્ધિથી જીવનારા, જેમનામાં ત્યાગ સ્વાભાવિક હોય તેવા આદર્શ વર્ગમાં લોભના ધર્મોમાં સંચય અને સંભોગે સ્થાન લીધાં.

વિશ્વ વિકાસ સાધક વિદ્યા ક્ષેત્રમાં અર્થ પ્રધાન વિચારે પ્રવેશ કર્યો. આચાર્ય, પ્રાધ્યાપક, કુલપતિ, છાત્રપતિ, છાત્ર વર્ગ, અને વિદ્યોપજીવી કે બુદ્ધિ જીવી વર્ગ–વૈદ્ય, વકીલ, ડૉકટર, કલાર્ક વિગેરે વર્ગમાં પણ અર્થનુંજ પ્રાધાન્ય આવ્યું અને સમાજના મસ્તકમાં હિરણ્યાક્ષ આવ્યો. વિદ્યા એ સમાજનું શિર છે, ને ત્યાગ તેનો મુકુટ જોઇએ. તે ન બન્યું. વિરાટ્ બ્રહ્મનું મસ્તક બગડ્યું. તપ બગડ્યું.

વિશ્વ સંસ્કૃતિ રક્ષાનું ક્ષેત્ર અધિકાર અને વહીવટ છે. રાજ્યપાલ, રાજપુરુષ, સચિવ, સભ્ય કે સામાન્ય શાસક પ્રજાજનમાં પણ દ્રવ્ય જ લક્ષ્ય બિંદુ થયું. રાજ્યની પ્રગતિ અર્થના ઉત્પાદન ઉપર જોવાવા લાગી, અને અર્થ સમ્પન્નનેજ સ્થાન, પદ, પ્રાપ્તિ થવા લાગી; ને વિરાટ્ બ્રહ્મના હાથ બગડ્યા. બળ ક્ષીણ થયું.

વ્યાપાર, વિશ્વ સામગ્રીને પુરી પાડનાર ક્ષેત્ર, ઓછા નફે સુયોગ્ય સામગ્રી સમાજને આપવામાં નિષ્ફળ નીવડ્યો. પદાર્થમાં, સામગ્રીઓમાં દગો અને અસત્યે સ્થાન લીધું અને લોભનો અતિરેક થયો. વિરાટ્નું ઉદર બગડ્યું. ઔદાર્ય, દાન અને પ્રમાણિકતા નાશ પામ્યાં.

શ્રમ, પુરુષાર્થ સમાજ ઇમારતના સુદૃઢ પાયા મનાય. તેજ શિથિલ થયા. મહેનતના માપથી મહેનતાણું વધુ ગમ્યું, લીધું. મહેનતાણાના માપે કામ ના આપ્યું, અને અર્થલક્ષ્યે વિગ્રહ કરી સમાજના ઉદ્યોગને આઘાત પહોંચાડ્યો. વિરાટ્ના અણુ અણુએ હિરણ્યાક્ષ હિરણ્ય કશિપુ આવ્યા. ભગવાન વરાહે તેનો નિરાસ કર્યો.

જય વિજય મનુષ્યની પડતીનું કારણ છે. ગામમાં પ્રતિષ્ઠા તે જય અને સર્વત્ર પ્રતિષ્ઠા તે વિજય. આ બે ધર્મો ઉન્નતિને આડે આવે છે.

યોગીઓનો શરીર ઉપર અને ઇન્દ્રિયો ઉપર જય વિજય આવવા છતાં પણ મનો વિજય નથી થતો. અષ્ટ સિદ્ધિઓ આવે છે, મળે છે અને ત્યાંથીજ પ્રગતિ અટકે છે, ને આત્માવિજય નથી સાધી શકાતો.

સાતમા દ્વારે આવી સનત્ કુમારો વિરમ્યા. સાધન બળથી પહોંચાય ત્યાં સુધી પહોંચ્યા, અને જ્યાં કેવલ ભકિત અગર કૃપાથી જવાનું હતું, ત્યાં અટકી ગયા. જય વિજયે તેઓને રોકયા. જય વિજયના વર્ણનમાં કિરીટ, કુંડલ, કેયૂર વિગેરે આભૂષણોવાળા સ્વરૂપ વર્ણનથી તેઓ કર્મ, જ્ઞાન, યોગ ઉપર પ્રભુત્વ ધરાવતા હતા એમ લાગ્યું. એમ છતાં દૈન્ય વિનાની

તેવી સિધ્ધ ભૂમિકામાં પણ કામ, ક્રોધ, લોભ સતાવે છે. **समत्वं योग उच्यते**. જીવનના દરેક ક્ષેત્રમાં સમાનાવસ્થા એજ વૈકુંઠ લોક છે. **विषमस्वभाव**: વિષમ સ્વભાવ વૈકુંઠના દ્વારપાલોમાં ક્યાંથી? એ પ્રશ્ન સનત્ કુમારોએ પૂછ્યો. એ ઉપરથી નિશ્ચિત થયું કે વૈકુઠમાં સ્વભાવ વૈષમ્ય સંભવે નહિ, અથવા વિષમ સ્વભાવવાળો વૈકુંઠમાં જઈ શકે નહિ.

સનત્કુમારો સાતમે દ્વારે વિરમ્યા હતા. ભક્તિ શાસ્ત્રના નિયમ પ્રમાણે સપ્તમ ભકિતએ જીવ આવીને વિરમે; એટલે ભગવાન સ્વયં સખ્ય ભક્તિ કરવા સામે આવે. અથવા કર્મ, જ્ઞાન બન્ને કાંડોનો અર્થ સનત્ કુમારો મેળવી ચૂકયા છે. ભક્તિ કેવલ અવશિષ્ટ છે, જે ભકિત ફલાત્મિકા ભકિત છે. તેનું દાન કરવા ભગવાન સન્મુખ આવ્યા – એ અનુકમ્પા લભ્ય ભક્તિ. **अन्वेषणीयचरणौ चलयन् सहश्री**: પરમહંસોને જે પ્રભુના ચરણકમલ શોધવા પડે તે પ્રભુ લક્ષ્મીજીને સાથે લઈ સન્મુખ આવ્યા. એક આખ્યાયિકા છે કે ભગવાને રમા વૈકુંઠની રચના કેવલ લક્ષ્મીજીનાજ સંતોષ માટે કરી. જય વિજય પાર્ષદોને રક્ષક તરીકે મૂકયા. તે વૈકુંઠમાં એક વાર લક્ષ્મીજી પ્રવેશવા આવ્યાં, ત્યારે જય વિજયે રોકયાં. લક્ષ્મીજીને આવેશ આવ્યો, પરંતુ બોલ્યાં નહિ. આજે તે આદતવાળા જય વિજયને શાપ – શિક્ષા આપનાર સનત્કુમારો મળ્યા. એટલે લક્ષ્મીજી તેમની મુખાકૃતિ જોવા આવ્યાં કે હવે કોઈનું અપમાન તેઓ નહિ કરે. ભગવાન શેષ, લક્ષ્મી અને સુદર્શન એ ત્રણની સાથે જય વિજયને ત્રણ જન્મનાં બંધન કરવા માટે આવ્યા અથવા ગરૂડ, લક્ષ્મી અને સુદર્શન સાથે સનત્ કુમારોને ભક્તિ આપવા સામે આવ્યા. ખરી રીતે એટલોજ અર્થ પુરતો છે કે ભગવદ્ દર્શનથીજ જય વિજય નામના પ્રતિબંધકોના ભકતોના જીવનમાંથી નિવૃત્તિ થાય છે. **परं दृष्ट्वा निवर्तते** પરમાત્માને જોતાં જ સંસારાસકિત કે ફલાસકિત નિવૃત્ત થાય છે.

૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨ એ પાંચ શ્લોકોથી ભગવાનનું પધારવું તેમજ ભગવાનનું સૌન્દર્ય અને સ્વરૂપ વર્ણવ્યાં છે. તે પંચ પર્વવાળી અવિદ્યાની નિવૃત્તિ માટે અને પંચ પર્વાત્મિકા વિદ્યાની પ્રાપ્તિ માટે. ૪૬, ૪૭, ૪૮, ૪૯ અને ૫૦ – આ પાંચ શ્લોકોથી પંચ પ્રાણભૂત પરમાત્માની સ્તુતિ કરતાં છેલ્લા શ્લોકમાં બોલ્યા કે **नम इद् विधेम** – "હમે તો આપને નમસ્કાર પણ કરી શકતા નથી. કેવલ નમસ્કારનું અનુકરણ કરીએ છીએ."

## અધ્યાય ૧૬ મો. (શ્લોક સંખ્યા ૩૬).

સોળમા અધ્યાયમાં મુનિઓના મનનો સંતોષ અને ભગવાનનું કારૂણ્ય, ભક્ત પક્ષપાતિત્વ, આત્મીય પણ અપરાધીને દંડ કરવામાં નિષ્પક્ષપાતિત્વ વિગેરે વર્ણવ્યું છે.

ભગવાનના મુખેથી જય વિજયનો પરિચય બીજા શ્લોકમાં આપે છે. **एतौ तौ पार्षदौ** – આ તે બે પાર્ષદો છે. તેમાં "તે" એવો નિર્દેશ કરી પૂર્વનો ઇતિહાસ બતાવ્યો છે. જય વિજય પૂર્વ કલ્પમાં **મધુ કૈટભ** હતા. ભગવાને તેમને વરદાન આપેલો અને તેઓ બન્ને ભગવાન ઉત્સંગમાં મોક્ષ પામ્યા. એટલે ભગવાને વૈકુંઠમાં લાવી તેઓને પાર્ષદ બનાવી જય વિજય નામ રાખ્યું. ઇન્દ્રિયો અને અન્તઃકરણ ઉપર જય વિજય હોય, તેના હૃદયમાં ભગવાન બિરાજે. પરંતુ આ તો મધુ કૈટભ હતા, માટે અપરાધ કરે, એમાં વિશેષતા નથી.

**छिन्द्यां स्व बाहुमपि** – "આપના અપરાધી મારા હાથને પણ પણ છેદી નાંખું" એવું કહ્યું. સીધો અર્થ એટલોજ કરીએ કે "તમારો અપરાધ કરનાર મારા બાહુને પણ છેદું; તો અપરાધ કરે તેને ભગવાન કેમ કહેવાય?" માટે **स्वबाहुम्** એટલે ઇન્દ્ર અર્થ કરવો. વિરાટ્ વર્ણનમાં ઇન્દ્રને બાહુ તરીકે ઓળખાવેલ છે.

બ્રાહ્મણો, ગાયો, અશરણ પ્રાણી – ત્રણ ભગવાનનાંજ શરીર છે. યજ્ઞ સ્વરૂપ ભગવાન બે આધિભૌતિક શરીરોને ધારણ કરે છે– યજ્ઞીય હુતદ્રવ્ય અને મંત્રો. એ બે વસ્તુઓ ગાય અને બ્રાહ્મણમાં વસે છે. માટેજ તે ભગવાનના શરીર રૂપે વર્ણવ્યાં.

ભગવાનની વાણીને વ્યાસજી વર્ણવે છે કે **उशतीं, देवीं, ऋषि-कुल्यां सरस्वतीम्** (શ્લોક ૧૩). **उशती** એટલે દુઃખ દૂર કરનારી **देवी** એટલે અલૌકિક, **ऋषिकुल्या** એટલે શક્તિશાળી, **सरस्वती** એટલે રસવાળી.

ભગવાનનું નામ **त्रियुग** આપ્યું. ત્રણ યુગમાં ભગવાન અવતાર લે છે. સત્યયુગમાં જ્ઞાન અને વૈરાગ્યથી, ત્રેતાયુગમાં **શ્રી** અને યશઃથી, દ્વાપર યુગમાં ઐશ્વર્ય તથા વીર્યથી અવતાર લઇ ધર્મની રક્ષા કરે છે.

## અધ્યાય ૧૭ મો–શ્લોક ૩૧

સત્તરમા અધ્યાયમાં હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુનો જન્મ અને હિરણ્યાક્ષનો દિગ્ વિજય વર્ણવ્યો છે. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુમાં વધુ દોષવાન હિરણ્યાક્ષ છે. બન્ને લોભનાજ પૂર્વ, ઉત્તર અંગો છે. બન્નેના જન્મ અને સ્વભાવનું નિરૂપણ સત્તરમા અધ્યાયમાં સંક્ષેપમાં વર્ણવ્યું છે. બન્નેની ઉત્પત્તિ તામસ છે, સ્થિતિ રાજસ છે અને લય સાત્વિક છે. શાપ અનુગ્રહ રૂપે બન્યો અને જગતથી ઉલટો ક્રમ બન્નેના હિત માટે બન્યો.

દિતિએ સો વર્ષ સુધી ગર્ભોને ધારણ કર્યા. સો વર્ષ મનુષ્યોનાં, નહિ કે દેવોનાં. ત્રીજા શ્લોકથી ચૌદમા શ્લોક સુધીના બાર શ્લોકોમાં અનિષ્ટ ઉત્પાતો વર્ણવ્યા છે, જે ખલ પુરુષોની ઉત્પત્તિનાં કે વિશ્વના અનિષ્ટની આગાહીના ચિહ્ન છે. ૧૭ અને ૧૮ શ્લોકોમાં

બન્નેનું વર્ણન છે. હિરણ્યકશિપુ મોટો છે, અને હિરણ્યાક્ષ નાનો છે. પ્રથમ જન્મે તે નાનો, અને પછી જન્મે તે મોટો-એ ન્યાય યુગલ જન્મમાં ગણ્યો છે.

**दिविस्पृशौ हेमकिरीट कोटिभिः**- સુવર્ણના મુકુટના અગ્રભાગ આકાશને સ્પર્શતા, તેમજ **गां कम्पयन्तौ** પગથી પૃથ્વીને કંપાવતા આવું વર્ણન તેમની કાયા અને શક્તિના મહત્ત્વને દર્શાવવા પુરતું છે. વાસ્તવિક રીતે પાતાલથી સ્વર્ગ પર્યન્તનો વર્ગ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષને તાબે હતો. અર્થ પ્રધાન યુગ હતો. ચાર પુરુષાર્થમાં દરેક વર્ગને કેવલ ધન તરફજ નજર હતી. હિરણ્યાક્ષ એટલે અર્થમય દૃષ્ટિ, સંગ્રહવૃત્તિ; અને હિરણ્યકશિપુ એટલે સંભોગમય વૃત્તિ.

**उत्सिक्त, असृण्य, अकुतोभय** - એ ત્રણ દોષો હિરણ્યાક્ષના હતા. અર્થ, અધિકાર અને અધિક બલથી નશાવાળા બનેલમાં ત્રણ મહાન્ અપરાધો હોય છે. ઉત્સિક્ત એટલે ઉચ્છૃંખલ સ્વભાવ અસૃણ્ય એટલે નિરંકુશ, અકુતોભય એટલે કોઈની આમન્યા, મર્યાદા અને ભય વિનાનો.

૨૬મા શ્લોકમાં હિરણ્યાક્ષની વિજ્ઞાન સિદ્ધિનો પરિચય આપ્યો. સમુદ્રનાં મોજાંઓને તે પવનથી અને ગદાથી તોડતો અને તેની ગદાને કોઈ એક પ્રકારના ઘાસથી એટલે મોજાંઓની સામે ટક્કર ઝીલનારા સાધનથી બાંધી છે, તેમજ તેજ ગદાથી તે સમુદ્ર તરંગોને કબજે કરે છે. જ્યારે વરૂણ એટલે જલરાશિ તેનો પરિશ્રમ તોડી નાંખે છે, ત્યારે તેણે જલને સુકવી નાખનાર પણ સાધનનો પ્રયોગ કર્યો છે. આ ઉપરથી સમુદ્રની અંદર અને સમુદ્રની જલ સપાટી ઉપર પણ તેણે વિજ્ઞાન બળે વસવાટો બનાવ્યા અને તે હજારો વર્ષ સુધી રહ્યા હતા.

## અધ્યાય ૧૮મો-શ્લોક ૨૮

અઢારમા અધ્યાયમાં વરાહ ભગવાનની સાથે હિરણ્યાક્ષનું પૃથ્વી ઉપર વિજય મેળવવા માટે યુદ્ધ વર્ણવેલ છે. **हरेर्विदित्वा गतिमंग नारदात्** હિરણ્યાક્ષે ભગવાન ક્યાં છે, તે નારદજીથી જાણ્યું. નારદ ભક્તવર્ય છે. ભગવાન સંબંધી જો પ્રશ્ન થાય તો નારદજી અવશ્ય તે દર્શાવ્યા વિના ન રહે. પૃથ્વી રસાતલમાં હતી. બે સમર્થ પૃથ્વીના સંશોધકોમાંથી વરાહ સફળ થયા, અને તેઓએ જલ તત્ત્વને ઉરાડી અથવા કોઈ પણ વૈજ્ઞાનિક સાધને પૃથ્વીને સુસ્થિર બનાવીને બ્રહ્માને આપતાં બ્રહ્માએ વહીવટ-વ્યવસ્થા માટે મનુરાજાને આપી. હિરણ્યાક્ષની સાથે વરાહ ભગવાનનું યુદ્ધ ચાલ્યું. આરંભમાં વાગ્ યુદ્ધ થયું. ભગવાનની નિંદાના વાચક વાક્યો, પદોનો અર્થ અન્તઃસરસ્વતીથી સ્તુતિ પરક થાય છે, જે અર્થ શબ્દ રસિકો માટે છે. બન્નેના યુદ્ધનું નિરીક્ષણ કરવા માટે બ્રહ્મા અને ઋષિઓ આવ્યા છે. સંધ્યાકાલ ન થાય તે પહેલાં દૈત્યનો વધ કરવા માટે ભગવાનને વિનવ્યા છે. ત્યાં વિચાર થાય કે આ તો બ્રહ્માનો દિવસ છે, તો સંધ્યા કેવી રીતે? જ્યોતિશ્ચક તો ફરતું હોવાથી બ્રહ્માની સંધ્યા ન આવે પરંતુ મનુષ્યોના કાલના માન પ્રમાણે સંધ્યા આવે, અથવા કાલની અધિષ્ઠાત્રી સર્વના કાલ સ્વરૂપ ભગવાન પાસે સેવા કરવા સર્વ કાલ રૂપે આવે, તેમાં સંધ્યા રૂપે પણ આવી.

## અધ્યાય ૧૯મો.-શ્લોક ૩૮

ઓગણીસમા અધ્યાયમાં હિરણ્યાક્ષનો વધ, પૃથ્વીનું સ્થિરીકરણ, અને મનુનું સ્થાપન વર્ણવેલ છે.

યુદ્ધ કરતાં હિરણ્યાક્ષના પ્રહારથી ભગવાનના હાથમાંથી ગદા પડી ગઈ એ આશ્ચર્ય બન્યું. કૌમોદકી ગદા પ્રાણ રૂપે છે. દૈત્યોનો

વધ તેનાથી થાય છે. તે ગદા પડવી ન જોઇએ, તો પણ પડી. તેથી એમ લાગે છે કે ગદા વિના પણ પ્રભુ સ્વ સામર્થ્યથી વધ કરશે. વરાહ–હિરણ્યાક્ષ યુદ્ધને (૭ થી ૨૪) અઢાર શ્લોકથી વર્ણવ્યું. દશ શ્લોકથી સત્ય યુદ્ધ અને આઠ શ્લોકથી માયા યુદ્ધ થયું. ૬ શ્લોકોથી ગદા યુદ્ધ, ૨ શ્લોકથી શૂલથી યુદ્ધ અને ૨ શ્લોકોથી મુક્કામુક્કીથી યુદ્ધ (એમ દશ શ્લોકમાં) વર્ણવ્યું છે. શ્લોક ૧૮થી વર્ણવાતા યુદ્ધમાં યાંત્રિક યુધ્ધ અને અને અસ્ત્ર, શસ્ત્રનાં ને વિજ્ઞાનનાં સાધનોનું વર્ણન જોતાં યાંત્રિક યુગની અજબ શક્તિની કલ્પના આવે છે.

**सुदर्शनास्त्रं प्रायुंक्त दयितं त्रिपात्** – ત્રિપાત્ એટલે યજ્ઞ અથવા યજ્ઞાત્મક શ્રી વરાહ ભગવાને સુદર્શન અસ્ત્રનો પ્રયોગ કર્યો. શસ્ત્રરૂપ સુદર્શનમાં મંત્રરૂપ સુદર્શનનો ઉપયોગ કર્યો છે.

**करेण कर्णमूलेऽहन्** – કાનના મૂલમાં હાથથી પ્રહાર કર્યો. મદ આદિદોષ કાનમાં રહે છે. તેને દૂર કરવા અને કાન ઉઘાડવા એટલે હિત ના સાંભળવા માટે વૃત્તિ થાય તેથી કાનના મૂલમાં પ્રહાર કર્યો. સુદર્શનથી પ્રહાર કરે તો મુક્તિ થાય, પુનર્જન્મનો અવસર ન રહે અને મુનિઓનું વચન મિથ્યા થાય. તેમ ન થવા માટેજ હાથથી પ્રહાર કરી હણ્યો, અને ક્રિયા શક્તિનો બોધ પાઠ આપ્યો.

પ્રથમ યજ્ઞ પ્રકરણની અને વરાહ કથાની સમાપ્તિમાં ફલશ્રુતિનો શ્લોક :-

**एतन्महापुण्यमलं पवित्रं धन्यं यशस्यं पदमायुराशिषाम्**
**प्राणेन्द्रियाणां युधि धैर्यवर्धनं नारायणोऽन्ते गतिरंग शृण्वताम् ॥३८॥**

## દ્વિતીય જ્ઞાન પ્રકરણ – પ્રજ્ઞાન પ્રકરણ. ૨૦ થી ૩૩ અધ્યાય

### અધ્યાય ૨૦ મો. ( શ્લોક ૫૩ ).

તૃતીય સ્કંધના સર્ગ લીલાનાં બે પ્રકરણ. પ્રથમ પ્રકરણ ૧૯ અધ્યાયનું, જેમાં ભગવાને અન્યને માટે રચેલા સર્ગનું કથન છે. વેદ, યજ્ઞ, કર્મ, ઉદ્યમ, સ્વાશ્રય એ સર્વ ઉન્નતિ માટે સાધનો છે એવો એ પ્રકરણનો સાર છે.

દ્વિતીય પ્રકરણ ૨૦ થી ૩૩ અધ્યાયોનું છે. ઈશ્વરે પોતાને માટે કરેલી સૃષ્ટિનું તેમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. ચૌદ અધ્યાયનું આ પ્રકરણ ચૌદ તત્ત્વની ભગવન્મયતા કેવી રીતે થઈ શકે તેના માર્ગદર્શનનું આલેખન કરે છે. પાંચ ઇન્દ્રિયો, પંચ મહાભૂતો, ચાર અંતઃકરણ મળી ચૌદ થાય; અથવા દશ ઇન્દ્રિયો અને ચાર અંતઃકરણ મળી ચૌદ થાય. તે ચૌદે તત્ત્વની સેવામય અવસ્થા બની રહે, કે સત્ત્વપ્રધાન ક્રિયામય બની રહે તેજ કારણે સાંખ્ય વિચાર–તત્ત્વવિચાર ચૌદ અધ્યાયની સંખ્યામાં મૂક્યો.

**शौनक उवाच** – બીજા પ્રકરણની શરૂઆત 'શૌનક ઉવાચ'થી થઈ. પ્રથમ પ્રકરણ સમાપ્ત કરી વિરામ માટે, કે શ્રોતાની શ્રવણ પિપાસાની જિજ્ઞાસા માટે શુકદેવજી વિરામ નથી પામ્યા. જો વિરામ પામ્યા હોત તો **शुक उवाच के राजोवाच** આ પ્રકારે પ્રકરણારંભ હોત. માટેજ અનુવાદ કથા રૂપે સૂત આગળ પ્રસંગ વર્ણવી રહ્યા છે, ને શૌનક પૂછી રહ્યા છે.

**कान्यन्वतिष्ठद् द्वाराणि** – સૃષ્ટિ સંબંધી પ્રશ્ન છે બ્રહ્માજીએ મન અને શરીર બેજ સૃષ્ટિનાં દ્વાર કરેલાં, તેથી સૃષ્ટિ તો બે પ્રકારની સંભવે; જ્યારે જગત્ ત્રિગુણાત્મક ભાસે છે, તેથી કેવી રીતે સૃષ્ટિ રચી તે જિજ્ઞાસા માટે પ્રશ્ન પૂછ્યો છે. કયાં દ્વારોથી મનુ પાછળના જન્મનારાઓની રચના કરી? આ એક પ્રશ્ન પૂછી બીજો પ્રશ્ન પૂછ્યો કે વિદુરજી જેવા તપસ્વીએ મૈત્રેય મહર્ષિને તૃતીય સ્કંધમાં પૂછ્યું હોય તે કહો.

**ता नः कीर्तय भद्रं ते**– શ્રી શૌનક મહર્ષિનો વિપ્ર સ્વભાવ તરી આવ્યો. આશીર્વાદ દાન આતુર અને આર્દ્ર-દિલ વિપ્ર પ્રકૃતિ છે. તેથીજ શ્રોતા હોવા છતાં વકતાને કહ્યું કે **ते भद्रम्** તમારું કલ્યાણ હો.

વિદુરજીના સૃષ્ટિની રચનામાં ત્રણ પ્રશ્નો છે. બ્રહ્માએ પ્રજાપતિઓની રચના કરી; તેમાં **सद्वितीयाः** એટલે પત્નીઓ સાથે પ્રજાપતિએ સૃષ્ટિ રચી? જો તેમ હોય, તો પ્રાકૃત ભકતો–માનવોની રચના થાય. **स्वतंत्राः** એટલે એકલા. એકલા પ્રજાપતિઓની સૃષ્ટિ કરી હોય, તો કેવલ જ્ઞાની ભકતોનીજ રચના થાય. **संहताः** એટલે ભેગા મળીને જગત્ રચ્યું? તો પરમ ભકતોની ઉત્પતિ થાય.

મૈત્રેયે તેનો પ્રત્યુતર આપ્યો. કલ્પનાથી પર દૈવથી, પરથી-અક્ષરથી, અને કાલથી ખળભળેલા ભગવાનના ત્રણ ગુણોમાંથી મહત્–તત્ત્વની રચના થઇ. એજ મહત્–તત્ત્વમાંથી આગળની સૃષ્ટિ થઈ. મહત્ તત્ત્વમાંથી પંચ ભૂતાદિ બન્યાં. તે સર્વનો પ્રકાશમાન સુવર્ણમય બ્રહ્માંડ થયો. એ સુવર્ણમય અંડમાં નારાયણે પ્રવેશ કર્યો. નારાયણના નાભિમાંથી કમલ થયું. કમલમાં બ્રહ્માજી થયા. બ્રહ્માજીએ પૂર્વવત્ લોક સંસ્થાઓ રચી. વીસમા અધ્યાયમાં એ રીતે સૃષ્ટિની રચનાનું ચિત્ર રજુ થયું.

વીસમા અધ્યાયમાં વર્ણવેલી સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રકાર જરા બુધ્ધિગમ્ય છે. શ્લોક ૧૮થી શ્લોક ૫૨ સુધી સૃષ્ટિ રચના બતાવી છે.

છાયામાંથી અવિદ્યા બનાવી, જેનાં પાંચ પર્વ છે. છાયા તમો ગુણના સ્વભાવવાળી પ્રકૃતિ છે. તેમાંથી અવિદ્યા એટલે પાંચ પ્રકારનું અજ્ઞાન બને છે.

બ્રહ્માએ તે કાયાનો ત્યાગ કર્યો અને બીજી કાયાનો સ્વીકાર કર્યો. ત્યાં શરીર ત્યાગ સાથે સંબંધ નથી; પરંતુ તે તે અવસ્થાઓના ભાવનો ત્યાગ કરી બીજી અવસ્થાના ભાવનો સ્વીકાર–બીજી સૃષ્ટિ રચી–એટલો અર્થ કાયાનો ત્યાગનો થાય છે.

છાયાની જે તમોમય કાયા બની તેનો ત્યાગ કર્યો, જે રાત્રિના રૂપે થઇ. યક્ષો અને રાક્ષસોને રાત્રિ પ્રિય હોય છે, તેથી તેઓએ રાત્રિનો સ્વીકાર કર્યો.

પ્રભામાંથી બ્રહ્માજીએ દેવોને સરજ્યા. દેવોની સૃષ્ટિ સાત્વિક સૃષ્ટિ હતી. જઘનમાંથી દૈત્યોને સરજ્યા. પછીથી તે કાયાનો ત્યાગ કર્યો, તે સંધ્યા બની. અસુરોએ સંધ્યાનો સ્વીકાર કર્યો. કાંતિમાંથી ગંધર્વ, અપ્સરાઓ થયાં, તેથી તેમનામાં સૌન્દર્ય આવ્યું. (કાંતિ એટલે લાવણ્ય). આલસ્ય–નિદ્રામાંથી ભૂતો ને પિશાચોને રચ્યા. સાધ્યો અને પિતૃઓના સમૂહોને અદૃષ્ટ પ્રકારે ઉત્પન્ન કર્યા. સિદ્ધો ને વિદ્યાધરોને તિરોધાન શકિતથી બનાવ્યા. પ્રતિબિંબમાંથી કિન્નર ને કિંપુરુષોને રચ્યા. ક્રોધમાંથી નાગ, સર્પોને બનાવ્યા. નવ પ્રકારની સૃષ્ટિમાં પ્રત્યેકથી અસંતોષ થતાં છેલ્લી સૃષ્ટિ મનુઓની કરી–મનથી મનુઓની સૃષ્ટિ કરી. તપ, વિદ્યા અને સમાધિના સહકારથી ઋષિઓની રચના કરી. ઋષિઓને સમાધિ, યોગ, ઋધ્ધિ, તપ, વિદ્યા, અને વૈરાગ્યવાળો દેહ આપ્યો.

## અધ્યાય ૨૧ મો.–શ્લોક ૫૬

એકવીસમા અધ્યાયમાં કર્દમ મહર્ષિનું તપશ્ચરણ, મનુરાજાની કન્યાનો ઉદ્વાહ વિગેરે પ્રસંગ આવશે.

**कर्दमः- करोति दमम् इति कर्दमः** યજ્ઞ અને કર્મ દ્વારા ઇન્દ્રિયોનો સંયમ અને સદ્ ઉપયોગ કરે તે કર્દમ. **सरस्वत्यां तपस्तेपे** – સરસ્વતી–બ્રહ્મ વિદ્યાના કિનારે તપ કર્યું. દશ હજાર દિવ્ય વર્ષો તપ કર્યું, એટલે ચાર યુગો એમાં આવી ગયા.

स तं [1]विरजम[2]र्काभं [3]सितपद्मोत्पलस्रजम्
स्निग्धनीलालक[4]व्रातवक्त्राब्जं [5]विरजाम्बरम् ॥९॥

[6]किरीटिनं [7]कुण्डलिनं [8]शंखचक्रगदाधरम्
[9]श्वेतोत्पलक्रीडनकं मन: [10]स्पर्शस्मितेक्षणम् ॥१०॥

[11]विन्यस्तचरणाम्भोजमंसदेशे गरुत्मत :
दृष्ट्वा [12]खेऽवस्थितं वक्ष: [13]श्रियं [14]कौस्तुभकन्धरम् ॥११॥

દશ ઇન્દ્રિયો અને ચાર અન્તઃકરણના નિગ્રહમાં સહાય કરનાર **શ્રી હરિ**ના સ્વરૂપના વર્ણનમાં ચૌદ વિશેષણો આપ્યાં છે. સૃષ્ટિ માટે ૧૦ અને પુરુષાર્થ માટે ૪ એમ મળી ૧૪ વિશેષણો ભગવાનના વર્ણનનાં છે. નવમા શ્લોકમાં પાંચ, દશમા શ્લોકમાં પાંચ, અને અગિયારમા શ્લોકમાં ચાર મળી ૧૪ વિશેષણો થયાં. દશ સંતાનો તે દશ પ્રકારની સૃષ્ટિ. દશમાં એક પુરુષ એટલે શ્રી કપિલ ભગવાન. નવ કન્યાઓ એટલે નવધા પ્રકૃતિ કે નવધા ભક્તિ. એકજ પુરુષ સંતાન થવાનું કારણ સાંખ્યના મતમાં એક પુરુષવાદ તેમજ પુરુષબહુત્વવાદ માન્યા છે. પ્રસ્તુતમાં એકજ પુરુષવાદ અભીષ્ટ છે; જેથી અદ્વૈતહાનિ ન થાય. કિરીટના વર્ણનથી પ્રમેય બલ અને કુંડલ વર્ણનમાં સાંખ્ય યોગનું સાધન બલ છે. શંખ, ચક્ર, ગદાના ત્રણના વર્ણનમાં ભૂમિ, જલ, અને તેજ તત્વો સમજાવ્યાં – શંખ જલતત્વ, ચક્ર તેજસતત્વ અને ભૂમિ ગદાતત્વ. "ગરૂડ ઉપર બિરાજેલા" વિશેષણનું તાત્પર્ય કાલ ઉપર પ્રભુત્વ ધરાવે છે.

૧૩થી ૨૧ શ્લોક સુધીના ૯ શ્લોકો ભગવાનની સ્તુતિના છે. નવધા ભક્તિનો નિર્દેશ કરવો છે. તેથી ૯ શ્લોકો છે.

સ્તુતિના ત્રીજા શ્લોકમાં ગૃહિણીનું સ્વરૂપ દર્શાવ્યું છે. **समानशीलां गृहमेधधेनुम्** – સ્ત્રી ગૃહસ્થાશ્રમનું કલ્પતરૂ છે. કલ્પતરૂના આશ્રયમાં સર્વ સુખ સમાયેલાં છે. વિદ્યા, વિત્ત, શરીર, વય, કુલ, શીલ, રૂપ – સાત ધર્મોનું સામ્ય હોય ત્યાં લગ્ન થાય. સાતે ધર્મોમાં મુખ્ય ધર્મ – **સમાન શીલ**વાળાં સ્ત્રી પુરુષ જોઇએ. જો સમાનશીલ હોય તો પૂર્ણ ગુણવાળાં સંતાન થાય.

**परस्परं त्वद्गुणवादसीधुपीयूषनिर्यापितदेहधर्मा:** (શ્લોક ૧૭) આલસ્ય, જરા, મોહ આદિ દેહ ધર્મોનું નિવારણ સાધન અમૃત જો કોઈ હોય તો **કથામૃત**; અથવા દેહના ધર્મોમાંથી મુકત થવું એજ અમૃત છે.

શ્લોક ૧૮માં કાલચક્ર અથવા વર્ષચક્રનો પરિચય આપ્યો છે. તે વર્ણનમાં ૩૬૦ સાંધા એટલે ૩૬૦ દિવસો બતાવ્યા છે, અને ૧૩ આરા બતાવ્યા છે. તો ૧૩ આરાના પ્રત્યેકના ૩૦ સાંધાઓ–દિવસો – થતાં ૩૬૦ ન થાય, પણ ૩૯૦ થાય. તેમ છતાં ૩૬૦ કેમ ગણ્યા? તેના સમાધાનમાં એટલું જ કે જે આધિ ભૌતિક ચક્ર છે તે ક્ષય – વૃધ્ધિવાળું છે, જ્યારે આધિ દૈવિક ચક્ર છે તે તો એક સરખું જ છે.

**सा त्वां ब्रह्मन् नृपवधू:** (શ્લોક ૨૮) દેવહૂતિ તો કુમારિકા છે, તો તેને **નૃપવધૂ** વિશેષણ અપાય નહિ, તો કેમ આપ્યું? તેનું કારણ કે રાજકુમારિકા હમેશ ચંચલ હોય, પરંતુ નૃપવધૂ તો સુસ્થિરમતિ ને શુશીલ હોય, તે દર્શાવવા **નૃપવધૂ** વિશેષણ છે. તેને નૃપવધૂ તરીકે બતાવવા માટે નહિ.

કર્દમ જેવા સમર્થને ત્યાં અધિક કન્યા સંતતિ કેમ? નવ કન્યા નવધા ભક્તિ છે. કપિલ નિર્ગુણ પ્રેમ તત્વ છે. બ્રહ્માએ નવ ઋષિઓને જન્મ આપ્યો હતો. સૃષ્ટિ વિસ્તાર માટે કન્યાની જરૂર હતી. કર્દમને ત્યાં તેથીજ નવ કન્યાઓનો પ્રસવ કરાવ્યો છે.

**पत्ररथस्यपक्षैः** પત્ર એટલે પાંખ એ છે રથ જેનો એવા પત્ર રથ - ગરૂડજી. ગરૂડજીની પાંખોમાંથી સામગાન થતું તે સાંભળતાં સાંભળતાં ભગવાન યાત્રા કરતા હતા. ગરૂડજીના આકારવાળા વિમાનમાં સંગીત શ્રવણની યોજના ઘડી હતી. એ એક વિજ્ઞાનનો પણ વિજય હતો. ત્રિવૃત્, પંદર, સત્તર, એકવીસ, - એવાં ચાર સામ સ્તોમ - સ્તોત્રો છે. ગરૂડજીની પીઠ ઉપર બેઠા હતા. તેનું તાત્પર્ય - ગરૂડ વેદનું સ્વરૂપ છે. સામ વેદોની પીઠ છે. **पृष्ठ** શબ્દનો અર્થ પીઠ થાય છે. યજ્ઞમાં મધ્યાહ્ન કાલે સોમરસ કાઢતી વખતે સામનાં ચાર સૂકતો ગવાય છે, તેને **पृष्ठ** કહેવામાં આવે છે.

**બિંદુ સરોવર**-કર્દમ ઋષિના આશ્રમમાં કૃપામય પ્રભુ થયા અને તેના પરિણામે નેત્રમાંથી અશ્રુઓ સર્યાં, તે બિંદુ સરોવર; અથવા જે સરોવરમાં બિંદુ સર્યાં તેનું નામ બિંદુ સરોવર. બિંદુ સરોવર ઉપર કર્દમ ઋષિને મનુ, શતરૂપા, દેવહૂતિ મળ્યાં. મનુનું મન પ્રસન્ન થયું. જ્યાં મન માને ત્યાં અન્ય સામ્ય તપાસી વિવાહ કરવો.

## અધ્યાય ૨૨મો - શ્લોક ૩૯

બાવીસમા અધ્યાયમાં કર્દમ ઋષિની આદર્શ અનુરૂપ ગૃહસ્થાશ્રમની રચનામાં સર્વ પ્રકારે સફળતા આપનારી કામધેનુ સમાન પત્ની તરીકે **દેવહૂતિના** પ્રાપ્તિ વર્ણવી છે. જે મનુરાજાએ **આકૂતિને** પુત્રિકા ધર્મથી પરણાવી, તેજ મનુરાજાએ બ્રાહ્મ વિવાહથી કન્યાને દીનતા પૂર્વક સન્મુખ જઇને આપી.

બ્રાહ્મણ-ક્ષત્રિયનો અનુલોમ વિવાહ સૃષ્ટિના આરંભમાં થયો. બ્રાહ્મણ ભગવાનનું હૃદય અને ક્ષત્રિય ભગવાનનાં અવયવો-અંગો છે. પરસ્પરના સંયોગમાં પૃથ્વીનો વિકાસ છે. બલ-વિદ્યાનો સંઘર્ષ વિશ્વનો વિનાશ કરે. વિદ્યા-બલનો સુમેળ વિશ્વનો ઉત્કર્ષ કરે. મનુરાજાએ કન્યાનું સમર્પણ કરતી વખતે દૈન્ય અને સ્વમાન સંરક્ષણનો સુમેળ સાધી વિનંતિ કરી છે. વર અને વરના પિતા કન્યા કે કન્યા પક્ષની અવહેલના કરે તો આદર્શ સ્નેહ ન બંધાય; આદર્શ પ્રજા પણ ન થાય. ખૂબજ માગાં આવતાં કન્યાના પિતાને ટટળાવવાની આદત અને એક કરતાં બીજી સારી મેળવવાની આશાએ અનેક કન્યાના પિતાઓને આશામાં બેસાડી રાખી એકાદ કન્યાના નિર્ણય ઉપર ન આવવાનો લોભ, મોહ, પરિણામે ક્ષુદ્ર જગ્યાએ જોડાવાની ફરજમાં મૂકાય છે. તેનું કારણ લક્ષ્મી-કન્યાનો કરેલો અનાદર છે. માટેજ રાજાએ વાક્ય કહ્યું, **उद्यतस्य हि कामस्य प्रतिवादो न शस्यते** લક્ષ્મી ચાંદલો કરવા આવે તો કપાળ ધોવા ન જવું.

**अतो भजीष्ये समयेन साध्वीम्**-લગ્નની સંસ્થાની શરૂઆતજ સંયમ ઉપર થઇ છે. જ્યાં સુધી માનવને પુત્ર સંતાન ન થાય, ત્યાં સુધી ગૃહસ્થાશ્રમ સુખમાં રહે. પછી ગૃહસ્થાશ્રમીના ધર્મમાં રહે, સંસાર પરાયણ ન થાય.

**વિવાહ પછી વિદાય થતી દુહિતાને શિરે વાત્સલ્ય સ્નેહનાં અશ્રુઓ તે આશિષ છે. માતા પિતાનું આલિંગન ઐશ્વર્ય છે. સંબોધનમાં બેટા! વિગેરે શબ્દો શાસ્ત્રોના સર્વ ઉપદેશ છે.**

**प्रत्यूषेष्वनुबद्धेन हृदा शृण्वन्** હરેઃ **कथाम्**-મનુરાજા દર પ્રાતઃ કાલે એકાગ્ર ચિત્તથી હરિ કથાને સાંભળતા હતા. હરિકથા માનસ સ્વાસ્થ્ય સમ્પાદનની એકજ વિદ્યાપીઠ છે

### અધ્યાય ૨૩ મો – શ્લોક સંખ્યા ૫૭

ત્રેવીસમા અધ્યાયમાં કર્દમ ઋષિનું ઐશ્વર્ય અને તપો વૈભવ વર્ણવ્યાં છે.

વિશ્વાસ, આત્મ શુદ્ધિ, ગૌરવ, ઇન્દ્રિય સંયમ, સેવા, સૌહાર્દ, મધુર વાણી, એટલાં દામ્પત્ય જીવન રસ સિદ્ધિમાં અનિવાર્ય અંગો છે. તેનું પાલન કરતાં દામ્પત્ય જીવન જીવી ગયાં.

ઋષિએ વિમાન રચ્યું. તેનું વર્ણન ૧૩ મા શ્લોકથી ૯ શ્લોકમાં કર્યું. નવ પ્રકારના રસોનો અનુભવ કરાવનાર અલૌકિક વિમાન હતું. ભારતમાં વિમાનના સૌથી પ્રથમ સંશોધક સિદ્ધપુર પાસેના સરસ્વતીના કિનારા ઉપરના નિવાસી કર્દમ ઋષિ હતા. તે વખતના વિમાનમાં લોખંડની સાથે પત્થર પણ વપરાતા હતા. બાકી તેમાં મણિસ્તંભોનું વર્ણન ન આવે. એક ઉપર બીજા માળ પણ બનતા, અને સેંકડો ખંડો એટલે સ્વતંત્ર કેબીનની રચના અને સ્નાન, ભોજન, શયનની સગવડ અને સાથે સાથે ઉદ્યાનોની પણ તેમાં જોગવાઇ કરવામાં આવેલી હતી.

નવ કન્યાઓનું સ્વરૂપ લઇ સ્વયં ઋષિ આવ્યા છે. એનું તાત્પર્ય કે તપોમયી, શીલમયી, ત્યાગમયી કન્યાઓના સ્વરૂપમાં અવતાર લઇ આદર્શ પ્રજા સમાજને આપી.

### અધ્યાય ૨૪ મો. શ્લોક સંખ્યા ૪૭.

ત્રેવીસમા અધ્યાયમાં નવધા ભકિત રૂપ નવ કન્યાઓનું પ્રાકટ્ય વર્ણવી ચોવીસમા અધ્યાયમાં **શ્રી કપિલ ભગવાનના** પ્રાદુર્ભાવ સાથે મોક્ષનું નિરૂપણ કરશે. કર્દમ ઋષિએ ત્રણ ઋણ એટલે દેવકાર્ય, પિતૃકાર્ય, મનુષ્ય કાર્ય સંપૂર્ણ કરીનેજ આત્મ વિચાર તરફ પ્રવૃત્તિ કરી. **દેવ-હૂતિ**- દેવોને બોલાવનારી સાત્વિક બુધ્ધિ દેવહૂતિ છે; અથવા દેવને બોલાવનારી દેવહૂતિ છે. દેવો એટલે દરેક ઇન્દ્રિયનો એક એક અધિષ્ઠાતા દેવ, જેમની અગિયારની સંખ્યા થાય છે. સાત્વિક વૃત્તિ થતાં જ દેવો અન્તર્મુખ થવામાં સહાયક બને. દેવ એટલે વિવેક સ્વરૂપ કપિલ ભગવાનને નવધા ભકિતમાંના આત્મ નિવેદનથી પ્રાપ્ત કરનાર દેવહૂતિ છે.

**कार्दमं वीर्यमापन्नो जज्ञेऽग्निरिव दारुणि** – અગ્નિ સમાન પ્રાકટ્ય વર્ણવ્યું, તેથી કપિલની ઉત્પત્તિ લૌકિક નથી. યજ્ઞનો અગ્નિ મંથનાગ્નિ હોવાથી જેમ તે અલૌકિક છે, તેજ પ્રકારે કપિલ ભગવાન અલૌકિક આકારે છે.

### કપિલ ભગવાનનું સ્વરૂપ વર્ણન અને પરિચય.

**वेदाहमाद्यं पुरुषमवतीर्णं स्वमायया**
**भूतानां शेवधिं देहं बिभ्राणं कपिलं मुनिम्** ॥१६॥

**भूतानां शेवधिं देहम्** વિશેષણ છે. ભૂતોના શિવધિ રૂપ નિધિ દેહને લીધો છે, એવો અર્થ થાય. પ્રાણીઓના કલ્યાણના ભંડાર રૂપ આ દેહ છે; મનુષ્યના જેવો પાંચ ભૌતિક નથી. **कपिलं मुनिम्** કપિલ એવી સંજ્ઞા છે **कं सुखं पिबतीति कपि:** આત્મસુખને પી જાય તે કપિ-મન-છે. **कपिं मन लातीति कपिल:** ચંચલ મનને સ્વાધીન કરનાર તે કપિલ છે. પ્રેમ લક્ષણા નવધા ભકિતથી જ મન વશ થાય.

**ज्ञानविज्ञान योगेन कर्मणामुद्धरन् जटा:**
**हिरण्यकेश: पद्माक्ष: पद्ममुद्रापदाम्बुज:** ॥१७॥

**હિરણ્યકેશ** વિશેષણથી સાંખ્ય શાસ્ત્રના જ્ઞાનના પ્રવર્તક તરીકે વર્ણવ્યા. **પદ્માક્ષ** વિશેષણથી વિજ્ઞાનના પ્રવર્તક બતાવ્યા.

**પદ્મમુદ્રાપદામ્બુજ**-કમલના ચિહ્નને ચરણમાં ધારણ કરનાર વિશેષણ યોગ પુરુષનો પરિચય આપે છે. જ્ઞાન એટલે સાંખ્ય, વિજ્ઞાન એટલે અનુભવ. યોગ અષ્ટાંગ યોગનો વાચક છે. કપિલનાં બે વિશેષણ આપ્યાં – છઠ્ઠા શ્લોકમાં **मधुसूदनः** અને અઢારમા શ્લોકમાં **कैटभार्दनः** **મધુસૂદન** એ ક્રિયામાં તત્પર રહેનાર છે, અને કૈટભાર્દન જ્ઞાનમાં તત્પર રહેનાર છે. મધુ કૈટભ બે પ્રમાદો છે. તેને દૂર કરનાર સાંખ્ય-યોગ બે શાસ્ત્રો છે. તેના પ્રવર્તક કપિલ મુનિ છે.

કર્દમ ઋષિ તપોવનમાં ગયા ત્યારે તેમના વર્ણનમાં બે શબ્દોથી પરિચય આપ્યો. **अनग्नि** અને **अनिकेतनः** અગ્નિથી પકવેલ પદાર્થનું ભોજન ન કરનાર અને મકાનમાં ન રહેનાર. આ બે ધર્મો તપસ્વીઓ માટે મુખ્ય છે. અગ્નિ પકવ ભોજન સાત્વિકમાં બાધક બને છે; ગૃહમાં નિવાસ બહિર્મુખતા કરે છે.

### **અધ્યાય ૨૫ મો.** શ્લોક સંખ્યા ૪૪.

અધ્યાય ૨૫ થી ૩૩ સુધીમાં નવ અધ્યાયો નવ પ્રકારના સ્વભાવવાળાં દેવહુતિ માતાની નવે પ્રકારની પ્રકૃતિના પરિવર્તન માટે નવધા ભકિત વિગેરે સાધનો દર્શાવવા આરંભ્યા છે.

**तं त्वा गताहं शरणं शरण्यं स्वभृत्यसंसारतरोः कुठारम्।**
**जिज्ञासयाहं प्रकृतेः पुरुषस्य नमामि सद्धर्मविदां वरिष्ठम् ॥११॥**

દેવહૂતિ માતાનો ૨૫મા અધ્યાયનો અગિયારમો શ્લોક પ્રપત્તિનો છે. પચીસ તત્વો તેમજ અગિયાર ઇન્દ્રિયોના બંધનમાંથી મુકત કરવા માટે વિજ્ઞપ્તિ કરતો આ શ્લોક છે. વેદોનું વર્ણવેલ પરતત્ત્વ શબ્દ ગમ્ય છે. તે આજ અનુગ્રહથી નેત્રરમ્ય સ્વરૂપ લઇ સામે ઉપસ્થિત થઇ પ્રત્યક્ષ દર્શન આપે છે. તેવું દર્શાવવા **तं** તે બ્રહ્મ, **त्वा** તમે નેત્ર સામે ઉભા છો.

તેરમા શ્લોકથી યોગમાર્ગનું દર્શન કરાવે છે. યોગ ત્રણ પ્રકારના છે. આધિદૈવિક યોગ ભગવત્સાક્ષાત્કાર કરાવે છે. આધ્યાત્મિક યોગ આત્માનો સાક્ષાત્કાર કરાવે છે. આધિભૌતિક યોગ અણિમાદિ સિદ્ધિઓ, શરીરનો વિજય અને પ્રાણનો વિજય કરાવે છે.

આધ્યાત્મિક યોગનું સ્વરૂપ – **अत्यन्तोपरतिर्यत्र दुःखस्य च सुखस्य च** જ્યાં દુઃખ અને સુખની અત્યંત ઉપરતિ થાય તેનું જ નામ નિઃશ્રેયસ યોગ. દુઃખ સુખ બે પ્રકારની વૃત્તિઓ અને ભાવનાઓથી પર થવાય તેનું નામ સુખ.

**चेतः खल्वस्य बन्धाय मुक्तये चात्मनो मतम्**
**गुणेषु सक्तं बन्धाय रतं वा पुंसि मुक्तये ॥१५॥**

વિષયોમાંજ ચિત્તનો આશ્રય, આદર તેનું નામ આસકિત; અને ઇશ્વર સેવામાં કે ભગવદ્ ભાવે વિશ્વ સેવામાં ચિત્તનો સ્વાભાવિક પ્રવેશ તે **પ્રીતિ** અથવા **સ્નેહ**. ચિત્તનો વિષય સ્વભાવ આસકિત, સંસ્કાર અને શાસ્ત્રથી ચિત્તનો પ્રવેશ ભકિત અથવા સ્નેહ કહેવાય.

**प्रसंगमजरं पाशम्** – પ્રસંગ એ અજર પાશ છે. **સંગ** એટલે દરેક પદાર્થ અને કાર્યમાં પ્રયોજન પૂરતો જ સંબંધ અને વ્યવહાર, જે બંધનનું કારણ નથી. **પ્રસંગ** – પ્રત્યેક પદાર્થ તેમજ કાર્યમાં અતિશય પ્રમાણમાં કે અનાવશ્યક સંબંધ અથવા વ્યવહાર તે પ્રસંગ. **સંસારીના પ્રસંગે ડુબે અને સંતોના પ્રસંગે મનુષ્ય તરે.**

શ્લોક ૨૧ થી ૨૪ સુધીમાં **સાધુનાં લક્ષણો** વર્ણવે છે.

ષોડશ ગુણો અથવા ષોડશ લક્ષણો બતલાવી સોળ કલા પરિપૂર્ણ પરમાત્માનું સામ્ય દર્શાવ્યું છે. સોળ ગુણોનું વર્ગીકરણ નીચે પ્રમાણે.

૭ ગુણો આધિદૈવિક, ૪ ગુણો આધ્યાત્મિક, ૩ ગુણો આધિભૌતિક, ૧ ગુણ સ્વાભાવિક (ઇશ્વર દત્ત) અને ૧ ગુણ અત્યંત આવશ્યક – સર્વ મળી સોળ ગુણ થયા.

[૧] સંતના **ત્રણ આધિભૌતિક** ગુણ - સહિષ્ણુતા, દયાલુતા, સૌહાર્દ.

(૧) સર્વ પ્રાણીઓના અપરાધો સહન કરે એનું નામ **તિતિક્ષા.** (૨) અપરાધ કાલમાં અને અપરાધીમાં દયા કરે તેનું નામ **દયાલુતા.** કોઇના દુઃખમાં કે દુશ્મનમાં પણ દુઃખ જોઈ દ્રવી જવું અને સહાયક થવું તે દયાલુતા. (૩) સર્વથા ઉપકારની ઇચ્છા રાખ્યા વિના સ્વાભાવિક રીતેજ સર્વના તરફ ઉપકાર શીલ વૃત્તિનું નામ **સૌહાર્દ.**

[૨] સંતના **ચાર આધ્યાત્મિક** ગુણ-અજાતશત્રુ, શાંત સ્વભાવ, સાધુ સ્વભાવ, સદાચાર રૂપ ભૂષણવાળા.

(૧) તિતિક્ષા ન હોય તો ક્રોધ થાય. ક્રોધ થતાંજ વૈરભાવ થાય, વૈર થતાં વૈરી થવાય. સંતજનોને ક્રોધ જ નથી હોતો, તેથી કોઇના પણ તેઓ દુશ્મન નથી થતા. તેઓ **અજાતશત્રુ** હોય છે. (૨) કામ વાસનાનો દોષ નથી, તેથી વ્યગ્રતા નથી, તેથી તેઓ શાંત હોય છે. લય, વિક્ષેપ, વ્યગ્રતા વિનાની ચિત્તની સમતોલ અવસ્થા તેનું નામ **શાંતિ.** (૩) કોઇનું પણ કાર્ય પોતાના સુખ, સંપત્તિ, શરીરના ભોગે પણ સાધે તે સાધુની સાધુતા. (૪) સદાચારોનાં જ અલંકારોને ધારણ કરતા.

[૩] સંતના **સાત આધિ દૈવિક** ગુણ -

(૧) ભગવાનની અનન્ય ભાવથી સેવા, (૨) ભગવાનને માટે સર્વ લૌકિક, વૈદિક કાર્યોનો ત્યાગ. (૩) ભગવાનની સેવાને માટે કે ભગવદ્ ભાવે વિશ્વ સેવન માટે સ્વજન-બંધુજનના પણ સંયોગ વિના. (૪) **मदाश्रया:** ભગવાનના એકજ આશ્રયવાળા, (૫) ભગવત્કથા માધુર્ય રસનું પાન કરનાર (૬) ભગવદ્ ગુણાનુવાદનુ ગાન કરનાર, (૭) ભગવાનમાં જ મનોલય વાળા.

સંતોના **બે ગુણો** - (૧૫) સર્વ સંગ વિવર્જિત, (૧૬) સર્વના સંગમાં આવી સર્વના દોષોને દૂર કરનાર.

કપિલ ભગવાનના મત પ્રમાણે ભક્તિનું લક્ષણ -

**देवानां गुणलिङ्गानामानुश्रविककर्मणाम्**
**सत्व एवैकमनसो वृत्तिः स्वाभाविकी तु या ॥३२॥**

એક મનવાળા પુરુષની બધી ઇન્દ્રિયોની, સત્ત્વમૂર્તિવાળા ભગવાનમાં જે સ્વાભાવિક સ્થિતિ તેનું નામ **ભક્તિ.** **देवानां** એટલે દૈવી ઇન્દ્રિયોનું, **गुणलिङ्गानां** ગુણ જેઓનું ચિહ્ન છે તેવી એટલે તેઓના ગુણોથી દૈવી છે કે આસુરી તે સમજી શકાય. લય અને મોહ ન થાય તે દૈવી ઇન્દ્રિયો કહેવાય. **आनुश्रविककर्मणाम्** વૈદિક કર્મ કરનારી. **अनुश्रवः** એટલે વેદ. **अनु** એટલે ગુરુના ઉચ્ચારણ પછી **श्रूयते** શ્રવણ કરવામાં આવે અને પછી જ બોલાય તેનું નામ **અનુશ્રવ** વેદ છે. વેદ મંત્રો લખી, છાપી ને વાંચી ન લેવાતા; પરંતુ ગુરુ બોલે અને મેધાવી વિદ્યાર્થી સાંભળી લેતાં તેને કંઠ થઈ જાય. તેથી તે વેદોને "અનુશ્રવ" શબ્દથી ઓળખતા. એટલી તીવ્ર બુદ્ધિ હતી.

૩૪થી ૪૪ શ્લોક સુધીમાં ભક્તિનું સ્વરૂપ દર્શાવી અધ્યાય પૂર્ણ કરશે.

### અધ્યાય ૨૬ મો. - **સાંખ્ય વિચાર**—શ્લોક સંખ્યા ૭૨.

પ્રકૃતિ અને પુરુષના ધર્મોનો પરિચય થાય, તેમજ પરસ્પરના ધર્મોનું એક બીજામાં જે આરોપણ છે, તેનું વિવેક દ્વારા નિવારણ થાય ત્યારે સ્વરૂપાનુસંધાન થતાં મોક્ષ થાય.

**अनादिरात्मा पुरुषो निर्गुणः प्रकृतेः परः ।**
**प्रत्यग्धामा स्वयंज्योतिर्विश्वं येन समन्वितम् ॥३॥**

સાંખ્ય શાસ્ત્રમાં **પુરુષ** શબ્દથી જ આત્માનો વ્યવહાર પ્રસિદ્ધ છે. પુરુષનો પરિચય આપતાં પ્રથમ લક્ષણ કહ્યું **आत्मा. अततीति आत्मा સર્વમાં વ્યાપીને રહેલ તે આત્મા.** આત્મા સર્વનો ઉપકારક છે. બીજું વિશેષણ આપ્યું **अनादि:** અનાદિ એટલે આરંભ રહિત. ઉપકારક તો દેહ પણ છે, છતાં તેનો આરંભ છે; આત્માનો **નથી,** તેથી આત્મા દેહથી પર છે તે સિદ્ધ કર્યું 'અનાદિ' શબ્દથી. **निर्गुण:** એ ત્રીજું લક્ષણ કહ્યું. પ્રકૃતિ પણ અનાદિ છે. તેનાથી જુદો પાડવા માટે નિર્ગુણ શબ્દ યોજ્યો છે. ચોથું લક્ષણ **प्रकृते: पर:** આપ્યું. કાલથી જુદો પાડવા માટે પ્રકૃતિથી પર એટલે પ્રકૃતિને વશમાં રાખનાર એવો પરિચય આપ્યો. ચાર ધર્મો થયા. (૧) આત્મા એટલે સર્વનો ઉપકારક. (૨) અનાદિ એટલે દેહથી જુદો. (૩) નિર્ગુણ એટલે પ્રાકૃત **પદાર્થોથી ભિન્ન.** (૪) પ્રકૃતિ પર એટલે પ્રકૃતિ તેમજ કાલથી પણ પર, એવાં ચાર લક્ષણવાળો **પુરુષ** મનાય. **प्रत्यक् धामा** અંદરથી સ્ફુર્તિ થાય છે જેની, તે પ્રત્યક્ધામા કહ્યો. અહંકાર પણ તેવોજ છે. તેનું નિવારણ કરવા **स्वयंज्योति:** સ્વયં પ્રકાશ વિશેષણ દીધું. પ્રત્યેક તત્ત્વોથી ભિન્ન છે, છતાં પ્રત્યેકની સાથે સંબંધવાળો છે, એ દર્શાવવા **विश्वं येन समन्वितम्** સંપૂર્ણ વિશ્વથી સંબંધ ધરાવનાર, એવું લક્ષણ કહ્યું છે.

પ્રકૃતિનું લક્ષણ **यत्तत्त्रिगुणमव्यक्तं नित्यं सदसदात्मकम् ।**
**प्रधानं प्रकृतिं प्राहुरविशेषं विशेषवत् ॥१०॥**

ત્રણ ગુણો યુક્ત, અવ્યક્ત – અસ્પષ્ટ, નિત્ય – સદા એક રૂપ સદસદાત્મક – કાર્યકારણ રૂપ, વિશેષ રહિત, અને વિશેષવાળું, એવું 'પ્રધાન' તત્ત્વ તેનું નામ પ્રકૃતિ.

૨૪ તત્ત્વોની પ્રકૃતિ –

**૫ – પંચભૂત** – પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ.
**૫ – પંચ તન્માત્રા** – શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ.
**૫ – જ્ઞાનેન્દ્રિય** – કાન, ત્વચા, આંખ, જીભ, નાસિકા.
**૫ – કર્મેન્દ્રિય** – વાણી, બે હાથ, બે પગ, લિંગ, ગુદા.
**૪ – અન્ત:કરણ** – મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર.

સંશય, વિપર્યાસ, નિશ્ચય, સ્મૃતિ અને સ્વાપ. આ પાંચ ક્રિયાઓથી બુદ્ધિ સમજાય.

૧. **સંશય** એટલે એકજ પદાર્થના જ્ઞાનમાં જુદા જુદા પ્રકારની બુદ્ધિ થવી, અને એક પદાર્થના નિર્ણયમાં ન આવવું. કોઈ લાકડાના થડમાં – ઠુંઠામાં માણસ, પિશાચ કે લાકડું હશે એવી જે જુદી જુદી બુદ્ધિ થવી તે સંશય છે.

૨. **વિપર્યાસ** એટલે અન્ય ખ્યાતિ થવી. ભ્રમ અથવા ભ્રાન્તિનું નામ વિપર્યાસ. આત્મખ્યાતિ, અન્યથાખ્યાતિ, અનિર્વચનીય ખ્યાત, અસત્ ખ્યાતિ, અન્ય ખ્યાતિ અને અખ્યાતિ, એ છ પ્રકારની ખ્યાતિ સંશયથી થાય છે. તેમાં વિપર્યાસ શબ્દથી **શ્રીમદ્ વલ્લભાચાર્યજીને** 'અન્યખ્યાતિ' સંમત છે. નૈયાયિકોની અન્યથા ખ્યાતિ, વિજ્ઞાનવાદીની આત્મખ્યાતિ, ભાટ્ટ–પ્રભાકર મીમાંસકોની અખ્યાતિ, અદ્વૈતવાદીની અનિર્વચનીય ખ્યાતિ માની છે.

૩. **નિશ્ચય**–પદાર્થ જેવો હોય તેવો નિર્ણય થાય તેનું નામ નિશ્ચય.

૪. **સ્મૃતિ**–સંસ્કારમાંથી ઉત્પન્ન થનારી સ્વતંત્ર બુદ્ધિ છે.

૫. **સ્વાપ**–સ્વપ્ન સ્વરૂપ છે, જે સ્વપ્નમાં થતા જ્ઞાન સ્વરૂપે છે. નિદ્રાથી ઉત્પન્ન થયેલા જુદા પ્રકારની સૃષ્ટિનું જ્ઞાન તે સ્વાપ. ગાઢ નિદ્રામાં થતું જ્ઞાન તે સુષુપ્તિ.

૭૨ શ્લોકોનો છવ્વીસમો અધ્યાય ગ્રન્થના શબ્દે શબ્દને વિચારી સળંગ રીતે વાંચવાથી સૃષ્ટિની ઉત્પત્તિ, રચના, સામગ્રી વિગેરેની સારી સમજ આપે છે.

## અધ્યાય ૨૭મો–શ્લોક સંખ્યા ૩૦

છવ્વીસમા અધ્યાયમાં દેહાદિથી આત્મા અલગ બતાવીને સત્તાવીશમા અધ્યાયમાં મોક્ષનું નિરૂપણ કર્યું.

આત્માની નિષ્ઠા કેવી હોવી જોઇએ, અને પ્રપંચમાં નિત્ય રહેવા છતાં પ્રપંચથી પર થઇને જીવવું જોઇએ એ રીતનું માર્ગદર્શન આ અધ્યાયથી કર્યું છે. ત્રણ પ્રધાન ગુણો આત્માના છે. અવિકારી, અકર્તા અને અગુણ હોવાથી જલમાં સૂર્યના પ્રતિબિંબના પડવા છતાં સૂર્યમાં કોઈ પણ અસર નથી. તેવીજ આત્મજ્ઞાનીના આત્માની સ્થિતિ છે; અથવા તેવીજ નિર્લેપ ભૂમિમાં નિત્ય કાર્યરત તેમજ કાય ધર્મ–દેહ ધર્મમાં રહેવા છતાં રહેવું તેજ મોક્ષાનંદ છે, જે મનને વશ કરવાથી થાય છે. મનને વશ કરવાનો ઉપાય –

अत एव शनैश्चित्तं प्रसक्तमसतां पथि ।
भक्तियोगेन तीव्रेण विरक्त्या च नयेद्वशम् ॥५॥

તીવ્ર ભકિત અને વૈરાગ્યથી ધીમે ધીમે મનને સાનુકૂલ કરી, સ્વાધીન કરી, ભગવન્મય બનાવવું. આત્મામાં–ભગવાનમાં વધુને વધુ સેવા અને સ્નેહ કરવાં, અને વિષયમાં સ્નેહ ન કરવો આ આ બેજ મુખ્ય સાધનો છે.

**દેવહૂતિનો પ્રશ્ન**–પ્રકૃતિ પુરુષને કેમ છોડી શકે? વળી પ્રકૃતિ પુરુષનો પરસ્પર અન્યોન્યાશ્રય છે, તો તે કેમ બની શકે? પૃથ્વી અને ગંધ બન્ને એક બીજામાં ઓતપ્રોત છે, જલ અને રસ પરસ્પરમાં સંબદ્ધ છે, તે કેમ છૂટાં પડી શકે?

**કપિલ ભગવાનનો પ્રત્યુત્તર**–દશ પ્રકારનાં સાધનોનો અભ્યાસ કરવાથી પ્રકૃતિ પુરુષનો વિવેક થાય છે તે આ પ્રમાણે–

૧. નિષ્કામ કર્મથી – દેહ, દેશ, કુટુંબ, ઇશ્વર સર્વ માટેની ક્રિયા કરવી. ફલનો કોઈ પણ અભિલાષ નહિ.

૨. સ્વધર્મ નિષ્ઠા – પોતાના નિત્ય નક્કી થયેલ ધર્મનું આચરણ એટલે સ્વરૂપાનુસંધાન.

૩. નિર્મલ હૃદય.
૪. સ્નેહપૂર્વક ભગવાનની સેવા.
૫. ગુરુચરણમાં ભકિત.
૬. ભગવદ્ ગુણ લીલા શ્રવણ.
૭. જ્ઞાન – તત્ત્વ સાક્ષાત્કાર.
૮. વિષયોમાં વૈરાગ્ય.
૯. તપ અને અષ્ટાંગ યોગ.
૧૦. આત્મ સમાધિ,

રંગભૂમિ ઉપર નૃત્ય કરવા આવતી રસનટીને નીરસ નજરથી, સ્વસ્થ થઈ નિરીક્ષણ કરતો પ્રેક્ષક અનુકૂલ કે વિપરીત કોઇ હાવભાવ વ્યકત ન કરે, ચિત્રવત્ જોયાં કરે, એટલે પ્રોત્સાહન ન મળતાં નીરસ થઈ, નિરાશ થઇ, નિવૃત્ત થતી નટીની માફક પ્રકૃતિ સ્વયં ઉપરામ પામે છે. આ એકજ તટસ્થ યોગ પ્રકૃતિ નાટનમાંથી બચવાનો ઉપાય છે.

## અધ્યાય ૨૮મો–શ્લોક સંખ્યા ૪૪

અઠ્ઠાવીશમા અધ્યાયમાં સબીજ યોગનું નિરૂપણ છે. ભકિત, વિવેક કે વિરક્તિથી જો ચિત્ત ભગવાનનો સ્પર્શ કરે તો અવશ્ય શુદ્ધ થાય છે. યોગથી પણ ચિત્ત શુદ્ધ થાય છે. બન્ને પ્રકારનાં ભગવદ્ધર્મોમાં જો ચિત્ત પ્રવેશ પામે તો વધુ સરલતાથી ચિત્ત શુદ્ધ થઈ શકે છે. ભકિતથી તે કાર્ય બની જાય છે. ૨૫ થી ૨૭ એમ ત્રણ અધ્યાયોમાં ભકિતથી પ્રકાર બતાવ્યો. ૨૮ મા અધ્યાયમાં **સબીજ યોગ** એટલે સાકાર ધ્યાનથી ચિત્તશુદ્ધિ અને નિરોધ વર્ણવ્યાં છે.

**योगस्य लक्षणं वक्ष्ये सबीजस्य नृपात्मजे**
**मनो येनैव विधिना प्रसन्नं याति सत्पथम् ॥१॥**

રાજકુમારી! સબીજ યોગનું લક્ષણ હું તમને વર્ણવીશ, જે યોગના પ્રસંગથી મન સ્વયં પ્રસન્નતાપૂર્વક સન્માર્ગમાં જાય છે. "રાજપુત્રી" સંબોધનથી રાજયોગ માટે યોગ્યતા દર્શાવી. ગીતાજીના છઠ્ઠા અધ્યાયમાં અન્તર્મુખ થવાને જે નિર્બીજ યોગ દર્શાવ્યો છે, તેના કરતાં સરલ આ સબીજ યોગ ગાયો છે.

[૧] શ્લોક ૨ થી શ્લોક ૬ સુધીમાં **પચીસ સાધનો** પચીશ તત્ત્વોને તજીવા માટેનાં વર્ણવ્યાં છે:-

૧ શકિત પ્રમાણે ધર્માચરણ. ૨ વિધર્મમાંથી નિવૃત્તિ. ૩ યથા લાભ સંતોષ. ૪ આત્મવેત્તાની સેવા. ૫ લોક ધર્મમાંથી નિવૃત્તિ. ૬ મોક્ષ ધર્મમાં રસવૃત્તિ. ૭ મિતાહાર ને પવિત્ર ભોજન. ૮ એકાન્ત ને નિર્ભય દેશમાં નિવાસ. ૯ અહિંસા. ૧૦ સત્ય. ૧૧ ચોરી ન કરવી. ૧૨ જરૂર જેટલું જ લેવું. ૧૩ અષ્ટાંગ બ્રહ્મચર્ય. ૧૪ તપ. ૧૫ શૌચ. ૧૬ સ્વાધ્યાય. ૧૭ ઇશ્વર સેવા. ૧૮ મૌન. ૧૯ આસન સિદ્ધિ. ૨૦ એકજ સ્થલમાં નિવાસ. ૨૧ પ્રાણાયામ. ૨૨ પ્રત્યાહાર. ૨૩ મનથી પ્રાણોને એક સ્થલમાં મૂકવા. ૨૪ ભગવલ્લીલાનું ધ્યાન. ૨૫ ચિત્તની સમાધિ.

[૨] શ્લોક ૧૩ થી ૧૮ સુધીના ૬ શ્લોકોમાં છ **ઐશ્વર્ય** વાળા ભગવત્સ્વરૂપના ધ્યાન માટે નિર્દેશ કરે છે. **એકવીસ વિશેષણો** એમાં આપ્યાં છે:-

૧. પ્રસન્ન મુખ કમલ – વરદાન આપનારી એ મુદ્રા છે.
૨. કમલના ગર્ભ જેવી પ્રેમાળ લાલ આંખ – જે ભકત ઉપર દયા કરે, દોષ દૂર કરે.

૩. નીલ કમલ શ્યામ – શૃંગાર રસની પૂર્તિ કરે.
૪. શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારી – જલ, તેજ, વાયુની શુદ્ધિ કરે.
૫. પીતાંબર ધારી – પીતાંબરના છેડા ઉપરના દોરાઓમાં મોતી ગૂંથેલાં છે, તે મુકત પુરુષો છે. પીતાંબરની કોર રેશમી ને લાલ કેસરી વર્ણવાળી છે, તે દેવોના નિવાસ માટે છે. પીતાંબર વેદ રૂપે છે.
૬. શ્રી વત્સને ધારણ કરતા – જે બ્રહ્માનંદનું ચિહ્ન છે.
૭. કંઠમાં કૌસ્તુભ મણિવાળા – ભકત ને મુકત બે પ્રકારના જીવોને કંઠે રાખ્યા છે, તે કૌસ્તુભ.
૮. વનમાલાથી સુશોભિત – ભ્રમરને ૬ પગ હોય છે. તે ષટ્દર્શનના જ્ઞાન ધરાવતા ભગવત્કીર્તિના ગાયક દર્શન શાસ્ત્રો છે.
૯. હાર, કંકણ, બાજૂબંધ, નૂપુર, મુકુટવાળા – એ પાંચ સાધન કરનાર પાંચ પ્રકારના ભકતોની ક્રિયાઓ છે.
૧૦. કાંચીથી – કંદોરાથી શોભતા – સંસારનું સૂચન કરતી કાંચી છે, જે સ્ત્રી અને ધન રૂપે છે.
૧૧. હૃદય કમલ આસને વિરાજતા–હૃદસ્થ ભગવાનનું ધ્યાન કરવું.
૧૨. દર્શનીય સ્વરૂપ – રૂપાસક્તિને દૂર કરી સ્વરૂપ ભક્તિ આપે છે.
૧૩. શાંત સ્વરૂપ – કામ કાપી જ્ઞાન આપે.
૧૪. મન, નયનને આનંદ દેનાર – દર્શન ભકિતને વધારનાર.
૧૫. અપીચ્ય દર્શન – (સુંદર દર્શનીય) – સ્ત્રીઓને પણ મોક્ષ આપનાર.
૧૬. સર્વ લોકોથી વંદાતા – સર્વ પ્રમાણોથી સિદ્ધ.
૧૭. કિશોરાવસ્થામાં રહેલા – દશમા વર્ષથી સોળમા વર્ષની વયના સ્વરૂપવાળા.

૧૮. ભકત ઉપર કૃપા કરવા આતુર – અભીષ્ટ ફલ આપનાર.
૧૯. કીર્તનીય કીર્તિવાળા – હૃદયનો નિરોધ કરનાર.
૨૦. પુણ્ય શ્લોકને પણ યશ આપનાર – ભકતોની કીર્તિ વધારનાર.
૨૧. સર્વાંગ મંગલ પુરુષનું ધ્યાન કરવું.

વીસ આંગળીઓ છે, માટે વીસ વિશેષણ આપી, એકવીસમો આત્મા હોવાથી એકવીસ વિશેષણો આપ્યાં છે.

[૩] ૧૯ મા શ્લોકમાં કેવી અવસ્થાઓવાળા પ્રભુનું ધ્યાન કરવું તેનું વર્ણન છે. ચાર અવસ્થાઓ છે:–

૧. **स्थितम्**– ઉભેલા. શ્રી નાથજી, શ્રી ડાકોર નાથજી વિગેરે. આતુર થઇ આવતા ભકતને જોવા, અપનાવવા માટે ભગવાન આતુર છે.

૨. **व्रजन्तम्**– ફરતા. ભકતોના કાર્ય માટે વિચરતા, શ્રી ગોવિંદ સ્વરૂપે ગાયો પાછળ ફરતા.

૩. **आसीनम्**–બેઠેલા. યોગસ્થ રૂપ અથવા ભકતોની સેવાને સ્વીકારતા સ્થિર સ્વરૂપ.

૪. **शयानम्** – પોઢેલા. શેષશાયી સ્વરૂપ. નિતાંત શાંત સ્વરૂપ, જ્ઞાનવેદ ગમ્ય.

[૪] ૨૧ થી ૩૩ સુધીના ૧૩ શ્લોકોમાં ભગવાનના સર્વાંગ ધ્યાનનું વર્ણન કર્યું છે. ૧૨ અંગો ભગવાનનાં, ૧૩ મા અંગી, અથવા બાર માસ ને તેરમો પુરુષોત્તમ માસ. તેના હિસાબે પુરુષોત્તમનું ધ્યાન છે.

**संचिन्तयेद् भगवतश्चरणारविन्दं वज्रांकुशध्वजसरोरुहलांछनाढ्यम्**
**उत्तुङ्गरक्तविलसन्नखचन्द्रवालज्योत्स्नाभिराहतमहद्‌हृदयान्धकारम् ॥२१॥**

ભકિતના બે પ્રકાર – (૧) ચરણાંબુજા. અને (૨) મુખાંબુજા. દાસ્ય ભકિતનું ચરણ કમલમાં વરણ છે. તે મુખારવિંદથી ચરણ પર્યન્ત આવે. વાત્સલ્ય – શૃંગાર ભકિતનું ઉપાસ્ય મુખાંબુજ છે. તે ચરણથી ધ્યાન કરી મુખાંબુજે જાય. દેવહૂતિ માતાનું મુખાંબુજમાંજ વરણ હોય એટલે ચરણથી મુખ સુધીનું વર્ણન કર્યું.

**चिन्तयेत्** એટલે અંગોનું ચિંતન માત્ર કરે, પરંતુ **संचिन्तयेत्** એટલે શ્રી અંગોનું લાવણ્ય, માધુર્ય અને સામર્થ્ય ધર્મોનું પણ ચિંતન કરવું જોઇએ કે જેથી સ્વરૂપમાં ખૂબજ પ્રેમ ભાવ થાય.

**वज्र** – વજ્ર પ્રભુના ચરણ કમલમાં છે. તે પ્રભુના માર્ગમાં આવવાનો સંકલ્પ કરતાંની સાથેજ પર્વત જેવા આવનાર વિઘ્નોને કાપીને દૂર કરી નાખે છે.

**अंकुश**–અંકુશ પ્રભુ ચરણનો એવો સમર્થ છે કે એક વાર પ્રભુ પથમાં પગ મૂકનાર મનુષ્યના મનોગજને કબજે કરી કદી ખસવા દેશે નહિ. કારણ કે પ્રભુના ગુણોના સ્વભાવમાં જબરો જાદુ છે.

**ध्वज** – ધ્વજ પ્રભુ માર્ગમાં આવનારનું અભય સૂચવે છે.

**सरोरुह**–કમલ પ્રભુ ચરણમાં છે. તે પ્રભુ અત્યંત સુલભ તેમજ સુખસેવ્ય છે, એમ દર્શાવે છે.

શ્લોક ૨૩ માં લક્ષ્મીજીના ઉત્સંગમાં પધરાવેલા પ્રભુના ચરણારવિંદના બે ઢીંચણનું હૃદય દેશમાં ધ્યાન કરવું. કારણ કે **લક્ષ્મી** શબ્દ **लक्ष्** ધાતુમાંથી બન્યો છે. લક્ષ્ ધાતુ જ્ઞાનાર્થક છે તેથી, લક્ષ્મીજી જ્ઞાન શકિત છે અને જગતની જનની છે તેથી દેવોનાં પણ વંદનીય છે. આવા સ્વરૂપનું ધ્યાન કરવાથી માયાની, મોહની નિવૃત્તિ થાય છે, ને કામનાઓની શુદ્ધિ – પૂર્તિ થાય છે,

શ્લોક ૨૪ માં ભગવાનના સાથળનું ધ્યાન દર્શાવ્યું. ગરૂડજીના ઉપર બીરાજેલા અને અળસી (અતસી)ના પુષ્પ જેવી કાન્તિ ધરાવતા પીતાંબરથી છવાયેલા સાથળનું ધ્યાન ધરવું. કાલ અને કાલની બે શાખાઓ કર્મ અને સ્વભાવ નામની છે, એ ત્રણે ઉપર વિજય મેળવવા માટે ગરૂડ ઉપર બીરાજતા સાથળનું ધ્યાન કરવું. ગરૂડજી કાલનું સ્વરૂપ છે. દિવસ અને રાત્રી, માસ, ચાતુર્માસ એ સર્વ કાલનું સ્વરૂપ છે. તેનો વિજય–અગ્નિહોત્ર

કરવાથી શતદિવસનો વિજય થાય, માસનો વિજય દર્શ પૂર્ણમાસ યજ્ઞોથી થાય છે. તે યજ્ઞોને સૂચવનાર વેદરૂપી પીતાંબર છે.

શ્લોક ૨૫ માં ભગવાનની નાભિનું ધ્યાન કરવાનું બતાવ્યું. ભગવાનની નાભિ બ્રહ્માનું, કમલનું, અને બુદ્ધિનું ઉત્પત્તિ સ્થાન છે.

શ્લોક ૨૬ માં ભગવાનના વક્ષઃસ્થલનું ધ્યાન વર્ણવ્યું છે. વક્ષઃસ્થલમાં લક્ષ્મીજીનો નિવાસ છે. સર્વ ગુણોનો સમૂહ એ લક્ષ્મી છે. ગુણોથીજ આનંદ થાય છે. તે ગુણો ભગવાનના વક્ષઃસ્થલમાં—હૃદયમાં વસ્યા છે. તેનું ધ્યાન કરવાથી મનને તેમજ નયનને આનંદ થશે.

શ્લોક ૨૭ માં ભગવાનના બન્ને હસ્તનું ધ્યાન વર્ણવ્યું છે. અમોઘ પ્રયત્ન અને બુદ્ધિ સહકાર, પ્રભુના બે બાહુઓમાં વસેલાં છે. તેમજ હસ્તમાં રહેલ કંકણો ને આયુધોમાં ચક્ર ને શંખનું ધ્યાન પણ સૂચવ્યું. વેદોના રહેઠાણ ભૂત એવા શંખનું ને જ્ઞાનના આધારભૂત ચક્રનું ધ્યાન કરવાથી બુદ્ધિ પૂર્વકનોજ શ્રમ સફળ થશે, માટે ભગવદ્‍ભક્તે બુદ્ધિના સહકારે શ્રમ કરવો તો શ્રમ એજ અમૃત ફલ દેશે.

શ્લોક ૨૮ માં ભગવાનની ગદા, વનમાલા, કૌસ્તુભ મણિનું ધ્યાન છે. ગદા પ્રાણ રૂપે છે. કાર્યમાં જો પ્રાણ એટલે ઉત્સાહ ન હોય તો પણ વિજય ન થાય. વનમાલા ધર્મ કર્મ કરનારની કીર્તિ રૂપે છે. કૌસ્તુભ મણિ ચૈત્ય – ચિત્તમાં રહેનાર જીવનું સ્વરૂપ છે.

શ્લોક ૨૯ અને ૩૦ માં ભગવાનના મુખારવિંદનું ધ્યાન છે. નવધા ભક્તિ ને નવરસોની પ્રાપ્તિ મુખારવિંદના દર્શને—ધ્યાનથી મળે છે. આ બે શ્લોકોમાં મુખ કમલનાં નવ વિશેષણો છે જે નવધા ભક્તિનાં જ પ્રતીક સમાન છે.

૧. **मकरकुंडल** – આ શબ્દથી સાંખ્ય અને યોગ શાસ્ત્ર રૂપ કુંડલોથી શ્રવણ ભક્તિ સૂચવી છે.

૨. **उदारनासम्** – ઉદાર નાસિકાના ધ્યાનથી કીર્તન ભક્તિ.

૩. **श्री निकेतम्** – શોભા – લક્ષ્મીના નિવાસના એટલે મુખ શોભા સૌંદર્યના ધ્યાનથી સ્મરણ ભક્તિ.

૪. **अलिभिः परिसेव्यमानम्** – ભ્રમરોથી સેવાતું એવા ધ્યાનથી પાદ સેવન ભક્તિ. કારણ કે ભક્તો ભ્રમર રૂપે છે. તેઓ ચરણમાંજ પ્રેમ ધરાવે છે.

૫. **भूत्या स्वया परिसेव्यमानम्** – પોતાનીજ વિભૂતિથી સેવાતું. અર્ચન ભક્તિ.

૬. **कुटिलकुन्तल** – વંદન ભક્તિ, કારણ કે વંદન કરે ત્યારે ભક્તો વાંકા નમેલા હોય છે. તે ભગવાનનાં વાંકા વાળ જેવા રૂપાળા લાગે છે.

૭. **मीनद्वयाश्रयम्** – બે મીનની શોભા ધરાવતાં નેત્રના ધ્યાનથી દાસ્ય ભક્તિ.

૮. **मनोमयम्** – મનથી ભરપૂર એવા મુખના ધ્યાનથી સખ્ય ભક્તિ.

૯. **उल्लसद्भ्रू** – શોભતી ભ્રૂકુટિવાળા મુખનું ધ્યાન કરવાથી આત્મ સમર્પણ ભક્તિ. કારણ કે ભ્રૂકુટિના એકજ વિલાસમાં જીવ વારી જાય છે ને સર્વ ન્યોછાવર કરી દે છે.

આ બે શ્લોકોમાં મુખના ધ્યાન માટે **संचिन्तयेत्** અને **ध्यायेत्** એવાં બે ક્રિયાપદ આવ્યાં; તે એમ સૂચવે છે કે સાત ભક્તિ જીવની કરાય તેમ છે, અને બે ભક્તિ ઇશ્વર આપે છે, માટે બીજી વખત **ध्यायेत्** એવું કહેવું પડ્યું.

શ્લોક ૩૧માં ભગવાનની દૃષ્ટિનું એટલે ભક્ત ઉપરના અવલોકનનું ધ્યાન છે. ભગવાનની દૃષ્ટિ ત્રણ પ્રકારના તાપને દૂરકરે છે અને કૃપા વરસાવે છે, તેમજ જ્ઞાન શક્તિ આપે છે. અનિમેષ દૃષ્ટિએ દૃષ્ટિમાં દૃષ્ટિ મેળવવાથી જ્ઞાન મળે છે ને દુઃખ ટળે છે.

શ્લોક ૩૨ અને ૩૩ માં ભગવાનના હાસ્યનું ધ્યાન છે. હાસ્યનું ધ્યાન શોક મોહને દૂર કરી નાખે છે. વળી કામદેવને મોહ પમાડી દે છે. તેથી ભક્તો નિર્ભય બની જાય છે.

## અધ્યાય ૨૯ મો. શ્લોક સંખ્યા ૪૫.

૨૯, ૩૦, ૩૧ અને ૩૨ આ ચાર અધ્યાયો વૈરાગ્ય નિરૂપણના છે. ૨૯ મા અધ્યાયમાં માતા દેવહૂતિજીએ મહદ્, બુધ્ધિ, પ્રકૃતિ, પુરુષનું લક્ષણ સ્વરૂપ, ભક્તિયોગનો પ્રકાર–સ્વરૂપ, ઈશ્વર અને કાલનું સ્વરૂપ વિગેરે પ્રશ્નો પૂછ્યા; ને "યોગ ભાસ્કર" સંબોધન કર્યું અને ચાર જણ દયા પાત્ર ગણાવ્યા. ૧ કર્મ કરી થાકી ગયેલ; ૨ સૂતેલ–નિદ્રાધીન; ૩ અજ્ઞાની; ૪ અંધારામાં રહેલ. એ ચાર ઉપર સમર્થ દયાલુઓએ દયા કરવી. સૂર્ય એ ચારે ઉપર દયા કરે છે, માટે આપ દયા કરો.

ચાર પ્રકારના ભકત છે. તેમાં દંભ, હિંસાથી કરે તે તામસ; યશ, ઐશ્વર્ય ઈચ્છાથી કરે તે રાજસ; કર્મનાશ અથવા ભગવાનને ફલ અર્પણ કરે તે સાત્વિક; પરંતુ નિર્ગુણ ભકિતનું સ્વરૂપ શ્રેષ્ઠ છે કે જે –

**मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये**
**मनोगतिरविच्छिन्ना यथा गंगाम्भसोऽम्बुधौ ॥११॥**

ભગવદ્ ગુણોના શ્રવણથી સર્વથા પરવશ થઇ ગંગાના પ્રવાહની ગતિથી ભગવાનના ચરણમાં સમર્પણ કરતો મનની અખંડ ગતિથી ભગવાનને સેવે તે નિર્ગુણ ભકિત અથવા ભકત છે.

નિદ્રા અથવા ભોજન લાલસા પણ જો ભકિતના – સેવાના વેગને ન અટકાવે, તો તેજ સાચી દેવ કે દેશની સેવા ભકિત ગણાય. ૧ **સાલોકય** એટલે વૈકુંઠમાં નિવાસ મળે; ૨ **સાર્ષ્ટિ** એટલે ભગવાનના જેટલી સત્તા મળે; ૩ **સામીપ્ય** એટલે ભગવાનની સમીપજ રહેવાનું મળે; ૪ **સારૂપ્ય** એટલે ભગવાનના જેવુંજ સ્વરૂપ મળે–તો પણ લેવાની ઈચ્છા જ ન થાય તે સાચી નિર્ગુણ ભકિત.

**द्विषतः परकाये मां मानिनो भिन्नदर्शिनः**
**भूतेषु बद्धवैरस्य न मनः शान्तिमृच्छति ॥२३॥**

બીજાના પણ દેહમાં રહેલ હું જ છું. તેનો જે ભેદ–નજરે જોનાર દ્વેષ કરે તેને કદી શાન્તિ ન મળે. દ્વેષ અને વૈર મનઃ–શાન્તિના વિનાશક છે.

## અધ્યાય ૩૦ મો – શ્લોક સંખ્યા ૩૪

ગૃહમાં ને ગૃહસ્થાશ્રમમાં રહેવું, સમાજ ને સ્વજનનું કાર્ય કરવું; તો પણ ઓત પ્રોત કોઇમાં ન થવું એ વિષયનો ચિતાર ૩૦ મા અધ્યાયમાં દર્શાવી જીવનની સાવધાનીનું ભાન કરાવ્યું છે.

દેહ છૂટયા પછીથી **यातना देह** મળે છે. બે યમદૂતો લેવા આવે છે. એક પુણ્યનો અને બીજો પાપનો અધિષ્ઠાતા છે. પુણ્ય ન કરેલ હોવાથી તે કોપે છે, પાપ કરેલ હોવાથી બીજો કોપે છે, ને બન્ને શિક્ષા કરે છે. તેનું વર્ણન ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ એમ ચાર શ્લોકમાં છે, કારણ કે માનવ દેહ મેળવી ચાર પુરુષાર્થોનો નાશ કર્યો, માટે તેની યાતના ચાર શ્લોકમાં વર્ણવી છે. ત્રણ કે બે મુહૂર્તમાં નવાણું હજાર યોજન માર્ગ ઉપર લઇ જવામાં આવે છે. પાપ ઓછું હોય તો ત્રણ મુહૂર્ત, વધુ હોય તો બે મુહૂર્તમાં લઈ જાય.

**अत्रैव नरकः स्वर्गः** એ ૨૯ મા શ્લોકથી **नर** એટલે મનુષ્યો જે **क** એટલે ભૌતિક સુખો અને તેને માટે જે પાપાદિ કરે છે તે **નરક છે** એવો સ્પષ્ટ ખુલાસો કરે છે. આ લોકોની યાતનાજ નરક છે અને ભગવન્નિષ્ઠા -- સત્કર્મ નિષ્ઠા સ્વર્ગ છે.

## અધ્યાય ૩૧ મો. શ્લોક સંખ્યા ૪૮.

જંતુનો ગર્ભ પ્રવેશ. ભારતીય સંસ્કૃતિમાંની આ શોધ એક અજબ શોધ છે. જ્યારે "એકસ રે" જેવાં શરીરની અંદરના પદાર્થોને જોવાનાં સાધન ન હતાં ત્યારે ભારતીય વિજ્ઞાનમાં ગર્ભમાં આવતાં પ્રથમ રાત્રીથી નવ માસ સુધીની આખી સ્થિતિનું નિરૂપણ મળે છે. ગર્ભ એકજ દિવસમાં કલલ બને છે. (કલલ એટલે વીર્ય અને રજનું ભેગાં મળવું) પાંચ રાતમાં તે પરપોટો બને છે. દશ દિવસમાં બોરના બીજ જેવું થાય છે. સ્ત્રી–નપુંસક ગર્ભ હોય તો પેશી થાય છે, અને પુરુષ ગર્ભ હોય તો વૃષણ–વડાના આકાર જેવું થાય છે; અથવા જેની ઉંચી ગતિ થવાની

હોય તે વૃષણ થાય છે, જેની નીચી ગતિ થવાની હોય તે પેશી થાય છે. એક માસમાં માથાનો ભાગ થાય છે. બે મહિનામાં બાહુ, પગ વિગેરે અંગ બને છે. નખ, કેશ, હાડકાં અને ત્વચા ત્રણ માસમાં થાય છે. લિંગ અને નવ છિદ્રોની ઉત્પત્તિ પણ ત્રણ માસમાંજ થાય છે. ચતુર્થ માસે સાત ધાતુઓ થાય છે. પાંચ મહિને ભૂખ તરસ ઉઘડે છે. છઠ્ઠે માસે ઑરથી વીંટાઇ જમણી કુખમાં આવે છે. સાતમે મહિને તેને જ્ઞાન થાય છે. સેંકડો જન્મ યાદ આવે છે. તે જ્ઞાન જન્મ પર્યન્ત રહે છે. શ્લોક ૧૨ થી ૨૧ સુધી દશ શ્લોક વડે ગર્ભસ્થ જીવ સ્તુતિ કરે છે.

**येनेदृशीं गतिमसौ दशमास्य ईश**
**संग्राहितः पुरुदयेन भवादृशेन ।**
**स्वेनैव तुष्यतु कृतेन स दीननाथः**
**को नामतत्प्रति विनांजलिमस्य कुर्यात् ॥१८॥**

દૈન્યાતિરેકથી આ પ્રાર્થના છે. જે ઈશ્વરે આવું જ્ઞાન આપવાની કૃપા કરી જે સુકૃત્ય કર્યું તે આપનાજ સત્કર્મથી આપ પ્રસન્ન થાઓ.

### અધ્યાય ૩૨ મો – શ્લોક સંખ્યા ૪૩

બત્રીસમા અધ્યાયમાં ઉર્ધ્વગતિ, અધોગતિ કેમ બને છે અને તે બે ગતિનું સ્વરૂપ શું તેનો વિચાર કર્યો છે.

ગૃહસ્થાશ્રમ કલ્પતરૂ છે, ને ગૃહસ્થાશ્રમ ધર્મની નિષ્ઠાપૂર્વકની સેવા કામધેનુ છે. ભગવદ્ ધર્મો ગૃહસ્થાશ્રમમાં સરલતાથી સિદ્ધ થાય છે. મનુષ્યના રક્ષણનો ને દુર્ગતિમાંથી બચાવનારો દુર્ગ-કીલ્લો હોય તો ગૃહસ્થાશ્રમ છે.

પિતૃઓનાં, દેવનાં, વ્રતો કરી ચન્દ્રમસ લોકમાં જનારા જઇને પાછા આવે છે. સૂર્ય માર્ગથી જે જાય છે, તે બ્રહ્માના આયુષ્યના અંતે થનારા પ્રલય સુધી પરલોકમાં રહે છે.

વાસુદેવમાં જાગૃત કરેલો ભકિત યોગ વૈરાગ્ય અને બ્રહ્મ દર્શન થઇ શકે તેવા જ્ઞાનને આપે છે. જ્ઞાન તેને સર્વમાંથી અસંગ બનાવે છે. અસંગ અવસ્થા તેનો ઉદ્ધાર કરે છે.

૩૯ અને ૪૦ એ બે શ્લોકોમાં નવ પ્રકારના જીવો શ્રવણના અનધિકારી - બીન અધિકારી ગણાવ્યા છે. (૧) દુર્જન (૨) ઉદ્ધત, (૩) મૂઢ – શ્રદ્ધા રહિત, (૪) ભિન્નમતાનુયાયી, (૫) ધર્મધ્વજ–પાખંડી, (૬) લોભી, (૭) ગૃહાસકત, (૮) અભકત અને (૯) ભકતદ્વેષી. આ નવ પ્રકારના માનવો ઉપદેશનો ફાયદો નથી લઇ શકતા.

૪૧ અને ૪૨ એ બે શ્લોકોમાં અગિયાર પ્રકારના જીવો ઉપદેશામૃતનો આસ્વાદ ને સફલતા મેળવે છે. (૧) શ્રવણમાં શ્રદ્ધાલુ, (૨) ભકત, (૩) વિનીત, (૪) ઇર્ષ્યા વિનાનો. (૫) ભૂત માત્રનો મિત્ર, (૬) સેવા રત, (૭) અબહિર્મુખ, (૮) શાંત ચિત્ત, (૯) દ્રોહ ન કરનાર, (૧૦) પવિત્ર, (૧૧) નવ પ્રકારના દોષવાળા આગળ દર્શાવ્યા એમાં જો ભગવાન અતિશય પ્રાણ પ્રિય હોય તેવા જો નીકળે તો તે દોષો પલટી જાય ને ગુણો બની જાય છે. આ અગિયાર પ્રકારની યોગ્યતા શ્રવણને સાર્થક કરે છે.

**य इदं शृणुयादम्ब श्रद्धया पुरुषः सकृत्**
**यो वाभिधत्ते मच्चित्तः स ह्येति पदवीं च मे ॥४३॥**

આ ઉપસંહારના શ્લોકમાં કપિલ ભગવાન **अम्ब** સંબોધન કરે છે. એ સ્નેહ સૂચક છે. વડીલની ને વિવેકની વાતો વહાલથી આપે તોજ ખ્યાલ પેદા કરે. પુત્ર તરીકે કેવલ કર્તવ્ય બજાવ્યું છે; નહિ કે માતાને માર્ગદર્શન આપી કલ્યાણ દાન કર્યું છે. એવું વકતૃ સુલભ દૈન્ય કપિલ ભગવાનમાંનું વકતાને માર્ગદર્શન છે, જે દર્શન શાસ્ત્રનું–જ્ઞાનનું દર્શન એટલે ચક્ષુ છે.

### અધ્યાય ૩૩મો–શ્લોક સંખ્યા ૩૭

ત્રણ વસ્તુ ત્રેવીસમા અધ્યાયમાં છે. સ્તુતિ, કૃપા અને મુકિત–ભકતની સ્તુતિ, ભગવાનની કૃપા અને મુમુક્ષુની મુકિત.

**एवं निशम्य कपिलस्य वचो जनित्री**
**सा कर्दमस्य दयिता किल देवहूतिः।**
**विस्रस्तमोहपटला तमभिप्रणम्य**
**तुष्टाव तत्त्वविषयांकितसिद्धिभूमिम् ॥१॥**

પાંચ પ્રકારની યોગ્યતા. (૧) કપિલ દેવનાં માતા–આ વિશેષણથી શીલ સમ્પન્ન યોગ્યતા. (૨) **सा** તે, તપસ્વિની રાજકુમારી હોવાથી રાજયોગ માટે યોગ્યતા. (૩) **कर्दमस्य दयिता** કર્દમ ઋષિનાં પત્ની હોવાથી અનાસકત અને ઉત્કૃષ્ટ સંગની યોગ્યતા. (૪) **किल**

ખરેખર શબ્દથી ધર્મનિષ્ઠાની યોગ્યતા. (૫) **देवहूति** દેવહૂતિ શબ્દથી સત્વનિષ્ઠા એ યોગ્યતા. **શીલ, તપ, ઉત્તમ સંગતિ, દૃઢ નિશ્ચય**, સાત્વિકી નિષ્ઠા એ **પાંચ પ્રકારની બુદ્ધિજ ભગવાનને મેળવી શકે.**

**स त्वं भृतो मे जठरेण नाथ कथं नु यस्योदर एतदासीत्**
**विश्वं युगान्ते वटपत्र एकः शेते स्म मायाशिशुरङ्घ्रिपानः ॥४॥**

કેવલ કૃપાનાથની કૃપાલુતા ને માતાનું દૈન્ય એ બેનું મિશ્રણ આ શ્લોકમાં છે. **अंघ्रीपान** એટલે અંગુઠાને ધાવે છે. જે ભક્તોની ભગવચ્ચરણમાં નિષ્ઠા છે ને ચરણ પ્રાપ્તિ કરી ચૂક્યાં છે, તેઓને માર્ગમાં આવતાં જે કષ્ટ પડયું તેને હરવા માટે **શ્રી હરિ** માતૃવાત્સલ્ય, રસનાના અવલેહનથી, આપી રહ્યા છે.

દેવહૂતિ માતાના આઠ શ્લોકો છે. તે આઠ પ્રકાર પ્રકૃતિની શુદ્ધિ માટે છે; અથવા તો અષ્ટાંગ યોગની સિદ્ધિ કેવલ ભગવત્સંગ ને સત્સંગ પ્રસંગથી મળી તેની ઉપકૃતિની સ્તુતિ છે, માટે છે.

**तद्वीरासीत्पुण्यतमं क्षेत्र त्रैलोक्यविश्रुतम्**
**नाम्ना सिद्धपदं यत्र सा संसिद्धिमुपेयुषी ॥३१॥**

પિતા, માતા, પુત્રની સિદ્ધ ત્રિપુટી થઈ તે ભૂમિ **સિદ્ધપુર** નામે પ્રસિદ્ધ થઈ. તે સ્થાન **માતૃ ગયા**. પુત્ર કપિલની માફક કર્તવ્ય શીલ બને તે કુલ અને વિશ્વનો ઉધ્ધાર કરે.

દેવહૂતિ માતાનો દેહ છૂટયો. તેમાં માટીનો કોઈ અંશજ ન રહ્યો. યોગીઓ યોગ પ્રક્રિયાઓથી દેહને છૂટો પાડે છે, અથવા ભગવાન તેઓના દેહને છૂટો પાડે છે, તેજ પ્રકારે જલ રૂપ બની ગયેલ દેહ **સરસ્વતી**ના જલમાં મળી ગયો.

**य इदमनुशृणोति योऽभिधत्ते कपिलमुनेर्मतमात्मयोगगुह्यम्**
**भगवति कृतधीः सुपर्णकेतावुपलभते भगवत्पदारविन्दम् ॥३७॥**

ફલશ્રુતિનો શ્લોક છે. પુષ્પિતાગ્રા છંદ છે. વકતા શ્રોતાના સદ્ભાવથી ભગવદ્ ભાવથી સ્વાધીન બન્યા છે અને શ્રોતાના કંઠમાં કોમલ શબ્દાવલી–કુસુમ માલાને ધરાવે છે તેથીજ પુષ્પિતાગ્રા છંદ છે.

વકતા પ્રથમ શ્રીમદ્ ભાગવત ગુરુ મુખે કે વકતૃ મુખે સાંભળે, પછીજ ભાગવત કહે તો ફલીભૂત થાય.

## તૃતીય સ્કંધ સમાપ્ત

## ચતુર્થ સ્કંધ – વિસર્ગલીલા

એકત્રીસ અધ્યાયમાં ચતુર્થ સ્કંધ છે. ભગવાનનો વામ કર કમલ છે. ક્રિયાશીલને કર કહેવાય. ક્રિયા ઉભય હસ્ત સાપેક્ષ છે. તૃતીય સ્કંધ સર્ગલીલાત્મક ભગવાનનો દક્ષિણ કર છે. ચતુર્થ સ્કંધ વિસર્ગ લીલાત્મક છે. તત્ત્વ, તન્માત્રા, ઇન્દ્રિય અને બુદ્ધિનું સર્જન તૃતીય સ્કંધથી સમજાવ્યું. ચતુર્થ સ્કંધથી ત્રણ ગુણોના ઓછાવત્તાપણાથી થનારી સૃષ્ટિનું નિરૂપણ કર્યું. સ્ત્રી–પુરુષની રચના તૃતીય સ્કંધમાં દર્શાવી. સ્ત્રી–પુરુષની પતિ, પત્ની આદિ સંજ્ઞા સંબંધો ચતુર્થ સ્કંધમાં નિરૂપ્યા. ચતુર્થ સ્કંધ ચાર વિભાગમાં વહેંચાયેલ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મનુષ્યના સ્વભાવ સાથે અને જીવન સાથે ગુંથાયેલા ધર્મો છે. જીવનની વાસ્તવિકતા ધર્માદિ ચાર તત્ત્વોથી સિદ્ધ થાય છે. જીવનની અવસ્થાઓની સુસંગત ને નિયમબદ્ધ વ્યવસ્થા એટલેજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થો.

સાત અધ્યાયના પ્રથમ પ્રકરણમાં ધર્મનું નિરૂપણ કર્યું છે. યજ્ઞ, દાન, તપ આદિ ક્રિયાથી ધર્મનું અનુસંધાન અથવા દર્શન થાય. વેદે યજ્ઞને સાત પ્રકારનો વર્ણવ્યો છે. તેથી પ્રથમ પ્રકરણના સાત અધ્યાયો છે. સતી ચરિત્ર સાત અધ્યાયમાં છે, અને દક્ષ પ્રજાપતિના ઘરની યજ્ઞ કથા તેમાં આવે છે. ધર્મથી અન્તઃકરણની શુદ્ધિ થાય. શુદ્ધ થયેલ અન્તઃકરણ ભગવદ્ ભક્તિમાં રસમય બને. બીજા પ્રકરણમાં ધ્રુવજીના ચરિત્રથી આરાધના અથવા ભગવદ્ ભક્તિનું કથન છે. પાંચ વર્ષની વયમાં ધ્રુવજીએ પ્રભુને મેળવ્યા તેથી, કે પાંચ સ્થલોમાંથી ધ્રુવજીએ અર્થ પ્રાપ્ત કર્યો તેથી ધ્રુવ પ્રકરણના પાંચ અધ્યાયો છે. તૃતીય પ્રકરણના – કામ પ્રકરણના અગિયાર અધ્યાયો છે. તપ કે ભગવદ્ ભક્તિથી વાસનાઓનો સંસ્કાર થાય છે. તેના પરિણામે એકાદશ ઇન્દ્રિયોમાંથી લૌકિક

અભિલાષાઓનું નિવારણ થઇ જાય અને ભગવદ્ વિષયકજ મનોરથો થાય. પરિહિત સેવા સંબંધી ભાવનાઓ ને ક્રિયા થાય. જ્યારે ક્રિયા અને અભિલાષા સ્વયં પોતાની ગતિ અને રીતિ-જીવન શૈલી બદલે અને પ્રકૃતિના સ્વભાવમાંથી છૂટી પડી જાય ત્યારે મુક્તિ ગણાય. એવી મુકિત મેળવવા માટે ભૂમિ, જલ વિગેરે આઠ પ્રકારની પ્રકૃતિમાંથી જીવ વિવેક બલે અલગ થઇ જાય છે. તેનું નિરૂપણ ચતુર્થ પ્રકરણમાં છે, જેના આઠ અધ્યાયો છે.

ચાર પ્રકરણમાં ચાર ચરિત્રો છે. સતી ચરિત્ય, ધ્રુવ ચરિત્ર, પૃથુ ચરિત્ર અને પ્રાચીનબર્હિ ચરિત્ર. સતી ચરિત્ર એટલે અપૂર્વ શ્રદ્ધા અને સેવા; ધ્રુવ ચરિત્ર એટલે અવિચલ વિશ્વાસ અને દૃઢ આશ્રય; પૃથુ ચરિત્ર એટલે યૌવન, ધનનો અલૌકિક કાર્યમાં, ભગવત્ કાર્યમાં અને વિશ્વહિત સાધવામાં વિનિયોગ કરતાં સ્વયં સંતોષ – સંયમથી જીવવું; પ્રાચીનબર્હિષ ચરિત્ર એટલે કર્મ ફ્લાસક્તિ અને કર્મનો પણ ત્યાગ કરી કેવલ તત્ત્વ વિચારમાં જીવનનો અમુક અવસર ગાળવો. સામાન્ય રીતે માનવ જીવનની આ ચાર શ્રેણીઓ છે, જે વિસર્ગલીલામાં ચરિત્ર-કથન દ્વારા સ્પષ્ટ કરી છે અને માર્ગદર્શક તરીકે મૂકી છે.

ચાર પ્રકરણ.

| ધર્મ પ્રકરણ | અર્થ પ્રકરણ | કામ પ્રકરણ | મોક્ષ પ્રકરણ |
|---|---|---|---|
| ૧ થી ૭ | ૮ થી ૧૨ | ૧૩ થી ૨૩ | ૨૪ થી ૩૧. |

### (૧) ધર્મ પ્રકરણ — ૭ અધ્યાય.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અગ્નિષ્ટોમ | ઉક્થ | ષોડશી | અતિરાત્ર | આપ્ત | અયમિ | વાજપેય |

### (૨) અર્થ પ્રકરણ — ૫ અધ્યાય.

| | | | | |
|---|---|---|---|---|
| સાધનથી | સાધ્યથી | મનુના ઉપદેશથી | દોષ નિવૃત્તિથી | ફલ પ્રાપ્તિથી |

### (૩) કામ પ્રકરણ — ૧૧ અધ્યાયથી.

| | | |
|---|---|---|
| પૃથુનું આવિર્ભાવ પ્રકરણ | સર્વકામ પ્રકરણ | સ્વકામ પ્રકરણ. |

### (૪) મોક્ષ પ્રકરણ — ૮ અધ્યાયથી.

| બ્રહ્મભાવ પ્રકરણ | સાયુજ્ય પ્રકરણ |
|---|---|
| ૨૪ થી ૨૮ | ૨૯ થી ૩૧. |

## પ્રથમ પ્રકરણનો પ્રારંભ.

### અધ્યાય ૧ લો. શ્લોક સંખ્યા ૬૬.

બ્રહ્માજી અને મનુ વિગેરેથી કરવામાં આવતી વિસર્ગ સૃષ્ટિનો એકત્રીસ અધ્યાયથી પ્રારંભ થાય છે. તેનું પ્રથમ પ્રકરણ સાત અધ્યાયમાં ધર્મ પ્રકરણ છે. જડ ચેતન પ્રત્યેક પદાર્થ ધર્મ વિનાના સંભવી શકતા નથી. ધૈર્ય ધરામાં ગુણ છે. એ એનો ધર્મ છે. એ રીતે માનવ, દેવ આદિ પણ ધર્મવાળાંજ સંભવે. વિસર્ગ લીલાના પ્રારંભમાં તેથીજ ધર્મ નિરૂપણનો વિચાર કર્યો છે. પ્રથમ પ્રકરણના પ્રથમ અધ્યાયમાં મનુ રાજાની ત્રણે કન્યાના પૃથક પૃથક વંશોનું વર્ણન છે.

**मनोस्तु शतरूपायां त्रिस्रः कन्याश्च जज्ञिरे।**
**आकूतिर्देवहूतिश्च प्रसूतिरिति विश्रुताः ॥ १ ॥**

મનુ રાજાની ત્રણ કન્યાઓ - આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ. આકૂતિ ક્રિયા શકિતનો વાચક શબ્દ છે. દેવહુતિ જ્ઞાન શકિત છે. પ્રસૂતિ ક્રિયા-જ્ઞાન શકિતના મિશ્રણનું પરિણામ છે. મનુ મનનશીલ આત્મા છે. મેધા શતરૂપા છે. **शतं रूपाणि यस्याःसा** સો સ્વરૂપોને ધારણ કરનારી બુદ્ધિ શતરૂપા.

**આકૂતિ અને રૂચિ**

આકૂતિ રૂચિ ઋષિને આપ્યાં. આકૂતિ ક્ષાત્ર બલ છે. રૂચિ સાત્વિક વૃત્તિ, બુદ્ધિ અને ઈચ્છા છે, જે વિપ્રબલ છે. ક્રિયા ઈચ્છાને અનુકૂલ બને છે. સાત્વિક ઈચ્છામાંથી સાત્વિક ક્રિયાઓ બને-યજ્ઞ, જપ, તપ, ત્યાગ, સેવા, ચિંતન વિગેરે. આકૂતિએ યુગલને જન્મ આપ્યો. **સુયજ્ઞ** અને **દક્ષિણા** એ બન્નેની સંજ્ઞા હતી.

આર્યોનું ઔદાર્ય-પુત્રિકા ધર્મથી કન્યાનો સ્વીકાર અને દત્તક વિધાન. જેને પુત્ર આપવો છે તેના કલ્યાણ માટે આપવો. તેની પાસેથી કોઈ વળતર લેવાની જરા પણ વાંછા નથી હોતી. એક ભાઇ અનેક પુત્રવાન હોય; બીજો અપુત્ર હોય, અધન પણ હોય. તેવી સ્થિતિમાં તે પોતાના પુત્રને; ભાઈને પુત્ર તરીકે આપે. સાથે સાથે પિતા તરીકે ગણીને કાકાની સેવા કરવાની શિક્ષા પણ આપે. આવેલ પુત્ર પૂર્ણ રીતે સેવાથી કાકાને તૃપ્ત કરે. પિતાની ખોટ પૂરી કરે. જીવન પર્યન્ત સેવા અને દેહલય થતાં શ્રાદ્ધ કરે. એ કેવલ કૌટુંબિક વાત્સલ્ય તેમજ ઔદાર્યનું ચિહ્ન છે.

પુત્રિકા ધર્મ એટલે કન્યા પરણાવતાં શરત મૂકવામાં આવે- ‘‘આ કન્યાનો પુત્ર સંતાન કન્યાના પિતાને ત્યાં જાય, જો કન્યાને

ભાઈ ન હોય.’’ આ ઔદાર્ય જામાતાનું ગણાય. બંધુત્વ આ ધર્મોમાં સંપૂર્ણ રહેલ છે પરસ્પરના ગુણ ઉપકારના બંધાયેલા રહેવું.

મનુ રાજાને બે પુત્રો હતા; તો પણ પુત્રિકા ધર્મથી કન્યા કેમ આપી એમ જો વિચાર થાય તો તેનું કારણ હતું કે રૂચિ ઋષિને ત્યાં થનાર પુત્ર ભગવાન વિષ્ણુનો અવતાર છે, જેનું મન્વંતર સંચાલનમાં અત્યંત પ્રયોજન છે. માટે પુત્રિકા ધર્મથી કન્યા આપી.

**દેવહૂતિ અને કર્દમ**

દમનશીલ તપસ્વી ઋષિ કર્દમ; દેવોને એટલે ઇન્દ્રિયોના અગિયાર દેવોને સ્વાધીન કરનારી સાત્વિક બુદ્ધિ અને ક્રિયા તે દેવહૂતિ.

નવધા ભક્તિ નવ કન્યાઓ થઈ. દશમા વિવેક સ્વરૂપ કપિલ અવતર્યા. ભકિતમાંથીજ નીર ક્ષીર વિવેક આવે, સાર અસાર સમજ આવે. સમજનો અમલ વિવેક, એજ કપિલ ગણાય.

**નવ કન્યાનાં નવ ઋષિ સાથે લગ્ન:-**

મરીચિને કલા, અત્રિને અનસૂયા, અંગિરાને શ્રદ્ધા, પુલસ્ત્યને હવિર્ભૂ, પુલહને ગતિ, ક્રતુને ક્રિયા, ભૃગુને ખ્યાતિ, વસિષ્ઠને અરૂન્ધતી, અથર્વા ને શાંતિ આપ્યાં.

**અત્રિ અનસૂયા:—**

કુલાચલ પર્વતમાં અત્રિ એક ચરણે તપ આદરી બેઠા છે. ઋષિ ઋષિકુલ તપ, ત્યાગ, સંતોષ, વિદ્યાના ઉપાસનાના અકિંચન વ્રતે વળ્યા છે. અનસૂયા એમની અનન્ય સેવામાં છે. બીજાના સુખ આનંદમાં અસૂયા-અદેખાઇ-વિનાની મંગલ વૃત્તિ ઋષિની અર્ધાંગના છે. એ સમજે છે, ‘‘અદેખાઈ પતનની ઊંડી ખાઇ છે.’’

સતી શ્રી શંકરની અર્ધાંગના છે. એક દિ નારદ અતિથિ થઇ આવ્યા. સતીએ સ્વાગત કીધાં અને પ્રશ્ન પૂછ્યો, "નારદજી કઇ દિશામાંથી?" નારદજીએ ઉત્તર વાળ્યો, "મા સતી! **મહાસતી** માતાને ત્યાંથી". સતીને મહાસતીનું નામ સાંભળી અસૂયા થઇ, "હું સતી અને મારાથી શ્રેષ્ઠ વળી મહાસતી કોણ?" નારદે તો વિદાય લીધી પરંતુ શંકરે ઉદાસીન મુખાકૃતિમાં સતીને જોઇને પૂછ્યું "દેવિ શું છે? કેમ ઉદાસીન છો?" ઉત્તર આપે અવિલંબે, જલદી માને મનાય તો માનિની કોણ મનાય! ના બોલ્યાં, અને બોલ્યાં ત્યારે કહ્યું, "કંઇ નહિ." કુશળ છતાં કોમલ દિલના શિવે પૂછ્યું "દેવિ કેમ કંઈ નહિ? કહોને કામના પૂરી કરીશ." એમ કહીને કામનાથ સજલ નયન બન્યા. સતી વદ્યાં, "સાચેજ મારા પ્રિય હો તો અનસૂયાને સતી બનાવો અને મને મહાસતી બનાવો." માગણી બેહૂદી સાંભળી શંભુ ખિન્ન થયા. પરંતુ જગતમાં કોણ માનુનીને મનાવવા મન ગમતું કરવા ગયું નથી! રઘુનાથ મૃગ પાછળ ગયા.

શંભુ બ્રહ્માને ત્યાં ગયા. ત્યાંજ વિશ્વના વિધાતા પણ પોતાના વિધિમાં ભૂલા પડેલા માર્ગમાંજ મળ્યા. સાવિત્રી પણ એવીજ હઠ લઇ બેઠેલાં, એથી શિવને વાત કહેવા નીકળેલા. વિધિ અને શિવ બન્ને વિષ્ણુને ત્યાં ચાલ્યા. લક્ષ્મીનારાયણને ત્યાં નારદજીએ પ્રવેશ તો કરેલો અને લક્ષ્મીજીએ પણ એજ હઠ લીધેલી, પરંતુ મર્યાદા ને સ્નેહ ક્ષીણ થયેલ નહિ.

દમ્પતીએ આવતા બન્ને દેવોને સ્મિત, સૌમ્ય વદને સત્કાર્યા અને ઉભય આશ્ચર્ય પામ્યા, આ ઘરમાં શાંતિ છે. વિવેકી વિષ્ણુએ પૂછ્યું, "દેવાધિ દેવ! આપે કાંઈ આજે ઘણી કૃપા કરી." દેવો વદ્યા, "જગન્નાથ, દેવીઓ માંગણી કરે છે કે, "મહાસતી અનસૂયાને સતી બનાવો, હમને મહાસતી બનાવો, અને એ માટે અનસૂયા પાસે ન વસ્ત્રે ભિક્ષા માંગો." આ સાંભળી વિષ્ણુ હસ્યા ને બોલ્યા, "ચાલો, ગૃહિણીની કામના પૂર્ણ કરો. હું પણ સાથે આવું. તમારૂં દુઃખ એ મારૂંજ દુઃખ છે ને!"

લક્ષ્મીજીને સ્વામીનો પ્રણય અને સ્વભાવ ગમ્યો, મનમાં ઉપકાર માન્યો ને હૃદયથી આર્દ્ર થયાં. "મારી આશા પૂરવા ચાલ્યા, પરંતુ મારી વાત બહાર ના પાડી. ખરે જીવન-સાથી તો આવોજ જોઇએ." **ગૃહજીવનની વ્યથા જલદી બહાર જઇ મિત્ર જનમાં વર્ણવે તે સ્ત્રી અગર પુરુષ નહિ.** પોતાના ઘરની આગ પારકાને આપવી નહિ અને પારકાની પોતાના ઘરમાં લાવવી નહિ. એ સંસાર જીવનનો સાર છે.

આંગણે અતિથિઓ પધાર્યા છે. ગૃહપતિ અત્રિ તો કુલાચલમાં તપોવ્રત લઇ બેઠા છે. અતિથિઓએ આવી ભિક્ષા માગી, "ભવતિ, અવસ્ત્રે અમને ભિક્ષા દે." મહાસતી સાંભળી વિમાસણ પામ્યાં ને પતિદેવને મનથી પ્રશ્ન પૂછ્યો, "આવી બેહૂદી માંગ કેમ પૂરાય?" હસી પતિએ ઉત્તર દીધો, "આવી આવેલી અણમૂલ તક કેમ જવા દેવાય? દેવિ! માગણી, લાગણી ને નાગણીનો મનમાં વિચાર કરો. દેવોની માગણી છે. એ કેવો રૂડો લાગ આપણને મળ્યો છે. તેવી અણી વારે વારે ના આવે, માટે ના ગણી ના કરતાં ગણકારી પૂરી કરો."

અનસૂયા કહે, "સ્વામિન્ આપ આવું શું વદો છો? આવી માગણી કેમ પૂરાય?" પતિએ સમજ આપી, "દેવિ! મા ગણીને આવ્યા છે. આવો લાગ નથી આવવાનો. અણી સાચવી લ્યો.

આશા પૂરી કરો. જો તમને અન્યથા ભાવ લાગે તો લાગણી ના કરતાં નાગણી થજો. દેવોને દંશ કરજો ને શિક્ષા દેજો કે કોઇને આંગણે આ નૈયતે ન જાય ને ભાવ-જોતાં વહાલ કરી વરદાન દેજો.''

સતીએ જલ હાથમાં લીધું, સંકલ્પ કર્યો કે ''પતિ વિનાના પુરુષ માત્રને સ્ત્રીના સ્વરૂપેજ જોયા હોય તો આ ત્રણ દેવો છ માસના બાળક બનો.'' ત્રણ દેવો છ માસના બાળકો બન્યા. સતીએ ઉત્સંગે લીધા અને અત્રિને ઓવારણાં દીધાં, ''દેવો દીકરા થઇને આવ્યા છે દ્વારે, નાથ! પધારો આપ સત્કારવા.''

ઋષિ આવ્યા. દેવોને દમ્પતીએ સન્માન્યા. પારણે ઝુલાવે છે. સમય પસાર થાય છે, ને પતિદેવોને શોધતી ત્રણ દેવાંગનાઓ અત્રિને આંગણે આવ્યાં. દેવોની બાલ અવસ્થા જોઇ અકળાયાં, પાલવ પાથરી પગે પડયાં, ક્ષમા માગી, ત્યારે અનસૂયાએ આંખ જરા લાલ કરી કહ્યું, ''દેવાંગનાઓ! તમે ભારતની નારીની પરીક્ષા આકરી કરી. હમે મહા પ્રયાસે હમારૂં સતીત્વ સંભાળીએ ત્યાં તમે આવી કપરી કસોટી કરો તો શું થાય? કરો પ્રતિજ્ઞા કે કદિ કોઇની આવી કસોટી નહિ કરીએ.'' દેવીઓએ કબૂલાત આપી. અનસૂયાએ પુનઃ પ્રણમીને કહ્યું, દેવવરો! આપે હમારી ઈજ્જત વધારવા અનુકંપા કરીને આ બાલ રૂપ લીધું છે, તો આપના સ્વરૂપમાં પધારો.', દેવો નિજ સ્વરૂપમાં આવ્યા. ત્રણ યુગલને આ તપસ્વિ યુગલે નવાજ્યું, ભિક્ષા કરાવી. દેવોએ ભિક્ષા કરી પોતાના અંશમાંથી ત્રણ રૂપો દીધાં-તે **દત્ત, દુર્વાસા** અને **ચંદ્ર** થયા.

નવસ્ત્રી ભિક્ષા એટલે વાસના-આશા-વિનાની સેવા. વાસના જેણે જીતી છે, ત્રણ ગુણથી જે પર છે, એવા અત્રિની પત્ની અનસૂયા કે જે અદેખાઇ વિનાની, પરમ પ્રેમમયી સેવા છે. તેના ત્રણ ગુણો કે દેવો પણ બાળક અગર દાસ બને છે. આ છે લોક દંતગાથા, પરંતુ તેમાંય ઘણો ઘણો આ લોક છે.

બ્રહ્માજી જ્ઞાનનું સ્વરૂપ હોવાથી હંસ એટલે વિવેક એમનું વાહન છે. મહાદેવજી યોગનું, તપનું સ્વરૂપ છે તેથી વૃષભ એટલે ધર્મ વાહન તરીકે છે. ભગવાન વિષ્ણુ પ્રેમનું સ્વરૂપ હોવાથી ગરૂડ એટલે ભક્તિનો વાહન તરીકે અંગીકાર છે.

### પ્રસૂતિ અને દક્ષઃ

દક્ષથી પ્રસૂતિને સોળ કન્યાઓ થઈ. આ સોળ કન્યાઓ સોળ કલાઓ સમાન છે. દક્ષ ક્રિયા નિપુણ પુરુષ છે, પરંતુ કેવલ ગર્વ છે તેથી પતન છે.

**श्रद्धा मैत्री दया शान्तिस्तुष्टिः पुष्टिः क्रियोन्नतिः**
**बुद्धिर्मेधा तितिक्षा ह्रीर्मूर्तिर्धर्मस्य पत्नयः ॥૪૯॥**

સોળમાં ૧૩ કન્યા ધર્મને, ૧ અગ્નિદેવને, ૧ પિતૃઓને અને ૧ ભગવાન શિવને આપી.

ધર્મ અને તેર લગ્ન કેમ સંભવે! એમ શંકા ન કરવી. પત્ની એટલે પતિની પ્રતિચ્છાયા અને પતિની ઈચ્છા. પ્રતિચ્છાયા પતિને અનુસરે અને પતિ પત્નીની ઈચ્છાને અનુસરે એવો પરસ્પરનો મંગલ સંબંધ. ધર્મની તેર ક્રિયાઓ તે ધર્મની તેર સ્ત્રીઓ છે. ધર્મની સાથે અનિવાર્ય નિત્ય સંબંધમાં બાર ક્રિયાઓ ન રહે અને કેવલ જો મૂર્તિ કે ચિત્રજીની સેવા એકજ તેરમી ક્રિયા રહે તો ધર્મનો લાભ ધાર્યા પ્રમાણે ન મળે. દક્ષ પ્રજાપતિએ યજ્ઞ નામનો ધર્મ કર્યો, પરંતુ શ્રદ્ધા વિગેરેથી રહિત કર્યો તેથી ધર્મનું ફલ ન મળ્યું. શ્રદ્ધા વિમુખને ધર્મ ન ફળે.
**ध्रुवं कर्तुः श्रद्धा विधुरमभिचाराय हि मखः**

ધર્મ સાથે—

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રધ્ધાથી | શુભ કર્મ બને | શ્રધ્ધા એટલે કાર્યના પ્રારંભથી પરિણામ સુધીની દૃઢ નિષ્ઠા. |
| ૨ | મૈત્રીથી | મનઃ પ્રસાદ રહે | મૈત્રી =નિર્વૈર વૃત્તિ |
| ૩ | દયાથી | જીવન અને જગત નિર્ભય બને | દયા =ભૂત માત્ર પ્રત્યે સમદુઃખિતા |
| ૪ | શાંતિથી | આત્મસુખ મળે | શાંતિ =ચિત્તવૃત્તિની વિવેક શાલિતા. દેવ દર્શનાદિમાં ખાસ ધીરજ |
| ૫ | તુષ્ટિથી | મુદ–આનંદ મળે | તુષ્ટિ =ભોગાદિમાં સંતોષ વૃત્તિ |
| ૬ | પુષ્ટિથી | ઉત્સાહ મળે | પુષ્ટિ =પોતાના ભોગ પર મૂકેલા કાપથી બચેલ બીજાના પોષણમાં આપવું |
| ૭ | ક્રિયાથી | ઉત્કર્ષ આવે | ક્રિયા =અનાલસતા |
| ૮ | ઉન્નતિથી | સામર્થ્ય મળે | ઉન્નતિ=તપ, યોગ આદિમાં પ્રવૃત્તિ |
| ૯ | બુદ્ધિથી | અર્થ–પદાર્થ આવે | બુધ્ધિ =નિશ્ચલ વૃત્તિ. દુઃખ પડે પણ કર્તવ્ય ચલિત ન થવું. |
| ૧૦ | મેધાથી | ઉપકાર સ્મરણ થાય | મેધા =પ્રભુના સ્વજનના ઉપકારોની મીઠી યાદ |
| ૧૧ | તિતિક્ષાથી | ક્ષેમ થાય | તિતિક્ષા=સહિષ્ણુતા |
| ૧૨ | લજ્જાથી | પ્રશ્રય–વિવેકમય થવાય | લજ્જા=અયોગ્ય કાર્યમાં અપ્રવેશ. |
| ૧૩ | મૂર્તિથી | નર–નારાયણ બને | |

મૂર્તિ–ચિત્રજીની, ઠાકોરજીની અને વિશ્વની સેવા એ પરમ ધર્મ છે. તે પૂર્વમાં શ્રધ્ધા વિગેરે બાર ભૂમિકાઓ પસાર કરીને આગળ જવાય.

### **અધ્યાય ૨જો** – શ્લોક સંખ્યા ૩૫

**બીજા અધ્યાયથી** સાતમાની સમાપ્તિ સુધીમાં સતી ચરિત્રનું નિરૂપણ છે. સત્પુરૂષની સાથે વિરોધ કરનારનું પણ સત્પુરૂષ કલ્યાણ કરે છે. દક્ષ કર્માભિમાની છે. અન્યનો ઉત્કર્ષ વેઠી નથી શકતો. અધિકાર, ઐશ્વર્ય, જ્ઞાન, માન, ધન, મેળવી શકે પણ કેળવી ન શકે ને પચાવી ન શકે તે દક્ષ. સભામાં આવે છેલ્લો, બેસવા ચાહે પહેલો, ગુસ્સાનો ઢગલો અને અભિમાનનો દુર્ગ એટલે દક્ષ. પરિણામે પડે, પસ્તાય અને પ્રભુ કૃપાથી સત્સંગ થતાં પલટાય.

**ભગવાન શંકર** સત્સંગ, વિવેકનો પ્રત્યક્ષ અવતાર–અપમાન પચાવે, માન ન ભાવે, ક્રોધ–શોકને સમાવે, સમતોલપણું સદાય જીવનમાં લાવે; અન્યના અપશબ્દમાંથી ગુણાર્થને શુભ આશયને શોધે અને મેળવે. સાધુ એટલે સારગ્રાહી–દક્ષના અમંગલ શબ્દોમાંથી મંગલ ભાવ મેળવ્યો. **मर्कट लोचनः मर्कटान् मर्कटतुल्यान् कृपया लोचते कामान्सम्पादयतीति मर्कटलोचनः** વિષયી અને આચાર શૂન્યને પણ કૃપાથી જોનાર અને તારનાર એવો અર્થ 'મર્કટલોચન' નો શંકરે કર્યો.

કોઈના લગ્નમાં, વિવાહ કાર્યમાં પોતે નિમિત્ત ના થવું. સારૂં થાય તો તેના ભાગ્યને યશ મળે, પણ બગડે તો તરત **અપયશ મળે. नोदिते परमेष्ठिना** બ્રહ્માએ કહ્યું ને મારી કન્યા આપી.

### **અધ્યાય ૩ જો.** શ્લોક સંખ્યા ૨૫.

ત્રીજા અધ્યાયમાં સતી શંકરની સમજની અવહેલના કરી પિતા દક્ષ પ્રજાપતિને ત્યાં જાય છે. સાહસ અને હઠ અસ્થાને થાય છે, ત્યારે આત્મનાશ થાય છે. નીતિ પ્રીતિ વિરૂદ્ધ કોઈ પણ સ્થલે જવું નહિ. દક્ષ પ્રજાપ્રતિએ વાજપેય અને બૃહસ્પતિસવ નામના બે યજ્ઞો કર્યા. વૈદિક યજ્ઞ સાત પ્રકારના – અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉકથ્ય, ષોડશી, અતિરાત્ર, આપ્તોર્યામ અને વાજપેય.

**इष्ट्वा स वाजपेयेन ब्रह्मिष्ठानभिभूय च**
**बृहस्पतिसवं नाम समारेभे क्रतूत्तमम् ॥ ३ ॥**

બ્રહ્મજ્ઞાનીઓને આમંત્ર્યા વિના વાજપેય યજ્ઞ સમાપ્ત કરી બૃહસ્પતિસવ આરંભ્યો. **वाजिपेय** અને **वाजपेय** એવાં બે નામ છે. **वाजि पेयं यत्र स वाजिपेयः** આમિક્ષાનું અવશિષ્ટ જલ **वाजि** નામથી ઓળયાય છે. આમિક્ષા એટલે ચૂલા ઉપર તપાવેલા દૂધમાં દહીં નાખવાથી દૂધ ફાટી જાય તેને આમિક્ષા તરીકે ઓળખાવે છે. **वाजि** નામના દેવોને વાજિન આપવું. આમિક્ષાનું જે જલ તેનું નામ વાજિન. બૃહસ્પતિસવ વાજપેયના અંગ તરીકે છે. વાજપેયના આરંભમાં ને સમાપ્તિમાં કરવામાં આવતો યજ્ઞ એજ બૃહસ્પતિસવ, જે બ્રાહ્મણો માટે મુખ્ય છે. વાજપેય કર્યા વિના બૃહસ્પતિસવ ન થઇ શકે. વાજપેય યજ્ઞ કરીને તેનો અગ્નિ રાખી મૂકવો જોઇએ. દક્ષે તેમ પણ ન કર્યું.

દક્ષનાં પતનનાં કારણ–અસાધારણ અધિકાર, બ્રહ્મિષ્ઠોનું અપમાન, અને કાલગ્રસ્ત ભૂમિમાં યજ્ઞ વિધાન–આ ત્રણ કારણો હતાં.

**સતીની વિજ્ઞપ્તિઃ-**

સાત શ્લોકમાં શંકર ભગવાનને **સતી** પિતાને ત્યાં જવાની વિનંતિ કરે છે. એક શ્લોકમાં પતિ સાથે પિયરમાં જવાની વિનવણી અને છ શ્લોકમાં પિતાના ઘરે જવાની ઉત્કંઠાનું વર્ણન છે. ભાષામાં પિતૃગૃહને **पीअेर** અગર **पियेर** કહે છે. **प्रियहर** શબ્દનું એ શબ્દ રૂપાંતર છે. કન્યા પરણીને સાસરે જાય, પછીથી કોઇ પ્રસંગે અથવા ઉમંગે પતિને લઈને પિતાને ત્યાં આવે, ત્યારે **प्रिय**ને લઇને આવી, તેથી ત્યાંનું નામ **पियहर** પડયું. પતિને સમય ન હોવા છતાં પ્રિયાનો પ્રેમવશ બની સાથે જાય.

**प्रजापतेस्ते श्वशुरस्य साम्प्रतं निर्यापितो यज्ञमहोत्सवः किल।**
**वयं च तत्राभिसराम वाम ते यद्यर्थितामी विबुधा व्रजन्ति हि ॥८॥**

આઠમા શ્લોકમાં અષ્ટવિભૂતિનાથને જાણે સાષ્ટાંગ નમઃસ્કાર સમી સ્તુતિ કરીને વિનવે છે. **प्रजापतेस्ते श्वशुरस्य**– મારા પિતાજીને ત્યાં યજ્ઞ છે એમ કહેવાને બદલે "આપના સસરા પ્રજાપતિને ત્યાં યજ્ઞ છે." કહીને **સતી**એ પતિના સંબંધે પિતાનો સંબંધ છે એમ સમજાવ્યું. **यज्ञमहोत्सव** હોવાથી જવું ધાર્મિક છે, અનિવાર્ય છે અને પુણ્યકાર્ય છે. લૌકિક રીવાજ માટે જવાનું નથી. **किल**– સમાચાર પાકે પાયે છે. **यदि अर्थिता** આપની ઇચ્છા હોય તો જઇએ, આમ કહી પ્રેમાધીનતા દર્શાવી. **वाम** સંબોધનથી દયાલુતાની ભીખ માંગી. પ્રથમ શ્લોકમાં આજીજી છે.

બીજા શ્લોકમાં દામ્પત્ય સુખ ને સ્ત્રીજીવન મનોરથની ઝાંખી કરાવી. પિતાને ત્યાં પતિની સાથે પુત્રીને આવતી જોઇને તેમજ પતિને પત્ની ઇચ્છાની પ્રતિચ્છાયા જોઈ માબાપના ઉરની તૃપ્તિ થાય તેનો આસ્વાદ નારી જીવનના વિજયની કે ગૌરવની સુખસીમા

છે. તેથી કહ્યું **भवताऽभिकामये** આપની સાથે જવા ચાહું છું, **अभिकामये** આત્મનેપદ વાપરી આત્મહિત વર્ણવ્યું.

ત્રીજા શ્લોકમાં માતાના વાત્સલ્ય ભાથાની ભૂખની ગાથા ગાઈ. પતિગૃહ વૈભવ, ધન, માન વિગેરે જીવનનાં સુખો મિષ્ટાન્ન છે; પરંતુ માતૃવાત્સલ્યનું પાન એ તો ભોજનોત્તર મુખવાસનું રસપાન છે, જેનાથી મિષ્ટાન્ન પચે છે. તેથી કહ્યું **क्लिन्नधियं च मातरम्** જતી દીકરીને જોઈ બાપ રડે, પણ આવતી દીકરીને જોઈને મા રડે. કન્યા તો કાળજાની કોર ને આંખની કીકી; તેના વિનાની માની ઉત્સવ–મહોત્સવ ક્રિયા સર્વ ફીકી.

ચોથા શ્લોકમાં ભગવાન શંકરનું તત્ત્વવિત્પણું, પોતાનું પ્રાકૃતિક ધર્માધીનપણું બતાવ્યું. ઉપરાંત પિતૃ પ્રેમનું ધ્યાન આપ્યું. **अभव मे भवक्षितिम्** "સ્વયભૂ! આપને તો પિતા, માતા, જન્મભૂમિ જેવું કાંઈ નહિ, તેથી આપને શો ખ્યાલ આવે ? મને તો બાપની ભૂમિમાં જવા મન તલસે." જ્યારે બાપને તો જરાયે પુત્રીનું અનુસંધાન નથી.

પાંચમા અને છઠ્ઠા શ્લોકમાં ગમનની ઉત્કંઠાનાં પોષક કારણો દર્શાવ્યાં. વળી શંભુને એક એ પણ ઈંગિત થયું કે જેને શરીર સંબંધ ન હોય, સ્નેહ સંબંધ હોય, તેને પણ હૃદય સંબંધને લીધે ચિત્ત ખેંચાય. "આપને તો તે રીતે પણ ચિત્ત આકર્ષણ નથી. જુઓને! આપનીજ નજરે **अभव अन्ययोषित:** કે વિના સંબંધની બીજી પણ સ્ત્રીઓ તેમના પતિઓ સાથે જાય છે. **शितिकंठ** પર કલ્યાણ માટે વિષ પીધું તો આપ મારા ઓરમાનની (ઓરિયાની) પૂર્તિ માટે ફકત અપમાનના ઘુંટડાને ગળી, નીલકંઠ, ચાલોને મારી સાથે. કન્યાનું દિલ તો શું પણ દેહ બાપને ઘેર જવા પ્રાણ શૂન્ય હોય તો પણ પ્રાણવાન બને. નિમંત્રણ તો ત્યાં કે

જ્યાં નિયંત્રણ હોય. સખા, સ્વામી, સત્સંગ, પિતા ને પુણ્ય પ્રસંગમાં જતાં નિમંત્રણની જરૂર ન હોય." **अभियान्ति** કહેવું જોઈએ, પરંતુ **अभियन्ति** કહ્યું. શોકવશને વ્યાકરણનું અનુસંધાન નહિ.

સાતમા શ્લોકમાં કેવલ પ્રણય સાથેના અનુનયની ભિક્ષા છે. **अमर्त्य** દેવાધિદેવ! દેવો તો યાચના કરનારની આશાને પૂરે, તો આપ પણ મારી આશાને પૂરો.

શંકર ભગવાને દશ શ્લોકમાં – ૧૬ થી ૨૬ સુધીમાં – પ્રત્યુત્તર આપ્યો.

નિમંત્રણ વિના જવાય જ્યાં નિમંત્રણ પ્રમાદથી રહી જાય અથવા અભેદ ભાવે ન અપાય. પરંતુ ઈરાદાપૂર્વક જ્યાં નિમંત્રણ રોકાય ત્યાં ન જવાય. **जात जहां आदर नहि, नहि नयनम नेह। तुलसी वहां न जाइए कंचन वर्षे मेह॥**

**विद्या, तप:, वित्त, वपु:, वय:, कुल** આ છ યોગ્યતાઓ સજ્જનોના સદ્ગુણ સમ્પત્તિ બને છે. ખલ પુરુષો તેનાથી જ ઉચ્છૃંખલ બને છે. સજ્જનને **विद्या**થી વિવેક, અસજ્જનને અવિવેક, **तप:** થી સજ્જન આશીર્વાદ આપે, ખલ શાપ આપે. **वित्त**થી સુજન દાન સેવા કરે, ખલ ભોગ વિલાસ કરે. **वपु**થી સજ્જન શીલ સાચવે, ખલ દુ:શીલ આચરે. **वय:** યૌવનથી સમર્પણ કરે, ખલ વિષય સેવન કરે. **कुल**થી નીતિ પ્રીતિ રીતે સંભાળે, ખલ અનીતિ કુરીતિ વિપરીત રીતિને અનુસરે.

શત્રુનાં વિષ બાણ કરતાં ખલનાં વાગ્બાણ વધુ વિષ ભરેલાં હોય છે. બાણ ચર્મને ભેદે, વાગ્બાણ મર્મને ભેદે. બાણનો ઘા રૂઝાય, વાગ્બાણનો ઘા વધુને વધુ ફેલાય.

સંસારી માન સન્માન લોકોપચાર માટે આપે. વિવેકી કે સંતજન તેને પુણ્યોપચાર માને છે. સ્વાગતની ત્રણ રીતિ– **प्रत्युद्गम** સામા જવું. મહાન આવે, ત્યારે કે મનોરાજ્યનો મરાલ આવે ત્યારે સન્મુખ જવું. **प्रश्रय** સમાન આવે ત્યારે સસ્નેહ પ્રશ્નાવલી કરવી, **अभिवादन** ગુરૂ, પિતૃ, અતિથિજન આવે ત્યારે અભિવાદન કરવું. સતીએ પૂછ્યું, 'ત્યારે મારા પિતા આવ્યા તો આપ શા માટે ઊભા ન થયા?" ઉત્તર આપ્યો, "સભામાં કાર્ય ચાલતું ન હતું, તેથી અન્તર્મુખ હતો. તારા પિતાને જોયા ન હતા. સાથે આવીને બેઠા ને બોલવાનો વિવેક કરૂં તે પહેલાં તો અપશબ્દ બોલવા લાગ્યા. વાત વધે નહિ માટે મૌન રહ્યો.

## અધ્યાય ૪થો – શ્લોક સંખ્યા ૩૪

સતીની પતિને ત્યાંથી વૈર નિવારણ માટે વિદાય અને વૈરની આગને બુઝાવવા માટે દેહની આહૂતિનાં દાન કર્યાં. ગૃહસ્થાશ્રમ ઉત્કૃષ્ટ તપોવન છે. દામ્પત્ય યોગ એક અધ્યાત્મ યોગ સાધનાની વનભૂમિ છે. હૃદયનું અદ્વૈત, સહિષ્ણુતા, નાની મોટી ભૂલો અને કટુ શબ્દોને વિસરી જવાં, આપસમાં મહત્ત્વને કેળવવું, ક્ષમાશીલ થવું, પ્રતિક્ષણ પરસ્પરના સુખ સંપાદન માટે આતુર થવું, આન્તર વૈમનસ્ય ન થવા દેવું, દોષદર્શી અને છિદ્રાન્વેષી સ્વપ્ને ન થવું, સ્વભાવ સંભાળ માટે સર્વ કરી છૂટવું, ઉભયના કવાચિત્ક વિચાર ભેદના કલહને કોઇના કાન ઉપર કદિ ન જવા દેવું. એ સાધનાનાં દૃઢતર સોપાન છે. ક્રમવ્યુત્ક્રમે આ સર્વ ચઢવાનાં હોય છે. એકે જતું કરવું અને બીજાને અનુસરવું, એ એનો મહામંત્ર છે. શિવ–સતીના સુભગ

મિલનમાંથી તે અભિવ્યક્ત થાય છે. તેથીજ ભગવાન શંકરે દામ્પત્ય વૈમનસ્ય અને મતભેદની અસર મન ઉપર ન થવા દીધી, જાણ ન થવા દીધી અને સતીને જવા માટે સર્વ પ્રકારની સવલત કરી દીધી. જો સતી જશે તો પિતાને ત્યાં શરીર છૂટશે; રોકીશ તો કૈલાસમાં શરીર છૂટશે. રોકાતાં સતીનું દિલ ઘવાશે અને વૈર વિરમશે. આ સદ્ વિચારે સાનુકૂલ થયા. પોતાના હાથે શૃંગારં, અલંકાર; વેષવસ્ત્રાદિ સામગ્રી સજ્જ કરી સતીને સ્નેહપૂર્વક સુપ્રત કરીને અમી ભરી નજરે સતીને જતી નીરખી લીધી, નંદી તૈયાર કર્યો, સન્માન સાથે વિદાય કર્યા અને આદર્શ ગૃહી પુરુષ તરીકે દુર્લભ શિક્ષા દુનિયાને દામ્પત્ય જીવન પથની વાટ ખર્ચી માટે પાથેય રૂપે દીધી. વ્યાસજીએ કલમમાં ચિતરી લીધી.

**तां सारिकाकन्दुकदर्पणाम्बुजश्वेतातपत्रव्यजनस्रगादिभिः ।**
**गीतायनैर्दुन्दुभिशंखवेणुभिर्वृषेन्द्रमारोप्य विटंकिता ययुः ॥५॥**

"દીકરી બાપના રાજ્યમાં ન માય પણ માની ઘંટીમાં સમાય," એ સૂત્રે દક્ષ અને દક્ષના આશ્રિતે કોઇએ ન સન્માન્યાં, ત્યારે મા, બહેન અને માસીઓ આવીને કુશલ સ્વાગત કરવા લાગ્યાં. સ્નેહનું વિજયિત્વ બતલાવ્યું.

શ્લોક ૧૧ થી ૨૩ સુધીમાં તેર શ્લોકથી સતી પિતાને જીવન વિદાય કાલનો હૃદય સંદેશો આપે છે.

**दोषान् परेषां हि गुणेष्वसाधवो गृह्णन्ति केचिन्न भवादृशा द्विज ।**
**गुणांश्च फल्गून् बहुलीकरिष्णवो महत्तमास्तेष्वविदद्भवानघम् ॥१२॥**

૧. **असाधव :** અ સાધુ – ખલ જનો બીજાના ગુણોમાં દોષોનેજ જોનાર ક્ષુદ્ર વર્ગના. ૨. **केचिन्न भवादृशाः** બીજા વર્ગના–દોષોને ગુણોનો વિવેક કરી જોનાર સાધુઓ **महान्तः**

ગણાય છે. ૩. ત્રીજા – ગુણોનેજ જોનાર, દોષોને કદિ ન જોનાર **महत्तराः** મનાય છે. ૪ ચતુર્થ વર્ગના – દોષોને પણ ગુણોનાજ સ્વરૂપમાં અવલોકનારા **महत्तमाः** તરીકે ઓળખાય છે. ભગવાન શંકરનો ચતુર્થ કક્ષામાં નિવેશ છે.

પ્રિયજનની નિંદા થતી હોય તેના ત્રણ પ્રતીકાર– ૧. કાન બંધ કરી ત્યાંથી ચાલ્યા જવું. ૨. સામર્થ્ય ચાલે તો જીભ ખેંચી કાઢવી. ૩. કાંઈ ન ચાલે તો પ્રાણ ત્યજી દેવો. પણ પ્રિયજન વિરોધ નિંદાને તો જરા મચક ન આપવી.

**छिन्द्यात्प्रसह्य रुशतीमसतीं प्रभुश्चेज्जिह्वामसूनपि ततो विसृजेत्स धर्मः** આ વાકયનો એવો પણ એક અર્થ થાય છે કે જો નિંદકની જીહ્વા છેદતાં તેના પ્રાણ જાય તો તેને હિંસા નામનો દોષ ન ગણતાં ધર્મ ગણવો. બ્રાહ્મણ, સંત સાધુએ કાન બંધ કરી ચાલ્યા જવું. ક્ષત્રિયે જીહ્વા છેદ કરવો. વૈશ્ય, શુદ્રે દેહ ત્યાગ કરવો.

સમાધિના અગ્નિથી શરીર લય કરવાનો હેતુ કે શરીર છૂટયા પછી દક્ષ પ્રજાપતિ પોતાના દેહને અગ્નિ સંસ્કાર કરે તે પણ અસહ્ય હતું. દક્ષે શિવજી ઊભા ન થયા તેવો દાવો તો દેહરૂપી દસ્તાવેજ હતો તેથીજ કર્યોને ! માટે તે દેહજ પુરાવામાં ન જોઈએ કે જેથી પુનઃ દાવોજ ન કરે એમ સમજી દેહ ત્યજ્યો.

### અધ્યાય ૫મો–શ્લોક સંખ્યા ૨૬

નારદજી દ્વારા દેવીનો દેહોત્સર્ગ જાણી વિધિ વિમુખ યજ્ઞનો વિધ્વંસ કરવા વીરભદ્રને મોકલ્યા. સતીના દેહ લય ને પરાજયના સમાચાર શિવજીને સેવકોએ આપ્યા ન હતા, તેથીજ નારદજી સમાચાર આપવા આવ્યા. સતીનો અભિમાની આત્મા શિવમાં

આવ્યો. મહાદેવે તેથીજ તે અભિમાનને માથામાં ન રાખતાં બહાર કાઢી નાખવો જોઇએ એમ જાણી શિખા પછાડી, તેમાંના દ્વેષને અને અભિમાનને જમીન પર પટકયાં. તેમાંથીજ વીરભદ્ર થયા, ને વીરભદ્રેજ યજ્ઞ, યજમાન, પૂષા, ભગ, ભૃગુ વિગેરેને ઘટિત શિક્ષાઓ કરી યજ્ઞનો વિધ્વંસ કર્યો.

### અધ્યાય ૬ઠ્ઠો–શ્લોક સંખ્યા ૫૩

અંગ ભંગ પામી દેવો બ્રહ્માજી સમીપે ગયા. બ્રહ્માજી કૈલાસ પર શિવને વિનંતી માટે દેવો સાથે પધાર્યા. શ્રીમદ્ ભાગવત સર્વમત સમન્વય કરનાર સાહિત્ય છે. માટેજ વૈકુંઠ, કૈલાસ, સ્વર્ગનાં વર્ણન છે. તેમજ વિરાટના સ્વરૂપ વર્ણનથી પણ શિવ, વિષ્ણુને તે તે પ્રસંગોમાં વર્ણવીને એકજ તત્ત્વનું નિરૂપણ કરે છે, ને તે પૂર્ણતત્ત્વ છે. ૯ થી ૨૨ સુધી ૧૪ શ્લોકમાં કૈલાસનું વર્ણન કર્યું છે. કૈલાસ પર્વત એટલે સિદ્ધોનો, વનસ્પતિઓનો, ને મણિઓનો ગજબ ગઢ છે. જન્મસિદ્ધ, ઔષધિસિદ્ધ, તપઃસિદ્ધ, મંત્રસિદ્ધ, અને યોગસિદ્ધ દીર્ઘજીવીઓનું નિવાસ કેન્દ્ર છે. કૈલાસમાંથી શોધ ખોળ કરવામાં આવે તો પૃથ્વીભરમાંથી ન જડે તેટલાં રત્નો આજે પણ મળે તેમ છે. શંકરની નગરીનું નામ અલકા. **अलं कं यस्यां सा** જ્યાં ભોગ યોગ ઉભય વિધનું પૂર્ણ સુખ છે. સૌગંધિક નામનું વન છે. નંદા, અલકનંદા નામની નદીઓ છે. કૈલાસમાં સો યોજન ઉંચાઇ અને ૭૫ યોજન ચારે બાજુ ફરતી શાખાના ઘેરાવાવાળો એક વડ છે.

શ્લોક ૪૨ થી ૫૩ સુધીના બાર શ્લોકમાં અગિયાર શ્લોકથી એકાદશ રૂદ્રાત્મક શિવજીની સ્તુતિ કરી, એક શ્લોકથી યજ્ઞ સિદ્ધિ માટે વિજ્ઞપ્તિ, અને આપનો યજ્ઞભાગ સિદ્ધ બનો તેવી પ્રાર્થના છે. યજ્ઞોચ્છિષ્ટ ઉપર રૂદ્રનો અધિકાર છે. ઉચ્છિષ્ટ એટલે છાંડેલું

એવો અર્થ નથી થતો; પરંતુ સર્વ કરતાં ઉત્કૃષ્ટ જે અવશિષ્ટ રહે છે તે ઉચ્છિષ્ટ. જેમકે દૂધ, દહીં, માખણ પછીથી પણ જે અંતિમ તત્ત્વ ઘી રહે છે તેનું નામ ઉચ્છિષ્ટ. અથર્વ વેદના એકાદશ કાંડના ચતુર્થ અનુવાકના પ્રારંભમાં ઉચ્છિષ્ટનો મહિમા ખૂબજ ગાયો છે.

### અધ્યાય ૭ મો. – શ્લોક સંખ્યા ૬૧.

સાતમા અધ્યાયમાં યજ્ઞ પુરુષનું પ્રાગટ્ય, યજમાનનું સજીવન થવું, યજ્ઞ પુરુષની સ્તુતિ ને પ્રકરણની સમાપ્તિ વર્ણવ્યાં છે.

**नाघं प्रजेश बालानां वर्णये नानुचिन्तये–** પ્રજેશ શબ્દથી સૂચિત કર્યું કે તમે **प्रजेश** છો, તો બાલકોના દોષ તમારા હૃદયમાં યાદ ન રહેવા જોઇએ. મેં હૃદયમાં તે દોષો નથી રાખ્યા. **प्रजापति** દક્ષનું **अज** મસ્તક બનો. પૂર્વ મસ્તક કર્મમય હોવાથી પુનર્જન્મ ને મૃત્યુ વાળું હતું. હવે વૈષ્ણવ યાગ કરેલ હોવાથી જ્ઞાનાત્મક અવિનાશી મસ્તક થયું.

શ્લોક ૨૦ અને ૨૧ માં અષ્ટભુજ **યજ્ઞ નારાયણનું** અષ્ટ વિશેષણથી વસંતતિલકા છંદમાં વર્ણન કર્યું છે.

શ્લોક ૨૬ થી ૪૭ સુધીમાં ઓગણીસ પ્રકારે જુદા જુદા છંદોમાં યજ્ઞેશ્વરની સ્તુતિ કરી છે. દક્ષ યજમાન હોવાથી પ્રથમાધિકારી છે, તેમજ અપરાધી છે; તેથી પ્રથમ સ્તુતિ દક્ષે કરી છે. છંદ વસંતતિલકા છે.

**બીજી** સ્તુતિ **ઋત્વિજોએ** કરી. સત્કર્મ અગર પાપ કર્મ કરનારના જેટલોજ કરાવનાર પણ તેનો ફલભાગી બને છે. એ ન્યાયે જો દક્ષને ઋત્વિજો યજ્ઞ ન કરાવતે, તો તેને ઉત્તેજન ન મળતે; તેથી સ્વાપરાધ નિવારણ માટે ઋત્વિજોએ વસંતતિલકા છંદમાં ક્ષમા માગી.

**ત્રીજી** સ્તુતિ **સદસ્યોની** છે. **सदस्या विधि दर्शिनः** વિધિને દર્શાવનાર સદસ્યો છે. નિરીશ્વર યજ્ઞમાં જનાર અર્થલિપ્સુ સદસ્યો પણ સ્વાપરાધ શુદ્ધિ માટેજ સ્તુતિ કરે છે, મંદાક્રાન્તા છંદ છે.

**ચોથી** સ્તુતિ **રુદ્રની** છે. ભવ રોગ દૂર કરનાર રુદ્ર ગણાય. માલિની છંદ છે.

**પાંચમી** સ્તુતિ ભૃગુ ઋષિની છે. **जीवाः स्वभावतो दुष्टाः** એ ન્યાયથી જીવ તો દોષિત જ છે, કબૂલે છે. મન્દાક્રાન્તા છંદ છે.

**છઠ્ઠી** સ્તુતિ **બ્રહ્માજીની** છે. ભૃગુએ બ્રહ્માદિ માટે બ્રહ્મતત્ત્વ અજ્ઞેય બતાવ્યું. તેના સમર્થનમાં અગર વિરોધમાં બ્રહ્મતત્વનું પ્રતિપાદન કર્યું છે.

**સાતમી** સ્તુતિ ઇન્દ્ર કરે છે. બ્રહ્માજીએ ઇન્દ્રિયગમ્ય મિથ્યા કહ્યું, ત્યારે ઇન્દ્રે પ્રભુના દિવ્ય વિગ્રહનું તથ્યત્વ બતાવ્યું. ઉપજાતિ છંદ.

**આઠમી** સ્તુતિ **પત્નીઓની** છે. ઋત્વિજોની પત્નીઓ **પ્રહર્ષિણી** છંદથી સ્તુતિ કરે છે. **त्र्याशाभिर्मनजरगाः प्रहर्षिणीयम् ।**

**નવમી** સ્તુતિ **ઋષિઓ** કરે છે. રૂચિરા છંદ છે. **जभौ सभौ गुरू रुचिरा चतुर्ग्रहैः ।**

**દશમી** સ્તુતિ **સિદ્ધોની** છે. ભુજંગ પ્રયાત છંદ છે. **चतुर्भिर्यकारैर्भुजंगप्रयातम् ।**

**अयं त्वत्कथामृष्टपीयूषनद्यां मनोवारणः क्लेशदावाग्निदग्धः ।**
**तृषार्तोऽवगाढो न सस्मार दावं न निष्क्रामति ब्रह्मसम्पन्नवन्नः ॥३५॥**

**અગિયારમી** સ્તુતિ **યજમાન પત્નીની** છે. પ્રસૂતિ યજમાન પત્ની છે. આ શ્લોકમાં ભગવાનને **ईश**, **श्रीनिवास**, **अधीश** ત્રણ સંબોધન કરી ત્રણ પ્રકારે પોતાને જ્ઞાન થયું એમ જણાવતાં ત્રણ સંબંધ બતાવે છે. મનુપુત્રી તરીકે, દેવહૂતિની ભગિની તરીકે, તેમજ માતાની સ્વસા–માસી તરીકે જાણીને આપે કૃપા કરી છે. **स्रग्विणी** છંદ છે. **कीर्तितैषा चतूरेफिका स्रग्विणी ।**

**બારમી** સ્તુતિ **લોકપાલોની** છે. શાલિની છંદ છે. **मात्तौ गौ चेच्छालिनी वेदलोकैः**

**તેરમી** સ્તુતિ **યોગેશ્વરોની** છે. અને તે બે શ્લોકોમાં છે. વંશસ્થ છંદ છે. **वीरासिका** છંદ છે. **वीरासिका स्यात्तयुगं यथा अरौ.**

**ચૌદમી** સ્તુતિ **બ્રહ્મની** છે. શબ્દ બ્રહ્મની અથવા વેદની સ્તુતિ છે.

**પંદરમી** સ્તુતિ **અગ્નિદેવની** છે. **तं यज्ञियं पञ्चविधम्**– અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુ અને સોમયોગ. આ પાંચ યજ્ઞાત્મક ઈશ્વરનાં સ્વરૂપ છે. **यजुर्भिः पंचभिः** એટલે **आश्रावयेति चतुरक्षरमस्तु श्रौषडिति चतुरक्षरं यजेति द्व्यक्षरं ये यजामहे इति पंचाक्षरं द्व्यक्षरो वषट्कारः। आश्रावय, अस्तु श्रौषट्, यज, येयजामहे, वषट्,** આ પાંચ મંત્રોથી હોમ થાય છે. ઉપજાતિ છંદ છે. ઈન્દ્રવજ્રા, ઈન્દુવંશા મળીને ઉપજાતિ છંદ બન્યો છે. ત્રીજા ચરણમાં ઈન્દુવંશા છે. **स्यादिन्दुवंशा तयुगं यदा जरौ** ઈન્દ્રવજ્રા **स्यादिन्द्रवज्रा यदि तौ जगौ गः**

**સોળમી** સ્તુતિ **દેવોની** છે. **शिखरिणी** છંદ છે. **रसैरीशैः छिन्ना यमनसभलागः शिखरिणी.**

**સત્તરમી** સ્તુતિ **ગંધર્વોની** છે. **मत्तमयूर** વૃત્ત છે.

**૧૮ મી** સ્તુતિ **વિદ્યાધરોની** છે. વસંતતિલકા છંદ છે.

**૧૯મી** સ્તુતિ **બ્રાહ્મણોની** ત્રણ શ્લોકમાં છે. સ્રગ્વિણી છંદ છે.

> **त्रयाणामेकभावानां यो न पश्यति वै भिदाम् ।**
> **सर्वभूतात्मनां ब्रह्मन् स शान्तिमधिगच्छति ॥५४॥**

૫૪ મો શ્લોક પરમત અસહિષ્ણુતાની વૃત્તિને સદ્બોધ રૂપે છે.

> **इदं पवित्रं परमीशचेष्टितं यशस्यमायुष्यमघौघमर्षणम् ।**
> **यो नित्यदाऽऽकर्ण्य नरोऽनुकीर्तयेद् धूनोत्यघं कौरव भक्तिभावतः ॥६१॥**

ફલશ્રુતિ વર્ણવે છે. તેમજ મતાંતર ભાષા બતલાવવા માટે ૬૦ મા શ્લોકમાં કહે છે કે આ પ્રસંગ મેં ઉદ્ધવજી પાસેથી સાંભળ્યો છે.

યજ્ઞથી એટલે ધર્મથી દ્રવ્ય, દેશ, દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ આત્માની શુદ્ધિ થતાં વિશુદ્ધ સતી મતી થતાં વાસુદેવ ભગવાનમાં પ્રીતિ પ્રકટે છે. ભગવાન સાચા અર્થ સ્વરૂપે લાગે છે. ભકિત–સેવા કરવાનું મન થાય છે. એ ક્રમે ધર્મ પ્રકરણ સાત અધ્યાયે સમાપ્ત કર્યું. સતીનો એટલે બુદ્ધિનો દક્ષનો કેવલ સકામ કર્મનો સંબંધ છૂટયો ને ભગવત્કામ સંકલ્પ શરૂ થયો. એટલે બીજા જન્મમાં હિમાલયને ત્યાં ઉત્તરમાં પ્રાકટ્ય વર્ણવી પ્રકરણ સમાપ્ત કર્યું. ઉત્તર પૂર્વમાં ઉપાસના, જ્ઞાન બન્ને છે.

## ધ્રુવ ચરિત્ર – અર્થ પ્રકરણ

### અધ્યાય પાંચ (૮ થી ૧૨)

પાંચ અધ્યાયમાં ધ્રુવ ચરિત્ર છે. મતિ જ્યારે તપોમયી અને વિવેકમયી બને છે, ત્યારેજ ભગવદ્ રતિની શરૂઆત થાય છે.

તપોમયી એટલે ભોગ વિમુખ અને વિવેકમયી એટલે દોષ દર્શન વિમુખ. ઉભય અવસ્થાઓ સિદ્ધ થતાં પ્રેમમયી મતિ થઈ જાય છે, ત્યારે વિનિયોગ ને ભગવદ્ ગુણાનુવાદ એનો સ્વભાવ બની જાય છે, જે ધ્રુવ ચરિત્રમાં છે. **उत्तानपाद** રાજાની બે પત્ની – **સુરુચિ અને સુનીતિ**. ગર્ભસ્થ જીવ જનનીના ઉદરમાં હોય છે, ત્યારે મસ્તક નીચું અને ઊંચા છતા પગ વાળો હોય છે. શરીરી થઈ સંસારમાં પ્રારબ્ધ ભોગવવા આવે છે. પ્રારબ્ધાનુસાર બુદ્ધિ હોય છે. **सुरुचि** નામની એક બુદ્ધિની પ્રારંભ ભૂમિકા છે. સારા ભોગવિલાસો ભોગવવા અથવા લોકાભિરૂચિ એનો સ્વભાવ હોય છે. પરંતુ વિષાદ કે વિવેક થયા પછી તે **सुनीति** બને છે, જે તેની અપર ભૂમિકા છે. **सुरुचि** ને **उत्तम** પુત્ર થાય છે. ભોગ, સ્વાર્થ જડતારૂપી તમો ગુણનો અંશ વધારે હોય તેથી સેવા અભિમુખ તેની અભિલાષા નથી થતી. **सुनीति** ને **ध्रुव** પુત્ર થાય છે. બુદ્ધિની તે **व्यवसायात्मिका** નામની અમૂલ્ય ભૂમિકા છે. **ધ્રુવ** અફર નિર્ણય છે. સર્વથા ગુણદર્શી ને સેવાપ્રિય સ્વભાવને ધ્રુવ મનાય છે. પાંચ અધ્યાયના આ અર્થ પ્રકરણમાં ધ્રુવજીને પાંચ પ્રકારે અર્થ સિદ્ધિ થાય છે. પ્રથમ અધ્યાયમાં–ચાલુ ૮ મા અધ્યાયમાં–સાધનથી અર્થસિદ્ધિ છે. સાધન એટલે તિરસ્કાર, સદ્બોધ ને તપશ્ચરણ એ ત્રણ સાધન જીવ માત્ર માટે સમાન છે. અંગત આત્મીયથી અપમાન એટલે તિરસ્કાર–એ તો આત્મશુદ્ધિનો સંસ્કાર. તિરસ્કાર પામેલા જીવને વિદ્વેષ અને વિષાદ બે આવે છે. જો સદુપદેશ આપનાર મળી જાય, તો તિરઃસ્કૃત તપોદેશ તરફ, વૈરાગ્ય તરફ ચાલ્યો જાય. ધ્રુવને ત્રણ થયાં–સુરુચિથી તિરઃસ્કાર, માતા અને ગુરૂથી સદુપદેશ–સત્સંગ અને પરિણામે તપશ્ચરણ. અષ્ટમ અધ્યાયમાં તેનું નિરૂપણ છે.

## અધ્યાય ૮ મો – શ્લોક સંખ્યા ૮૨

સૃષ્ટિનો પ્રારંભ બે આદર્શોથી શરૂ થયો છે – ઉર્ધ્વરેતસ્ પ્રજાથી અને અલ્પસંખ્ય પ્રજાથી. ચાર સનત્કુમાર, નારદ, ઋભુ હંસ, અરૂણિ અને યતિ એ નવ પુત્રો નૈષ્ઠિક મનાઃ થયા. ગૃહસ્થાશ્રમી ન થયા, તે અધર્મ નથી કર્યો. ધર્મથી વિરૂદ્ધ આચરણને અધર્મ ગણ્યો છે, જે તો દરેક આશ્રમમાં રહેનાર માટે સામાન્ય છે. તેથી અધર્મના વંશનું કથન કરે છે. શ્લોક ૨, ૩ અને ૪ માં અધર્મના વંશને સંગ્રહ સ્વરૂપે કહે છે. **अधर्मनी** પત્નીનું નામ **मृषा**. અધર્મ આચરનારની વાણી મિથ્યાવાહિની હોય છે. અધર્મ મિથ્યાવાણીનું પરિણામ **दंभ** અને **माया** આવે છે. અધર્મ ખુલ્લો ન પડે માટે ધર્મ આચરણનો સ્વાંગ સજવો પડે છે, અને માયાવી બનવું થવું પડે છે. તેના પરિણામમાં **लोभ** અને **शठता** નો આશ્રય લેવો પડે છે. દંભી થઇ દાન આદિ કાર્ય કરવાં પડે તે માટે ધનની જરૂર પડે તેમ કરતાં લોભી થવાય છે. લોભ શઠતાની સાથેજ રહે છે. લોભ શઠતાના સંગમથી **क्रोध** અને **हिंसा** નો જન્મ થાય છે. હિંસા ક્રોધનું ફલ **दुरुक्ति** ને **कलह** માં આવે છે. કલહ દુરુક્તિનો આખરી હાલ **भय** અને **मृत्यु** છે. ભય મૃત્યુનું છેલ્લું પરિણામ **नरक** અને **यातना** આવશે.





**અધર્મ**-મૃષા, દંભ-માયા, લોભ-શઠતા, ક્રોધ-હિંસા, કલિ-દુરુક્તિ, ને નરક-યાતના એ છ ભુમિકાઓ માનવ જાતને માટે અધર્મ ગણાય. આ છમાંથી બચવાનું નામજ ધર્માચરણ.

**अथातः कीर्तये वंशम्** છઠ્ઠા શ્લોકથી નવા પ્રકરણનો આરંભ કરતાં અથવા ધ્રુવજીના પ્રસંગને શરૂ કરતાં અધર્મ સ્વરૂપ નિરૂપણ પણ પાપ છે. તેની શુદ્ધિ માટે **अथ** મંગલવાચક શબ્દના આરંભે વાક્શુદ્ધિ કરી વર્ણન આરંભ્યુ.

**एकदा सुरुचेः पुत्रमंकमारोप्य लालयन् ।**
**उत्तमं नारुरुक्षन्तं ध्रुवं राजाभ्यनन्दत ॥९॥**

**एकदा** ધ્રુવજીના ભાગ્યોદયનો દિવસ. **आरुरुक्षन्तं** ધ્રુવજી ઉત્સંગ બેસવા આવ્યો છતાં પિતાએ આદર ન કર્યો, ન આશ્રય આપ્યો. **सुरुचिः शृण्वतो राज्ञः** રાજાના સાંભળતાં સુરૂચિએ અપમાન કર્યું. સાવકી માતા અપર સંતાનમાં દ્વેષ કરે એ તો સ્વાભાવિક છે. તે દોષ પાત્ર નથી, તેથી વધુ દોષ પિતાનો છે. માતા સાવકી છે, પિતા નહિ. અપર સંતાનોમાં થતા વૈષમ્યમાં પિતાજ પ્રથમ અપરાધી છે. એક તો પિતાએ બે લગ્ન કર્યાં, ને બીજો અપરાધ વૈષમ્ય વૃત્તિ કરી. વિવેકશીલે એકજ લગ્ન કરવું જોઇએ.

---

**हित्वा मिषन्तं पितरं सन्नवाचम्** પિતાજી દેખે છે ને મૌન લે છે. તેથી ધ્રુવજીને બમણું દુઃખ - પિતાની ઉપેક્ષા અને મૌન જોયાં. **निशम्य तत्पौरमुखात्** સુનીતિએ ધ્રુવ અપમાન સમાચાર લોક મુખથી મેળવ્યા, ધ્રુવ મુખથી નહિ. જો ધ્રુવજી કહે તો પિતૃનિન્દા, માતૃ નિન્દાનું પ્રાયશ્ચિત લાગે ને માતાને નિન્દા શ્રવણનું પાપ લાગે, માટે ધ્રુવ કેવલ રડયા ને મૂક રહ્યા.

સાત શ્લોકમાં (૧૭ થી ૨૩) સતી માનો પુત્રને વિવેક બોધ. વિવેકને ત્રણ ભૂપીઠ-માની કુખ, પિતાનું કુલ ને ગુરુ કુલ. માની કુખમાંથી મળશે, તે બાપના કુલમાંથી ને ગુરુકુલમાંથી પણ નહિ મળે. મા વિશ્વની મહા વિદ્યાપીઠ છે. શીલ, દિલનાં દાન મા કરે છે. કૌશલ્ય, શૌર્યનાં દાન બાપ કરે છે. જ્ઞાન-શાનનાં દાન ગુરુકુલ કરે છે. પણ ઈમાન-સ્વમાન તો માથી મળે છે.

**मा मंगलं तात परेष्वमंस्थाः** " બેટા ! બીજામાં અમંગલ ભાવ કરતો મા ". એ માતાનો મહા મંત્ર હતો. સુનીતિની ખાનદાની ને વિવેક વૃત્તિનો પ્રભાવ હતો. વિવેક, ખાનદાની બીજાને દોષ દેતાં નથી, બીજાનો દોષ જોતાં નથી. તેથી કોઈનો દ્વેષ કરતાં નથી અને પોતાના ઉદ્દેશથી પડતાં નથી.

**भुंक्ते जनो यत्परदुःखदस्तत्** કરશે તેવું ભોગવશે એ વાકય વિવેકના જીગરમાં નથી. એ તો માને છે મેં કર્યું તેનું ફલ મળ્યું. "બેટા! તેં પૂર્વજન્મે સુરૂચિનાં અપમાન કર્યાં હશે, તેનું વળતર મળ્યું. દુઃખ, અપમાન એ તો આપણા કર્મને સ્વભાવની કમાણી છે.

**तमेव वत्साश्रय भृत्यवत्सलं मुमुक्षुभिर्मृग्यपदाब्जपद्धतिम् ।**
**अनन्यभावे निजधर्मभाविते मनस्यवस्थाप्य भजस्व पूरुषम् ॥२२॥**

ભગવાન **भृत्यवत्सल** છે. ભકત શ્રવણ ભજન કરતો પોતાને ઘરે રહીને ભગવાનને ભજે. **भृत्य** નું સર્વસ્વ સ્વામીજ હોય છે.

પોતાનું સર્વસ્વ ત્યજી સેવામાં સતત અને સમીપે રહે છે. **भृत्य** એટલેજ અનન્યાશ્રયી અને નિઃસાધન. પ્રથમ પોષ્ય **भृत्य** અને પછીથી પોષ્ય તે **पुत्र**.

**निश्चक्राम पितुः पुरात्** ધ્રુવજી પિતાના નગરમાંથી ગયા, પણ માતાના જીગરમાં કાયમના રહી ગયા. બાપના પુરમાં ન સમાય, પણ માના ઉરમાં સમાય. બાપના પુરમાં ધન છે, માના ઉરમાં ધર્મ છે. ધન નિષ્ઠુર છે. ધર્મ ઉદાર છે, મૃદુ છે.

૨૫ મા શ્લોકથી નારદજીનો મિલન પ્રસંગ.

માતૃ આશીષે ગુરૂ મળ્યા. માની આશીષ જેને માથે, જગદીશ તેની સાથે, ને સદ્‌ગુરુની તે ઓથે.

**गुणाधिकान्मुदं लिप्सेदनुक्रोशं गुणाधमात् ।**
**मैत्रीं समानादन्विच्छेन्न तापैरभिभूयते ॥३४॥**

શ્રીમદ્ ભાગવતમાં આ શ્લોક બે વખત આવે છે. દીક્ષા શિક્ષાથી ફળે. શિક્ષા વિનાની દીક્ષા નકામી. પુષ્ટિ સમ્પ્રદાયમાં માટેજ શિક્ષાપત્ર છે. સ્વામી નારાયણ સમ્પ્રદાયમાં શિક્ષાપત્રી છે. નારદના ત્રણ સંદેશ :—

(૧) ગુણીઅલને જોઇને પ્રીતિ કરો, અસૂયા નહિ.
(૨) બાલિશ પર દયા કરો, તિરઃસ્કાર નહિ.
(૩) સમાન સાથે સ્નેહ કરો, વૈર નહિ.

**तत्तात गच्छ भद्रं ते यमुनायास्तटं शुचि ।**
**पुण्यं मधुवनं यत्र सांनिध्यं नित्यदा हरेः ॥४२॥**

**तात गच्छ** ગુરુની આજ્ઞા મળી, જવા માટે. **भद्रं ते** આશીષ મળી. **यमुनायास्तटम्** તીર્થ સ્થાનનો નિર્દેશ કર્યો. **पुण्यं मधुवनम्**

પુણ્ય ક્ષેત્રનો નિર્દેશ કર્યો. **सान्निध्यम् हरेः** ભગવાનનું નિત્ય સાન્નિધ્ય બતાવ્યું. શ્રી યમુના તટે મધુવન છે. **तट शुचि** છે. શ્રી યમુનાજીનાં જલ તો અમૃતમય અગર સેવા રસમય છેજ. પરંતુ તટ પણ શુચિ છે. **शुचि** એટલે દિપ્તિમાન. તીર્થમાં શુચિત્વ જોઇએ. સ્નાન, પાન, દર્શન વિના પણ સ્મરણ કરે તેને શુચિ બનાવે છે, તેવો દિવ્ય યમુના તટ છે; તો ધ્રુવજી તમને સ્નાનાદિ સર્વ લાભ મળશે. **पुण्यम्** એટલે **तपस्यम्** તપશ્ચર્યા કરવા માટે સિદ્ધ સ્થલ છે. **मधुवनम्** હોવાથી ત્યાં અવશ્ય ભગવત્કૃપા નેત્રજન્ય અમી મળશે.

ભગવાનનાં નિત્ય નિવાસનાં પાંચ સ્થળ :–(૧) **કુશસ્થલી-દ્વારકા ધામ.** ત્યાં ભગવાન નિત્ય રહે છે. **पश्यन्ति नित्यं यदनुग्रहेषितम्** સ્કંધ ૧-૧૦-૨૭. (૨) **पुण्यं मधुवनं यत्र सान्निध्यं नित्यदा हरेः** **મધુવનમાં** હરિનું નિત્ય સાન્નિધ્ય છે. ૪–૮–૪૨. (૩) **પુલહાશ્રમ.** ગંડકી ગંગા માતાને કિનારે પ્રભુનું નિત્ય સાન્નિધ્ય છે. **यत्र ह वाव भगवान् हरिरद्यापि** ૫–૭–૯. (૪) **મથુરાંજી** પ્રભુનું નિત્ય સાન્નિધ્ય ધરાવે છે. **मथुरा भगवान् यत्र नित्यं संनिहितो हरिः** ૧૦–૧–૨૮. (૫) **શ્રી રંગ ક્ષેત્રમાં** ભગવાન નિત્ય વસે છે. **श्री रङ्गाख्य महा पुण्यं यत्र सन्निहितो हरिः** ૧૦–૭૯–૧૪.

સબીજ અને નિર્બીજ એવા બે ધ્યાન યોગો છે. ભકિત માર્ગમાં સબીજ યોગ છે. ધ્રુવજીને ૪૩ શ્લોક સુધીમાં **યમથી લઇ પ્રત્યાહાર** સુધીની રીત બતાવી, અને શ્લોક ૪૫ થી ૫૦ સુધીના છ શ્લોકોમાં ધારણાનો ખ્યાલ આપે છે. ધારણાના સ્વરૂપનું વર્ણન ૩૨ વિશેષણોથી કરી ૩૨ લક્ષણવાળા પ્રભુનું સ્વરૂપ સમજાવે છે. ષડૈશ્વર્ય સમ્પન્ન હોવાથી છ શ્લોકોમાં

વર્ણવે છે. ૫૧ મા શ્લોકમાં **ધ્યાન** બતાવ્યું અને પર મા શ્લોકથી **સમાધિ** વર્ણવી. ૫૪ મા શ્લોકમાં દ્વાદશાક્ષર મંત્રની દીક્ષા આપી. અનુમતિ, આશીષ, દીક્ષા અને શિક્ષા ગુરુકૃપાની ચાર શ્રેણી છે, તે ધ્રુવજીને માતૃભક્તિ ને આશીષથી મળ્યાં. ધ્રુવજીએ છ માસ તપ કર્યું. દેવો તપથી ધ્રુવજીના સમદુઃખી થઈ ભગવાનને શરણે ગયા. ભગવાને ધ્રુવજીને ત્યાં આવવાનું વચન આપ્યું.

---

## અધ્યાય ૯ મો – શ્લોક સંખ્યા ૬૭

**त एवमुत्सन्नभया उरुक्रमे कृतावनामाः प्रययुस्त्रिविष्टपम् ।**
**सहस्रशीर्षापि ततो गरुत्मता मधोर्वनं भृत्यदिदृक्षया गतः ॥१॥**

**सहस्रशीर्षा अपि** હજાર મસ્તકવાળા ભગવાન છતાં આવ્યા. એક માથાવાળો જ્યારે અભિમાની હોય છે, ત્યારે ભગવાન અનેક મસ્તકવાળા છતાં અપાર કૃપાળુ છે. મસ્તક એટલે જ્ઞાન અથવા અધિકાર એવો ખ્યાલ લેવો. એકાદ પદનો પ્રમુખ થયા પછી પણ મદ થાય છે. પ્રભુમાં મદ નથી. **गरुत्मता** વિલંબ ન થાય માટે પોતાના વાહનથી ભગવાન આવ્યા. **मधोःवनम्**– દુશ્મનને ત્યાં ન જવાય; પરંતુ જો ભક્ત કોઈપણ સ્થલમાં હોય તો અવશ્ય જવાય. તેથી ભગવાન **મધુદાનવના** વનમાં આવ્યા. અન્યથા **मधोर्वनम्**ની જગાએ **वृन्दावनम्** લખી શકાત. વળી **मधोःवनम्** એ અલગ બતલાવીને પણ મધુ દાનવનું વન એમ સૂચવ્યું છે. **भृत्य दिदृक्षया** ભૃત્યનાં દર્શન કરવા આવ્યા, દર્શન આપવા નહિ. ભક્તિની ચરમ સીમા ત્યારે કે જ્યારે પિતા, ગુરૂ, પ્રભુ પગે લાગે તેવી યોગ્યતા સંપાદન કરે. ભલે પગે લાગવા આવે ત્યારે પગે લાગવા ન દે.

**पस्पर्श बालं कृपया कपोले**–વેદાત્મક શંખથી ધ્રુવજીના કપોલને સ્પર્શ કર્યો. **कपोले वसते वाणी** વાણી કપોલમાં વસે છે. તે સુતેલી

વાણીને જાગૃત કરવા શંખ સ્પર્શ છે. **पांचजन्यो वा एष आम्नाय उत्** આ પાંચજન્ય શંખ આમ્નાય એટલે વેદ છે.

**योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां**
**संजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना ।**
**अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन्**
**प्राणान् नमो भगवते पुरुषाय तुभ्यम् ॥६॥**

ધ્રુવજી ૧૨ શ્લોકથી દ્વાદશાક્ષર વિદ્યાના સ્વામીની સ્તુતિ કરે છે. જાણે ભગવાને શંખ સ્પર્શથી બાર સૂર્યનો પ્રકાશ આપી દીધો ન હોય, તેમ તેના બદલામાં ધ્રુવજી બાર શ્લોકથી સ્તુતિ કરતા હોય એમ જણાય છે.

**इमाम् त्वद्गुणवर्णनपराम् वैखरीं** કવિયિત્રી વાણીને આપે આપી છે. તેમજ ભગવત્ સેવા ક્રિયાશીલ અન્ય ઈન્દ્રિયોને પણ આપે બનાવી જ્ઞાન ક્રિયેન્દ્રિયના પ્રેરક બનેલા પ્રાણ સ્વરૂપને પ્રણમું છું.

**या निर्वृतिस्तनुभृतां तव पादपद्म-**
**ध्यानाद्भवज्जनकथाश्रवणेन वा स्यात् ।**
**सा ब्रह्मणि स्वमहिमन्यपि नाथ मा भूत्-**
**किंत्वन्तकासिलुलितात्पततां विमानात् ॥१०॥**

**भक्तिं मुहुः प्रवहतां त्वयि मे प्रसंगो**
**भूयादनन्त महतामलाशयानाम् ।**
**येनाऽ-जसोल्बणमुरुव्यसनं भवाब्धिं**
**नेष्ये भवद्गुणकथामृतपानमत्तः ॥११॥**

ત્રણ આનંદ–યોગીઓનું ભગવચ્ચરણ ધ્યાન, ભક્તોનું ભગવદ્ ગુણ રસ માધુર્યપાન, અને જ્ઞાનીઓનું બ્રહ્મચિંતન. એ ત્રણેમાં ગુણપાન અતિ સુલભ ને મંગલપ્રદ છે, એમ માનીને **भक्तिं मुहुः**ની માગણી કરી. ભક્તિની સિદ્ધિ માટે મહત્પુરૂષ સંગની યાચના કરી.

**वाश्रेव वत्सकमनुग्रहकातरोऽसि** નવ પ્રસૂતા ધેનુને **વાશ્રા** કહે છે. તે જેમ પોતાના નવજાત શિશુને સંભાળે છે, તેજ પ્રકારે ભગવાન ભૃત્યને-ભકત લાલને સંભાળે છે. ભગવાન અનુગ્રહ કરવા માટે તો તત્પર છે પણ મનુષ્ય અનુગ્રહ જલ ઝીલવા કયાં તૈયાર છે?

**वार्ताहर्तुरतिप्रीतो हारं प्रादात्**- મંગલ વધાઇ લઈ આવે, એને મનમાની ભેટે નવાજવો. ખાલી હાથે કદિ પાછો ન જવા દેવો. ઉત્તાનપાદ રાજાએ ધ્રુવ આગમનના સમાચાર લાવનારને હાર આપ્યો. પુત્ર એ પિતાનું હૃદય મનાય છે. હાર હૃદય ઉપર રહે છે, તેથી હાર આપ્યો. હારથી કંઠ શોભે છે. પુત્રથી કુલ શોભે છે. પુત્ર પિતાના કુલ ને કંઠનો હાર છે.

પ્રથમ પિતાને પ્રણામ કર્યા પછી અપર માતાને નમઃસ્કાર કર્યા બાદ બન્ને ભાઇઓ ભેટયા; જ્યારે જન્મદાત્રી માતાને છેલ્લા મળ્યા. પ્રેમ પ્રથમ મળવા માટે ઉતાવળો નથી, બીજાને મળવા દે છે ને સુખ તેમાં પોતે માણે છે. પછી સમય અવશેષ રહે તો પોતે મળે છે. પ્રેમને કિનારે ધીરજનાં નીર છે.

ધ્રુવજીને હાથીણી ઉપર સ્થાપીને રાજા રાજ્યમાં લઇ ગયા.

**यस्य प्रसन्नो भगवान् गुणैर्मैत्र्यादिभिर्हरिः ।**
**तस्मै नमन्ति भूतानि निम्नमाप इव स्वयम् ॥४७॥**

### અધ્યાય ૧૦ મો શ્લોક સંખ્યા ૩૦

ધ્રુવજીનાં બે લગ્ન થયાં. શિશુમાર પ્રજાપતિનાં સુતા **ભ્રમિ** સાથે અને વાયુની કન્યા ઇલા સાથે. ભ્રમિને કલ્પ, વત્સર નામે બે પુત્રો, અને ઇલાને ઉત્કલ પુત્ર. **उत उर्ध्वं कला यस्य सः** ઉર્ધ્વરેતસ થયા. યૌવન કાલમાં ભગવદ્ ભકિતના ઉત્તમ

સંસ્કારોની અસરને લીધે વિરકત અને તત્ત્વનિષ્ઠ પુત્ર થયા. જીવનનો દિવ્ય યજ્ઞ યૌવનમાં સાત્વિકતા અને તાત્વિક નિષ્ઠા.

યક્ષના યુદ્ધમાં ઉત્તમનું મૃત્યું થયું. ધ્રુવજીએ ક્રોધ કરી યુદ્ધ કર્યું. વૈષ્ણવથી વિયોગમાં શોક કે આવેશ પ્રસંગોમાં ક્રોધ ન કરાય; પરંતુ લોકાપવાદ, ભ્રાતૃસ્નેહ, શત્રુવધ, રાજાનું વ્યસન હોય છે. તે ત્રણ કારણથી ક્રોધ થયો. છતાં ભગવદીય તરીકે થયેલા ક્રોધને ભગવત્સ્મરણ બળે સંભાળી લીધો.

### અધ્યાય ૧૧ મો. શ્લોક સંખ્યા ૩૫.

યુદ્ધ કરતાં યક્ષોનો વિનાશ થવા લાગ્યો. સમજાવવા માટે મનુ આવ્યા. ભગવદ્ ભકત ભૂલે છે ત્યારે તેને ભગવાન સંતોનો પ્રસંગ આપી માર્ગદર્શન કરાવે છે. શ્લોક ૭ થી ૩૫ સુધી મનુ મહારાજનો ઉપદેશ છે. વિવેક વૃત્તિથી વૈર વિરમે. " એકના અપરાધમાં એકને શિક્ષા થાય, અનેકને નહિ. ધ્રુવ, તમે અનેકનો વધ કરી દ્વેષ કર્યો ગણાય; તેમજ યક્ષો, ઉપદેવોનો વધ કરી પાપ કર્યું મનાય ".

**नायं मार्गो हि साधूनां हृषीकेशानुवर्तिनाम् ।**
**यदात्मानं पराग्गृह्य पशुवद्भूतवैशसम् ॥१०॥**

હૃષીકેશના પથના પથિકોથી અપથે પગ ન મૂકાય. વૈરને પ્રેમમાં ફેરવે તે વૈષ્ણવ.

ભગવત્પ્રાપ્તિનાં સાધન શ્લોક ૧૩ મો છે.

**तितिक्षया करुणया मैत्र्या चाखिलजन्तुषु ।**
**समत्वेन च सर्वात्मा भगवान् संप्रसीदति ॥१३॥**

પૂજ્ય પુરુષ ને પુણ્ય પુરુષોની સામે **તિતિક્ષા**; નાના અને બાલિશોના આક્રમણાદિ માટે **કરૂણા**; સમકક્ષ ને સ્વજન સંબંધી જન વચ્ચેના મતભેદ આક્રમણાદિ પ્રસંગોમાં **મૈત્રી**; અખિલ જીવ માત્રના પ્રસંગમાં **સમત્વ ભાવ**. આ ચાર પ્રભુની પ્રસન્નતા મેળવવાનાં સાધન.

દુઃખના કારણો :–**केचित्कर्म वदन्त्येनं स्वभावमपरे नृप ।**
**एके कालं परे दैवं पुंसः काममुतापरे ॥२२॥**

**केचित्** મીમાંસકો કર્મને કારણ માને છે. **अपरे** ચાર્વાકો સ્વભાવને કારણ ગણે છે. **एके** પૌરાણિકો કાલને કારણ સમજે છે. **परे** મુહૂર્તમાં માનનારા દૈવ–ગ્રહાદિને નિમિત્ત સમજે છે. **अपरे** વાત્સ્યાયનાદિ કામનેજ હેતુ સમજે છે.

મનુષ્યને ઉતારી પાડવાથી કે ક્ષુદ્ર કહેવાથી ક્ષુદ્ર માર્ગમાંથી નિવૃત્ત નથી થતો. પરંતુ તેના ગુણ, કર્મ, કુલ, શીલની સ્તુતિ કરી, સ્વરૂપ જાગૃતિ કરી સન્માર્ગમાં લઇ જવાય છે, તેનો શ્લોક ૨૮ મો.

**यः पंचवर्षो जननीं त्वं विहाय मातुः सपत्न्या वचसा भिन्नमर्मा ।**
**वनं गतस्तपसा प्रत्यगक्षमाराध्य लेभे मूर्ध्निपदं त्रिलोक्याः ॥ २८॥**

મનુએ વિજ્ઞપ્તિ કરી– **संयच्छ रोषं भद्रं ते प्रतीपं श्रेयसां परम् ।**
**श्रुतेन भूयसा राजन्नगदेन यथाऽऽमयम् ॥३१॥**

---

### અધ્યાય ૧૨ મો – શ્લોક સંખ્યા ૫૨

ધ્રુવ પ્રકરણનો ઉપસંહારઃ— સન્માર્ગે જનારને સ્વયં સંતો આવીને મળે છે. ધ્રુવજી વૈરમાંથી વિરમ્યા કે પરમ ભક્ત શિરોમણિ કુબેર મળ્યા, આશીષ ને વરદાન આપ્યાં, વૈર વિસરવાની ખૂબજ દિવ્ય રીત દર્શાવી, પરસ્પરને પરસ્પરને અહિતના નિમિત્ત ન સમજતાં ત્રીજા કાલ કે દૈવ અગર પોતાનાજ દોષને કારણ ગણતાં પશ્ચાતાપ થાય, આત્મશુદ્ધિ થાય ને વૈર પ્રેમમાં પરિણમે.

**न भवानवधीद्यक्षान्न यक्षा भ्रातरं तव**
**काल एव हि भूतानां प्रभुरप्ययभावयोः ॥३॥**

ધ્રુવજીને પ્રસન્ન થઇ કુબેરે સ્વયં વરદાન માગવા માટે કહ્યું. **वृणीहि कामं नृप**। ધ્રુવજીની વય પાંચ વર્ષની છે, તો **बाल** સંબોધનને બદલે **नृप** સંબોધન કેમ કર્યું ? કુબેર **राजराज** છે, ધ્રુવજી **राजा** છે માટે રાજાને ઉચિત રાજ્ય વરદાન માગવા સૂચવ્યું. ઉત્તરાર્ધમાં **वरं वरार्ह** પદોથી ઉત્કૃષ્ટ વરદાન માગવા સૂચવ્યું. ધ્રુવજીએ વરદાનમાં ભક્તિ માગી.

**स राजराजेन वराय चोदितो ध्रुवो महाभागवतो महामतिः ।**
**हरौ स वव्रेऽचलितां स्मृतिं यया तरत्ययत्नेन दुरत्ययं तमः ॥८॥**

**भागवत** એટલે ભગવાનની ભક્તિ કરે, ભગવદ્ દર્શને જાય તે; પરંતુ સ્વયં ભગવાન જેની સંભાળ લેવા આવે તે **महाभागवत** સમજવો. **महामति** નિશ્ચલ બુદ્ધિ અથવા આત્માભિમુખ મતિને મતિમાન કહેવાય; ભગવચ્ચરણમાં રતિમાનને **महामति** મનાય.

ધ્રુવજીએ વૈકુંઠાધિરોહણ કરતાં માતાને યાદ કરી, જે માતાની આશીષથી ભગવાન મળ્યા, તે માતાને મુકી વૈકુંઠમાં કેમ જવાય ! **સંતાનનું શીલ ભક્તિમય જીવન**, વડીલોને વૈકુંઠ જવાનું વિમાન. **“દુર્માર્ગને ત્યાજે રે સદાચરણે ચાલે, તેના પિતરો સ્વર્ગે રે મહાસુખમાં મહાલે”.**

**स च स्वर्लोकमारोक्ष्यन् सुनीतिं जननीं ध्रुवः ।**
**अन्वस्मरदगं हित्वा दीनां यास्ये त्रिविष्टपम् ॥ ३२ ॥**

ઉત્તમ પુત્ર અને ઉત્તમ શિષ્ય પિતામાતાની અને ગુરૂની ઉત્તમ બક્ષીસ છે. નારદજીનો આનંદ.

**यः पंचवर्षो गुरुदारवाक्शरैर्भिन्नेन यातो हृदयेन दूयता।**
**वनं मदादेशकरोऽजितं प्रभुं जिगाय तद्भक्तगुणैः पराजितम् ॥४२॥**

ધ્રુવજીના ચરિત્રનો મહિમા ૧૨ વિશેષણોથી શ્લોક ૪૪, ૪૫ માં આપ્યો. દ્વાદશાક્ષર મંત્રના જપથી સિદ્ધ થયેલા સંતનો યશ બાર વિશેષણોથી વર્ણવી બારમા અધ્યાયમાં અર્થ પ્રકરણની સમાપ્તિ કરી.

## કામ પ્રકરણ. અધ્યાય ૧૩ થી ૨૩ (૧૧ અધ્યાય)

સતી મતિમાં ભગવદ્ રતિ થતાં પ્રત્યેક વિષયોમાં વિરતિની આવશ્યકતાજ રહેતી નથી. ઇન્દ્રિયોનો વિષય, ભગવાન, પ્રેમ અને તત્ત્વ વિચાર બની ચૂકેલ હોય છે. નિર્વિષય સ્થિતિમાં ઇન્દ્રિયોને મૂકવી કદિ સરળ નથી. ત્રીજા પ્રકરણમાં ઇન્દ્રિયો પોતાનો વિષય અલૌકિક બનાવે છે. ત્રીજા પ્રકરણમાં "યુવા ચરિત" છે. જીવનનો સુવાસ યૌવનના ઉદ્યાનમાં જો વિકાસ પામે તો ઉત્તર અવસ્થા સુધી તે પહોંચે છે. યૌવનની કેળવણી ને સાચવણીનું માર્ગદર્શન ત્રીજા પ્રકરણથી છે. પ્રથમ પ્રકરણના સતિ ચરિત્રમાં સત્સંગ, બીજા પ્રકરણના બાલ ચરિતનો તપઃ પ્રસંગ–એ બન્નેની અસર યૌવન કાલમાં મળે છે. યૌવનમાં કર્તવ્યરત ને સેવારત થતાંજ યૌવન કેળવાય ને સચવાય છે.

## અધ્યાય ૧૩ મો – શ્લોક સંખ્યા ૪૯

વક્તાનું કૌશલ્ય શ્રોતાના હૃદયમાં ઉત્તરોત્તર શ્રવણ લાલસાની જાગૃતિ કરવામાં છે. પૂર્વ પ્રસંગની સમાપ્તિમાં મૈત્રેય ઋષિએ કહ્યું કે નારદજીએ પ્રાચેતસોની સભામાં ધ્રુવ ચરિત્ર વર્ણવ્યું.

તેમના આ કથનમાં પછીના પ્રકરણનો કે પ્રશ્નનો ઉપોદ્ઘાતજ હતો. તેથીજ વિદુરજી આગળ પૂછશે. તેની અવતરણિકામાં વ્યાસજીએ શ્લોક ગાયો.

**निशम्य कौषारविणोपवर्णितं ध्रुवस्य वैकुंठपदाधिरोहणम्।**
**प्ररूढभावो भगवत्यधोक्षजे प्रष्टुं पुनस्तं विदुरः प्रचक्रमे ॥१॥**

ત્રીજા પ્રકરણમાં ઇન્દ્રિય વિજયનો વિષય આવે છે, માટે **भगवति अधोक्षजे** ભગવાન અધોક્ષજમાં પ્રરૂઢ ભાવવાળા વિદુરને દર્શાવ્યા. અધોક્ષજ કામ પ્રકરણના સ્વામી છે. **अक्षज** ઇન્દ્રિય જન્ય જ્ઞાન છે. **अधोक्षज** એટલે જેમનું સ્વતઃ સિદ્ધ જ્ઞાન છે, તે અધોક્ષજ છે.

વિદુરજીએ પ્રશ્નમાં ચાર મહત્ત્વની બાબતો પૂછી–પ્રચેતસ કોણ? કોના પુત્ર? કયા વંશના? સત્ર કયાં કર્યો?

**के ते प्रचेतसो नाम कस्यापत्यानि सुव्रत।**
**कस्यान्ववाये प्रख्याताः कुत्र वा सत्रमासत ॥२॥**

**सुव्रत** સંબોધનથી–ભગવદ્ ગુણ ચર્ચા ગાન આપનું વ્રત છે, તેથી આપનો તો આ સ્વભાવજ છે, એટલે આપને શ્રમ જેવું નહિ લાગે.

પ્રચેતસોની કથાના અવતરણમાં ધ્રુવજીના વંશજોનો મહિમા આવશે અને ભગવાનની ભકત વત્સલતા દેખાશે, **ભક્ત વંશ પરીરક્ષક** ભગવાનનું બિરૂદ જોવા મળશે. ધ્રુવજી પરમ ભક્ત હોવાથી તેમના સમસ્ત વંશજો માટે ભગવાને અને સંતોએ કરેલી કૃપાનું ઉત્તમ દર્શન કામ પ્રકરણના અગિયાર અધ્યાયોમાં છે. ધ્રુવજીથી આઠમા અંગરાજા થયા. ધ્રુવ, વત્સર, પુષ્પાર્ણ, વ્યુષ્ટ, સર્વતેજસ, મનુ, ઉલ્મુક અને અંગ સ્વયં આઠમા. અંગ, વેન, પૃથુ, વિજિતાશ્વ, હવિર્ધાન, પ્રાચીન બર્હી અને પ્રચેતસ. પ્રચેતસો ધ્રુવજીથી ચૌદમી પેઢીએ થયા.

**ઉચ્છૃંખલ સંતતિ**—અંગ જેવા તપસ્વીને ત્યાં વેન જેવો વેદ વિમુખ પુત્ર થયો. પિતાના દોષથી મુર્ખ, માતાના દોષથી દુ:શીલ, પોતાના દોષથી દુર્ભાગી સંતાનો બને છે. સુનીથા અને અંગ રાજા સર્વ પ્રકારે સુશીલ છે. પરંતુ અન્નદોષ, સંગદોષ અને વાતાવરણનો દોષ ત્રણ વેનમાં કારણ છે. માતામહને ત્યાં તેનો જન્મ છે. મૃત્યુ માતામહ છે. મૃત્યુનાં અન્ન; ઘર અને વાતાવરણની અસર વિપરીત થઈ. પ્રજા પ્રસવને અને પ્રજાને ઉદરમાં ધારણને એક દિવ્ય યજ્ઞ તુલ્ય ગણ્યાં છે. બાલક ઉદરમાં આવ્યા બાદ પત્ની તરફ પતિ શૃંગાર ભાવથી ન વર્તે, પરંતુ સ્નેહ આદરથી વર્તે. માતાએ આહાર, વિચાર, સંસર્ગમાં સાત્વિકતાએ જીવવું પ્રસન્નતા સતત સાચવવી; શ્રમશીલ અવે શીલસમ્પન્ન અવશ્ય રહેવું.

**શાસ્ત્રોનું તાત્પર્ય**—શાસ્ત્રનાં બે તાત્પર્ય છે, વિધાન અને સમાધાન. હિત વસ્તુનું ફરમાન કરે, અજ્ઞાત વસ્તુનું ભાન કરાવે, એ વિધાન વાકયો. સમાધાન વાકયો મનને સંતોષ, આશ્વાસ ને ખુલાસાઓ આપે. **कदपत्यं वरं मन्ये** (શ્લોક ૪૬) કુમાર્ગી પુત્રને શ્રેષ્ઠ માનું છું. આ અંગ વાકય આશ્વાસન વાકય છે, વિધિ વાકય નથી; કે જેથી ખલ પુત્રને સજ્જન પુત્ર કરતાં શ્રેષ્ઠ તરીકે મનાય.

---

## અધ્યાય ૧૪ મો – શ્લોક સંખ્યા ૪૬

અંગ રાજાના વિષાદનો વૈરાગ્યમાં પરિણામ, ગૃહત્યાગ, વેનનો રાજ્યાભિષેક, વેનનું ઉન્માર્ગ ગમન અને વેનનું મૃત્યુ આ ચૌદમા અધ્યાયના વિષયો છે.

**વેનનું શાસન** – **न यष्टव्यं न दातव्यं न होतव्यम्** વિશ્વ હિતના ઉત્કર્ષમાં ત્રણ અંગ – યજન, દાન અને હવન. એ ત્રણેના પાલનનો નિષેધ કર્યો. પ્રજાને ઢંઢેરો પીટી ધર્મ કરતાં અટકાવી.

મુનિઓની શિખામણ – શ્લોક ૧૪થી ૨૨ સુધીમાં ઋષિઓએ યજ્ઞ તત્ત્વનું પ્રતિપાદન કર્યું. વેનના હૃદયમાં તે વાત ન ઉતરી. યજ્ઞ એટલેજ વિનિયોગ. તન, મન, ધન ઉપરનું સ્વામિત્વ ઉઠાવી લેવું અને વિશ્વને ચરણે અર્પી દેવું. સમાજની સર્વોદય યોજના એટલે યજ્ઞ. શ્રમજીવી, બુદ્ધિજીવી અને ઉદ્યોગજીવીના ઉદયનો સફલ ને સિદ્ધ પ્રયોગ; સંપન્નની સંપત્તિને સમષ્ટિમાં સ્નેહ અને સમભાવે સમર્પવાની અને સમર્પીને અનાસકત ભાવે રહેવાની હિતભરી રીત; આયુષ્ય, આરોગ્ય, અને ઐશ્વર્યના સંપાદન સંરક્ષણનો અનુભવ સિદ્ધ માર્ગ; ભૌતિક ઉત્કર્ષ સાથે આધ્યાત્મિક ને આધિદૈવિક ઉત્કર્ષની વિકાસઘટક યોજના.

સમાજનો ભૌતિક વિકાસ અન્ન, ધન, આરોગ્ય, સ્નેહ; સંપ અને સહકારથી સધાય. અર્થની અસમાનતા સમાજમાં સંઘર્ષ પેદા કરે તેમજ અર્થની સમાન વહેંચણી આળસુને પોષે, શ્રમને રોકે, જયારે બુદ્ધિમાનને અર્થમાંથી રસ ચાલ્યો જતાં નિષ્ક્રિય બનાવે. તે ન થાય માટે બુદ્ધિ ખૂબજ અર્થ સંપાદન કરે અને યજ્ઞભાવના સંપાદિત અર્થનો વિશ્વની આવશ્યકતાઓને પૂરવા પોષવામાં વિનિયોગ કરાવે.

યજ્ઞથી પ્રથમ પોષણ શ્રમજીવીઓનું. પાંચ પ્રકારના યજ્ઞો – દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ, યોગયજ્ઞ, જ્ઞાનયજ્ઞ ને સંયમયજ્ઞ. દ્રવ્યથી યજન, દાન અને હવન કરવામાં આવે. **यज** એટલે સેવા અથવા સંગતિકરણ. સંગતિકરણ એટલે શ્રમનું, જ્ઞાનનું અને અર્થનું સમાજનાં પ્રત્યેક અંગોની જરૂરિયાતોમાં સર્વથા વપરાવું. ઔષધાલય, દેવાલય, છાત્રાલય, વાસાલય, પુસ્તકાલય આદિનું નિર્માણ એટલે અર્થનું વિભાગી કરણ. સદાવ્રત, અન્નક્ષેત્રની રચના એટલે સમાજનાં અપંગ, અવશ, ને શ્રમસાધક શૂન્ય અંગોવાળા વર્ગની સંભાળ ને ઉછેર, જે અર્થ સાધ્ય છે.

દાન એટલે અર્થ ઉપરથી પોતાની માલિકી ઉઠાવી લઈ પ્રત્યેકને તે મૂકેલી અનામતને સંભાળપૂર્વક પાછી સોંપી દેવાની માનવ માત્ર માટે અત્યાવશ્યક જીવનસરણી. કુટુંબ, સ્વજન, ગામ, દેશ સ્વજનની આવશ્યકતાઓને પોતાની સમજી પોષવાને ઉકેલવાની ભાવનાને ગળથૂથીમાં ભરી દેવી કે જેથી અર્થપતિને અર્થ ઉપરની પ્રભુતાનો અહં ન રહે. દ્રવ્ય માટે દાનતની શુદ્ધિ રાખનાર દાન, સદ્ગુરુ કે સન્મિત્ર છે.

હોમ એટલે અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિને અટકાવી યથાકાલ વૃષ્ટિને લાવનાર સિદ્ધ વિજ્ઞાન. હોમ દ્વારા વાતાવરણની વૃત્તિની પવિત્રતા સધાતી. અગ્નિહોત્રીઓ પ્રત્યેક ગામની ચારે દિશામાં ફરતા વસતા હોય. તેમના થતા નિત્ય યજ્ઞીય હોમના ધૂમ દ્વારા વિશ્વને આરોગ્યનાં પવિત્ર વાતાવરણનાં ને વૃત્તિઓની નિર્મળતાનાં રસાયણો મળ્યાં કરતાં હોય. યજ્ઞથી મેઘ નિયમિત બનાવાતો હોય છે. યથાકાલે વૃષ્ટિ આંવે તે માટેનો યજ્ઞ નભોદેશમાં મેઘનો ગર્ભાધાન સંસ્કાર આચરે અને નિયત કાલેજ વૃષ્ટિને લાવે. આવું અનેક પ્રકારે યજ્ઞથી સમાજનું સંરક્ષણ થતું. સમુહમાં મળતો જગતનો વૈજ્ઞાનિક વર્ગ, બુદ્ધિમાન જ્ઞાની વર્ગ ને પ્રજા વર્ગ, સ્વર્ગ ને અપવર્ગ આ દેહને કેમ સાધી શકે તેની નિત્ય વિચારણા કરતો હોય, એ યજ્ઞનું પ્રાણતત્ત્વ હતું. કુંડ નિર્માણથી આરંભી કુંડ વિસર્જન સુધીની ક્રિયામા પ્રથમ શ્રમજીવી પોષાય. યજ્ઞમાં વપરાતી સામગ્રી દ્વારા આખો ઉદ્યોગ પોષાય. ગાંધી, કંસારો, કાપડીઓ સોની, દરજી, લુહાર, તેલી, તંબોળી વિગેરે સર્વની પોષણની જેમાં વ્યવસ્થા હોય, ત્યાગ ભાવનાઓનો વિકાસ થતો હોય, અને છેલ્લામાં છેલ્લો જ્ઞાનવર્ગ પણ પોષતો હોય, તે યજ્ઞ છે.

જ્ઞાન, કર્મના સંયમને ઓવારે સંપૂર્ણ વિશ્વ ઉતરે, સ્વાશ્રય ને સ્વાધ્યાયનો સુમેળ સાધે ને તે દ્વારા પોતાના સર્વ પ્રકારના

ઉદયને કરગત કરે એવાં નિત્યોદ્બોધન યજ્ઞમાંથીજ મળ્યાં કરે એવા એક વ્યાપક વિશ્વ વિકાસ કાર્યને વેને અટકાવ્યો. મંત્ર, ક્રિયા, હોમ સામગ્રીઓ અને યજ્ઞ પ્રકારનું સૂક્ષ્માવલોકન થતાંજ સમજાય કે તેમાં કલ્યાણની કેવી સફલ ક્રિયાશૈલીઓનો સમાવેશ છે. કોઈ એક વ્યર્થ ઘી, તલ, જવ, પાયસનો એક દેવતામાં દાહ નથી, પરંતુ દારિદ્ર્ય, દુર્દૈવ, દુર્બુદ્ધિ, દુઃખ, દુષ્ટવૃત્તિ, દુર્ભાવ, દુરદૃષ્ટ આદિ દુઃખ મૂલોનો આમૂલચૂડ દાહ છે, અને આર્થિક, બૌદ્ધિક, શારીરિક, સામાજીક વિકાસ છે. વિપ્રોની આ ગાથા વેનને ગળે ન ઉતરી. શ્લોક ૨૧ માં કહ્યું-

**तं सर्वलोकामरयज्ञसंग्रहं त्रयीमयं द्रव्यमयं तपोमयम् ।**
**यज्ञैर्विचित्रैर्यजतो भवाय ते राजन् स्वदेशाननुरोद्धुमर्हसि ॥२१॥**

યજ્ઞ, તપ, દાન, એ તો ચતુર્દશ લોકમાં શોકનો વિનાશક અશોક તરૂ છે. વેદના વિચારોમાંથી તે રોપાયો, સિંચાયો અને સંભાળાયેલો છે.

વિપ્રની જવાબદારી– **ब्राह्मणः समदृक् शान्तो दीनानां समुपेक्षकः ।**
**स्रवते ब्रह्म तस्यापि भिन्नभाण्डात्पयो यथा ॥४१॥**

આત્મવિત્ વિપ્રે કેવલ આત્મ ચિંતનથી જ વિરમવાનું નથી; પરંતુ રાષ્ટ્રના નવ ઘડતર, પુનરૂત્થાન અને સંસ્કાર નિધિના સંરક્ષણમાં ખપવાનું છે.

### ઋષિઓનું ત્રિકાલ દર્શિત્વ જ્ઞાન:

અંગ રાજા વનમાં ગયા. રાજ્ય રાજા વિનાનું થયું. પ્રજાને પીડનાર દસ્યુ વર્ગ વધ્યો, ત્યારે વેનને ગાદી નશીન કર્યો. અંગ રાજા વનમાં ક્યાં છે તે ત્રિકાલજ્ઞ મુનિઓ જાણતા હોવા છતાં બતાવ્યું નહિ. રાજા પાછા આવી કદાચ વેનનોજ અભિષેક કરે,

તો રાજાને અપરાધ લાગે. રાજાના અભાવમાં વેનને અવશ બની ગાદી આપી. વેન અધર્મી છે અને પ્રજાપીડક છે તે અનુભવ પછીથી જ જણાય. તે કારણે ભાવિ જાણવા છતાં વેનને રાજ્ય આપ્યું. વેનનું સ્વરૂપ પ્રકટ થયું. લોકહિત હાનિ કરવા માંડી, જેથી તેનો પ્રજા ત્રાસથી, નિરાશાથી, અને મુનિઓના હુંકારથી નાશ થયો. જીવતા દેહનું મંથન સંભવે નહિ. જ્યાં સુધી અધર્મી પુરવાર ન થાય, ત્યાં સુધી મંથન ન થાય. લોક નજરે પણ અસંગત ગણાય. વેન બલિષ્ઠ હોવાથી તેમ ન પણ કરવા દે. તેથી પ્રાણ ગયા બાદ મંથન કર્યું. સાથળ અને બાહુનું મંથન કર્યું. કામનો વિકાર નાભિના નીચેના પ્રદેશમાં છે. તેટલા અંશનો વેનનો નિરાસ કર્યો. રાજા નિર્દોષ થયો. મંથન એટલે મંત્રોના પ્રયોગ બળે આગન્તુક દોષોની વેનમાંથી નિવૃત્તિ. બીજી વારનું મંથન બાહુનું કર્યું. હૃદયનું મંથન કરે તો સાક્ષાત્ નારાયણનો અવતાર થાય, પરંતુ ક્ષત્રિય તત્વની રક્ષણ માટે આવશ્યકતા હોવાથી બાહુનું મંથન કર્યું. પૃથુ અને અર્ચિને પ્રકટ કર્યા.

## અધ્યાય ૧૫મો–શ્લોક ૨૬

પંદરમા અધ્યાયનો આરંભ **अथ** અવ્યયથી કર્યો. મંગલવાચક તેમજ અન્ય પ્રકરણનો આરંભાર્થક **अथ** શબ્દ છે પૃથુ આદિ રાજા છે ગુણ–શીલ નિધિ એટલે પૃથુ. તેની કીર્તિ, પ્રભુત્વ શકિત તે અર્ચિસ કાન્તિ છે. ક્ષાત્ર તેજ સાથે પૃથુ રાજાનો આવિર્ભાવ થયો પૃથુ રાજાનો અભિષેક થયો. હસ્તમાં ગદા અને ચરણમાં કમલનું ચિહ્ન હોય તો લક્ષ્મી અને અધિકાર બે મળે. વિષ્ણુ ભગવાનનાં તે ચિહ્નો છે. પૃથુમાં તે જોવા મળ્યાં.

**तस्मै जहार धनदः** કુબેરે સિંહાસન આપ્યું. વેનના આસન ઉપર બેસતાં તેનાજ સંસ્કારો આવે, જેથી આસન પરિવર્તન

કર્યું. પૃથુ ભગવદવતાર હોવાથી ઉચ્છિષ્ટ આસન ન અપાય. તેથી અન્ય આસન આપ્યું ઉપાસક સાધક ને શાસકે બીજાના આસન ઉપર ન બેસવું.

**वरुणः सलिलस्रावं छत्रम्**– વરૂણે વૃષ્ટિથી છાયા કરી. મેઘ મંડલ સાનુકૂલ બન્યો. જે પ્રજાને સુખ આપનાર હોય તેને આપણે છત્ર કહીએ છીએ. પિતાને શિર છત્ર કહીએ. મેઘ સર્વનો આધાર ને પોષક છે, તે છત્ર બન્યો.

**वायुश्च वालव्यजने**– પવન પણ પરિમાણ સર આવતો, જેથી વાયુના ઉપદ્રવો ન થાય. **धर्मः कीर्तिमयीं मालाम्** ધર્મથી કીર્તિ બને, તેજ સજ્જનના કંઠની કંઠી ગણાય, સુવર્ણ રત્ન કંઠી નહિ. **इन्द्रः किरीटम्**–ઈશ્વરભાવ મુકુટ છે. **यमो दण्डम्** શાસન સમભાવથી તેમજ શિથિલ નહિ, પરંતુ શીસ્ત કડકાઈ વાળું. **ब्रह्मा कवचम्** વેદ વિશ્વનું કવચ છે, જે વિવિધ રીતે રક્ષા કરે છે. **भारती हारम्** સરસ્વતી કંઠનો હાર છે. **हरिश्चक्रम्** જ્ઞાન ચક્ર છે. **श्रीः सम्पदम्** ભલાઈ મહાલક્ષ્મી છે. **असिं रुद्रः** દશચંદ્ર નામની તલવાર રૂદ્રે આપી. દશ ઇન્દ્રિયોમાં ઉજ્જવલતા દશચંદ્ર અસિ છે. **अम्बिका शतचन्द्रम्** અંબિકાએ શતચંદ્ર તલવાર આપી. **सोमोऽश्वान्** ચંદ્રે અશ્વો આપ્યા. યશસ્વિની ઇન્દ્રિયો અશ્વ છે. **त्वष्टा रथम्** શરીર રથ છે. **अग्निश्चापम्** તેજસ્વિતા ધનુષ્ય છે. **सूर्यो बाणान्** બુદ્ધિ પ્રભાવ વિજયપ્રદ બાણો છે. **भूः पादुके** પૃથ્વી સમાન અચલતા પાદુકાઓ–પગલાં–છે. વિચારપૂર્વકનાં સુનિશ્ચિત કાર્ય પગલાં: **द्यौः पुष्पावलिम्** આકાશે પુષ્પાવલી આપી. **नाट्य, गीत, वादित्र** ને **अन्तर्धान** શકિત ચાર વસ્તુ ખેચરોએ આપી. ત્રણ લાલિત્ય વિકાસ કર્યો. **अन्तर्धान** શકિતથી આત્મ વિકાસ કર્યો. **ऋषयः आशिषम्** આશિષ અમોઘ બળ છે. **समुद्रः शङ्खम्** સમુદ્રોએ લક્ષ્મી આપી. શંખ ભંડારનું નામ છે. **सिंधवः पर्वताः नद्यः**

**रथवीथी** સાગર, સરિતા ઉપર સેતુઓ બાંધ્યા. એ સમયનો વિજ્ઞાન વિકાસ આ શબ્દથી સમજાય છે. પર્વતો ઉપર રસ્તાઓ રચ્યા તે પણ શ્રમ વિકાસ છે.

**तस्मात्परोक्षेऽस्मदुपश्रुतान्यलंकरिष्यथ स्तोत्रमपीच्यवाचः ।**
**सत्युत्तमश्लोकगुणानुवादे जुगुप्सितं न स्तवयन्ति सभ्याः ॥२३॥**

ગુણિયલને ગુણો ગવાતાં નેત્ર સજલ થાય ને ક્ષોભ થાય. પરોક્ષમાં પ્રશંસા પૂર્ણ સમૃદ્ધિ ગણાય. પ્રશંસાથી ડરે તેનેજ પ્રશંસા વરે. **अपीच्यवाचः** મધુર વાણી. સભ્યો સ્તુતિ શ્રવણથી સલજ્જ બને છે, ને જીવન ઘડવામાં સુસજ્જ બને છે.

### અધ્યાય ૧૬ મો શ્લોક સંખ્યા ૨૭

૨૭ શ્લોકથી ત્રણ વિભાગમાં રાજાનો આદર્શ એક મૂર્તરૂપમાં દર્શાવ્યો છે. મુનિઓએ પૃથુ રાજામાં ભાવિ ગુણનું દર્શન કરીને ગાયકો પાસે સ્તુતિના સ્વરૂપમાં મૂક્યા છે.

ધર્મિષ્ઠપણું, ધર્મસેતુનું પાલકપણું, ઉન્માર્ગગામીને શિક્ષણ—આ ત્રણ રાજાનાં પ્રધાન લક્ષણ દર્શાવી ત્રિમૂર્તિ સ્વરૂપ અધિકારને બતાવ્યો.

શ્લોક ૬ થી ૧૩ સુધીમાં અષ્ટ દિગ્ પાલકોના ધર્મોનો સંગ્રહ વર્ણવ્યો. **सूर्यवद्विभूः** પ્રજાનો કર પ્રજાને અનેકગણો વધારી પરત કરે અને સમત્વથી વર્તે. **क्षितिवृत्तिमान्** દયાળુ, સહિષ્ણુ અને પરોપકાર પરાયણ પૃથ્વી જેવો ગુણ વિગ્રહ હોવો જોઇએ. **इन्द्रवत्** ઐશ્વર્યને વૃષ્ટિ સમાન સર્વેને વિના પક્ષપાતે અર્પે. **वदनामृतमूर्तिना** ચન્દ્ર સમાન પ્રસન્ન વદન અને મધુર વચનથી નૃપતિ પ્રજાનું મન જીતી શકે. **प्रचेता इव संवृतात्मा** પ્રજાનાં ગૂઢ હૃદયો, કાર્યો અને ભાવોનો ગુપ્તચર સમાન જાણકાર કારભાર વ્યવસ્થિત કરી શકે. **इस्थितोऽनलः** અગ્નિ સમાન તેજસ્વી અને મલનો દાહ કરનાર. **वायुरात्मेव** ચાર વર્ગની ચતુર આંખોથી ગુપ્ત સંચારને જાણનાર, પણ પોતાના, રાષ્ટ્રના કે મંત્રણાની અન્યને જાણ ન થવા દેનાર. **धर्मपथे स्थितः** દંડમાં યમ જેવો તદ્દન ન્યાય પ્રિય.

શ્લોક ૧૪ થી અધ્યાયની સમાપ્તિ સુધીમાં પોતાના અંગત જીવનના શીલાદિ ધર્મોનું નિરૂપણ છે. માનવ કે નૃપતિના આભ્યંતર જીવનની બહારના જગત ઉપર મોટી અસર કરે છે.

### અધ્યાય ૧૭ મો શ્લોક ૩૬

પ્રજાની ક્ષુધાનું અને પૃથ્વીના પ્રમાદનું નિવારણ ૧૭ મા અધ્યાયનો વિષય છે.

**तन्नो भवानी हतु रातवेऽन्नं क्षुधार्दितानां नरदेवदेव ।**
**यावन्न नङ्क्ष्यामह उज्झितोर्जा वार्तापतिस्त्वं किल लोकपालः ॥११॥**

**अन्न रातवे इहतु** અન્ન આપવા માટે ક્રિયા કરો. **उज्झितोर्जाः** અન્ન વિનાના એવો અર્થ થાય છે. **ऊर्जः** શબ્દના કાર્તિક માસ, ઉત્સાહ, બલ, અન્ન અને પ્રાણ એટલા અર્થો થાય. તેમાંથી પ્રકરણાનુસાર અર્થ લેવો.

પૃથ્વીનું ગાય રૂપે બનવું અને પૃથુનું ધનુષ્ય બાણ લઈ પાછળ જવું એ એક સૂચક વસ્તુ છે. પૃથ્વીની પ્રજા અન્નાદિ ભોગોમાં ને પ્રમાદમાં છે. જ્ઞાન અને ઉદ્યમનો પ્રજામાં સર્વથા અભાવ છે. સંગ્રહ અને મોહનોજ જન સમાજમાં સદ્ભાવ છે. એ સ્થિતિના સમાજ કે દેશનો ઉદય કેમ સંભવી શકે? ગાયની માફક દીન દેખાવમાં છતાં સંગ્રહને બહાર ન પાડતી ને આપતી એક પ્રકારની પ્રજા છે; જ્યારે બીજી પ્રમાદમાં પૂર્ણ ડૂબેલી છે. સંગ્રહને સમર્પણમાં અને આળસુને ઉદ્યોગમાં યોજવા માટે રાજા સ્વયં સાવધાન થઇ પ્રજાને શિક્ષણ અને શાસનથી સાવધ કરવા જાય છે.

સમાજમાં ઉત્પાદનનો અતિશય તે અન્નાદિ પ્રશ્નોને કે ભૂખને ઉકેલી ન શકે; પરંતુ અસંગ્રહ અને અલ્પ જરૂરિયાતો કે આવશ્યકતાઓ ઉપર સંયમ એ વધુ મહત્ત્વનું ઉદય માટેનું કારણ બને છે.

**वसुधे त्वां वधिष्यामि मच्छासनपराङ्मुखीम्** (શ્લોક ૨૨) પૃથ્વીને વસુધા કહી અને શાસન વિમુખ કહીને પ્રજાના બે ગંભીર દોષો કહ્યા. ઈશ્વરમાં અવિશ્વાસને પરિણામે-વસુધા એટલે સંગ્રહશીલ અને શાસન વિમુખ એટલે શિસ્તશૂન્યપણું.

શ્લોક ૨૯ થી ૩૬ સુધીના આઠ શ્લોકોમાં પ્રજા-પૃથ્વીની શરણાગતિનું વર્ણન છે.

---

## અધ્યાય ૧૮ મો-શ્લોક સંખ્યા ૩૨

અઢારમા અધ્યાયમાં પૃથ્વીનું માર્ગદર્શન, પ્રજા રાજાનો સહકાર અને ઉભયના સહયોગે પૃથ્વીમાંથી સમસ્ત વસ્તુઓનું સંપાદન વર્ણવ્યું.

**પૃથ્વીનું દોહનઃ**- જ્ઞાન વિનાનો કોઈ પણ દેશ ગરીબ, પરાધીન, પાંગળો અને આંધળો છે. જ્ઞાન બે રીતે વિજય અપાવે. એક તો વિશ્વબંધુત્વની ભાવનાથી સંતોષ સાથે પોતાનો સંગ્રહ સર્વને આપે; બીજો સમાજનાં આવશ્યક સર્વ સાધનો ને સામગ્રીને સ્વાવલંબનથી સ્વદેશમાંજ પેદા કરે. જ્ઞાનનું અને ઉદ્યોગનું પૂર્ણ સ્થાપન એજ પૃથ્વીનું દોહન છે.

**પૃથ્વીનું માર્ગદર્શનઃ असद्भिरधृतव्रतै** :

**असद्भिरधृतव्रतैः** ઔષધિઓનો સંપન્નોએ ઉચ્છ્રંખલોએ અને રાજાઓએ દુરૂપયોગ કર્યો, જેથી ઔષધિઓ નાશ પામી. **अपालिता अनादृता च भवद्भिर्लोकपालकैः** લોકપાલો એ બંધારણ (Constitution) અને જ્ઞાન વિદ્યા ને યજ્ઞાનુષ્ઠાનની ઉપેક્ષા કરી તેથી પ્રજાને આપત્તિ આવી. તમે પૃથ્વીનું દોહન કરો. પ્રજાની

સંપત્તિ અને પ્રજાનો ઉદ્યોગ પ્રજાની પાસે રાખી તેનો સર્વાંગ વિકાસ સાધી કરભારણ વધુ ન થઈ પડે તે રીતે પ્રજાના વિકાસ માટે કર સ્વીકાર કરવો એ દોહન છે. પૃથુના રાજ્યનો પ્રથમ આદર્શ હતો કે ખજાના તે પ્રજાના ગણાતા, નહિ કે રાજાના.

**પૃથ્વી દોહન વિધિઃ—**

વિવિધ પ્રકારની વિશિષ્ટ સમૃદ્ધિઓ પ્રજાને તે તે ક્ષેત્રો અને સાધનો દ્વારા વિકસાવી પૂરી પાડવી એ પૃથ્વીનું દિવ્ય દોહન હતું. વિધાન અને વિજ્ઞાન એમ બે પ્રકારે પ્રજાનો વિકાસ કર્યો. મનુ રાજા વત્સ થયા. દૂધ પ્રાપ્ત કરવામાં જે નિમિત્ત છે, તેને વત્સ કહેવાય છે. ભાવિના રાજાઓના રાજ્ય ચાલનમાં માર્ગદર્શક બંધારણ એ દૂધ છે. **पाणौ अदुहत्** હાથરૂપી પાત્રમાં દૂધ દોહી લીધું-એટલે પાલન, શાસન ને વ્યવસ્થાપન શકિતમાં સામર્થ્ય ને હસ્ત લાઘવ જેના હાથમાં સુલભ હતાં.

ઋષિઓએ **बृहस्पति** ને વાછરડા બનાવ્યા. વત્સ એટલે જેના દ્વારા જ્ઞાન મળે તે નિમિત્ત ભૂત આચાર્ય. દૂધ એટલે વિશ્વનું પોષણ કરનાર વેદ. ઋષિઓ એટલે ભાવિ દર્શીઓ અને વિશ્વહિત ચિંતકો. બૃહસ્પતિને ભગવાનની વિભૂતિમાં ગણ્યા છે. વિરકત, મેધાવી, તપસ્વી, શીલ સમ્પન્ન આચાર્ય દ્વારાજ વિજ્ઞાન, જ્ઞાન સ્થાપી તેમજ આપી શકાય. શાસન અને શાસ્ત્ર એ બે સમાજના ઉત્કર્ષનાં અંગ હતાં. તે બન્નેના વિધાતા મનુ ને બૃહસ્પતિ થયા.

દેવોએ **इन्द्र** ને વત્સ બનાવ્યો. **सोम** રસ દુધ છે. સોમવલ્લી જે કુરૂક્ષેત્રની પાસેના પ્રદેશમાં થાય છે. તેની શોધ કરી વિકાસ કર્યો. સોમરસ ત્રણ શકિતઓ આપેઃ- **वीर्यम्** મનશકિત, **ओजस्** ઇન્દ્રિય શકિત, **बलम्** શારીરિક શકિત. પ્રજા માત્રનાં ત્રણે ત્રણ બલિષ્ઠ બનાવ્યા.

દૈત્યોએ પ્રહલાદજી દ્વારા સુરાનું દોહન કરી લીધું. પ્રહ્લાદજી કોઈ દૈત્ય હતા, ભકતરાજ પ્રહ્લાદ નથી ગણ્યા. સુરા ત્રણ રીતે બને છે. આસવ બાર પ્રકારે થાય છે, જે ઔષધ માટે શોધ્યાં.

ગંધર્વો અને અપ્સરાઓએ **विश्वावसुने** વત્સ બનાવ્યા, અને સૌંદર્ય તેમજ માધુર્ય સંપાદન કર્યાં.

પિતૃઓએ **अर्यमा** ને વત્સ બનાવ્યા. **कव्य** નામનું પિતૃઓનું અન્ન-દૂધને સંપાદન કર્યું.

સિદ્ધોએ **कपिलने** વત્સ બનાવ્યા, અને અણિમાદિ અષ્ટ સિદ્ધિઓના દૂધને મેળવ્યું. દૂર દર્શન શ્રવણ - રેડીઓ (Radio) અને ટેલીવીઝન (Telly – Vision) વિમાન વગેરે વિજ્ઞાન શક્તિઓ કપિલ યોગીરાજ દ્વારા મળી, જે ભૌતિક તેમજ આધ્યાત્મિક શક્તિઓ છે.

વિદ્યાધરોએ **कपिल** વત્સ દ્વારા **ખેચરી** વિદ્યા મેળવી.

કિંપુરુષોએ **मयने** વત્સ બનાવી સંકલ્પિત પદાર્થ માત્રની સિદ્ધિ મેળવી.

યક્ષ રાક્ષસાદિએ **रुद्रने** વત્સ બનાવ્યા. રૂધિરથી સર્વ શકિતઓ આવે છે. તેવા દૂધને મેળવ્યું. સર્પ આદિઓએ **तक्षकने** વત્સ બનાવી વિષનું દુધ રૂપે દોહન કર્યું વિષ પણ ઔષધમાં કામનું છે. **अहि** ફણા વિનાના સર્પો, **दन्दशूका**: વીંછી વિગેરે **सर्पाः** ફેણવાળાઓ, **नागाः** અજગરોની મોટી જાત.

પશુઓએ **गोवृष**-વૃષભને વત્સ બનાવી યવસ-લીલાં ઘાસ રૂપ દૂધનું દોહન કર્યું. ક્વ્યાદોએ **क्रव्यने** અને પંખીઓએ **सुवर्ण** ગરૂડજીને વત્સ બનાવી ક્વ્ય તેમજ ફૂલ ફલાદિ મેળવ્યાં.

વનસ્પતિઓએ **वट** વૃક્ષ દ્વારા રસ રૂપ દૂધ અને પર્વતોએ **हिमालयने** વત્સ બનાવી સપ્તધાતુ અને રત્નોની ખાણો મેળવી. આજે પણ હિમાલયમાં એવી રત્નોની ખાણો છે.

પંદર પ્રકારના વાછરડા બનાવી પંદર જણે પૃથ્વીની પ્રધાન આવશ્યક વસ્તુઓ મેળવી પ્રજાને આબાદ બનાવી.

---

## અધ્યાય ૧૯ મો – શ્લોક સંખ્યા ૪૨

સો અશ્વમેધ યજ્ઞોનો પ્રારંભ, યજ્ઞમાં ઈન્દ્ર રાજા તરફથી વિક્ષેપ અને ઈન્દ્ર સાથે સંધિનો પ્રસંગ આ અધ્યાયમાં વર્ણવ્યો.

**अथ** અવ્યયથી પ્રકરણ આરંભ્યું. પૃથ્વી ઉદયનાં બે સાધનો–એક ભૌતિક અને બીજું દૈવિક. ધન અને અન્નનું વિભાજન, પ્રજાના ઉદ્યોગોનું સંવર્ધન, ગામ-નગર-પુર આદિ રચન, પૃથ્વીનું સમીકરણ–આ સાધનો સમાજના સ્થૂલ પ્રશ્નોને ઉકેલી લે; જેના પરિણામે પ્રજાનો અર્ધો સંતોષ સ્વયં થઇ જાય. બાદ શીલ, સ્વભાવ, લોભ આદિ ગુણકૃત અને અજ્ઞાનકૃત ક્લેશનું નિવારણ આધિદૈવિક ઉપાયોથી થઇ શકે. નહેર યોજના તે ભૌતિક ઉત્કર્ષની પરાકાષ્ઠા; પરંતુ નિયમિત અને સુપૂર્ણ વૃષ્ટિ નહેરોની આ જીવિકાઓ મનાય. તેવી લોકમાતાઓ નહેરોની પૂર્તિ કરે. યજ્ઞાદિ વિજ્ઞાન સાધનો સંતોષપ્રદ વૃષ્ટિ આપે. પ્રજા ઉદય સધાય, એ વિચારે નૃપતિએ યજ્ઞો આરંભ્યા. **अथ** અવ્યયે એ સૂચવ્યું કે હવે દૈવિક ઉપાયોની રાજાએ શરૂઆત કરી. **ऊहुः सर्वरसान्नद्यः** નદીઓ સર્વ રસોને વહન કરતી હતી. આ શ્લોકથી આરંભી પૃથ્વીના ઉત્કર્ષનું નિરૂપણ છે.

ઈન્દ્રનો વિક્ષેપ:— પૃથ્વીની રાજ્ય રચના, પ્રજા સુખ, અનંત વૈભવોથી ઈન્દ્ર રાજાને અસૂયા થઈ. સંગ્રહસુખ વર્ગને સામૂહિક ઉત્કર્ષ ન ગમે, તેનો વિરોધ કરવો શરૂ કર્યો. ઈન્દ્ર સીધો વિરોધ ન કરે, પણ અન્યાન્ય પ્રસંગો ઉભા કરી કાર્યમાં વિક્ષેપો કરે. વિજીતાશ્વે ઈન્દ્ર પાસેથી ત્રણ વખત અશ્વને પાછો આણ્યો. ચોથી વખત ઈન્દ્રે અશ્વાપહરણ કર્યું. પૃથુ રાજાએ બાણ સજી ધનુષ્ય ઉઠાવ્યું. વિપ્રોએ યજ્ઞનો વિરોધી ક્રોધને રોક્યો. ઈન્દ્ર સાથે સંધિ કરાવી. સત્તા અને અર્થનો સહકારજ વિશ્વના કલ્યાણમાં ફાળો આપી શકે.

## અધ્યાય ૨૦ મો. શ્લોક સંખ્યા ૩૮.

ભગવાનનું પ્રાકટ્ય, વરદાન પ્રદાન, ઇન્દ્ર મૈત્રી, અને નિર્વૈર ભાવનું નિરૂપણ આ વીસમા અધ્યાયમાં છે.

**पुरुषा यदि मुह्यन्ति त्वादृशा देवमायया ।**
**श्रम एव परं जातो दीर्घया वृद्धसेवया ॥४॥**

મહા પુરુષોના પ્રસંગ પછી મોહ એ તો સેવા માર્ગનો વ્યર્થ પરિશ્રમ મનાય. અલ્પકાલ પણ પુણ્ય પુરુષોનો સંગ થતાં મોહ નિવૃત્તિ સહજ થાય. આ સંદેશો વિશ્વ માત્ર માટે છે.

**प्रस्थानाभिमुखोऽप्येनमनुग्रहविलम्बित: ।**
**पश्यन् पद्मपलाशाक्षो न प्रतस्थे सुहृत्सताम् ॥२०॥**

ભગવાન વિદાય થવા તૈયાર થયા, પરંતુ પૃથુ રાજાના ઉપર અનુગ્રહ કરવા સ્વયં પ્રયાણમાં વિલંબ કરવા લાગ્યા. ૨૦ થી ૨૪ મા શ્લોક સુધીમાં પૃથુ રાજાનું દૈન્ય જોવા મળે છે. વરદાન યાચનની દક્ષતા પૃથુની ૨૪ મા શ્લોકમાં છે.

**न कामये नाथ तदप्यहं क्वचिन्न यत्र युष्मच्चरणाम्बुजासवः ।**
**महत्तमान्तर्हृदयान्मुखच्युतो विधत्स्व कर्णायुतमेष मे वरः॥२४॥**

કૈવલ્યમાં પણ પૃથુને રસ નથી. ગુણ કીર્તન-શ્રવણ રસ કૈવલ્યમાં નથી. ગુણાનુવાદ રસ વૃષ્ટિના જલની માફક ભિન્ન પાત્રોમાં જવાથી સ્વાદ બદલે છે. વકતા ભગવદ્ રસ ઝીલનાર પાત્ર છે. તેના વીસ પ્રકાર છે. તલાવ, સરોવર, નદી, નહેર કે મહાસાગરના પાત્રોમાં વરસેલ વારિ તેમના સ્વભાવ પ્રમાણેનાંજ સ્વાદિષ્ટ જલ આપે છે. ભગવદ્ ગાથા રસ પણ **महत्तमान्तर्हृदयान्मुखच्युत:** મહત્તમ પુરુષોના અંતર હૃદય દ્વારા પ્રકટી મુખમાંથી આવેલ હોય તેજ પીવો. મહાન, મહત્તર અને મહત્તમ એવા ત્રણ ભેદ. સૂત મહાન્, નારદજી મહત્તર, પરંતુ શુકદેવજી મહત્તમ છે,

**गुणातीततया शुद्धान् सच्चिदानन्दरूपिण:**
**सर्वानेव गुणान् विष्णो वर्णयन्ति विचक्षणाः**
**तेऽमृतोदाः समाख्याताः तद्वाक्पानं सुदुर्लभम्**

ભગવાનના કેવલ વિશુદ્ધ ગુણોને ગાનાર નિવૃત્તતર્ષ શુકદેવજી સમાન વકતાઓ અમૃતના મહા સાગરો છે. એમના મુખારવિંદનાં ગુણપાન સર્વશ્રેષ્ઠ છે.

## અધ્યાય ૨૧ મો – શ્લોક સંખ્યા પ૨

યજ્ઞોની સમાપ્તિ કરી બ્રહ્માવર્તમાંથી રાજધાનીમાં પૃથુએ પ્રવેશ કર્યો. પ્રજાએ સત્કાર કર્યો. પ્રજાનું પાલન અને અધિવેશનમાં પૃથુના નિવેદનનો પ્રસંગ ૨૧મા અધ્યાયથી થશે.

**પૃથુનું યશ : यद्विक्रमोच्छिष्टमशेषभूपा:** પૃથુના રાજ્ય વહીવટ, પ્રજા પ્રેમ, પ્રજોત્કર્ષમાં રસ વિગેરે સામે સમસ્ત પૃથ્વી પતિઓ એક નાનેરા બાલક જેવા છે.

**પૃથુની રાજધાની-गंगायमुनयोर्नद्योरन्तराक्षेत्रमावसन्-** ગંગા યમુનાની મધ્યનો પ્રાન્ત બ્રહ્માવર્ત ગણાય છે. પૃથુ રાજાએ ત્યાં રાજધાની સ્થાપી.

**રાજ્યનો આદર્શ - अन्यत्र ब्राह्मणकुलादन्यत्राच्युतगोत्रत:-** બ્રાહ્મણ અને વૈષ્ણવમાં પૃથુનું શાસન ન હતું, કારણ કે માર્ગમાંથી જરા પણ ન ચૂકે તેજ બ્રાહ્મણ અને વૈષ્ણવ હતા. વિપ્ર વૈષ્ણવો કેવલ ત્યાગ ને લોકહિતમાં જીવતા, તેથી શાસનનો પ્રસંગજ ન હતો.

શ્લોક ૧૪ થી ૧૯ સુધીના છ શ્લોકમાં ષડ્ગુણ સંપન્ન પૃથુનાં-મહાપુરુષનાં-લક્ષણ, સ્વભાવ, ગુણ, વેષ, વિગેરેનો પરિચય આપે છે. પૃથુ રાજા રાજર્ષિ, બ્રહ્મર્ષિઓના એક મહાધિવેશનમાં પ્રજા સમક્ષ નિવેદન કરે છે. નિવેદનમાં આદર્શ રાજાનું સ્વરૂપ ને મહત્ પુરુષનું દૈન્ય નજરે પડે છે. બત્રીસ લક્ષણ પરિપૂર્ણ પૃથુ

રાજાના વર્ણન માટે ૭ શ્લોકમાં ૨૫ વિશેષણો આપ્યાં છે. **नियमे न्यस्तभूषण:** નિયમમાં હોવાથી અલંકારો રાજાએ ધારણ કર્યા નથી. રાજાના પરિચાયક લક્ષણોમાં હીરા, રત્ન આદિ અલંકારો પહેર્યા નથી. રાજાના આ વર્ણનમાં એક નૃપતિના આદર્શ જીવનનું ને નૃપતિના સમસ્ત વિશિષ્ટ ધર્મોનું નિરૂપણ છે. આદિરાજ તરીકે આવશ્યક હોવાથી શ્રીમદ્ ભાગવતમાં એકજ સ્થળે આપ્યું છે.

રાજાનું નિવેદન :—

**પ્રવચનની ભાષા–चारु चित्रपदं श्लक्ष्णम् मृष्टं गूढमविक्लवम् ।** **चारु** શ્રોત્રને પ્રિય લાગતું. **चित्रपदम्** આલંકારિક વાણી. **श्लक्ष्णम्** મધુરાક્ષર, **मृष्टम्** શુદ્ધ વાક્ય. **गूढम्** ગંભીર અર્થવાળું. **अविक्लवम्** શીઘ્ર અર્થ બોધક વાક્ય. સુત્રનાં ૭ લક્ષણો હોવાથી ૭ પ્રકારનાં વિશેષણો વર્ણવ્યાં.

શ્લોક ૨૧ થી ૪૪ સુધી પૃથુ ત્રણ વિભાગમાં નિવેદન કરે છે–રાજાનું સ્વરૂપ–ફરજ, પ્રજાને માર્ગદર્શન, અને ઇશ્વરનું પ્રતિપાદન. રાષ્ટ્રનું સાફલ્ય અને રક્ષણ એ શાસનના ઓછામાં ઓછા પ્રયોગે, કેવલ ધર્મના અવલંબને ચાલતાં, થઈ શકતું હોવાથી ધર્મ પ્રધાન રાષ્ટ્ર જોઈએ. રાષ્ટ્ર એ એક ધર્મનો નાનો અંશ છે. ધર્મવ્યાપક રક્ષક હિતકર રાજા છે.

“ સભ્યો ! આપનું ભદ્ર થાવ. સાધુઓ, આપને વંદન. પ્રજાનો નિયોજીત રાજા છું. ધર્મમાં નિયોજન મારૂં કર્તવ્ય છે. પ્રજા પાસેથી કર લે, પણ ફિકર ન હરે, એ અકિંચિત્કર રાજા ગણાય. પ્રજાના પાપોનો તે નિમિત્ત બને, ઐશ્વર્યના નાશમાં તે કારણ મનાય. સજ્જનો ! આપ મારા નિવેદનને અનુમોદન આપો. **कर्तुः** સત્કર્મ કરનાર, **शास्तुः** સત્કર્મની શિક્ષા આપનાર, **अनुज्ञातुः** સત્કર્મમાં અનુમોદન આપનાર–આ ત્રણેને સરખું ફળ મળે. અસત્કર્મમાં પણ એજ પ્રકાર છે.

**असाविहानेकगुणोऽगुणोऽध्वर: पृथग्विधद्रव्यगुणक्रियोक्तिभि : ।**
**संपद्यतेऽर्थाशयलिंगनामभिर्विशुद्धविज्ञानघन: स्वरूपत : ॥ ३४ ॥**

એકજ અગુણ ઇશ્વર અનેક પ્રકારે કર્મમાર્ગમાં અનેક ગુણને ધારણ કરી **અધ્વર** યજ્ઞ સંજ્ઞાવાળો બને છે. **यज्ञो वै विष्णु:** ભગવાન જાતેજ યજ્ઞ સંજ્ઞાને મેળવે છે. **द्रव्य** વ્રીહિ, આજ્ય, પશુ, પુરોડાશ વિગેરે દ્રવ્યો. **गुण :** શુકલ, કૃષ્ણ એવા ગુણો, **व्रीहीदिभिर्यजेत श्वेतमालभेत** આવાં વાક્યોથી સમજાય. **क्रिया** અવહનન – વ્રીહિનું ખાંડવું, અવલોકન–આજ્યનું અવલોકવું. **उक्तिभि:** મંત્રો વડે. **अर्थ** પ્રયોજન. **आशय** સંકલ્પ. **लिंग** પદાર્થ શકિત અથવા ઇન્દ્રાદિ દેવોનાં રૂપો. **नामभि:** નામો, દેવોનાં પૃથક્ પૃથક્ નામો વડે ભગવાનજ યજ્ઞ સ્વરૂપ બને છે.

**લક્ષ્મી કોને વરે ? गुणायनं शीलधनं कृतज्ञं वृद्धाश्रयम्**–ગુણિયલ, શીલસમ્પન્ન, કૃતજ્ઞ, વડીલ સેવી વર્ગને વરવા લક્ષ્મી સ્વયં આવે. **वृणुते हि विमृश्यकारिणम्** વિચારીને વર્તે તેને લક્ષ્મી વરે. **गुणलुब्धा: स्वयमेव सापद:** સંપત્તિઓ સ્વયં ગુણ લબ્ધ છે.

ઉષાબેન વિજયસિંહ

### અધ્યાય ૨૨મો–શ્લોક સંખ્યા ૬૩

પૃથુ રાજાનો સનત્કુમારો સાથે સમાગમ અને સત્સંગ આ અધ્યાયમાં વર્ણવ્યાં છે. ૭ થી ૧૬ શ્લોકોમાં સનત્કુમારોનું સ્વાગત કર્યું. રાજાએ દશ પ્રાણના દશ શ્લોક–પુષ્પો પુણ્ય પુરુષોના ચરણમાં સમર્પ્યાં.

**किं तस्य दुर्लभतरमिह लोके परत्र च**
**यस्य विप्रा: प्रसीदन्ति शिवो विष्णुश्च सानुग : ॥ ८ ॥**
**अधना अपि ते धन्या: साधवो गृहमेधिन :**
**यद्गृहा ह्यर्हवर्याम्बुतृणभूमीश्वरावरा : ॥ १० ॥**

સ્વાગતની સામગ્રી – **अंबु** શીતલ જલ, નયન જલ, મધુર વાણી; **तृण** આસન, શરીરનાં સમગ્ર રોમાંચ; **भूमि** મકાન, પોતાનો દેહ; **ईश्वरः** આત્મા. આ ચાર પદાર્થોથી સર્વ શ્રેષ્ઠ સ્વાગત – **ईश्वरः** એટલે સેવા–સેવક દ્વારા ન કરતાં સ્વયં કરવી.

**સનત્કુમારોનો પ્રત્યુત્તર** ૧૮ થી ૪૦, ત્રેવીસ શ્લોકોમાં છે. **संगमः खलु साधूनामुभयेषां च संमतः** સંતોનો સમાગમ ઉભય માટે હિતકર છે. રાજન ! આપના ઉપર ઉપકાર કરવા હમે નથી આવ્યા. એવું દૈન્ય દર્શાવ્યું, જે સંતોનું શીલ છે.

શાસ્ત્રોનો એકજ નિર્ણય છે, **आत्मरतिः** પ્રભુમાં રતિ, આત્મામાં રતિ, અથવા આત્મવત્ સર્વ પ્રાણી માત્રમાં રતિ કરવી. રતિ કેમ થઇ શકે, તેનાં સાધનો ૨૨ થી ૨૫ એમ ચાર શ્લોકોમાં ચોવીસની સંખ્યામાં દર્શાવ્યાં છે. ચોવીસનો ક્રમ સાપેક્ષ નથી. સાધનોનો સંગ્રહ કર્યો છે. ઘણા વિચારના સમન્વયે એક એક બીજાનાં હેતુ બને છે.

**પૃથુનું નિવેદન: साधूच्छिष्टं हि मे सर्वम्** મારૂં સર્વ સાધુઓનુંજ છે. બ્રહ્મસંબંધમાં પરિગણિત પદાર્થોનું સંગ્રહ રૂપે કથન પણ આ પ્રસંગે મળે છે.

**प्राणा दाराः सुता ब्रह्मन् गृहाश्च सपरिच्छदा : ।**
**राज्यं बलं मही कोश इति सर्वं निवेदितम् ॥ ४४ ॥**

શ્લોક ૫૬ થી ૬૩ સુધી આઠ શ્લોકોમાં ૨૬ ધર્મો પૃથુ રાજાના વર્ણવી અધ્યાય સમાપ્ત કર્યો.

### અધ્યાય ૨૩ મો – શ્લોક સંખ્યા ૩૯

ત્રેવીસમા અધ્યાયમાં પૃથુ રાજાનો વન પ્રવેશ, આત્મચિંતન, સ્વરૂપ પ્રાપ્તિનો પ્રસંગ વર્ણવ્યો છે. ભારતીય સાધ્વીના દેહમાં

અનાસક્તિ યોગી સન્યાસીના વિરક્ત ધર્મોની સરસાઈ કરે છે. દેવાંગનાઓ તેની પ્રશંસા કરે છે. **अहो इयं वधूर्धन्या या चैवं भूभुजां पतिम् । सर्वात्मना पतिं भेजे यज्ञेशं श्रीर्वधूरिव ॥ २९ ॥**

શ્લોક ૩૧ થી ૩૯ સુધીના નવ શ્લોકોમાં પૃથુ ચરિત્રની ફલશ્રુતિનું નિરૂપણુ છે. પૃથુ ચરિત્ર પ્રસંગનું અનુષ્ઠાન કરવાથી પુત્ર પ્રજા થાય છે.

**अनुदिनमिदमादरेण शृण्वन् पृथुचरितं प्रथयन् विमुक्तसंग :**
**भगवति भवसिन्धु पोतपादे स च निपुणां लभते रतिं मनुष्यः ॥३९॥**

## મુક્તિ પ્રકરણ – અધ્યાય ૮

### અધ્યાય ૨૪ મો–શ્લોક સંખ્યા ૭૨

અગિયાર અધ્યાયોમાં કામ પ્રકરણનું નિરૂપણ કર્યું. લૌકિક ભાવના, વૃત્તિઓ, આશાઓને ફેરવી વિવેકમય, ભગવન્મય બનાવવી અને સર્વ ક્રિયાઓ ભગવત્સમર્પિત કરવી; જેથી કામની સહજ નિવૃત્તિ થઈ જાય છે. કામને રામનું સ્વરૂપ આપવું. કામ એટલે સ્વાર્થ, વ્યવહાર; રામ એટલે યથાર્થ અને પરમાર્થ વ્યવહાર. પૃથ્વીનું દોહન, પ્રજાનો ઉત્કર્ષ, યાગાદિ કાર્ય, સત્સંગ એ સર્વ અલૌકિક કાર્યો પૃથુ રાજાના કામનું અલૌકિકપણું દર્શાવે છે. અલૌકિક કામના સિદ્ધ થતાં મોક્ષાધિકારી બની શકાય. પ્રકૃતિનાં આઠ બંધનોમાંથી મુક્ત થવું એને મુક્તિ મનાય. "**भूमिरापोऽनलो वायुः खं मनोबुद्धिरेव च । अहंकार इति**" આ આઠ પ્રકારની પ્રકૃતિ છે. તેને સ્વાધીન બનાવવી. **પ્રાચીન બર્હિ રાજા અને પ્રચેતસનો પ્રસંગ** પ્રધાન વિષય છે. પ્રાચીન બર્હિની મુક્તિ માટેજ પરોક્ષ રીતે પુરંજન કથા પાંચ અધ્યાયથી વર્ણવી છે. પુરંજન પંચાધ્યાયી, ભૂગોલ–ખગોલ પંચાધ્યાયી, ધર્મ પંચાધ્યાયી અને રાસ પંચાધ્યાયી એમ શ્રીમદ્ ભાગવતની પાંચ પંચાધ્યાયીઓ છે. પુરંજન પંચાધ્યાયી ૨૫ થી ૨૯ અધ્યાયોમાં આવશે.

પૃથુ રાજાના અન્તર્ધાન પુત્ર, અન્તર્ધાનના હવિર્ધાન અને હવિર્ધાનના **બર્હિષદ** રાજા. એજ **પ્રાચીનબર્હિ**. પ્રાચીનબર્હિ સમુદ્ર કન્યા શતદ્રુતિને પરણ્યા. **चकमेऽग्निः शुकीमिव** શુકીને અગ્નિ ચાહવા લાગ્યા. **शुकीम्** પાઠ છે. ત્યાં બીજો પાઠ **स्तुकीम्** એવો છે. **स्तुकी** એટલે હોમ કાલની ઘૃતધારા એવો અર્થ થાય છે. પ્રાચીનબર્હિને **પ્રચેતસ** નામના દશ પુત્રો થયા. પ્રચેતસ અને ભગવાન શિવનો પ્રસંગ થયો. કર્મમાં આસકતને જ્ઞાન સ્વરૂપ શિવનો સંબંધ થવાથી મોક્ષ થયો. પ્રચેતસોને પશ્ચિમ દિશામાં તપ માટે જતાં ભગવાન શંકરનો પ્રસંગ થયો. શ્રી શિવે **રૂદ્રગીત** આપ્યું. ૩૩ થી ૬૮ સુધીમાં ૩૬ શ્લોકથી રૂદ્રગીત વર્ણવી ૬૯ થી ૭૯ સુધીમાં ફલશ્રુતિ દર્શાવી છે.

**शुचिषदे नमः** “**हंसः शुचिषद्**” **श्रुतिः शुचिनि अन्तःकरणे निषीदतीति शुचिषद्** આત્મરૂપે અથવા સૂર્યરૂપે નમઃસ્કાર. **नमः ऊर्जे पितृणामन्नाय नमः** પિતૃઓના અન્નને **ऊर्ज** કહેવાય છે. **इषे देवानामन्नाय** દેવોના અન્ન સ્વરૂપે નમઃસ્કાર. **यज्ञरेतसे सोमाय नमः**

**अथानघाङ्घ्रेस्तव कीर्तितीर्थयोरन्तर्बहिः स्नानविधूतपाप्मनाम् ।**
**भूतेश्वनुक्रोशसुसत्त्वशीलिनां स्यात्संगमोऽनुग्रह एष नस्तव ॥૫૮॥**

અનન્ય નિષ્ઠ સંતોનો પ્રસંગ પ્રભુનો અનુગ્રહ છે. કીર્તિ તીર્થ અને અંઘ્રિતીર્થ એ એનાં સ્નાન મન, તનને પવિત્ર કરે. ગંગાજી અંઘ્રિતીર્થ. ચારિત્ર્ય ગંગા અંતઃકરણની શુદ્ધિ. ભગવચ્ચરિત્ર ચિત્ત શુદ્ધિને માટે સરોવર છે. **प्रमत्तमुच्चैरिति**... શ્લોક ૬૬મો શ્રીમદ્ ભાગવતમાં બે સ્થલે છે. ૪-૨૪-૬૬ અને ૧૦-૫૧-૫૦.

શ્રીરામ ચરિત્ર, શ્રીકૃષ્ણ ચરિત્ર, પૂતના ચરિત્ર, ગજેન્દ્ર મોક્ષ, રૂદ્ર ગીત પાતઃકાલમાં જપવાથી કર્મ બંધનોમાંથી મુકિત આપે છે.

## અધ્યાય ૨૫ મો - શ્લોક ૬૨

પુરંજનઆખ્યાન.

**आसीत्पुरंजनो नाम राजा राजन् बृहच्छ्रवाः ।**
**तस्याविज्ञातनामाऽऽसीत्सखाविज्ञात चेष्टितः ॥૧૦॥**

**राजन्** સંબોધન કર્યું છે. રાજસ, વિલાસી ને અસાવધ પ્રકૃતિને સ્વસ્થતા માટેનું સૂચન **राजन्** સંબોધન છે. ઉભરાતા સ્નેહનું ધન એટલે સંબોધન. **पुरंजनः पुर** શરીરની સંજ્ઞા છે. **जन** શરીરનો વિધાતા છે. **जीव** કર્મ પ્રમાણે શરીર સંપાદન કરે છે. ધન મકાનની રચના કરે, મન કર્માનુસાર **તન**ની રચના કરે છે. વધુ સત્કર્મ વધુ શ્રેષ્ઠકર શરીર રચે. તપ, શીલ, દાન એ શ્રેષ્ઠ શરીર નિર્માણની સામગ્રી.

**पुरंजन** બહિર્મુખ માનવ અથવા ફલાભિમુખ માનવ, કર્મમાં આસકત. **द्वा सुपर्णा सयुजौ सखायौ समानं वृक्षं परिषस्वजाते** બે સખાઓનો આત્મિક વૃતાન્ત શરૂ કર્યો છે. ઉપનિષદ ગાથાને વ્યાસજી પ્રાસાદિક કાવ્યમાં આલેખે છે.

**बृहद्-श्रवा**: શ્રેષ્ઠ કીર્તિવાળો. માનવ શરીરવાળા જીવનુ ગૌરવ છે. પરોપકાર ને જ્ઞાન એ બે અમૂલ્ય પદાર્થો તે એકજ મેળવી શકે છે. “**अपहतपाप्मा विजरो विमृत्युः**” અને “**अच्छेद्योऽयमदाह्योऽयम्**” શ્રુતિ સ્મૃતિનાં બે વાકયોએ જીવની પ્રતિષ્ઠા વર્ણવી. **श्रव**નો અર્થ કાન પણ થાય છે. ખૂબજ વાતોને સાંભળનાર બૃહચ્છ્રવા હતો. ફલ વાચક વાકયોને સાંભળનાર પણ ખૂબજ પ્રમાણમાં હતો; તેજ પાછો આત્મજ્ઞાન પ્રતિપાદક વાકયોને એટલાંજ સાંભળે છે.

**अविज्ञात नामा** અને **अविज्ञात चेष्टितः** બે ગુણવાળા ભગવાનનો

પરિચય આપ્યો. નિર્ગુણ બ્રહ્મને નામ અને રૂપ ન હોઇ શકે. રૂપ એટલે દેહ ન હોય. તેને ક્રિયા પણ ન સંભવે.

**माता पिता भ्राता निवासः शरणं सुहृद् गतिश्च नारायणः** **નારાયણ નર માત્રનો માતા પિતા વગેરે છે.** **सुहृदं सर्वभूतानाम्** પ્રાણી માત્રનો મિત્ર છું. એવાં વાકયો ભગવાનની કૃપાલુતાનો ખ્યાલ આપે છે. સખા એટલે સતત પોતાના મિત્રનો સર્વ પ્રકારે ખ્યાલ કરે ને બીજાને તેનો ખ્યાલ ન આવવા દે.

**अविज्ञातनामा** કીર્તિ-યશની કામના વિના ગુપ્ત રીતે સર્વનુ હિત કરનાર.

**अविज्ञातचेष्टितः** કોઇ ન જાણે તેમ ગુપ્ત સહાય કરનાર. પાંડવોની રક્ષા કરી કે દ્રૌપદીનાં ચીર પૂર્યાં, તે કોઈએ ન જાણ્યું.

**शरणम्**- અનુકૂલ દેહને શોધે છે. માનવ શરીર સેવાને અનુકૂલ શરીર મેળવ્યું **हिमवतो दक्षिणेषु** હિમાલયની દક્ષિણે (અનુકૂલ દેશની શોધમાં છે). કર્મ, જ્ઞાન, યોગ્ય સાધન, વાતાવરણ ને સન્ત સંગતિ વાળો પૃથ્વીમાં ભારત ખંડ મેળવ્યો. **नवभिर्द्वार्भिः** નવ દરવાજા, બે નેત્ર, બે શ્રોત્ર, બે નાસિકા છિદ્ર, એક મુખ, એક શૌચ દ્વાર, એક લિંગ છિદ્ર મળી નવ દ્વાર વાળું નગર શરીર છે. ૧૪, ૧૫, ૧૬ આ ત્રણ શ્લોકમાં શરીરનું વર્ણન કરે છે. **प्राकार** કિલ્લો- શરીરની ત્વચા. કિલ્લાની માફક શરીરની સર્વ વસ્તુઓની રક્ષા કરે છે. **उपवन** બાગ, બગીચા-શરીરમાં રોમાંચ. **अट्टाल** અટારીઓ-મુખ નાસિકાદિનો આગળનો ભાગ. **परीखा** ફરતી ખાઈ-વિવેકને ન આવવા દેનાર રાગ, મોહ, વિગેરે. **अक्ष** ગોખ-રોમાંચોનાં છિદ્રો. **तोरण** તોરણ-નેત્રની પાંપણો. **स्वर्णरौप्यायसैः शृंगैः** સોના, રૂપા, લોખંડના શિખરો-પિત્ત, કફ, વાયુ અથવા રાજસ, સાત્વિક તામસ સ્વભાવ.

**हर्म्यस्थली** હવેલીઓની ભૂમિ-હૃદય પ્રદેશ. **नीलमणि** શરીરની નાડી, માથાના કાળા વાળ, કાળી કીકી. **स्फटिक** શ્વેત દાંત. **वैदूर्य** હાથપગના નખ. **मौक्तिक** નાક. **अरुणमणि** માણેક-લાલ વર્ણનો ઓષ્ઠ.

**सभा** સભાસ્થાન-અન્તઃકરણ. **चत्वर** ચતુષ્પથ ચોટાં-તાળવાની નીચેનો ભાગ, જ્યાં નાક, કાન, આંખ ને મુખના ચાર માર્ગો છે. **रथ्या** શેરીઓ-ઈડા, પિંગલા, સુષુમ્ણા નાડીઓ. **आक्रीडायतन** ક્રીડાંગણો-ઇન્દ્રિયોનાં સ્થાન. **आपण** બજારો-મનો ગોલક. **चैत्य** ચોતરા વિગેરે બેસવાના બાંકડા અથવા વિસામા-ચિત્તનો મધ્ય પ્રદેશ. **ध्वज** કેશ શોભા-શિખા ને વેણી. **पताका** અવિદ્યા, અસ્મિતા રાગ દ્વેષ કદાગ્રહ. **विद्रुमवेदी** પ્રવાલ મણિની ઓટલી-આધાર વિગેરે છ ચક્રોની વચલો પ્રદેશ. **बाह्योपवन** નગર બહારનો બગીચો વિષય વિહાર દેશ. **द्रुमलता** પુષ્પમાલા-ચન્દન વિલાસ. **जलाशय** શબ્દાદિ વિષયોના આધાર. **अलिविहंग**- બાલક - સ્ત્રી જન. **हिमनिर्झर** શીતલ ઝરણાં - રસ વિષયો, **कुसुमाकर** - ગંધ વિષય. **वायुनाचलत्प्रवाल** વાયુથી ડોલતી ડાળીઓ - સ્પર્શાદિ સુખ. **मुनिव्रतैः अरण्यमृगव्रातैः** અહિંસક હરણ વિગેરે પશુઓ-શરીરના સેવકો. **पान्थः** પુરંજન જીવ. **कोकिलकूजित** મધુર ભાષી સ્ત્રી-બાલકો. **प्रमदोत्तमाम्** રજોગુણ ભરેલી બુદ્ધિ-પુરંજની. **यदृच्छयागताम्** દૈવ સંયોગે આવેલ એક સ્ત્રીને જોઈ-પ્રારબ્ધ ભોગ માટે સંયોગ થયો, અથવા ભગવદ્ ઈચ્છાથી સંયોગ થયો. **भृत्यैः दशभिः** દશ સેવકો પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય. **पञ्चशीर्षाहिना** પાંચ માથાવાળો સર્પ-પાંચ પ્રકારનો પ્રાણવાયુ. **अन्वेषमाणाम् ऋषभम्** પતિ શોધતી હતી. બુદ્ધિ, ભોકતા-જીવને શોધે છે. **अप्रौढाम्** યુવતી હતી. વૈરાગ્યવિનાની રાજસ બુદ્ધિ. **श्यामाम्**-શ્યામ વર્ણથી૦ **अन्नमयं-सौम्यामनः** અન્નમય મનને વર્ણવ્યું છે. **स्तनौ** રાગ દ્વેષ. **एकादश**

**महाभटाः** અગિયાર મહાભટો-મન સાથે ઇન્દ્રિયો. પુરંજનીની પસંદગી. **अरातिज्ञम्** ભક્તિશૂન્ય. **अकोविदम्** જ્ઞાનશૂન્ય. **असंपरायाभमुखम्** મૃત્યુના વિચારથી શૂન્ય. **अश्वस्तनविदम्** આ લોક પરલોક વિચાર શૂન્ય. **पशुम्** અજિતેન્દ્રિય.

૪૫ મા શ્લોકથી અધ્યાયની સમાપ્તિ સુધીમાં જાગ્રત અવસ્થાનું વર્ણન છે. શરીર નગરનો વધુ પરિચય આપે છે.

**खद्योताऽऽविर्मुखी-खद्योत-** ડાબી આંખ, જેનો સ્વામી ચંદ્ર છે ને પ્રકાશ અલ્પ છે. **आविर्मुखी** દક્ષિણ આંખ, જેનો સ્વામી સૂર્ય છે ને પ્રકાશ વધુ છે. દ્યુમાન નામના સખા સાથે પુરંજન વિભ્રાજીત નગરમાં જાય છે. **द्युमान्** ચક્ષુ ઇન્દ્રિય. **विभ्राजित** રૂપી પદાર્થોમાં જાય છે. સંસારના રૂપોને જુએ છે; પરંતુ ભગવાનના સૌંદર્યને નથી જોતો. **नलिनी** વામ નાસિકા. **नालिनी** - દક્ષિણ નાસિકા. **अवधूत सखा** ઘ્રાણેન્દ્રિય. **सौरभदेश** ગંધ સુગંધમાં-તેલ અત્તરમાં-રસ લે છે; પરંતુ પ્રભુ ચરણની તુલસીજીમાં રસ નથી લેતો. **मुख्या** મુખ. **आपण देश** ખૂબ બોલવું-સંસારને રાજી કરતી વાણી બોલવી; પરંતુ પ્રભુના ગુણને ન ગાવા. **बहूदन देश** વિવિધ સ્વાદમય ભોજન કરવાં, પરંતુ ભગવત્પ્રસાદ કરીને ન લેવાં. **रसज्ञमित्र** રસનેન્દ્રિય. **विपण मित्र** વાગેન્દ્રિય. **पितृहूः** દક્ષિણ કર્ણ. લોકવાર્તા, વિષય સંગીત સાંભળવામાં રસિક, પરંતુ હરિકીર્તન ન સાંભળે. **देवहूः** વામકર્ણ. જ્ઞાન ભક્તિની વાર્તાઓને સાંભળવાં જોઈએ; પરંતુ ન સાંભળતો. **श्रुतधरः** કર્ણેન્દ્રિય. **दक्षिण पंचाल** પૂર્વ મીમાંસા શાસ્ત્ર **उत्तर पंचालम्** ઉત્તર મીમાંસા શાસ્ત્ર. **आसुरी** લિંગદ્વાર. **दुर्मदसखा** જનનેન્દ્રિય. **ग्रामक देश** ગ્રામ્ય સુખ. **निर्ऋतिः** મલદ્વાર. **लुब्धकसखा** પાયુ ઇન્દ્રિય. **वैशस** મલત્યાગ કાર્ય **निर्वाक् पेशस्कृत्** પગ, હાથ નામના બે સેવકો. **विषूचीन** અંતઃપુરનો રક્ષક નાજર-મન. **अन्तःपुर** હૃદય.

### અધ્યાય ૨૬ મો શ્લોક સંખ્યા ૨૬

પુરંજનનો મૃગયા વિહાર આ અધ્યાયનો વિષય છે, રૂપક નિરૂપણ છે, સ્વપ્ન-જાગ્રત અવસ્થાઓનું નિરૂપણ છે.

**एकदा** એક દિવસ પુરંજન મૃગયા વિહારે જાય છે. જીવાત્મા સ્વપ્નાવસ્થામાં પ્રવેશે છે. **महेश्वास** અહંકાર નામનું ધનુષ્ય. **पंचाश्व** પાંચ જ્ઞાનેન્દ્રિય, ઘોડાઓ. **आशुगरथ** સ્વપ્નાવસ્થાનું શરીર રથ છે. **द्वीप** બે બાજુની ઇષ-જૂસરી. - અહંતા ને મમતા **द्विचक्रम** પુણ્ય અને પાપ-બે ચક્ર. **एकाक्ष** એક ધરી-પ્રકૃતિ. **त्रिवेणु** ત્રણ ધ્વજાઓ-ત્રણ ગુણ. **पंचबन्धुर** પાંચ દોરીઓ-પાંચ પ્રાણ. **एकरश्मि** એક લગામ-મન. **एकदमन** એક સારથિ-બુદ્ધિ. **एकनीड** સારથિને બેસવાની જગાનું નામનીડ-હૃદય. **द्विकुबर** બે કૂબર-ધોંસરી બાંધવાની બે જગા-શોક અને મોહ. **पंचप्रहरण** પાંચ પદાર્થ-શબ્દ, સ્પર્શાદિ. **सप्तवरुथ** સાત પડદા-ચર્મ, માંસ, રૂધિર, મેદ, મજ્જા, અસ્થિ, વીર્ય.

**यदि न स्याद गृहे माता पत्नी वा पतिदेवता ।**
**व्यंगे रथ इव प्राज्ञः को नामासीत दीनवत् ॥१५॥**
**माता यस्य गृहे नास्ति भार्या वा प्रियभाषिणी। अरण्यं तेन गन्तव्यम् ।**

### અધ્યાય ૨૭ મો શ્લોક સંખ્યા ૩૦

બહિર્મુખ અવસ્થાઓ, અતિશય વ્યવહાર દક્ષતાઓ, જન સંપર્કમાં અતિ અભિરૂચિ, આત્મ વિચાર ન થવા દે. પરિણામે જીવનમાં રસ ન રહે. કાલ ધર્મો મનુષ્યને આવરી લે. ૨૭ મા અધ્યાયમાં આ બાબતો ચર્ચશે.

**महाराज** સંબોધનથી પ્રસંગ આરંભે છે. મહારાજ તે છે, જેને બહિર્મુખતાઓ બહુજ ગમે. માનવ પૂર્ણ તારૂણ્યનું શાબ્દિક ચિત્ર

આ અધ્યાયમાં વ્યવસ્થિત કર્યું છે. યૌવન સંભાળે તેને વન સંભાળવું પડે નહિ, કે તપોવન સેવવું પડે નહિ. "**निवृत्तरागस्तु गृही-तपोवने**" **क्षणार्धमिव राजेन्द्र व्यतिक्रान्तं नवं वय: ।** યૌવન વિદ્યુત વેગે વીત્યું. ૧૧૦૦ દીકરાઓ – અગિયાર ઇન્દ્રિયોના વિષય વિચારો; ૧૦૧ દીકરીઓ–બુદ્ધિની ઇચ્છાઓ. અગિયારસો એટલેજ અનંતકાલ સુધીની અનંત વાસનાઓ. કન્યાઓની સંખ્યા ઓછી હોવી જાઇએ, એજ ગૃહસ્થાશ્રમનું સૌન્દર્ય છે.

**चंडवेग** ચંડવેગે નગરને ઘેર્યું. પ્રચંડ વેગ ધરાવતો કાલ. ખ્યાલ ન રાખનારના બેહાલ કરનાર કાલ. **दिनमपि रजनी सायंप्रात:** નામથી જાણીતો. શંકરાચાર્ય જેવા જ્ઞાની પુરૂષે સાચવેલો.

૩૬૦ સૈનિકો-૩૬૦ દિવસો; ૩૬૦ સનિકાઓ એ ૩૬૦ રાત્રિઓ.

**प्रजागर:** અખંડ જાગતો પાંચ માથાવાળો અહિ–પાંચ પ્રકારનો વફાદાર પ્રાણ.

**कालस्य दुहिता** સૌ કોઇ દૂર રાખવાને ચાહતા, તો પણ દોડી આવતી કાલકન્યા જરા

**बृहद् व्रतम्** સંયમી જીવનને અને નૈષ્ઠિક જીવનને વૃદ્ધાવસ્થા ન સતાવી શકે. નારદજી નૈષ્ઠિક છે. તેથી તેમને વૃદ્ધાવસ્થાના ધર્મોની અસર નથી.

**यवनेश्वरम्-भयम्** આધિ વ્યાધિઓનો સ્વામી મૃત્યુ. **यवा: यत्र न** જે અવસ્થાઓમાં અન્ન ન લઈ શકાય તેવી રોગ દશા; અથવા વાનપ્રસ્થ અવસ્થાથી સંયમી એકાહારી જો થાય તોજ સ્વાસ્થ્ય સચવાય. **प्रज्वार** કાલ જ્વર, જે જીવ લેવા આવે છે.

---

## અધ્યાય ૨૮ મો. શ્લોક સંખ્યા ૬૫

**यं यं वापि स्मरन् भावम्** જેવું સ્મરણ કરતો મરણ શરણ બને તેવું પુનઃ શરીર મળે. પુરંજનનો જન્માંતરમાં સ્ત્રી દેહ અને ભકિતની પ્રાપ્તિ થતાં મોક્ષાધિકારી બને છે.

**बभूव प्रमदोत्तमा** ઉત્તમ સ્ત્રી બન્યો. પૂર્વ જન્મનાં અનેક સત્કર્મો કરવાને લીધે **विदर्भस्य वेश्मनि** વિદર્ભ રાજાને ત્યાં કન્યા થયો. દર્ભ ચાલ્યા ગયા એ છે વિદર્ભ. કર્મ માર્ગ પછીથી આવતો ભકિત માર્ગ.

**मलयध्वज:** વૈદર્ભીને મલયધ્વજ રાજા પરણ્યા. મલયધ્વજ એટલે મહાભાગવત. મલય–દક્ષિણ દેશમાં ધ્વજની સમાન દર્શનીય એવો વૈષ્ણવ પુરુષ. **पांडय:** પંડા એટલે નિશ્ચય વાળી બુદ્ધિ. પાંડય એટલે હું ભગવાનનો છું એવો દૃઢ મતિમાન્.

**असितेक्षणा** –કન્યા–ભગવત્સેવામાં અભિરૂચિ.

**सप्त सुत**–સાત કુમાર–શ્રવણ, કીર્તન, સ્મરણ, અર્ચન, વંદન, દાસ્ય, આત્મ નિવેદન સાત પ્રકારની ભકિત જીવ કરી શકે છે. સખ્ય અને પાદ સેવન ભગવાનની અનુમતિથી બની શકે છે.

**अगस्त्य** મન, અસિતેક્ષણાને અગસ્ત્ય પરણ્યા. મનને ભગવત્સેવામાં સુદૃઢ બનાવ્યું. **दृढच्युत:** અગસ્ત્યના પુત્ર. ભોગમાં ને સત્યાદિ લોકોની પ્રાપ્તિમાં વૈરાગ્ય.

**सखा ब्राह्मण आत्मवान्** મલય ધ્વજની પાછળ સતી થતી વૈદર્ભીને ઉપદેશ દેવા આવનાર મિત્ર એટલે ભગવાન. **द्वा सुपर्णा॰** ઉપનિષદની ઋચામાં વર્ણવેલી ગાથા. પુરંજનને કહ્યું; "સ્ત્રી, પુરુષ, વિગેરે કોઈ તારાં નામ, આકાર નથી. કેવલ ચૈતન્યાંશ તારો છે. હું ચૈતન્ય સિંધુ છું. પ્રકૃતિ અથવા બુદ્ધિના પ્રસંગથી તારાં નામ, રૂપ બન્યાં". ૫૨ મા શ્લોકથી ૬૨ મા સુધી અગિયાર શ્લોકોમાં આત્મદર્શન કરાવ્યું.

## અધ્યાય ૨૯ મો શ્લોક સંખ્યા ૮૫

૨૫ મા અધ્યાયમાં પરોક્ષ રીતે વર્ણવેલ જીવ-ઇશ્વરની રૂપક ગાથાનું સ્પષ્ટીકરણ આ ૨૯મા અધ્યાયમાં છે. સંગ એકજ સાચવવાની વસ્તુ છે. પ્રાપંચિક પદાર્થોના સંસર્ગથી બંધન થાય અને ઇશ્વર કે ઈશ્વર જનના સંપર્કથી મુકિત થાય.

૧ થી ૨૩ શ્લોકમાં પુરંજન, પુરંજની વિગેરે તત્ત્વોનું સ્પષ્ટીકરણ કર્યું. ૨૪ મા શ્લોકથી જીવની સંસારાસકત અવસ્થાનું નિરૂપણ કર્યું. ૩૭ મા શ્લોકથી ભકિતયોગ એ ભગવત્પ્રાપ્તિનું સાધન છે એવો નિશ્ચય કર્યો.

**तस्मिन् महन्मुखरिता मधुभिच्चरित्र -**
**पीयूष शेष सरितः परितः स्त्रवन्ति ।**
**ता ये पिवन्त्यवितृषो नृप गाढकर्णै-**
**स्तान्न स्पृशन्त्यशनतृड्भयशोकमोहाः ॥४०॥**

**नृप** ! સંબોધન છે. રાજા અતિશય પ્રેમથી કથા પાન કરે છે. તેથી શ્રી શુકાચાર્ય વાત્સલ્ય ભાવમાં આવી સ્નેહાળ સંબોધન કરે છે, નૃપ ! ગાઢ કર્ણથી ગુણગાન સાંભળે તેમને ક્ષુધા, તૃષા, ભય, શોક, મોહ ન સ્પર્શે. ક્ષુધા-અર્થ ભોગાદિની, તૃષા-માન કીર્તિની, ભય-મરણ લાભ હાનિ વિયોગનો, શોક-હાથમાંથી ગુમાવેલાં સુખ, - સ્વજનનો, મોહ - ચિત્તની બેચેનીનો.

૫૩ મા શ્લોકમાં મગની કથા પ્રાચીનબર્હિ સામે નારદજી વર્ણવે છે. ૫૪ મા શ્લોકમાં મૃગ એજ પ્રાચીનબર્હિ રાજા છે, એવું સ્પષ્ટિકરણ કર્યું, જે ભાગવતમાંથી વાંચી લેવા જેવું છે.

**क्षुद्रंचरं सुमनसां शरणे मिथित्वा**
**रक्तं षडङ्घ्रिगणसामसु लुब्धकर्णम् ।**
**अग्रे वृकानसुतृपोऽविगणय्य यान्तं**
**पृष्ठे मृगं मृगय लुब्धकबाणभिन्नम् ॥५३॥**

## અધ્યાય ૩૦ મો - શ્લોક સંખ્યા ૫૧

૨૫ થી ૨૯ આ પાંચ અધ્યાયોમાં પ્રાચીન બર્હિને પુરંજન ગાથા સંભળાવી. બે અધ્યાયોથી **પ્રચેતસોનું** વર્ણન કરી સ્કંધની સમાપ્તિ કરી છે.

**રૂદ્રગીતથી** પ્રસન્ન થઈ પ્રભુએ અષ્ટભુજે દર્શન આપી પ્રચેતસોને વરદાન આપ્યું, અને કહ્યું કે "રૂદ્રગીત (શ્લોક ૨૨ થી ૩૨) નો સવાર, સાંજે પાઠ કરનારને ભાઈઓમાં પરસ્પર પ્રેમ વધે છે."

**गृहेष्वाविशतां चापि पुंसां कुशलकर्मणाम् ।**
**मद्वार्तायातयामानां न बन्धाय गृहा मताः ॥१९॥**

ભગવદ્ વાર્તામાં વખત વીતાવે તેને વ્યવહાર, વ્યાધિ ને વિષયો ન સતાવે. પ્રચેતસોએ ૨૨ થી ૩૨ મા શ્લોક સુધી સ્તુતિ કરી. ૩૩ મા શ્લોકમાં વરદાન માગ્યો. **तावद्भवत्प्रसंगानां संगः स्यान्नो भवे भवे.** ભગવદીઓનો સંગ ભવોભવ થજો જે ભવનો પરાભવ ને વારંવારનો ઉદ્ભવ રોકે.

## અધ્યાય ૩૧ મો શ્લોક સંખ્યા ૩૧.

૩૧ શ્લોકથી ૩૧ મો અધ્યાય પૂર્ણ કરી ચતુર્થ સ્કંધની સમાપ્તિ કરી. ચતુર્થ સ્કંધમાં દક્ષ પ્રજાપતિને રાજ્ય સોંપી પ્રચેતસો વનમાં તપશ્ચરણ માટે ગયા. નારદજી મળ્યા ને મોક્ષ મેળવ્યો.

**शौक्लसावित्रयाज्ञिकै :—** મનુષ્યના ત્રણ જન્મ. શૌકલ-વિશુદ્ધ માતા પિતાથી પ્રથમ જન્મ; સાવિત્ર-યજ્ઞોપવીત આદિ સાંસ્કારિક જન્મ; અને યાજ્ઞિક-યજ્ઞ, સેવા, વ્રત આદિ દીક્ષિત જન્મ.

दयया सर्वभूतेषु संतुष्ट्या येन केन वा ।
सर्वेन्द्रियोपशान्त्या च तुष्यत्याशु जनार्दनः ॥१९॥

ભગવત્પ્રાપ્તિનાં ચાર સાધન–સર્વ ભૂતદયા, યથા લાભ સંતોષ, સર્વ ઇન્દ્રિય સંયમ, એકાદશી આદિ વ્રતોનું સેવન. **च येन केन च.** **च** કારનો અર્થ **एकादश्यादिव्रतादि.**

इमां तु कौषारविणोपवर्णितां क्षत्ता निशम्याजितवादसत्कथाम् ।
प्रवृद्धभावोऽश्रुकलाकुलो मुनेर्दधार मूर्ध्ना चरणं हृदा हरेः ॥२८॥

વકતા **कौषारवि**–મૈત્રેય–સૂર્ય સમાન પરોપકારી યશસ્વી હતા. શ્રોતા **क्षत्ता** જીતેન્દ્રિય ભકત વિદુરજી હતા. મુનિનાચરણને મસ્તકે મૂક્યું. મસ્તકમાં બુદ્ધિ વસી, તેનું વિશોધન જ્ઞાન મૈત્રેય મુનિ તરફથી મળ્યું. તે જ્ઞાનને બુદ્ધિમાં ધારણ કર્યું અને મૈત્રેયના આદર માટે મુનિના ચરણમાં મસ્તક મૂક્યું. હૃદયમાં ભગવચ્ચરણનો પ્યાર કર્યો સંસારને દૂર કર્યો, સ્નેહ સારને ભર્યો.

एतद्यः शृणुयाद्राजन् राज्ञां हर्यर्पितात्मनाम् ।
आयुर्धनं यशः स्वस्ति गतिमैश्वर्यमाप्नुयात् ॥३१॥

આયુષ્ય, ધન, યશ, કલ્યાણ, ઐશ્વર્ય ષટ્ સંપત્તિ ભાગવતજીનાં ફલ છે. ભગવાના ૭ ધર્મો, માટે ત્રીજા–ચોથા સ્કંધમાં સમાપ્ત થતા ભાગવતમાં ૭ ફલો આપી ભગવાનનુંજ દાન કર્યું.

— સમાપ્ત —

# સ્કંધ પાંચમો.

## સ્કંધ પાંચમો.

## શ્રી નાથજીનો દક્ષિણ સાથળ

### સ્થિતિ લીલા-અધ્યાય ૨૬

**સ્વરૂપ સ્થિતિ** અધ્યાય ૧ થી ૧૫. ;

**દેશ સ્થિતિ** અધ્યાય ૧૬ થી ૨૬.

એકત્રીસ અધ્યાયોમાં ચતુર્થ સ્કંધે વિસર્ગનું વર્ણન કર્યું. વિસર્ગમાં જીવનક્રમ અને જીવન ધ્યેયના નિરૂપણ સાથે જીવન બંધારણનું માર્ગદર્શન આપ્યું; જેથી કર્તવ્યશીલને કાર્યદર્શનનો પરિચય થયો. હવે તેને કર્તવ્યરત થવા માટે **ક્ષેત્રની** આવશ્યકતા રહી. કર્તવ્યરત થનારે સ્વયં ક્ષેત્ર નકકી કરવું અગર તેને યોગ્ય ક્ષેત્ર આપવું જોઇએ, જેના પરિણામે કર્તવ્ય દેશમાં પ્રવૃત્ત થઇ સ્વરૂપ સ્થિતિ મેળવી શકે.

પંચમ સ્કંધ સ્વરૂપ સ્થિતિને વર્ણવે છે. સ્થિતિ એટલે સ્થાન. ભગવાનનો દક્ષિણ સાથળ બેસવાનું સ્થાન છે. ચરાચર તેમાંજ વસે છે, જે સ્થાનમાં બેસીને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરી શકાય. સ્વરૂપ એટલે જીવનું અને ભગવાનનું સ્વરૂપ. જીવનું સ્વરૂપ તે આનંદનો અંશ છે, ભગવાનનું સ્વરુપ તે આનંદનો નિધિ છે. આનંદાંશે પૂર્ણાનંદ કેમ મેળવવો ? તેનાં ત્રણ સાધન-ભકિત, યોગ અને જ્ઞાન.

તે ત્રણે સાધનોનો ખ્યાલ આપનારા ૧ થી ૧૫ અધ્યાયો છે. ૭ અધ્યાયના **પ્રથમ પ્રકરણમાં શ્રી ઋષભ દેવ** ના ચરિત્રનુ વર્ણન કરી ભકિત ને ભગવાનનો આશ્રય લઇ સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય. આઠ અધ્યાયના **દ્વિતીય પ્રકરણમાં** યોગ અને યોગીરાજ

**ભરત** ચરિતનો આશ્રય કરી સ્વરૂપસ્થ થવાય. એક અધ્યાયના **તૃતીય પ્રકરણમાં** જ્ઞાનનો આશ્રય સેવી સ્વરૂપસ્થ થવાય. આ વિચારે પંદર અધ્યાયમાં સ્વરૂપ સ્થિતિ સમજાવી.

સ્વરૂપસ્થ થવા માટે ભકિત, જ્ઞાન, યોગનાં સાધનોની માફક દેશનો પણ આધાર લેવો જોઇએ; જેથી ૧૬ થી ૨૬ સુધીના અધ્યાયોમાં દેશનો પરિચય આપે છે. દેશ પણ ત્રણ પ્રકારનો- નાગલોક, ભૂમિલોક અને દેવલોક. ભૂમિલોકનું વર્ણન પાંચ અધ્યાયમાં, દેવાદિ લોકનું ત્રણ અધ્યાયમાં, પાતાલાદિનું વર્ણન ત્રણ અધ્યાયમાં મળી અગિયાર અધ્યાય થયા.

**પહેલો પ્રકાર.**


સ્થિતિ-સ્થાન
સ્વરૂપ સ્થિતિ
દેશ સ્થિતિ
પ્ર. ૧
પ્ર. ૨
પ્ર. ૩
પ્ર. ૪
પ્ર. ૫
પ્ર. ૬
ભકિત ભગવાનથી
યોગથી
જ્ઞાનથી
ભૂમિલોક
દેવલોક
પાતાલલોક
અ.૧ થી ૬
અ.૭થી૧૪
અ. ૧૫
અ.૧૬થી૨૦
અ.૨૧થી૨૩
અ.૨૪થી૨૬

**સ્થિતિ : વૈકુંઠ વિજય:** પદાર્થોને પોતાની મર્યાદામાં સ્થાપવા.

**બીજો પ્રકાર**


સ્થિતિ-સ્થાન
પ્ર. ૧
પ્રકૃતિના ૨૪ તત્ત્વોનોજય
અ. ૧ થી ૨૪
પ્ર. ૨
આત્મવિજય
અ. ૨૫ અને ૨૬

## પ્રથમ પ્રકરણ – અધ્યાય ૧ થી ૬

### પ્રથમ અધ્યાય – શ્લોક ૪૧

પંચમ સ્કંધમાં ગદ્ય છે. શ્રીમદ્ ભાગવત સંહિતા હોવાથી મંત્ર અને ગદ્ય બન્નેનો સમાવેશ થવો જોઈએ. વેદોમાં ઉભયનો સમાવેશ છે. શ્રીમદ્ ભાગવત પણ વેદ સ્વરૂપે છે. કેટલાક પંચમ સ્કંધને ભગવાનનો કટિભાગ માને છે. કટિભાગમાં અસ્થિઓનો સમાવેશ વધુ થતો હોય છે; તેથીજ પંચમમાં ગદ્યભાગ અસ્થિ સમાવેશ જેવો આપવામાં આવ્યો છે.

**राजोवाच** થી પ્રથમ અધ્યાય પ્રારંભ્યો. પ્રથમ ચાર શ્લોકથી **પ્રિયવ્રત** ચરિત્ર પૂછ્યું **प्रियव्रत** – જેને વ્રત અતિશય પ્રિય છે તે પ્રિયવ્રત. પ્રિયવદન, પ્રિયવચન નામ કરતાં પણ પ્રિયવ્રત નામ રાખવું સારૂં. પ્રિયવ્રતે આત્મ વિદ્યામાં રસ કેળવ્યા બાદ ગૃહસ્થાશ્રમ અને રાજ્ય સ્વીકારમાં કેમ રસ લીધો ? આત્મારામને લૌકિક રસ ન હોય. સંસારનિષ્ઠ બન્યા પછી મોક્ષ રતિ ને કૃષ્ણ રતિ પણ કેમ સંભવે ? પરીક્ષિત રાજાના આ બે પ્રશ્નો છે. પ્રશ્નનો આશય આત્મારામ અને ભકતને પ્રારબ્ધનો અંતરાય સતાવે ખરો!

શ્રી શુકદેવજી શ્લોક ૬ થી ૧૧ સુધીમાં સમાધાન કરે છે. **किंचिदन्तराय** વાકયથી સમાધાન છે. કાલનો અન્તરાય, કર્મનો અન્તરાય કે પ્રારબ્ધનો અન્તરાય ભકતોને ન સંભવે. પરંતુ ભગવદ્ ઈચ્છા કે અજ્ઞાનથી મહત્પુરુષોનો થયેલ અનાદર એ બે **अन्तराय** સંભવે. રહૂગણ રાજા કે દ્વિવિદ વાનરાદિએ મહત્પુરૂષાપરાધ કર્યો જે અલ્પ, યોગ્ય કષ્ટ ભોગવતાં મુકત થયો. ભરતજી કે પ્રિયવ્રતને તો ભગવદિચ્છાજ કારણ છે. ભકત દ્વારા સમાજને સદાચાર ને સંસ્કારનું શિક્ષણ અપાવવું છે. માટેજ બ્રહ્માજીએ ગૃહસ્થાશ્રમમાં

ને રાજ્યપાલનમાં **પ્રિયવ્રતને** રોકયા. આત્મારામ ને ભકતજ રાજ્યધર્મને ન્યાય આપી શકે. વિવેકી અને અનાસકત રાજા દીપે. ભરતજી દ્વારા સંદેશ આપ્યો કે ગુણ બુદ્ધિથી પણ કોઈમાં મમતા ન કરવી. પ્રિયવ્રત દ્વારા સંદેશ આપ્યો કે ભકિતમાં ઉપયોગી ન હોય તેવી પણ ભગવદાજ્ઞા પાળવી.

**निबोध तातेदमृतं ब्रवीमि** વડીલો માટે સંતાનોનો પૂર્વગ્રહ હિત લાભથી વંચિત કરે છે. વૃધ્ધોને અમારી ટીકા કરવાની ને ટોકવાની ટેવ છે. એવો અનુચિત મત સંતાનોનો પૂર્વગ્રહ છે, જે સંતાપ કરનારો છે, પૂર્વગ્રહ, અનુગ્રહ અને આત્મનિગ્રહનો અવરોધક છે. વડીલનાં કટુ વચનો અમૃત છે.

ગંધમાદનની ગુફામાં રાજકુમાર અવસ્થામાંજ પ્રિયવ્રત નારદજીથી આત્મધ્યાનનું માર્ગદર્શન કેળવે છે. મનુ રાજા રાજ્યપાલન માટે મનાવે છે. પ્રિયવ્રતે સ્વીકાર ન કર્યો. બ્રહ્મા, વેદો, નારદ ને ઋષિઓ વિશ્વહિત માટે રાજ્ય સ્વીકારાવવા આવ્યા, ને પ્રિયવ્રતે આજ્ઞા સ્વીકારી. પ્રિયવ્રત જ્યેષ્ઠ પુત્ર હતા. રાજ્યાભિષેક તેમનો થવો જોઈએ; પરંતુ વિરકત હોવાથી ઉત્તાનપાદ પદનશીન થયા, ને વંશપરંપરા દક્ષ પ્રજાપતિ પર્યન્ત આવી. દક્ષ પણ ઉપાસના પરાયણ થયા. પરિણામે રાજાની જરૂર પડી ત્યારે મનુએ પ્રિયવ્રતને મનાવ્યા, માન્યું નહિ. આખરે બ્રહ્માદિએ મળી સમજાવી રાજ્યાભિષેક કર્યો.

**भयं प्रमत्तस्य वनेष्वपि स्याद्यतः स आस्ते सहषट्सपत्नः।**
**जितेन्द्रियस्यात्मरतेर्बुधस्य गृहाश्रमः किं नु करोत्यवद्यम् ॥१७॥**

જંગલમાં જવાથી જંજાળ ન ટળે, કે જગદીશ ન મળે, પરંતુ જંગલી ન થવાથી સર્વ હેતુ ફળે. સાવધને સર્વત્ર સ્વર્ગ છે. વનમાં પણ મન, તનમાં રહેલ છ શત્રુઓ સાથેજ છે. ગૃહસ્થાશ્રમ તો

મનુષ્યત્વના સંરક્ષણનો મજબૂત કીધો છે. **वनेषु** બહુવચન બતલાવીને કહ્યું કે સંગ ભયથી એક વનને બદલે અનેકમાં વિચરે પણ ભય તો સાથેજ છે.

પ્રિયવ્રત રાજાએ અગિયાર કરોડ વર્ષ સુધી રાજ્ય કર્યું. પ્રિયવ્રત યોગ બલથી અગિયાર કરોડ વર્ષ સુધી ભૂતલ ઉપર રહ્યા; અથવા પ્રિયવ્રત રાજાનો શક અગિયાર કરોડ વર્ષ સુધી ચાલ્યો તેમજ રાજ્ય બંધારણ **(Constitution)** પણ તેટલાં વર્ષ સુધી અખંડ ચાલ્યું.

**પ્રિયવ્રત અને ખંડ વિભાગ:-**

પ્રિયવ્રતે રાત્રિનો દિવસ કરવાનો સંકલ્પ કર્યો. પૃથ્વીમાં સર્વત્ર પ્રકાશ જોઇએ, એવો નિર્ણય કરી યોગ શકિતથી રથ લઇ સાત પરિક્રમા કરી. રથ ચક્રના ગર્ત થયા, તે સાત સમુદ્ર અને ટેકરા સપ્ત દ્વીપ બન્યા. રથનું નામ **જ્યોતિર્મય**. પ્રિયવ્રતની આ વૈજ્ઞાનિક શોધ હતી. સૂર્ય સામે બીજો સૂર્ય બનાવ્યો, ને આકાશમાં મૂકયો. એવું પ્રિયવ્રત સૂર્યને નામ આપ્યું. તે સૂર્ય અગિયાર કરોડ વર્ષ સુધી રહ્યો; ત્યાં સુધી પ્રિયવ્રતનું રાજ્ય ગણાયું.

પૃથ્વીમાં અવ્યવસ્થા એ અંધકાર છે. તેને દૂર કરવા ખંડ વિભાગ કર્યા. તે માટે પ્રજામતની જાણ અને પ્રદેશ વિભાગના અવલોકન માટે પ્રિયવ્રત રથ લઈ સાત વખત ફર્યા. બીજાના અભિપ્રાય ઉપર ન અવલંબતાં જાતે પ્રજામત જાણ્યો, પ્રદેશ નિહાળ્યો. ભાષા, વ્યવહાર, વન, પર્વત, નદી, સાગર, ખનીજ દૃષ્ટિએ કોઈ પણ ખંડને પરાશ્રય ન લેવો પડે કે હરકત ન નડે તે લક્ષમાં લઇ પ્રત્યેક ખંડની સીમા નક્કી કરી. પ્રત્યેક ખંડના એક એક શાસક સ્થાપ્યા અને ખંડની સંજ્ઞાઓ બનાવી—જંબુ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, કૌંચ, શાક અને પુષ્કર દ્વીપ, ક્ષારોદધિ, ઇક્ષુરસ, સુરોદધિ, ઘૃતોદ, ક્ષીરોદધિ, દધિ મંડોદ, શુદ્ધોદ, સપ્ત સાગરો થયા. જો કે પ્રિયવ્રતના પૂર્વમાં પણ આ વિભાગો હતાજ; પરંતુ પ્રિયવ્રતે વધુ રીતે સ્પષ્ટ ને વ્યવસ્થિત કર્યા.

---

## અધ્યાય ૨ જો શ્લોક ૨૩
## આગ્નિધ્ર ચરિત્ર

પ્રિયવ્રતને આગ્નીધ્ર પુત્ર થયા. મન્દર દ્રોણીમાં તપ કરતા આગ્નીધ્ર માટે પૂર્વચિત્તિ અપ્સરા વિધાતાએ મોકલી. પ્રારબ્ધની પ્રતિમા પૂર્વચિત્તિ છે પ્રારબ્ધનો ક્ષય ભોગથી થાય છે વિષયીનું વાઙ્માધુર્ય ને ચાતુર્ય જો ભગવદ્ કીર્તિ કાવ્ય બને તો લોક કલ્યાણ સાથે આત્મ કલ્યાણ થાય. આગ્નીધ્ર રાજાનું ૭ થી ૧૬ સુધીના દશ શ્લોકોનું પૂર્વચિત્તિ કાવ્ય અધ્યાત્મ અર્થ તરફ ઢળતું છતાં વિષય તરફ વળી ગયું. ભાગવતમાં સ્ત્રી ચિત્ત રંજક આવું નિરૂપણ અન્યત્ર નથી. પ્રીતિની માધુર્ય સુધા સુધાનિધિ શ્રી કૃષ્ણમાં સમર્પાય તો જીવનનો આસ્વાદ મળે. આ દશ શ્લોકમાં **અનુનયઃ** છે. **અનુનય પ્રણયનો આત્મા છે.** પ્રણયમાં તે સ્વાભાવિક આવે છે. ભાષા પાંડિત્ય તેને મનોરમ રૂપ આપે છે. આગ્નીધ્રે વર્ષો સુધી રાજ્ય કર્યું. આગ્નીધ્રને નવ પુત્રો થયા, તે મેરૂની નવ કન્યાઓને પરણ્યા.

## અધ્યાય ૩ જો શ્લોક ૨૦
## નાભિ ચરિત્ર

આગ્નીધ્રને નાભિ પુત્ર થયા. નાભિનું મંગલ ચરિત્ર છે. પિતામાં વસેલ વિષય માધુર્ય નાભિમાં ભકિત રસ માધુર્ય બન્યું; અને **યજ્ઞપુરુષની** ઉપાસના કરી. "ભાગવત વાત્સલ્ય" ભગવાનનો સ્વભાવ છે, જે સ્વભાવથી કૃપામય પ્રભુ ક્રિયા કલાપથી નથી મળતા તે કેવલ "ગુણ વિપ્રલાપ"થી સુલભ બને છે. **दरवर** – શંખ. **अच्छूरि** – ચક્ર. **अमृतमणि** – કૌસ્તુભ.

૪ થી ૧૫ સુધીના ૧૩ શ્લોકમાં ઋત્વિજોએ ઉપસ્થાન કર્યું છે. પુત્ર પ્રાપ્તિ માટેનું આ સિદ્ધ અનુષ્ઠાન છે. દિવ્ય પુત્રાભિલાષુકને આ અનુષ્ઠાન સિદ્ધિ આપનાર છે. તેર માસ સુધી રોજ ૧૩ આવર્તન કરે તો દિવ્ય તેજસ પુત્ર થાય.

## અધ્યાય ૪ થો - શ્લોક ૧૯

### ઋષભાખ્યાન

ત્રણ અધ્યાયોમાં શ્રી ઋષભ ચરિત્ર છે. **ऋष** ધાતુનો અર્થ જ્ઞાન અને **भा** ધાતુનો અર્થ દીપ્તિ થાય છે. બન્ને ધાત્વર્થનો વાચક **ऋषभ** શબ્દ છે. છ ઐશ્વર્યના સ્વામી, **તેથી** પિતાએ ઋષભદેવ નામ રાખ્યું. **वरीयसा वर्ष्मणा**–શ્રેષ્ઠ દેહથી, **बृहच्छ्लोकेन** ઋષભ દેવનાં ગુણ ગાનાર મહાન્ કાવ્યોથી, **ओजसा**-તેજથી, **बलेन** બલથી, **श्रिया** કાન્તિથી, **यशसा** યશથી, **वीर्यशौर्याभ्याम्** - વીર્ય અને શૌર્યથી ઋષભદેવ નામ આપ્યું.

ઋષભદેવના સો પુત્રો–એક નિર્ગુણ ભરતજી, ૯ યોગેશ્વર જ્ઞાનરત મહાભાગવતા, ૯ ભકિત રત, ૮૧ પુત્રો શ્રોત્રિય વેદ યજ્ઞ કર્મમાં રસવાળા હતા.

**कविर्हरिरन्तरिक्षः प्रबुद्धः पिप्पलायनः ।**
**आविर्होत्रोऽथ द्रुमिलश्चमसः करभाजनः ॥११॥**

## અધ્યાય ૫ મો શ્લોક - ૩૫

### અધિવેશનમાં વ્યાખ્યાન

બ્રહ્માવર્તમાં મળેલ બ્રહ્મર્ષિ સભામાં ઋષભદેવે માનવતાના આદર્શને અનુલક્ષી એક તલસ્પર્શી વ્યાખ્યાન કર્યું; જેમાં આશ્રમ સમાજ અર્થ અને આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ સમાયેલ છે. ૨૭ શ્લોકોમાં એ નિરૂપણ છે.

**नायं देहो देहभाजां नृलोके कष्टान् कामानर्हते विड्भुजां ये ।**
**तपो दिव्यं पुत्रका येन सत्त्वं शुद्ध्येद्यस्माद् ब्रह्मसौख्यं त्वनन्तम् ॥१॥**

વાત્સલ્યના પાત્રમાં વિવેક અને ઉપદેશનાં અમોઘ વચનામૃતો અવશ્ય ફલદાયી બને છે. **ઋષભદેવ** પુત્રોને **पुत्रकाः** "હે નાનાં બાળકો' એવા સંબોધનથી સત્કારે છે. **दिव्यं तपः कामजयः क्रोधजयः** કામ, ક્રોધનો વિજય એ દિવ્ય તપશ્ચરણ છે. મહત્સેવાથી તે સિદ્ધ થાય છે. મહત્સેવા એ તો મુક્તિનો દરવાજો. **સમચિત્ત, પ્રશાન્ત, વિમન્યુ, સર્વનો સુહૃદ્** અને **સદાચારી** એટલા પાંચ ગુણોને ધરાવે તે મહાન્. **मन ज्ञाने** ધાતુથી વિશેષ જ્ઞાન ધરાવનારા મહાન્ પુરુષો માન્યા છે.

આઠમા શ્લોકમાં સપ્તગ્રન્થીનો નિર્દેશ કરે છે. શ્રીમદ્ ભાગવત સપ્તાહના **શ્રવણથી** સાત ગાંઠ જે ખુલે છે, તે આ શ્લોકમાં વર્ણવી છે.

**पुंसः स्त्रिया मिथुनीभावमेतं तयोर्मिथो हृदयग्रन्थिमाहुः ।**
**अतो गृहक्षेत्रसुताप्तवित्तैर्जनस्य मोहोऽयमहं ममेति ॥८॥**

**पुंसः स्त्रिया मिथुनीभावम्** - "અહમ્ અને મમ" નામની બે છેડાની પ્રથમ ગાંઠ બંધાય છે. તે ઉપર બીજી ગાંઠો બંધાતાં તેની દૃઢતા થાય છે. (૧) સ્ત્રી અથવા પુરુષ એવી પ્રથમ ગાંઠ. (૨) જાતિ અથવા વંશકુલની બીજી ગાંઠ. (૩) ગૃહની ત્રીજી ગાંઠ. (૪) ક્ષેત્રની ચોથી ગાંઠ. (૫) પુત્રની પાંચમી, (૬) આપ્તજનની છઠ્ઠી અને (૭) વિત્તની સાતમી ગાંઠ. આ સાત પ્રકારની ગાંઠો શ્રીમદ્ ભાગવતજીના અને પરમ ભાગવત **ભરતજી** કે **ઋષભદેવના** જીવન પ્રસંગથી ઉકલે છે. ગાંઠો ઉકેલવી કે સંસાર વ્યવહારમાં રહી અનાસકત યોગના સાધુ થવું. સંબદ્ધ વિચ્છેદ નહિ કરવાનો, પરંતુ આસકિતનો ઉચ્છેદ માત્ર કરવાનો.

શ્લોક ૧૦ થી ૧૩ સુધીમાં **अहम्** અને **मम**ના વિજયનાં ૨૫ સાધનો બતાવ્યાં છે. ઈશ્વર ભકિત, ગુરુ સેવા, તૃષ્ણા ત્યાગ,

સહિષ્ણુતાથી આરંભી અંતિમ સાધન ધીરજ અને વિવેકને ગણાવ્યાં છે. ભકિત અને વિવેકની વચમાં ૨૩ સાધનોનો સમાવેશ કર્યો છે.

**गुरुर्न स स्यात्स्वजनो न स्यात्पिता न स स्याज्जननी न सा स्यात् ।**
**दैवं न तत्स्यान्न पतिश्च स स्यान्न मोचयेद्यः समुपेतमृत्युम् ॥१८॥**

શિષ્ય અને સેવકનું હિત ન સાધે તેણે આચાર્ય કે ગુરુ બની દીક્ષા ન આપવી. સ્વજનને સન્માર્ગે ન દોરી શકે તો સ્વજન ન બનવું. પુત્રને પુણ્ય પંથે ન લઈ શકે તો બ્રહ્મચર્ય પાલન કરવું, પણ જનક – જનેતા ન થવું. ભકતને ભોગ મોહમાંથી ન છોડાવે તો દેવ ન થવું. પ્રજાનું કે પત્નીનું હિત ન કરી શકે તો પતિ નૃપતિ ન થવું. **मोहो वै मृत्युः प्रमादो वै मृत्युः** પ્રમાદ અને મોહ મૃત્યુ છે. ઉભયમાંથી મુકિતનું નામજ મુક્તિ.

ઋષભદેવના શરીરમાંથી નીકળતો સુગંધ દશ યોજનના વિસ્તારને સુરભિ બનાવતો. મનુષ્ય જો પ્રાણાયામનો અભ્યાસ કરી, મિતાહાર કરી, પાન, ફલ કે અલ્પ દૂધ ઉપર શરીર નિર્વાહ કરે, તો શરીરમાંથી સદાય સુખડ કે કસ્તુરી જેવો સુવાસ આવે. વૈજ્ઞાનિક રીતે એ વાત પણ સુસંગત છે.

### અધ્યાય ૬ ઠ્ઠો શ્લોક ૧૯

છઠ્ઠા અધ્યાયમાં શ્રી ઋષભદેવે દેહ વિલયન કર્યું. યોગીનો દેહ પ્રારબ્ધના સંસ્કારોને લીધે યોગનિષ્ઠા પરિપકવ થયા પછી પણ ચાલે છે. ઋષભદેવે દેહમાંથી પ્રાણનો ઉપસંહાર કરી લીધો છતાં તેમનો દેહ યોગશકિતથી પૃથ્વીમાં ફરતો હતો. કુટકાચલના ઉપવનમાં ઋષભદેવ મુખમાં નાનો એક ગોળ પત્થર રાખીને પણ વિચરતા તે તે દેશના લોકોને જોવા મળતા.

## પ્રકરણ ૨જું – યોગ પ્રકરણ અધ્યાય ૮ (૭ થી ૧૪)

### અધ્યાય ૭ મો શ્લોક ૧૪

પ્રથમ છ અધ્યાયોથી ભકિત દ્વારા સ્વરૂપ પ્રાપ્તિ કેમ થઈ શકે તેનું નિરૂપણ કરીને યોગથી સ્વરૂપ સ્થિતિ કેમ મેળવાય તેનું નિરૂપણ આઠ અધ્યાયોમાં આરંભે છે. યોગ અષ્ટાંગ છે; માટે આ પ્રકરણના આઠ અધ્યાયો છે. ભરતજીના ચરિત્રને સાત અધ્યાયથી વર્ણવી આઠમા અધ્યાયે પ્રકરણનો ઉપસંહાર કરશે. સાતમા અધ્યાયમાં રાજ્ય ભોગવી પ્રારબ્ધ કર્મનો ક્ષય કરી, યજ્ઞારાધન કરી, દેવ, મનુષ્ય, પિતૃ ઋણથી મુકત બની, હરિક્ષેત્રમાં ભગવદ્ ભકિત નિમિત્તે બેઠા.

**भरतस्तु** એવા પદથી જીવન પ્રસંગ આરંભ્યો. **तु** અવ્યયનો ઉપયોગ કરી **ऋषभदेव** ભગવાન હતા, અને ભરતજી તો ભાગવત હતા, એમ સૂચવ્યું. **तु** એવા અર્થમાં પણ વપરાય કે અન્ય રાજાઓ કરતાં ભરતજી જુદા કોટિના પુરુષ થયા.

ઋષભદેવ સુધી આર્યાવર્ત "અજનાભ" ખંડ નામથી ઓળખાતો. ભરતજીના રાજ્યારોહણ પછી લોકો ભરત ખંડ નામે વ્યવહાર કરવા લાગ્યા.

ભરતજીએ યજ્ઞો કર્યા અને તેનાં અદૃષ્ટ ભગવાનને સમર્પ્યાં. પ્રપન્ન ભકત કર્મયોગને આચરે, પરંતુ તેનાથી થતાં અપૂર્વને–ફલોને ભગવચ્ચરણે સમર્પે. અદૃષ્ટ એટલે કર્મ કરે તેજ સમયે જે સૂક્ષ્મ ફલ ત્યાંજ ઉત્પન્ન થાય છે તે. બીજા મીમાંસક એવો અર્થ કરે છે કે કર્મ સમાપ્ત થયા પછી બીજા સમયે તેનું ફલ આપનારી જે કોઈ શકિત તેનું નામ **અપૂર્વ**. પુણ્ય પુરુષો અર્થ, શરીર વિગેરેને વિશ્વહિતમાં અર્પે છે, પરંતુ સત્કર્મોનાં ફલ દેનારાં અપૂર્વને પણ વિભુ ચરણે ધરે છે.

**હરિક્ષેત્રમાં પુલહ મુનિના** આશ્રમમાં **વિદ્યાધર** કુંડ ઉપર વસતા ભકતજનોને આજે પણ દર્શન આપે છે. ભગવાનનાં નિત્ય નિવાસ ધામો પાંચ પૈકીમાંનું એક "**પુલહાશ્રમ ધામ**" છે. **यत्र ह वाव भगवान्**...... (શ્લોક ૯)

**एकलः** અને **विविक्तः** બે ઉપાસનાનાં અંગો બતલાવ્યાં. કર્તવ્યની સાધના કરનારે **એકાકી** રહેવું, અને બીજૂં **विविक्त** થવું. વિવિકત એટલે વિશુદ્ધ અને મિતાહારી. સેવાની અપૂર્વતા ત્યારે સિદ્ધ થાય કે સેવા કરતાં સમાધિના જેવી દશા થાય અને સ્વાભાવિક દેહ, ધન, ઘરનો પણ ખ્યાલ ન આવે.

**परोरजः सवितुर्जातवेदो देवस्य भर्गो मनसेदं जजान।**
**सुरेतसादः पुनराविश्य चष्टे हंसं गृध्राणं नृषद्रिङ्गिरामिमः ॥१४॥**

**सवितुः देवस्य** વિશ્વના સર્જક સૂર્યદેવનું, **भर्गः** હિરણ્યમય રૂપને, **इमः** શરણે જઇએ છીએ. જે રૂપ **परोरजः** પ્રકૃતિથી પર છે; **जातवेदः जातं वेदः कर्मफलं यस्मात्**, કર્મના ફલને આપનાર છે, અથવા **जातवेदः** સંબોધન કરીને, 'હે વેદના ફલ પ્રકટ કરનાર હે સૂર્ય એવો અર્થ કરવો. **मनसा** સંકલ્પ માત્રથી **इदं जजान**–આ વિશ્વને જેણે જન્મ આપ્યો છે, **सुरेतसा**–પોતાની ચૈતન્ય શકિતથી, **अदः**–આ જગતમાં, **आविश्य**–અન્તર્યામિ રૂપે પ્રવેશીને, **गृध्राणम्**–ભગવાનની આકાંક્ષા સેવતા અથવા વિષય સુખને વિચારંતા એવા **हंसम्**–જીવને, **विचष्टे**–જુઓ છો – કૃપા નજરે નિહાળો છો. **नृषद्रिङ्गिराम्** – **नृषु तिष्ठति इति नृषद्** મનુષ્યોમાં વસનારી બુદ્ધિ, **तस्याः रिङ्गिम् राति इति नृषद्रिङ्गिराम्**–તેને ગતિ આપનાર મનુષ્યમાં વસનારી બુદ્ધિને પ્રેરનાર સૂર્યના તેજની સ્તુતિ કરીએ.

## અધ્યાય ૮ મો–શ્લોક ૩૨

કૃપા પરમેશ્વરનો ધર્મ છે. જીવ કૃપા કરવા જતાં લાગણીશીલ બની જાય છે. લાગણી વશ આસકિત પરવશ બને છે. ભરતજી જેવા મહાન યોગીને પણ કૃપાના કારણે થયેલ હરણનો સંગ સ્વરૂપ શિથિલતામાં નિમિત્ત થયો; છતાં પરોપકાર વ્યર્થ ન ગયો. પ્રારબ્ધ ભોગ અનિવાર્ય છે. **तत्र तदा राजन्! हरिणी उपाजगाम्**– એક દિવસ વહેલી પ્રભાતે ઉપસ્થાન કરતા હતા, ત્યાં રાજન! એક હરિણી આવી. "રાજન" સંબોધનથી પરીક્ષિતને મૃગયાનો અને ઋષિના ગળામાં સર્પ મૂકવાનો પ્રસંગ યાદ કરાવ્યો. દયા અને વાત્સલ્યના સંગમે વસી ભરતજીએ એક અશરણ હરણને શરણાગત વત્સલ થઈ સંભાળ્યું. કોમલ હૃદયો પોતાનાં સર્વ સ્વાર્થ અને હિતોને પરહિતની સાધનામાં વિસરી જાય છે.

૯ મો શ્લોક આસકિતની પરાકાષ્ઠા દર્શાવે છે. મનુષ્ય જ્યારે કોઈ વ્યકિત કે વસ્તુમાં ઓતપ્રોત થાય છે, ત્યારે તે તેનો અનન્ય બની જાય છે. એ એની સીમાડા વિનાની આસકિત છે. પરંતુ પોતે તેને સ્નેહની સીમા સમજે છે. ભરતજીમાં જેટલી તાદાત્મ્ય વૃત્તિ હરણે ન કરી, તેથી વધુ તન્મય સ્વયં બન્યા. આસકિત **સમય અને સમજ લઇ જાય છે.** સમય, સમજ ગયાં તેનો સર્વ વિકાસ રૂંધાયો; એજ તેનો આત્મનાશ મનાય.

સહૃદય વ્યાસજી ભરતજીને અભિનંદન આપે છે. **नूनं ह्यार्याः साधव उपशमशीलाः कृपणसुहृद एवंविधार्थे स्वार्थानपि गुरुतरानुपेक्षन्ते ॥१०॥**

શ્લોક ૯ થી ૨૫ સુધી આસકતની અવસ્થાનું અતિશય કરૂણ અને વેદનીય વર્ણન આપ્યું છે. આ પ્રકારનીજ અવસ્થાનો અલ્પ અંશ ઇશ્વર માટે બને તો તેજ આસકિત ભકિત બની જાય.

ભરતજીનો દેહ છૂટયો અને બીજા દેહમાં હરણની યોનિ પામ્યા. આસકિતનો જ્યારે પરિપાક થાય છે, ત્યારે જીવનમાં પરિતાપ શરૂ થાય છે. પરિતાપ પૂર્ણ પ્રકારે તપશ્ચર્યાનું ફલ આપીને એકાએક વૃત્તિઓનું સંશોધન તેમજ પરિવર્તન કરે છે. આત્મનિમર્જ્જન કરવાથી જે ફળ નથી મળતું, તે ફલ આસકિતની ઠોકર વાગતાં આસકિતનું પાત્ર બેવફાદાર નીવડતાં, આસકતોની વચમાં મન ઊંચાં થતાં, અથવા અન્ય અનેક પ્રકારના પ્રતિબંધોમાંનો કોઈ પણ પ્રતિબંધ આવી જતાં, સહજ ભાવમાં ને સ્વલ્પ સમયમાં મળી જાય છે; પણ પુણ્યનો કે પુણ્ય જનનો કે પ્રભુનો કોઇ પણ સહારો હોય તો. **આસક્તિના નિર્વેદે વેદનું ફળ આપ્યું.** ૨૯ મા શ્લોકમાં નિર્વેદનું નિરૂપણ છે. **એકાકી અને યત ચિત્ત બની કાર્યરત થવું એજ સાચી જીવનની ઉપાસના છે.**

## અધ્યાય ૯ મો – શ્લોક ૨૦

નવમા અધ્યાયમાં ભરતજી વિપ્રકુલાવતંસ બન્યા. કલ્યાણકૃત **નિત્ય ઉર્ધ્વ ગતિનેજ મેળવવાનો.** કેટલાક અન્તરાયો મહાપુરુષોને પરિણામમાં ઊંચે લઈ જનારા સદ્ગુરુ કે સદ્વ્રતારાધન સમા નીવડે છે. ભરતજીની જીવન માધુરી ઉત્તરોત્તર એક પછીના એક અધ્યાયોમાં અનુપમ રીતે વર્ણવી છે. સંત હૃદયનો સાક્ષાત્કાર નવમા અધ્યાયમાં થશે. ભરતજી અંગિરા કુલમાં જન્મ્યા. અંગ અને અંગી એટલે આત્માને અન્યના હિતમાં આપી દે તે અંગિરા. ભરતજી, શમીક ઋષિ, દધીચિ ઋષિ એ આદર્શનાં અનુપમ દૃષ્ટાન્તો છે. વિપ્રના આદર્શ બાર ગુણો નવમા અધ્યાયમાં પ્રથમ શ્લોકમાં છે. સપ્તમ સ્કંધમાં **विप्राद् द्विषड् गुणाद्** એ વાકયમાં પ્રહ્લાદજીએ લક્ષ્ય દોર્યું છે કે વિપ્ર બાર ગુણવાળો હોય છતાં ભગવદ્ ભકત હોવો જોઇએ. તે ગુણોનો નિર્દેશ પંચમ સ્કંધમાં આ શ્લોકમાં હોવાથી ત્યાં નથી ચર્ચ્યો. શમ, દમ, તપ, સ્વાધ્યાય, અધ્યયન, ત્યાગ, સંતોષ, તિતિક્ષા, પ્રશ્રય, વિદ્યા, અનસૂયા આત્મજ્ઞાન આ બાર ગુણો સાથે આનંદ શબ્દનો નિર્દેશ કરી, ભકિતનો ઉલ્લેખ કરી તેર ધર્મો વર્ણવ્યા. ઉપરોકત તેર ગુણો ભરતજીના નવ ભાઈઓના દર્શાવ્યા છે, જ્યારે ભરતજી તો તેથી પણ શ્રેષ્ઠ પરોપકાર અને સમત્વ ગુણવાળા છે. પ્રથમ પત્નીમાં નવ પુત્રો, બીજી પત્નીમાં **ભરતજી અને ધૃતિ**, ભાઇ બહેન જન્મ્યાં.

ભરતજીએ અધ્યયન ન કર્યું. એમને જાણવું ન હતું, જીવવું હતું. જાણવામાં જીવ જીવનનાં જીવન વીતાવે છે, તે કરતાં જીવવાની શરૂઆત કરે તો જાણવાની અવધિ આવી જાય. એ નિયમ ભરતજીએ અપનાવ્યો. પિતાજી નિર્વાણ પામ્યા, અને માતાજીએ સહપ્રયાણ કર્યું. પ્રતિવ્રતા અને સુશીલ માતાનાં સંતાન ભકત, મુકત અને વિરકત થઇ શકે. ભગવાને ભરતજીને માતાપિતાની જવાબદારીમાંથી મુકત કરી મુકિતનો માર્ગ મોકળો કર્યો.

ભરતજીના જીવનના બે નિયમો – **वेतनतः ईहमानः** શ્રમથીજ મેળવેલા અન્નથી જીવન નિર્વાહ કરતા, એ એક નિયમ; અને બીજો નિયમ રસ વિજય હતો. **कणपिण्याकम्……अमृतवदभ्यवहरति** (શ્લોક ૧૧). દૈવ સંકેતે મળતા નિઃસ્વાદુ અન્નને અમૃત માફક લેતા. **जिते रसे जितं सर्वम्।** "જીતી નિદ્રા, જીત્યો આહાર, અલખત પામ્યો અપરંપાર." જિતેન્દ્રિયતાનો મૂલારંભ જિહ્વા રસના વિજયથી થાય. મૌન, મિત–માફક અને પવિત્ર આહારથી જીભ જિતાય. જીભ જિતતાં જગત જિતાય. **कणाः** કણકી, **पिण्याक** – ખોળ, **फलीकरण** કુશકા, છોતરાં, **कुल्माश** – સડેલા અડદ, **स्थालीपुरीष** – ન બળેલાં અન્ન વિગેરેને અમૃતની ભાવનાએ

આરોગતા ભરતજીનો ઇન્દ્રિય વિજયારંભ ભોજનથી થયો; એટલે પ્રથમ નીરસ–અનાસક્ત થયા પછી નિર્ભય થયા. નિર્ભયતાનો હવે નિર્દેશ ૧૩ મા શ્લોકમાં કર્યો. ભદ્રકાલીને બલિદાન અપાતાં અને હિંસાપ્રચુર કાપાલિક ધર્મે યજ્ઞધર્મના ઓઠા નાચે હિંસા તાંડવ માંડ્યાં. ગભરાં ને કુમળાં નિર્દોષ પશુઓનાં જીવન હોડમાં મૂકાયાં, ત્યારે મહાભાગવત ભરતજી તેમની કુમકે ઉતર્યા. પશુઓના ભોગને બદલે પોતાના મસ્તકનો છેદ આપવા ભદ્રકાલી સામે ઉભા, અને બોલ્યા, "મા, તારી પાસે આવનારનો અભદ્ર દૂર થઇ ભદ્ર થાય, તેવી ભદ્રકાલી પાસે આવ્યા પછી પણ જો નિર્દોષ બાળકો અભદ્રમાં મૂકાય, તો તને ભદ્રકાળી કોણ કહેશે? જો જીવોના જીવ લેવાથીજ રાજી થાઉં છું તો જે કંપે છે તેના પ્રાણ શું કામ લે છે? પરંતુ તારી સામે નિષ્કંપ ઉભો છે, તેનાજ પ્રાણ સુખેથી લે. બાકી કંપે તેના ઉપર તો મા અનુકંપા કરે એવું જાણ્યું છે." આ આન્તર્નાદ સાંભળી ભદ્રકાળી પ્રસન્ન થઈ પ્રકટ થયાં ને વરદાન આપ્યું. એક વૈષ્ણવ શિરોમણિએ તે દિવસથી હિંસા માર્ગ અટકાવી દીધો. મહર્ષિએ એક અભયમંત્ર આપ્યો કે

**एवमेव खलु महदभिचारातिक्रमः कार्त्स्न्येनात्मने फलति ॥१९॥**

## અધ્યાય ૧૦ મો શ્લોક ૨૫.

આ અધ્યાયમાં ભરતજીનાં સમત્વ અને ભૂતદયા જોવા મળે છે. ચરણમાં બેસાડીને સ્વયં સુંવાળી ગાદી ઉપર બેસીને જ્ઞાનનો ઉપદેશ કરવામાં પણ પરિશ્રમનો ભંડાર જોતા ગુરુજનને "ભરતજી" ઉચ્ચ આદર્શ પૂરો પાડે છે. ઇક્ષુમતીના કિનારા ઉપરથી પસાર થઇ અગત્સ્યના આશ્રમમાં જ્ઞાન લેવા જતા રાજાને જ્ઞાનનો નિધિ રસ્તામાંજ મળી ગયો. શિષ્યને સ્કંધ ઉપર ચઢાવી; સ્વયં ચરણે ચાલી સદાચરણનો સુભગ દૃષ્ટાંત ભરતજીએ આપ્યો.

**યોગીની દૃષ્ટિઃ— इषुमात्रावलोकन :** એક ધનુષ્ય ચાર હાથનું હોય છે. યોગી પુરુષ નાકના અગ્ર ભાગ ઉપર નજર રાખે છે, જેમાં તે ચાર હાથના ઘેરાવાની જગામાંજ જોઈ શકે છે. અન્તરમુખ અવસ્થાનું એ સહજ લક્ષણ છે. ભરતજીએ પાલખી ઉંચકીને **ब्रह्मभूत** સ્થિતિનો સર્વને ખ્યાલ આપ્યો. જ્યારે **બ્રહ્મભૂત ભૂમિકા** હોય, ત્યારે વિકાર ને ક્રોધ થવાને બદલે પ્રેમ અને આદર ભાવમય સ્વભાવ બને છે.

રહૂગણે અનાદરમાં **भ्रातः** સંબોધન કર્યું. સ્થૂલ શરીરને કૃશ, અનેક ઉંચકનાર હતા, ત્યારે એકલાએ ઉંચકી, થોડો માર્ગ કાપ્યો ત્યારે દીર્ઘ માર્ગ કાપ્યો, યૌવનકાલને વૃદ્ધ વય; સુઘાટીલી કાયાને વક્ર દેહ વિગેરે વક્રોક્તિએ નિરૂપ્યા; તો પણ સાધુચરિત ભરત કાંઇ ન બોલ્યા. રહૂગણે ફરીથી, "જીવન્મૃત, અને સ્વામી શાસનનો અનાદર કરનાર, પ્રમત્ત"–એવાં તિરસ્કાર ભર્યાં વચનો કહ્યાં, ત્યારે માયાધીન જીવન જીવી ઉપર કૃપામય હૃદયે ઉદય સાધક વચનામૃતોની વર્ષા વરસાવી શ્લોક ૯ થી ૧૩ સુધીમાં.

રહૂગણને સદ્ભાવ પૂર્વક **वीर** સંબોધન કર્યું. ઉપદેશ સ્નેહ સંબોધન મૂલક હોય, તો સફલ બને છે. **जीवन्मृतत्व** રાજાએ પદ વાપર્યું. તેનો વિવેક કર્યો ને સમજ આપી કે **जीवत्व** એક અવસ્થા છે, **मृतत्व** બીજી અવસ્થા છે. તે બે અલગ અલગની છે. આત્મામાં જીવનપણું અને દેહમાં મૃતપણું હોય છે; નહિ કે આત્મા અથવા દેહમાં તે ઉભય ધર્મો વસે. **स्वामित्व** – નિત્ય તો નિત્ય પુરુષ કૃષ્ણમાં છે. **सेवकत्व** તો તેના અનન્ય દાસોમાં છે. મનુષ્યો પોતાને સ્વામી માને છે; એ તો એક **अहंग्रह** છે. ભરતજી મર્મ સ્પર્શી મૃદુ વાક્યોથી વિરમી શિબિકા વહેવા લાગ્યા.

**कस्त्वं निगूढश्चरसि द्विजानां बिभर्षि सूत्रं कतमोऽवधूतः**
**कस्यासि कुत्रत्य इहापि कस्मात् क्षेमाय नश्चेदसि नोत शुक्लः ॥१६॥**

ભરતજીનાં વચનોથી ભાવોદ્રેક વધી જતાં રાજા રહૂગણ ચરણે પડયા, અને કોમલ ને આદર ~~ભરી~~ પ્રશ્નાવલી આરંભી. "આપ કયા કુલના અવતંસ છો? કઇ જનનીના લાડકવાયા છો? કયા પિતાના વિવેકશીલ વારસદાર છો? કયા અવધૂત છો? કયા દેશના પુણ્ય પુરુષ છો? આ પ્રદેશ ઉપર અપાર અનુકંપા કેમ કરી? શું કપિલ મુનિ તો આપ નથી?" આવા પ્રશ્નોથી નવાજ્યા.

૨૫ મા શ્લોકમાં રાજાએ ભરતજીની વિશ્વબંધુત્વ નિષ્ઠાની પરબનાં પાણી પીધાં, અને આત્મદર્શન મેળવ્યું તે વર્ણવ્યું. એક સિદ્ધાન્ત કહ્યો કે હજારો બ્રહ્મહત્યામાંથી છૂટાય પણ એક મહાન અનાદરના અપરાધથી ન છૂટાય.

**ब्रह्महत्या सहस्रस्य पापं शाम्येत् कथञ्चन ।**
**न पुनस्त्वदवज्ञाने कल्पकोटिशतैरपि ॥**

### અધ્યાય ૧૧ મો–શ્લોક ૧૭

અગિયારમા અધ્યાયમાં સોળકલા પૂર્ણ યોગીરાજે રસિક, સરલ અને આર્દ્ર ભાષામાં ૧૭ શ્લોકથી તત્ત્વજ્ઞાન પીરસ્યું. રાજાનો વિકાર ગયો, અને ગુણોનો આવિષ્કાર થયો. સત્પુરુષોનું વાઙ્મય વેદવેદાન્તનું ફલ આપી જાય છે. જ્ઞાન કરતાં તેમનો પ્રેમ અને આદર્શપાલન વધુ અસરકારક હોય છે. તેઓ કોઇને ઉપદેશ દેતા નથી, બલ્કે ઉપદેશ લે છે.

**यथा प्रदीपोघृतवर्तिमश्नन् शिखाः सधूमा भजति ह्यन्यदा स्वम् ।**
**पदं तथा गुणकर्मानुबद्धं वृत्तीर्मनः श्रयतेऽन्यत्र तत्त्वम् ॥ ८ ॥**

**स्नेहवान् ज्वलतेऽ निशम्** – ઘીવાળો દીપક અને આસક્તિવાળો કુલ દીપક રોજ બળવાના. કાયા ત્રાંબાનું કોડીયું છે, જીવ દીપક છે, ઘી મોહ છે, ઇન્દ્રિયો દીવેટો છે. મન મધ્યવર્તી વાટ છે. તે બળીને ઘી અને કોડીઆને કાયમનાં ગરમ રાખે છે. જો કેવલ મોહરૂપી ઘી સ્વયં બળી જાય તો ભલે વાટ કે કોડીયું રહે, બળવું મટી જાય. એવી એક લક્ષણાનો નિર્દેશ શ્લોક કર્યો.

૧૬ શ્લોકથી મનો વિજયનું માર્ગદર્શન કરી ૧૭ મા શ્લોકમાં બે રસ્તાઓ કહ્યા. ગુરુ અને હરિના ચરણની આરાધનાના અમોઘ અસ્ત્રથી મનો નિગ્રહ સુલભ બને છે. મન મોટો દુશ્મન છે, ને મિત્ર પણ છે. મનાવી લેતાં તે મિત્ર બને છે. ઉપેક્ષા ને અનાદરથી દુશ્મન થશે.

### અધ્યાય ૧૨ મો શ્લોક ૧૬

રહૂગણની પ્રપત્તિ થઈ, જેથી દુર્મતિ ગઇ અને સુમતિ ઉપલબ્ધ થઇ. અંતઃકરણ ચતુષ્ટયના સમર્પણ માટે ચાર શ્લોકથી રહૂગણે પ્રપત્તિ કરી, ત્યારે **દ્વાદશાંગ પુરુષોત્તમનું** પ્રદાન કરવા માટે બાર શ્લોકમાં ભરતજીએ ભગવન્માર્ગનું કથન કર્યું.

**अवधूत — अ** – આશા વગરના, **व** – વાસના વિનાના, **ध** વિશુદ્ધ અંતઃકરણવાળા, **त** – તત્ત્વવેત્તા – આપને શરણે આવું છું. સંતો **कारण विग्रह** હોય છે. કાર્ય એટલે પાંચ ભૌતિક તત્ત્વોની કાયા. સંસારીઓ ભૌતિક શરીરી છે, જ્યારે સંતોનો આત્માજ શરીરનો આકાર લઇને આવ્યો છે. તેથી તેઓ કારણ વિગ્રહ છે.

સંતોના વચનનો મહિમા :—

**ज्वरामयार्तस्य यथागदं सत् निदाघदग्धस्य यथा हिमाम्भः ।**
**कुदेहमानाहिविदष्टदृष्टेः ब्रह्मन् वचस्तेऽमृतमौषधं मे ॥२**

સજ્જન વચનની તુલના—સજ્જનનાં વચનોને અગદ, હિમાંભ, અમૃત અને ઔષધની ઉપમા આપી. અગદ અને ઔષધ પર્યાય વાચક શબ્દો છે; છતાં શ્લોકમાં બે બે વાર મુકયા છે. તેથી તે ભિન્નાર્થ વાચક છે. જવરાર્તને માટે 'અગદ' છે. 'અગ' એટલે ન જતો એવો જે રોગ-કામ-તેને 'દ' એટલે દૂર કરનાર અગદ. કામજવર હર સુધા ચૂર્ણ આપનું વચન છે. તૃષ્ણા તૃષાહર્ત પુનીત શીતલ ગંગા-જલ છે. અભિમાન સર્પ વિષ દંશથી મરેલને સંજીવન અમૃત ઔષધ છે. **दुषो दाहः येषां ते औषाः तान् ति पुष्णाति इति औषधम्**- દ્વેષ, ઝેર, વેરથી બળેલાને પોષણ આપીને જીવાડનાર તેને ઔષધ કહેવાય.

પાંચમા શ્લોકથી ભરતજીએ વચનામત વરસાવ્યાં. કેવલ એકજ સંબોધનમાં તત્ત્વસાર અને આત્મજાગૃતિ દીધી. રાજાને કહ્યું **पार्थिव!** "હે પાર્થિવ, તમે તમને પાર્થિવ એટલે રાજા તરીકે માનો છો. તેનો અર્થ એટલોજ થાય છે કે પૃથ્વીનો વિકાર એજ પાર્થિવ. એ દૃષ્ટિએ બધાજ પાર્થિવ છે. તમે શેનો મિથ્યાભિમાન ધરો છો?"

સાતમા શ્લોકમાં રાજાના સત્ય અર્થનું અનુસંધાન કરાવ્યું ત્યાગી એકજ સત્યવકતા તરીકે ઘટે અને દીપે. જો રાજા સાચા હોય અને પૃથ્વીના ગોપ્તા તરીકે તમને ગણતા હો તો સશકત અને તંદુરસ્ત દેહે આ વેઠીઆના સ્કંધ ઉપર આરૂઢ થઈ સ્વારી કરો તે ન શોભે. રંજાડે તે રાજા કે રાજી કરે તે રાજા? એક તો પરાધીનતા, અજ્ઞાન, દીનતા અને દરિદ્રતાથી દુઃખી આ વેઠ કરનારા વેઠીઆઓ છે. સાચા તો તમે ત્યારે રાજા કે એમને વેઠમાંથી ઉદ્યોગમાં લાવી પૂર્ણ સુખી અને ઉદ્યમી બનાવો ત્યારે.

**रहूगणैतत्तपसा न याति न चेज्यया निर्वपणाद् गृहाद्वा।**
**नच्छन्दसा नैव जलाग्निसूर्यैर्विना महत्पादरजोऽभिषेकम् ॥१२॥**

તપ-તન શુદ્ધિ સુધી, ઈજ્યા યાગ અને દ્રવ્ય શુદ્ધિ પર્યન્ત નિર્વપણ એટલે અન્ન વગેરેનાં સમભાગે વિતરણ-અર્થ અને અન્ન શુદ્ધિ સુધી, ગૃહાશ્રમ સેવન-સહિષ્ણુતા પર્યન્ત, છન્દ, વેદનો અભ્યાસ-જ્ઞાન પર્યન્ત જલ અગ્નિ ને સૂર્યની ઉપાસના-મનોમલ, મેધામલ નિવારણ પર્યન્ત લઈ જશે, પરંતુ મહત્પાદ રજોભિસેવન સેવા, ભકિત અને ઈશ્વર દર્શન પર્યન્ત લઈ જશે.

૧૯ મા શ્લોકમાં બે માર્ગ દર્શાવ્યા. (૧) **અસંગ** માર્ગ-ત્યાગથી ઈશ્વરને મેળવવા; (૨) **સુસંગ** માર્ગ-સેવા, સ્નેહાનુરાગથી ઈશ્વરને મેળવવા. બંનેમાં બીજો સુલભ, સફલ ને સરલ માર્ગ છે.

## અધ્યાય ૧૩ મો શ્લોક ૨૬

અવિરકતને તત્વ જ્ઞાન, અંધને દર્પણ અને અજિર્ણને મિષ્ટાન્ન નિરર્થક છે. તેથી ૧૩ મા અધ્યાયમાં વૈરાગ્યની જાગૃતિ સાથે તત્વ જ્ઞાનનો ઉપદેશ કરે છે.

૨૬ શ્લોકના બે વિભાગ છે. ૧ થી ૨૦ સુધીમાં ભરતજી ભવાટવીનું નિરૂપણ કરે છે. તેમાં ૧૮ શ્લોકોથી વ્યવસ્થિત રીતે રૂપક ગાથા કહી અને બે શ્લોકોથી રાજાને તેમાંથી નિવૃત્ત થવાનો નિર્દેશ કર્યો. પછીના ત્રણ શ્લોકોમાં રહૂગણે ઉપકાર ગાન કરી આત્માનંદનો અનુભવ મેળવ્યો છે. તેવો એકરાર કરી સંતોના પ્રસંગ તે સ્વરૂપ પ્રાપ્તિનું સર્વશ્રેષ્ઠ સાધન છે, એમ કબૂલ્યું. ૨૪ અને ૨૫ મા શ્લોકોમાં શુકદેવજીએ પરીક્ષિતને સ્વસ્થ કર્યા. ૨૬ મા શ્લોકેપરીક્ષિતે પરોક્ષ કથનની સ્પષ્ટતા સમજાવવા વિનંતિ કરી.

એક યાત્રાળુનો સંઘ યાત્રાએ નીકળે છે. તેની અસાવધાનીનાં વિષમ ફળો કેવાં ભોગવે છે તેની રૂપક રેખા દોરી,

માનવ સમૂહ સંસાર ભ્રમણમાં કેમ અને કેવી રીતે અટવાય છે અને તે કેવી રીતે છૂટે તેનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. એક **સાર્થ** (જીવ સમુદાય) જન્મ લઈ **અટવીમાં** (જગતમાં) આવ્યો. **શર્મ**–સુખશાંતિને બદલે દુઃખ પામ્યો. (શ્લોક ૧)

નાયક (બુદ્ધિ) નાલાયક હતો, તેથી સંઘને અવળે માર્ગે દોર્યો. ષડ્દસ્યુઓ (કામાદિ છ લૂંટારાઓ) એ **શીલ અને યૌવન** ધન ભોગ અને વિલાસના સેવનથી લૂંટયાં. **ગોમાય** (કુટુંબીઓ)એ પ્રમત્ત ગૃહીને મીઠાં વચનોથી આસકત કર્યો. (૨)

**ગીચ જંગલ** (ગૃહસ્થાશ્રમ જીવન)માં ભૂલો પડયો. **ગન્ધર્વ નગર** (નશ્વર દેહાદિના સૌંદર્ય મોહ) માં અટવાયા કર્યો. **ધૂળથી ભરાયેલી** આંખોવાળો રજોગુણી બનીને ફરતાં વંટોળીઆથી–સ્ત્રીની આસકિતથી અંધ બની દિશાઓને–લોક, સમાજ, દેશ, આત્મ સેવાના રસ્તાઓ ચુકયો અને યૌવન ધન ગૂમાવ્યું. રસ્તામાં **ઝિલ્લીસ્વન એટલે તમરાંના** શબ્દો, (તમરાં એટલે પીઠ પાછળ નિંદા કરનારાં) અને **ઉલૂક એટલે** ઘૂવડે (આંખ સામે આવી લઢનારાંએ) પીડા આપી. **અપુણ્ય વૃક્ષોનો** (અધાર્મિક વ્યકિતઓનો) સુખ માટે આશ્રય લીધો (શ્લોક ૩, ૪, ૫).

ઝાંઝવાનાં જલમાં (વિષય સુખોમાં) તૃષા છીપાવવા ગયો. **દાવાનળમાં** એટલે વિરૂદ્ધ સ્વભાવ, વર્તન, વચનવાળો કુટુંબ નિવાસ. શુરવીરોએ (રાજા રાજ્ય અને કારભારે) લુટયો ત્યારે અકળાયો. રસ્તામાં કાંટા કાંકરા–પોતાના કાર્યમાં અનેક વિઘ્નોથી દુઃખી થયો. **મોટા પર્વતો** (દુર્લભ મનોરથ) પર ચઢવા જતાં નિષ્ફળ થઈ પડયો. અજગરે (મોહ નિદ્રાએ) ગળ્યો. અંધકૂપ (મોહ કૂપ)માં અંધ (વિવેક શૂન્ય) બની પડયો. **મધની શોધમાં** (પર ધન અને પરદારાના સ્વાદમાં) ગયો. **મક્ષિકાઓએ** (તેમના માલિકોએ) તેને સખ્ત નશીયત કરી. પકડાતાં કોટ–કોટવાલે પણ દંડયો અને લૂંટયો. (શ્લોક ૬ થી ૧૦)

૧૧ થી ૧૫મા શ્લોક સુધીનું વર્ણન સરલ રીતે સમજાય તેવું છે, કે જેમાં મનુષ્ય પોતાના ધન, સંતાન વિગેરેના લેવડ દેવડ, લગ્નના વ્યવહારોથી પ્રાથમિક મૈત્રી સાધી પછી વૈર આદિથી પીડાય છે.

વનમાં લતાઓના આશ્રયોમાં (યૌવનમાં શૃંગાર સુખોમાં) રસ લે છે. પંખીઓનાં મધુર પદો (શૃંગાર રસ પ્રચુર વિષય, મધુર વાર્તાઓ)માં સમય અને સંયમ ગૂમાવે છે. હંસની સંગતિ (સર્જ્જન સહવાસ) ત્યજીને વાનર–(વિષયી અને આચાર શૂન્ય) સમાજના સહયોગમાં આવી સ્વરૂપ ભૂલે છે. (૧૬, ૧૭)

**रहूगण** શબ્દ – **रह त्यागे** અને **गण संख्याने** બે ધાતુમાંથી બન્યો છે. "**સંસારનો ત્યાગ કરી જ્ઞાનના અવલંબને તરી જા**", એવો ધ્વનિ રહૂગણ શબ્દના અર્થમાં મુકયો.

**न ह्यद्भुतं त्वच्चरणाब्जरेणुभिर्हतांहसो भक्तिरधोक्षजेऽमला ।**
**मौहूर्तिकाद्यस्य समागमाच्च मे दुस्तर्कमूलोऽपहतोऽविवेकः ॥२२॥**

સત્સંગનો મહિમા વર્ણવી કહ્યું કે જે તપ, દાન, ધ્યાન આદિથી યુગાન્તે ન બને તે આપના સત્સંગથી બન્યું.

## અધ્યાય ૧૪ મો શ્લોક ૪૬

ચૌદમા અધ્યાયમાં રૂપક કથાનું સ્પષ્ટીકરણ કર્યું છે.

**यज्ञाय धर्मपतये विधिनैपुणाय योगाय सांख्यशिरसे प्रकृतीश्वराय ।**
**नारायणाय हरये नम इत्युदारं हास्यन्मृगत्वमपि यः समुदाजहार ॥४५॥**

ભરતજીએ હરણ શરીરનો ત્યાગ કર્યો, ત્યારે ઉપરોકત શ્લોક બોલેલા. તેમાં ચતુર્થી વિભકિતવાળાં આઠ પદો છે; જે

આઠ અધ્યાયનાં અને અષ્ટાંગ યોગનાં પ્રતીક સમાં છે. અષ્ટાંગ યોગની ઉપાસના એ અષ્ટ પદોથી પ્રભુપદ વંદનમાં આવી ગઈ અને તેનું ફળ પણ મળી ગયું. વિશેષમાં કૃપા તો એ દર્શાવી કે પ્રત્યેક ચતુર્થાન્ત પદાન્તે **नमः** ન બોલવું પડયું. જો ભકત ચતુર્થી વિભકિતવાળું પદ બોલે તો ભગવાન દયાળુ હોઇ **नमः** બોલી લે છે. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ચરણમાં ઉત્તરોત્તર કર્મ, જ્ઞાન અને ભકિતનો ઉત્કર્ષ વર્ણવ્યો છે. ભાગવતના અધિષ્ઠાતા **હરિ** છે, માટે **हरि हरये** નામ છેલ્લું નિઃસાધનના નાથનું લીધું છે.

### અધ્યાય ૧૫ મો – શ્લોક ૧૬

અધ્યાય ૧૫ થી પ્રકરણનો ઉપસંહાર કરી વંશજોનું વર્ણન કર્યું,

**प्रैयव्रतं वंशमिमं विरजश्चरमोद्भवः ।**
**अकरोदत्यलं कीर्त्या विष्णुः सुरगणं यथा ॥ १६ ॥**

### દેશ સ્થિતિ પ્રકરણ — અધ્યાય ૧૬ થી ૨૬

દેશ સ્થિતિ પ્રકરણના ત્રણ ભાગ છે. ૧૬ થી ૨૦ અધ્યાયોમાં ભૂગોલનું કથન છે. ૨૧ થી ૨૩ અધ્યાયોમાં ખગોલનું નિરૂપણ છે. ૨૪ થી ૨૬ અધ્યાયોમાં પાતાલનું વર્ણન છે. પૃથ્વી પાંચ તત્વોના મિશ્રણથી બની છે, તેથી શબ્દ, સ્પર્શ આદિ પાંચ ગુણોવાળી છે તેથી કે પંચ ભૂતોમાંથી મુકિત આપનારી છે, તેથી ભૂગોળ પાંચ અધ્યાયોમાં વર્ણવી. સોળથી ઓગણીસ અધ્યાય સુધી જંબૂદ્વીપનું વર્ણન છે. વીસમા અધ્યાયમાં બાકીના છ દ્વીપોનું કથન છે.

### અધ્યાય ૧૬ મો શ્લોક – ૨૯
### જંબૂદ્વીપનું વર્ણન.

જંબૂદ્વીપમાં નવ ખંડ છે. પ્રત્યેક નવ હજાર યોજનના વિસ્તારવાળા છે. આઠ મર્યાદા પર્વતોથી નવ ભાગ થયા છે. નવ ખંડમાં મધ્યસ્થ ઈલાવૃત ખંડ છે. એની મધ્યમાં મેરૂપર્વત છે. એક લાખ યોજનનો તે સુવર્ણગિરિ છે. ચારે પ્રકારના પુરુષાર્થોની સફળતા માટે જંબૂદ્વીપની હવા, સંસ્કૃતિ, ભાષા, વિચારસરણી ને જીવનસરણી ઘણાંજ અનુકૂળ છે. માટે જંબૂદ્વીપનું વર્ણન ચાર અધ્યાયોમાં છે. "જમ્બૂ" શબ્દ બે ધાતુના સંબંધથી બન્યો છે. **जनि-प्रादुर्भावे** અને **बुध्-अवबोधने** એ બે ધાતુઓ છે. **जनि**નો **जा** અને **बुध्**નો **बोध्** એવો વિકાર એટલે ફેરફાર કર્યા વિના નિર્વિકાર એવા મૂળ ધાતુઓનેજ લઇ **जन्+बुध्**માં **जम्बू** એવો દીર્ઘ શબ્દ બનાવી સૂચન કર્યું કે **"જન્મતાંની સાથેજ બોધવાળા"** મહાપુરુષોનો જન્મ જંબૂદ્વીપમાં થાય છે. જેથી ભગવાનને પણ વધુ અવતારો લેવાનું મન જંબૂદ્વીપમાં થાય છે. શુક, વ્યાસ, વસિષ્ઠ જેવા ગર્ભજ્ઞાનીઓ જંબૂદ્વીપમાં થયા છે.

જંબૂદ્વીપની મધ્યમાંના ઈલાવૃત ખંડની ઉત્તરે નીલ, શ્વેત, શૃંગ નામના ત્રણ પર્વતોએ રમ્યક, હિરણ્મય અને કુરૂ એવા ત્રણ વિભાગો બનાવ્યા છે.

ઈલાવૃતની દક્ષિણે નિષધ, હેમકૂટ, હિમાલય પર્વતો છે, જે હરિવર્ષ, કિંપુરુષ અને ભરતખંડના મર્યાદા પર્વતો છે.

ઈલાવૃતની પશ્ચિમે અને પૂર્વે માલ્યવાન અને ગંધમાદન પર્વતો છે, જે કેતુમાલ અને ભદ્રાશ્વ ખંડના મર્યાદા પર્વતો છે.

જંબૂદ્વીપના ખંડોનાં જૂનાં અને નવાં નામોની હકીકત પછીના પાને કોઠામાં દર્શાવવામાં આવી છે.

| ક્રમાંક | વર્ષ (ખંડ) નું નામ | હાલનો ભાગ પૃથ્વીનો | સીમા – મર્યાદા | હાલનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ઈલાવૃત | સિન્કિયાંગ અને માંગોલિયા | મધ્ય મેરૂ | આલ્તાઈ પર્વત |
| ૨ | કેતુમાલ | ટીઆનશાન પર્વત અને કાસ્પીઅન સમુદ્ર વચ્ચેનો–બુખારા, સમરકંદ વગેરે શહેરો વાળો ભાગ (૧) | માલ્યવાન પર્વત<br>પારિપાત્ર પર્વત<br>ચક્ષુષ નદી | ટીઆનશાન પર્વત,<br>આલુ પર્વત<br>આમુર નદી |
| ૩ | રમ્યક | પશ્ચિમ સાઈબીરીયા. યેનેસી નદી અને બાલખશ સરોવરની વચ્ચેનો પ્રદેશ. | નીલ પર્વત | તગ્યગિતાઈ પર્વત |
| ૪ | હિરણ્મય | મધ્ય સાઈબીરીયા. (૨)<br>બેકલ સરોવરની ઉત્તરનો પ્રદેશ. | શ્વેત પર્વત<br>ભદ્રા નદી | સાયન પર્વત,<br>લીના નદી |
| ૫ | કુરૂ | પૂર્વ સાઈબીરીયા, ટુન્દ્રા. | શ્રૃંગવાન પર્વત | સ્ટેનોવોઈ પર્વત |
| ૬ | ભદ્રાશ્વ | મંચુરિયા અને ઈલાવૃત્તમાં જતાં બાકી રહેલો માંગોલીયાનો પ્રદેશ. (૩) | મંદર પર્વત<br>ગંધમાદન પર્વત<br>મહા નદી સીતા | ખિંગન પર્વત,<br>ક્યુનલુન પર્વત,<br>હોઆંગહો નદી |
| ૭ | કિંપુરુષ | તિબેટ | હેમકુટ પર્વત<br>અલકનંદા, બ્રહ્મપુત્રા, | યુન્લીંગ અને પાતકાઈ પર્વત માળા<br>અલંકનંદા, બ્રહ્મપુત્રા |
| ૮ | હરિવર્ષ | ચીન | નિષધ પર્વત | સિન્લીંગ પર્વત |
| ૯ | હિમવર્ષ | ભરતખંડ | હિમવાન પર્વત<br>અલકનંદા, બ્રહ્મપુત્રા,<br>સિંધુ. | હિમાલય<br>અલંકનંદા, બ્રહ્મપુત્રા, સિંધુ |

(૧) દક્ષના સમયમાં આશરે ઈ. સ. પૂર્વે ૬૦૦૦ માં શબલાશ્વોએ વસાવેલો.
(૨) ઈ. સ. પૂર્વે ૬૦૦૦ થી ઇ. સ. પૂર્વે ૪૫૦૦ સુધીનું આર્યસંસ્કૃતિનું કેન્દ્ર.
(૩) દક્ષના સમયમાં હર્યશ્વો અહિં આવીને વસેલા.

## અધ્યાય ૧૭ મો – શ્લોક ૨૫

આ અધ્યાયમાં ગંગાવતરણ સાથે ઇલાવૃત ખંડનો મહિમા ગાયો છે. ગંગાજીનાં બે નામ છે – **વિષ્ણુપદી** અથવા **નખોદકી.** ભગીરથ લાવ્યા તેથી ભાગીરથી; જહ્નુ ઋષિએ ભૂગર્ભમાં ચાલ્યા જતા નદીના પ્રવાહને વાળી લઈ સાગર તરફ વહાવી આપવાથી **જાહ્નવી** નામ થયું. ચાર દિશામાં વહેતા પ્રવાહોની **સીતા, અલકનંદા, ચક્ષુ** અને **ભદ્રા** એવી સંજ્ઞાઓ છે.

(૧) **સીતા** કેસરાચલ પર્વત ઉપરથી આવી, ગંધમાદનમાં થઈ, ભદ્રાશ્વ ખંડની મધ્યમાંથી નીકળી પેસિફીક મહાસાગરમાં મળે છે, જે આજે **હોઆંગહો** નામથી ઓળખાય છે. (૨) **ચક્ષુષ્** માલ્યવાન પર્વત ઉપરથી આવી કેતુમાલ ખંડમાં થઇ કાસ્પીઅન સમુદ્રને મળી જાય છે, જે આજે **આમુર** તરીકે ઓળખાય છે. (૩) **ભદ્રા** મેરૂના શિખરેથી ઉતરી નીલ, શ્વેત, શૃંગવાનના શિખરોને સ્નાન કરાવી ઉત્તરકુરુ ખંડમાં થઈ ઉત્તર મહાસાગરને મળે છે, જે આજે **લીના** નામથી ઓળખાય છે. (૪) **અલકનંદા** હેમકૂટ અને બીજા અનેક પર્વતો ઉપરથી પસાર થતી ગંગા સાગરમાં મળે છે.

નવ ખંડોમાં ભગવાન ત્રણ ગુણોના નવ વિભાગોને અનુસરી નવ પ્રકારની પ્રજાને માટે નવ પ્રકારે સ્વરૂપ લઇ નવખંડોમાં વસે છે. ઉપાસનાથી સર્વને મોક્ષ આપે છે.

(૧) **ઇલાવૃત** ખંડમાં **સંકર્ષણ** મૂર્તિ ભગવાન વસે છે. **"શુદ્ધ તમોગુણ"** વાળી સંકર્ષણની મૂર્તિની ઉપાસના શિવ પાર્વતી કરે છે.

## અધ્યાય ૧૮ મો – શ્લોક ૩૯

### (છ ખંડોનું વર્ણન)

(૨) **ભદ્રાશ્વ** ખંડ–ધર્મપુત્ર ભદ્રશ્રવા **હયગ્રીવ**ની ઉપાસના કરે છે. લોકો અને ભદ્રશ્રવા **"રાજસ તામસ"** સ્વભાવના હોવાથી તે સ્વરૂપે ભગવાનને સેવે છે.

(૩) **હરિવર્ષ** ખંડ–પ્રહ્લાદજી **શ્રી નૃસિંહ** ભગવાનને ભજે છે. **"સાત્વિક તામસ"** સ્વરૂપે પ્રહ્લાદજી ભજે છે. ૯ થી ૧૪ શ્લોકમાં સ્તુતિ કરે છે.

**स्वस्त्यस्तु विश्वस्य खलः प्रसीदतां ध्यायन्तु भूतानि शिवंमिथो धिया।**
**मनश्च भद्रं भजतादधोक्षज आवेश्यतां नो मतिरप्यहैतुकी ॥९॥**

વિશ્વનું કલ્યાણ પ્રાર્થતો આ શ્લોક છે. પ્રહ્લાદ વિશ્વ કલ્યાણની ભાવનામાં છે.

(૪) **કેતુમાલ** ખંડ – **કામદેવ** સ્વરૂપે ભગવાન બિરાજે છે. **"રાજસ"** ગુણ મુખ્ય દેવ છે. લક્ષ્મીજી ઉપાસના કરે છે. ૧૯ થી ૨૩ શ્લોકોમાં સ્તવન કરે છે.

(૫) **રમ્યક** ખંડ – આ ખંડમાં **મત્સ્ય** સ્વરૂપે ભગવાન વસે છે. **રાજસ તામસ સ્વરૂપથી** લોકો તેમજ મનુ રાજા ભજે છે.

(૬) **હિરણમય** ખંડ – **કૂર્મ** સ્વરૂપે ભગવાન વસે છે. તેમનું **રાજસ સાત્વિક** સ્વરૂપ છે. અર્યમા તેમને સેવે છે.

(૭) **ઉત્તર કુરૂ**–ભગવાન **વરાહ** **"સાત્વિક તામસ"** રૂપે રહે છે. પૃથ્વી દેવી તેમની ઉપાસના કરે છે.

## અધ્યાય ૧૯ મો–શ્લોક ૩૧

### (ભરતખંડનો મહિમા)

**(૮) કિંપુરુષ ખંડ** – **શ્રી રામચન્દ્ર** સ્વરૂપે ભગવાન બિરાજે છે. શ્રી ભકતવીર હનુમાનજી ઉપાસના કરે છે. **રાજસ સાત્વિક** સ્વરૂપે લોકો તેમને ભજે છે. શ્રી રઘુનાથજી તો પૂર્ણ પુરુષ છે. મર્યાદાના પ્રત્યેક ધર્મમાં તે પ્રમુખ સ્થાને છે. “સાધુવાદ નિકષ” જગતના સમસ્ત સાધુ ગુણો જ્યારે કસોટીએ ચઢયા, ત્યારે શ્રી રામને ત્યાંજ અણીપૂણી શુદ્ધ સ્વરૂપે ઉત્તીર્ણ થયા.

**(૯) ભરતખંડ** – ભરતખંડમાં નરનારાયણ સ્વરૂપે પ્રભુ વસે છે. નારદજી અને ભકતો **શુદ્ધ સાત્વિક** સ્વરૂપે સેવે છે. ૨૮ મોટા પર્વતો છે; ૪૨ મોટી નદીઓ છે. ૨૧ થી ૨૮ શ્લોકોમાં દેવોની અભિષાઓ છે.

**कल्पायुषां स्थानजयात्पुनर्भवात् क्षणायुषां भारतभूजयो वरम् ।**
**क्षणेन मर्त्येन कृतं मनस्विन: संन्यस्य संयान्त्यभयं पदं हरे: ॥२३॥**

**न यत्र वैकुण्ठकथासुधापगा न साधवो भागवतास्तदाश्रया: ।**
**न यत्र यज्ञेशमखा महोत्सवा: सुरेशलोकोऽपि न वैस सेव्यताम् ॥२४॥**

ભોગશીલ ભૂમિના કલ્પોના જીવન કરતાં ત્યાગશીલ ભારત ભૂમિનું એક ક્ષણનું પણ જીવન અમૂલ્ય છે. વૈકુંઠ સુધા સરિતા જ્યાં નથી, અનન્યાશ્રયી સાધુજનો જ્યાં નથી, વિશ્વહિત સાધક યજ્ઞ–યાગો જ્યાં નથી, તે ઈન્દ્ર લોક હો, તો પણ અમને ન ખપે.

## અધ્યાય ૨૦ – શ્લોક ૪૬

### (૬ દ્વીપો, ૭ સમુદ્રો અને લોકાલોક પર્વત)

| | |
|---|---|
| ૫૦,૦૦૦ | **અર્ધો જંબૂદ્વીપ.** મેરૂથી ઉત્તરનો ભાગ પચાસહજાર યોજનનો. |
| ૧,૦૦,૦૦૦ | **ક્ષાર સાગર.** એક લાખ યોજનના ફરતા ભાગમાંથી રાજસ ખારો રસ નીકળતાં ક્ષાર સાગર થયો. |
| ૨,૦૦,૦૦૦ | **પ્લક્ષદ્વીપ.** પીપળનાં વૃક્ષો વધુ છે. સાત ખંડ, સાત પર્વત, સાત નદી. હંસ, પતંગ, ઊર્ધ્વાયન અને સત્યાંગ નામના ચાર વર્ણો છે, જેઓ સૂર્યના ઉપાસકો છે. |
| ૨,૦૦,૦૦૦ | **ઇક્ષુ સાગર.** પ્લક્ષદ્વીપના ફરતા ભાગમાંથી સાત્વિક મધુર રસ નીકળ્યો તેથી શેરડીનો સાગર થયો. |
| ૪,૦૦,૦૦૦ | **શાલ્મલ દ્વીપ.** શેમળાનાં વૃક્ષો વધુ છે. ૭ ખંડ, ૭ પર્વત, અને ૭ નદી છે. (હાલનો પૂર્વ આફ્રિકા) શ્રુતધર, વીર્યધર, વસુંધર અને ઇષંધર નામના ચાર વર્ણો છે, જેઓ “ચન્દ્રના” ઉપાસકો છે. |
| ૪,૦૦,૦૦૦ | **સુરોદસાગર.** શાલ્મલી દ્વીપના ફરતા પ્રદેશમાંથી તામસ કસેલો રસ નીકળ્યો, તેથી સુરોદધિ નામ થયું. |
| ૮,૦૦,૦૦૦ | **કુશદ્વીપ.** દર્ભો ખૂબ પ્રમાણમાં છે. ૭ ખંડ, ૭ પર્વત, અને ૭ નદી છે. કુશલ, કોવિંદ, અભિયુકત અને કુલક નામની ચાર પ્રકારની પ્રજા “અગ્નિની” ઉપાસના કરે છે. |
| ૮,૦૦,૦૦૦ | **ઘીનો સાગર.** કુશ દ્વીપના ફરતા ભાગમાંથી સાત્વિક રસ નીકળ્યો, તેને ઘૃતઉદધિ માન્યો. |

| | |
|---|---|
| ૧૬,૦૦,૦૦૦ | **ક્રૌંચ દ્વીપ.** ક્રૌંચ નામે પર્વત છે. ૭ ખંડ, ૭ પર્વત, ૭ નદી છે. પુરુષ, ઋષભ, દ્રવિણ અને દેવક નામની ચાર પ્રકારની પ્રજા છે. તેઓ "વરૂણ"ના ઉપાસકો છે. |
| ૧૬,૦૦,૦૦૦ | **ક્ષીર સાગર.** ક્રૌંચ દ્વીપના પ્રદેશમાંથી રાજસ રસ નીકળ્યો. તેથી ક્ષીર સાગર થયો. |
| ૩૨,૦૦,૦૦૦ | **શાક દ્વીપ** – શાક નામનાં વૃક્ષો છે. ૭ ખંડ, ૭ પર્વત અને ૭ નદી છે. ઋતવ્રત, સત્યવ્રત, દાનવ્રત અને અનુવ્રત એ નામના ચાર વર્ણો "વાયુના" ઉપાસકો છે. |
| ૩૨,૦૦,૦૦૦ | **દધિ સાગર.** શાકદ્વીપના પ્રદેશમાંથી તામસ રસ નીકળ્યો. તેથી દધિસાગર થયો. દહીંની તર વધુ તામસ છે. |
| ૩૨,૦૦,૦૦૦ | **અર્ધો પુષ્કર દ્વીપ** માનસોત્તર પર્વત સુધીનો. માનસોત્તર પર્વત (હાલનો એન્ડીઝ પર્વત)થી તેના બે વિભાગ પડયા, જેથી બે ખંડ છે. |
| ૧,૫૭,૦૦,૦૦૦ | |
| ૩૨,૦૦,૦૦૦ | બાકીનો અર્ધો પુષ્કર દ્વીપ. આ દ્વીપના લોકો "બ્રહ્મ"ના ઉપાસકો છે. |
| ૬૪,૦૦,૦૦૦ | મીઠા જલનો સાગર. પુષ્કર દ્વીપના ફરતા ભાગમાંથી ગુણાતીત રસ નીકળ્યો તે મીઠો સાગર. |
| ૮,૩૯,૦૦,૦૦૦ | મીઠા જલ પછીની ભૂમિ. |
| ૧,૫૭,૦૦,૦૦૦ | સુવર્ણની ભુમિ. |
| ૧૨,૪૯,૦૦,૦૦૦ | લોકાલોક પર્વત સુધી. અર્થાત્ ૧૨,૫૦,૦૦,૦૦૦ યોજન. |

મેરૂથી ઉત્તરનો ભાગ સાડા બાર કરોડ યોજન થયો; તેજ પ્રકારે દક્ષિણે, પૂર્વે ને પશ્ચિમે ગણતાં ચારે બાજુએ લોકાલોક પર્વત સુધી સાડા બાર કરોડ યોજનની ભૂમિ છે. તેથી કુલ ભૂમિ પચાસ કરોડ યોજનની થઇ.

મીઠા જલના મહાસાગર પછી લોકાલોક પર્વત સુધી ૯, ૯૬, ૫૦,૦૦૦ યોજનની ભૂમિ છે. તેમાંથી દોઢ કરોડ સાડા સાત લાખ સોનાની છે, બાકીની આઠ કરોડ ઓગણ ચાળીસ લાખ ભૂમિ સોનાની નથી, એવો ભાગવતનો સિદ્ધાન્ત છે. કારણ કે ૩૫ મા શ્લોકના ગદ્યમાં "માનસોત્તર પર્વત અને મેરૂ પર્વતનું જેટલું અંતર છે તેટલી ભૂમિ સોનાની છે," એમ લખ્યું છે. જો બધી ભૂમિ સોનાની હોત તો પુષ્કર દ્વીપ અને લોકાલોકાચલ પર્વતની વચલી ભૂમિ સોનાની છે એવો નિર્દેશ કરત.

લોકાલોકાચલ, પચાસ કરોડ ભૂમંડલના ચોથા ભાગ ઉપરના સ્થળે આવે છે, એટલે મેરૂ પર્વતથી ચારે તરફ સાડા બાર કરોડ યોજનના અંતરે આવે છે.

**ભૂમંડળનાં જુનાં અને નવાં નામો, અને વિસ્તારની હકીકત દર્શાવતો કોઠો.**

| પંચમ સ્કંધની દૃષ્ટિએ | | | | | | આધુનિક દૃષ્ટિએ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | દ્વીપનું નામ | વિશિષ્ટતા | દ્વીપનો વિસ્તાર (લાખ યોજનમાં) | વીંટળાયેલા સાગરનું નામ | સાગરનો વિસ્તાર (લાખ યોજનમાં | ખંડનું નામ | વિસ્તાર લાખ ચો. માઇલમાં | સાગરનું નામ | વિસ્તાર લાખ ચો. માઇલમાં |
| ૧ | જંબૂ | જાંબુનાં વૃક્ષો | ૧ | ક્ષારોદધિ | ૧ | પૂર્વ એશિયા | ૧૬ | હિન્દી મહાસાગર | ૧૮ |
| ૨ | પ્લક્ષ | પીપળનું વૃક્ષ | ૨ | ઇક્ષુરસોદધિ | ૨ | પશ્ચિમ એશિયા | | રાતો સમુદ્ર | ૩ |
| ૩ | શાલ્મલી | શીમળાનું વૃક્ષ | ૪ | સુરોદધિ (મદિરા) | ૪ | આફ્રિકા | ૧૨ | ભૂમધ્ય | ૭ |
| ૪ | કુશ | કુશ (દર્ભ) નું ઝૂંખડું | ૮ | ધૃતોદધિ | ૮ | યુરોપ | ૧૧ | ઉત્તર આર્કિટિક મહાસાગર | ૫ |
| ૫ | ક્રૌંચ | ક્રૌંચ નામનો મોટો પર્વત | ૧૬ | ક્ષીરોદધિ | ૧૬ | ઉત્તર અમેરિકા | ૧૪ | એટ્લેંટિક મહાસાગર | ૩૫ |
| ૬ | શાક | શાક નામનું વૃક્ષ | ૩૨ | દધિમંડોદ | ૩૨ | દક્ષિણ અમેરિકા | ૧૪ | પેસિફીક | ૬૫ |
| ૭ | પુષ્કર | બ્રહ્માનાઆસન રૂપ મોટું પુષ્કર (કમલ) | ૬૪ | શુદ્ધોદ | ૬૪ | ઑસ્ટ્રેલિયા | ૫ | એન્ટાર્ટિક મહાસાગર | ૮ |

**નોંધ :** ઉપરની હકીકત જુદાં જુદાં પુસ્તકોમાંથી જે મળી તે અહીં આપી છે.

## અધ્યાય ૨૧ મો શ્લોક ૧૯

આ અધ્યાયમાં જ્યોતિશ્ચક્રની શીઘ્ર-મંદ ગતિનું નિરૂપણ કરે છે. ભગોળ અને ખગોળ એવા બ્રહ્માંડના બે સરખા ભાગ છે, જે એક કઠોળના દાણાની બે દાળના ભાગ જેવા લાગે છે. ખગોળ, ભૂગોળના મધ્યના અંતરિક્ષમાં સૂર્ય છે.

સૂર્ય મંદ, શીઘ્ર અને સમાન ગતિથી ચાલવાને લીધે દક્ષિણાયન, ઉત્તરાયણ, વૈષુવવૃત એવી સંજ્ઞાવાળા બને છે. ઊંચે ચઢતાં મંદ ગતિ, નીચે ઉતરતાં શીઘ્ર ગતિ, સમાન સ્થળમાં ચાલતાં સમાન ગતિ સૂર્યની બને છે. ગતિનાજ કારણે દિવસ, રાત્રિઓ નાનાં, મોટાં અને સરખાં બને છે.

સૂર્ય મેષ અને તુલામાં હોય ત્યારે રાત્રિ, દિવસ સમાન હોય છે. વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા—આ પાંચ રાશિમાં જ્યારે સૂર્ય હોય ત્યારે દિવસ મોટા બને છે અને રાત્રિઓ એક એક ઘડી ઘટે છે. વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન—આ પાંચ રાશિમાં સૂર્ય આવે ત્યારે દિવસ ટૂંકા અને રાત્રિઓ લાંબી થાય.

સૂર્ય પૂર્વમાંથી દક્ષિણમાં જતાં સવા બે કરોડ સાડા બાર લાખ ને પચીસ હજાર યોજનનું અંતર પંદર ઘડીમાં કાપે છે. ચારે દિશાઓમાં એજ માપથી સૂર્ય અંતર કાપી લે છે. સૂર્ય એક ક્ષણમાં બે હજાર યોજન અને બે ગાઉનો માર્ગ કાપે છે.

સૂર્યના રથનું સંવત્સર ચક્ર માનસોત્તર પર્વત ઉપર ફર્યા કરે છે. તે પર્વત દશ હજાર યોજન ઊંચો છે, જ્યારે મેરૂ એક લાખ યોજન ઊંચો છે, તો માનસોત્તરથી ઘણા ઊંચા મેરૂ ઉપર દિવસ રાત્રિ કેમ બને? તેના ઉત્તરમાં સૂર્યના એક એક ચક્રવાળા બે રથ છે—એક મોટો અને બીજો નાનો. બન્નેમાં "કાલરૂપ" એક સૂત્ર છે. તે જે રથની જેવી ગતિ થવી જોઈએ, તેની તેવી

ગતિ થવા માટે જેવી સ્થિતિમાં ચક્ર હોવું જોઇએ, તેવી સ્થિતિમાં તેને રાખે છે. સૂર્ય સૂક્ષ્મ રથમાં હોય છે, અને તે સ્થૂલ રથનું પણ નિયંત્રણ કરી તેની યોગ્ય પ્રવૃત્તિ કરાવે છે. મેરૂની મધ્યથી માનસોત્તર પર્વત સુધી એક બાજૂએ ભૂમિનો વિસ્તાર ૧,૫૭,-૫૦,૦૦૦ યોજન છે. તેથી ઉત્તર તરફના માનસોત્તર પર્વતથી દક્ષિણ તરફના તેજ પર્વત સુધી ૩ ૧૫,૦૦,૦૦૦ યોજન ભૂમિના વિસ્તારની લંબાઇ થઈ. જ્યોતિશ્ચક્રને ફરવાના આ માર્ગનો તે વ્યાસ **(Diameter)** થયો. વ્યાસથી પરિધિ **(Circumference)** ૩$\frac{૧}{૭}$ ગણું હોય તેથી પરિધિનો વિસ્તાર સાડા નવ કરોડ અને એક લાખ યોજન થયો.

### અધ્યાય ૨૨ મો શ્લોક ૧૭

આ બાવીસમા અધ્યાયમાં ચન્દ્ર અને શુક્રાદિક ગ્રહોનાં સ્થાન દર્શાવે છે. સૂર્ય સર્વનો આત્મા છે. સ્વર્ગ અને પૃથ્વીની વચમાં અંતરિક્ષ છે, તેની અંદર કાળચક્ર છે. તેમાં રહેલ સૂર્ય લોકોના આત્મા છે. બે પક્ષનો બનેલો મહિનો તે ચન્દ્રમાના હિસાબથી છે. સૂર્ય સવા બે નક્ષત્રને ભોગવીલે તેને પણ માસ કહેવાય. ચન્દ્રની ગતિ શીઘ્ર છે, સૂર્યના ગતિ મંદ છે.

સૂર્યના કિરણોથી ઉપર એક લાખ યોજને ચન્દ્રમા છે. ચન્દ્રમાથી ઉપર ત્રણ લાખ યોજનના અંતરે નક્ષત્રો છે. (આ ત્રણ લાખ તે ભુમિથી સમજવા). નક્ષત્રોથી ઉપર બે લાખ યોજનમાં **શુક્ર** છે. શુક્રથી બે લાખને અંતરે **બુધ** છે. બુધથી ઉપર બે લાખને અંતરે **મંગળ** છે. મંગળથી બે લાખના અંતરે **બૃહસ્પતિ** છે. બૃહસ્પતિથી બે લાખને અંતરે **શનિ** છે. શનૈશ્ચરના ઉપર અગિયાર લાખના અંતરે સપ્તર્ષિઓ છે.

### અધ્યાય ૨૩ મો – શ્લોક ૯

સપ્તર્ષિઓ ઉપર ૧૩ લાખના અંતરે વિષ્ણુપદ છે. વિષ્ણુપદમાં ધ્રુવજીનું સ્થાન છે. જ્યોતિશ્ચક્રનો આકાર કુંડલાકારે બેઠેલા "**વૃષભ**" જેવો છે. વૃષભના તે આકારમાં નક્ષત્ર, ગ્રહો, સપ્તર્ષિઓ

વસેલા છે. વદ અષ્ટમીએ ચન્દ્ર સૂર્યની ઉપર સીધી લીટીમાં આવે, ત્યારે પિતૃઓનો દિવસ ઉગે છે. સૂર્ય અમાવાસ્યાએ બરાબર ચન્દ્રની નીચે આવે છે. ત્યારે પિતૃઓનો મધ્યાહ્ન થાય છે. પિતૃલોક સ્થિર છે. પિતૃઓ ચન્દ્રને જૂએ છે, સૂર્યને નથી જોતા. સૂર્ય ચન્દ્રથી નીચે છે. સુદ અષ્ટમીએ પિતૃઓની સાંજ પડે છે. સુદ અષ્ટમીથી વદ અષ્ટમી સુધી પિતૃઓને ચન્દ્ર દેખાતો નથી, તેથી રાત્રિ થાય છે. દેવોના રાત્રિ દિવસ પણ સૂર્યથી થાય છે. સૂર્ય મેષમાં આવે ત્યારે સૂર્યોદય, કર્કમાં આવે ત્યારે મધ્યાહ્ન, તુલામાં આવે ત્યારે સાયંકાલ અને મકરમાં આવે ત્યારે મધરાત થાય છે.

### અધ્યાય ૨૪ મો – શ્લોક ૩૧

કેટલાકનું માનવું છે કે સૂર્યની નીચે દશ હજાર યોજને રાહુ છે. સૂર્યનું મંડલ ૧૦ હજાર યોજનનું, ચન્દ્રનું ૧૨ હજાર યોજનનું, રાહુનું ૧૩ હજાર યોજનનું છે. રાહુથી નીચે ૧૦ હજાર યોજને સિદ્ધ ચારણનું સ્થાન છે. એની નીચે યક્ષ, રાક્ષસ આદિનું સ્થાન છે. વાદળાં ત્યાં સુધી હોય છે, અને વાયુ પણ ત્યાં તીવ્ર રીતે વાય છે. એની નીચે સો યોજને પૃથ્વી છે. પૃથ્વીની નીચે ૧૦ હજાર યોજનની ઊંચાઈ, પહોળાઈ વાળાં અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ એમ સાત પાતાલ છે.

### અધ્યાય ૨૫ મો–શ્લોક ૧૫

પાતાલથી ૩૦ હજાર યોજન નીચે ભગવાન સંકર્ષણ રહે છે. પ્રલય સમયે જગતનો સંહાર કરવા પાતાલની નીચે રહેલા સંકર્ષણની ભ્રૂકુટીના મધ્યમાંથી ત્રણ ત્રણ નેત્રવાળા સાંકર્ષણ નામના ૧૧ રૂદ્રો ત્રિશૂળો લઇ બહાર આવે છે.

### અધ્યાય ૨૬ મો–શ્લોક ૪૦

આ છવીસમા અધ્યાયમાં નરક નિરૂપણ છે. "જીવનના **પ્રમાદોના પરિપાકો**" એજ નરકો છે. બુદ્ધિકૃત, અર્થકૃત, અધિકારકૃત, યૌવનકૃત, જ્ઞાનમદકૃત પ્રમાદોનાં વિષમ ફલોનો

માનવ શરીરમાંજ ઉપભોગ એ પણ નરકો છે. તેની વહેંચણી ૨૮ પ્રકારમાં કરી છે. કેટલાક માને છે કે નરકો ૨૧ પ્રકારનાં છે.

દેહ એક ન્યાયાલય છે. એમાંજ સ્વર્ગાલય તેમજ નરકાલય છે. ઇન્દ્રિય આદિથી થયેલા અપરાધોના દંડો અને ઇન્દ્રિય આદિથી કરેલાં સત્કર્મોના સુખોનો ઉપભોગ એ અનુક્રમે નરક યાતના અને સ્વર્ગસુખ છે. “**નામ. રૂપ અને લક્ષણ**” થી નરકનો પરિચય થાય છે. તામિસ્ર વિગેરે–નામ, થતી જુદીજુદી પીડાઓ – રૂપ, જીવથી થતા જુદા જુદા અસદ્ આચારો–લક્ષણ, આ ત્રણેનું સ્વરૂપ અઠ્ઠાવીશ પ્રકારમાં વહેંચ્યું છે.

**તામિસ્ર**–પર ધન, પરદારા, સંતાનનું અપહરણનો અપરાધ, કરે તે પાપ છે. તેનું પરિણામ દુ:ખ ભોગવવું તે નરક છે, જે પરલોક કે પરદેહમાં ભોગવવાનું નથી હોતું, પણ આજ દેહમાં અને આજ લોકમાં હોય છે. શરીરને ‘ટાઇફોઇડ’ લાગુ પડયો. ‘કેન્સર’ થયું. ફરજીઆત પાંચમાંથી એક અગર પાંચ શિક્ષાઓ થઇ. **અનશન**–૪૨ દિવસ ખોરાક ન આપ્યો. તેની નજર સામેજ તેનુંજ રૂચિકર અન્ન સર્વ જમે છે, તેને ભુખ્યા રહેવાનું. જીતેન્દ્રિય છે નહિ, ને જીવ બળ્યાં કરે છે. એજ પ્રકારે ‘જલ ન આપવું’, ‘દંડથી પ્રહાર’, તિરસ્કાર, અર્થ દંડ વગેરે થતી શિક્ષાઓ નરકની યાતનાઓજ છે. આ સર્વને તામિસ્ર: કહે છે. બુદ્ધિ અને દૃષ્ટિનો નાશ પણ જેમાં કરવામાં આવે તે **અન્ધતામિસ્ર** નરક છે. બુદ્ધિનાશ તે પ્રાણનાશ કરતાં પણ બુરો.

**રૌરવ** – રૌરવ અને **મહા રૌરવ** એવી બે સંજ્ઞાઓ છે. શરીરમાથી માંસલ ભાગ સુકાતો જાય છે તે રૈરવ નરક છે. અન્ન, દૂધ, ઘી ખૂબ મળે; ખાય છતાં “સુકારો” નામનો રોગ લાગુ પડે છે. તેથી કોઈ ઔષધ પણ અસર ન કરે. જે વ્યકિત કેવલ મોહથી કુટુંબનુંજ પોષણ પ્રાણી–દ્રોહ કરીને કરે, તેને આ રોગ લાગુ પડે છે. આવી અનેક શરીર યાતનાઓ શરીરની આચરેલી અનેક ભૂલોના ફળમાં ભોગવવી પડે છે; પરંતુ પ્રભુ કૃપાથી સર્વથી છૂટી સુખ મેળવી શકે છે.

— પંચમ સ્કંધ સમાપ્ત —



अधिकारविशुध्यर्थं चिन्तिताधिकदायके
[illegible]
चरणाचरणे नाथ हृदये धारयाम्यहम् ॥

# — ષષ્ઠ સ્કંધ: —

## અનુગ્રહ લીલા ભગવાનનો વામ સાથળ. અ. ૧૯

કાલ, કર્મ અને સ્વભાવ એ ત્રણ દુ:ખનાં કારણ છે. જ્યારે તે ત્રણે અલૌકિક અથવા પારમાર્થિક બને છે, ત્યારે તે ત્રણ સુખકર થઈ જાય છે. ઈશ્વરના અનુગ્રહથી તે અલૌકિક બની જાય છે. છઠ્ઠા સ્કંધમાં ત્રણ પ્રકરણથી ઈશ્વરનો અનુગ્રહ કેમ મેળવાય તેનું નિરૂપણ છે.

પંચમ સ્કંધ જમણી બાજુની સાથળ હતી. છઠ્ઠો સ્કંધ ડાબી બાજુની સાથળ છે. જમણી સાથળ એટલે આધાર આપવો, કાર્ય કરનારને ક્ષેત્ર આપવું. માનવ શરીર કે દેવ શરીર, ભૂમિલોક કે અન્ય લોક એ આધારો કે કાર્યક્ષેત્રો ગણાય. કાર્યક્ષેત્રમાં કાર્યકર્તાને અનુકૂલતાઓ આપવી, તેના ઉપર **અમી નજર** રાખવી, તેને **ઉત્સાહ** આપવો, તેની ભૂલોની દરગુજર કરવી—આ સર્વ અનુગ્રહ છે, જે ડાબી સાથળ છઠ્ઠો સ્કંધ છે.

નામ સેવનથી, ભગવત્સ્વરૂપ ધ્યાનથી, અને ભગવત્સેવાથી—ત્રણ પ્રકારે અનુગ્રહ મેળવાય. નામ પ્રકરણના ૩ અધ્યાય, રૂપ-ધ્યાન પ્રકરણના ૧૪ અધ્યાય અને સેવા પ્રકરણના ૨ અધ્યાય મળી ૧૯ અધ્યાય થયા.

(૧) **નામનું** શ્રવણ, સ્મરણ અને કીર્તન થાય તેથી ૩ અધ્યાય છે. (૨) **રૂપના** ચૌદ ગુણ છે, તેથી ૧૪ અધ્યાય છે. દશ ઈન્દ્રિયો અને ચાર અન્ત:કરણમાંથી વિષય વિચારોને ત્યજી અને દિવ્ય વિચારો, લોકહિતાવહ વિચારો ને ભગવદ્ વિચારોમાં તન્મય થવું તે ધ્યાન પ્રકરણ છે. તેથી તેના ૧૪ અધ્યાય છે. (૩) **સેવા** બાહ્ય અને આન્તર એવા બે પ્રકારે થાય છે. માનસી સેવા આંતર છે, ફલાત્મક છે, જ્યાં સાધન, સામગ્રી, સ્વરૂપની આવશ્યકતા નથી રહેતી. બાહ્ય સેવામાં તો સર્વ પ્રકારની અને સર્વોત્કૃષ્ટ સામગ્રી હોવી જોઈએ.

અધિકાર ૧૯ પ્રકારનો હતો, જેથી અનુગ્રહ ૧૯ પ્રકારનો દર્શાવ્યો. કોઈ પણ **પથિક સન્માર્ગે** એક પગલું ભરે તો ભગવાન તેને ઉત્સાહ અને આશ્રય આપવા ૧૯ પગલાં સન્મુખ થઈને આવે છે. ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગી, માનસ સરોવરમાં કમલના નાલમાં ગુપ્ત થઈને રહ્યો; મુકત થવા રાજસૂય યજ્ઞનો સંકલ્પ માત્ર કરી બહાર આવ્યો કે ત્યાંજ પ્રભુએ તેને અપનાવ્યો, અને બ્રહ્મહત્યાને ચોંટવા ન દીધી. પ્રભુ તે સમયે પ્રકટ થઈ ૧૯ પગલાં સામે ચાલીને આવ્યા. તેથી ૧૯ અધ્યાય છે.

અનુગ્રહ

| નામ પ્રકરણ | ધ્યાન પ્રકરણ | સેવા પ્રકરણ |
|---|---|---|
| ૩ અધ્યાય | ૧૪ અધ્યાય | ૨ અધ્યાય |
| શ્રવણ, કીર્તન, સ્મરણ | ૫ જ્ઞાનેન્દ્રિયથી | અંતરંગ |
| | ૫ કર્મેન્દ્રિયથી | અને |
| | ૪ અંતઃકરણથી | બહિરંગ |

## પ્રથમ, નામ પ્રકરણ અધ્યાય ૧ થી ૩

### અધ્યાય ૧ લો–શ્લોક ૬૮

શ્રદ્ધાળુ અને મેધાવીને ઉપદેશ થાય. પરીક્ષિત રાજાએ દ્વિતીય સ્કંધથી પંચમ સ્કંધ સુધીમાં કરેલ શ્રવણનો અનુવાદ કર્યો. “દ્વિતીયમાં નિવૃત્તિ માર્ગ, તૃતીયમાં પ્રવૃત્તિ માર્ગ, ચતુર્થમાં મનુ અને ઉત્તાનપાદ વંશ, પંચમમાં પ્રિયવ્રત, ભૂમંડલ, ખમંડલ, નરક નિરૂપણ વગેરે આપે કહ્યું. હવે નરકમાંથી મુકત થવાનું માર્ગદર્શન આપો.” એ પ્રશ્નની રીત હતી. પાપ શુદ્ધિનું પ્રાયશ્ચિત શું?

શુકદેવજીએ એક સૂત્ર કહ્યું, “માપમાં રહેવું અને માફક લેવું”, એ મોટું તપ છે. માપથી બહાર જવું તેનું નામ પાપ છે. **नाश्नतः पथ्यमेवान्नं व्याधयोऽभिभवन्ति हि ।** આહારમાં પથ્યમાં રહેવું, વાગ્ વ્યવહારમાં તથ્યમાં રહેવું, જીવનમાં શરણ્યપથમાં રહેવું, નિયમમાં રહે તેને ત્યાં યમ ના આવે.

**अजामिल** વાસના બદ્ધ જીવની સંજ્ઞા છે. **अजा-मिल** માયાની સાથે મળેલો અજામિલ છે; ભૌતિક વિલાસોમાં ડૂબેલ જીવ. **अज-अमिल** ઈશ્વરના અનુસંધાન વિનાનો છે. કાન્યકુબ્જ બ્રાહ્મણનો ઈતિહાસ વર્ણવે છે. બ્રાહ્મણ સ્રીને ત્યજીને દાસીના દુઃસંગમાં આવ્યો હતો. બ્રહ્મ વિદ્યામાંથી પરાઙ્ગમુખ બની માયિક સુખોમાં રસલીન બન્યો. જીવનની અંતિમ તિથિઓમાં પરિવર્તન થયું કોઈ એક સંત પ્રસંગે. બાલ્ય જીવન મંગલ હોય, પાકટ વય પાવન હોય, પરંતુ યૌવન અમંગલ હોય તે પણ અજામિલ છે. યૌવન રત્નની ખાણ છે. એમાં સંત ઓળખાણ એજ જીવનની રસલ્હાણ ને રસખાણ. તે વિના જીવન પાષાણ કે જેમાં જ્ઞાન, ધન આદિ હોવા છતાં કેવળ ઈનસાન નથી.

**सूर्योऽग्निःखं मरुद्गावः सोमः सन्ध्याहनी दिशः**
**कंकुः कालो धर्म इति ह्येते दैह्यस्य साक्षिणः ॥४२॥**

સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ, ગાયો, સોમ, સંધ્યા, રાતદિવસ, દિશાઓ, જલ, પૃથ્વી, કાલ, ધર્મ અને આત્મા (મન)–આ ૧૪ મનુષ્યના પ્રત્યેક કાર્યના સાક્ષીઓ છે.

અજામિલનું જીવન ઉત્તમ અને આદર્શ હતું. ગુણ સમ્પન્ન હતો; કેવલ નિષિદ્ધ એક શૃંગાર દશ્ય તેણે જોયું અને તેની બુરી અસરથી તેનું પતન થયું. “ચલ ચિત્રો” (સીનેમા) નાં અવલોકન જીવન પતનમાં પ્રધાન ફાળો આપે છે. સંસ્કારો અને આદર્શો સીનેમાના આશયમાં હોય છે, પરંતુ તેમાંના વિલાસ દર્શન અને વિકાર નિરૂપણ તરફ વિદ્યાર્થી યુવાન જેટલો આકર્ષાય છે તેટલો આદર્શ તરફ નથી જતો. હિતેચ્છુ વડીલો સ્વયં સીનેમાથી બચે અને સંતાનોને બચાવે. સીનેમા અવલોકનમાં ૫૦ વર્ષ પછી કાયદાથી નિયમન આવશે. સીનેમા ખાનદાનીની પીચદાની બનાવે છે.

અજામિલની યોગ્યતા–**अयं हि श्रुतसम्पन्नः शीलवृत्तगुणालयः ।**
**धृतव्रतो मृदुर्दान्तः सत्यवान्मन्त्रविच्छुचिः॥५६॥**
**गुर्वग्न्यतिथिवृद्धानां शुश्रूषुर्निरहङ्कृतः ।**
**सर्वभूतसुहृत्साधुर्मितवागनसूयकः ॥५७॥**

બન્ને શ્લોકમાં મળીને ૧૯ પ્રકારના અધિકાર વાળો માત્ર નિષિદ્ધ દર્શનથી નીચતમ જીવન થયો.

## અધ્યાય ૨ જો-શ્લોક ૪૯

અજામિલ યોગભ્રષ્ટ હતો. દાસી પ્રસંગ અવશિષ્ટ પ્રારબ્ધનો ભોગ હતો. તેના નવ પુત્રો પ્રકૃતિના ભેદવાળા નવગુણો હતા. નારાયણ ભગવન્નામ ગુણાતીત પુત્ર હતો. કલિયુગમાં નામનો આશ્રય તારે છે, તે દર્શાવતું નામ સ્મરણ તેનું હતું. ભગવન્નામ ત્રણે જણને અસર કરે છે. (૧) તદ્દન પ્રાકૃત નામ જપે છે એમનાં પાપ બળે છે, પરંતુ આસકિત રહી જાય છે, કારણ કે તેઓ પ્રાકૃત છે. હેતુ લક્ષમાં રાખતા નથી. (૨) ભક્તો ભગવન્નામ લે છે તે તો તેઓની ભકિતજ છે ત્યાં કોઈ ફળજ નથી હોતું. (૩) સાધારણ જીવો નામ જપે છે, તેમને ઈશ્વરની કૃપા મળે છે. નામ મહિમા નકામો નથી.

**साङ्केत्यं पारिहास्यं वा स्तोभं हेलनमेव वा ।**
**वैकुण्ठनामग्रहणमशेषाघहरं विदुः ॥१४॥**

જનનાં સકલ કલ્યાણનો ભંડાર હરિનું નામ છે,
કલિમલતૃણોનાં ગંજમાં અંગાર હરિનું નામ છે;
પાવન તણું પાવન જગતમાં શ્રેય હરિનું નામ છે,
પંથે પરમ પદને જતાં પાથેય હરિનું નામ છે. ૧
કવિવરોને વાણીતણો વિશ્રામ હરિનું નામ છે,
સંતોતણું જીવન પરમ સુખધામ હરિનું નામ છે;
સદ્ધર્મરુપી વૃક્ષનું શુભ બીજ હરિનું નામ છે,
સંસારમાં સંજીવની મૂળીજ હરિનું નામ છે. ૨
દુર્લભ મનુષ્યાદેહકેરો લ્હાવ હરિનું નામ છે,
ભવસિંધુ પાર તરી જવા દઢ નાવ હરિનું નામ છે;
આ તક્ર સમ સંસારમાં નવનીત હરિનું નામ છે,
હરિદાસના હૈડા તણું તાવીત હરિનું નામ છે. ૩
(ભકત હરિદાસ મહારાજ-ડાકોર).

યમદૂત અને વિષ્ણુ પાર્ષદોનાં દર્શન, વાર્તાલાપ શ્રવણથી પરિતાપ થયો, એજ સત્સંગ શ્રવણનું ફળ. સત્સંગ મનુષ્યને પાપનો પરિતાપ કરાવે, એજ પરિત:તપ એટલે ઉત્કૃષ્ટ તપ થયું. પશ્ચાતાપ એટલે પુનઃ પાપ ન કરવાની પ્રતિજ્ઞા.

હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે !
પાપી તેમાં ડુબકી દઈને પુણ્યશાળી બને છે !
ઓહો કેવું સ્મરણ મધુરું પાપનું એ ધરે છે !
માફી પામ્યું કુદરત કને એમ માની ગળે છે !

* * * *

હું પસ્તાયો, મુજ હૃદયની પૂર્ણ માફી મળી છે.
(કલાપી)

## અધ્યાય ૩ જો શ્લોક ૩૫

અજામિલ ઉત્તર જીવનમાં ગંગાદ્વાર ગયેલ છે. જીવનનું પરિવર્તન થયું છે, અને સાચો સંત-વિપ્ર બની નિજ સ્વરૂપ મેળવ્યું છે. નામનો મહિમા એવો નથી કે અનેક પ્રકારનો પાપી મરતાં બોલે ને એક નામે મુકત થાય. મુકત થવું એટલેજ તન, મન, વચનની પ્રત્યેક મલિનતાથી વિદૂર થવું. ભાગવત ધર્મોના જાણકારથી તેનો મહિમા સમજાય, જે ૧૨ સંખ્યામાં છે.

**स्वयम्भूर्नारदः शम्भुः कुमारः कपिलो मनुः ।**
**प्रह्लादो जनको भीष्मो बलिर्वैयासकि र्वयम् ॥२०॥**

ધર્મરાજાનો આદેશ —

**जिहवा न वक्ति भगवद्गुणनामधेयं चेतश्च न स्मरति तच्चरणारविन्दम् ।**
**कृष्णाय नो नमति यच्छिर एकदापि तानानयध्वमसतोऽकृतविष्णुकृत्यान् ।**

જીહવા ભગવદ્ ગુણ નામ ધેય જપે. ગુણોમાં અને ધર્મોમાં અનુસંધાન તેમજ નામોના અર્થોના અનુસંધાન સાથે જાપ થાય તોજ જાપ સિદ્ધ થાય. અજપાજાપ સર્વ શ્રેષ્ઠ છે. અખંડ જાપ તેટલોજ દિવ્ય છે.

## પ્રકરણ ૨જું—રૂપનિરૂપણ (અ. ૪ થી ૧૩)

નામ શ્રવણ, કીર્તન, સ્મરણથી હૃદય વિશુદ્ધ થતાં જીવનસરણીમાં પલટો આવ્યો. વિશુદ્ધ જીવનસરણી વૈકુંઠની નીસરણી. તે નીસરણીને ૧૪ પગથીયાં. જો ધ્યાનપૂર્વક ચઢે તો ભગવત્સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન થાય, અને સેવામાં અંગીકાર થાય. ધ્યાન પ્રકરણના ૧૪ અધ્યાયો એ ધ્યાનની નીસરણીમાં ૧૪ સોપાન સમાન ગુણો છે.

(૧) **रूपेण मोक्षदः** રૂપદર્શનથી દૃષ્ટિનો નિરોધ કરી લે અને મોક્ષ આપે. ચોથા અધ્યાયમાં પ્રાચેતસોને દર્શન આપ્યાં. **त्रैलोक्य मोहनं रूपं बिभ्रत्** ત્રણ લોકને મુગ્ધ કરનારૂં રૂપ દર્શાવી મોહને દૂર કર્યો. ભીષ્મ પિતામહને **त्रिभुवनकमनम्** ત્રિભુવન સુંદર રૂપ દર્શાવ્યું ને મોક્ષ આપ્યો. આંખની વિશુદ્ધિ રૂપ થી, માટેજ દર્શન.

(૨) **रसेन आनन्ददायकः** રસથી આનંદ આપે. નામ જાપ, લીલા કીર્તનથી રસનેન્દ્રિયને શુદ્ધિ અને સુખ આપે.

(૩) **गन्धेन भक्तिदः** ગંધથી ભકિત આપે. તુલસીજીનો સુવાસ લેતાં સાત્વિક ભકિત આવે છે. (૪) **स्पर्शेन पापनाशकः** સ્પર્શથી પાપ હરે. સેવામાં શ્રી અંગોના સ્પર્શે, ચરણ સ્પર્શે, પાપો બળી જાય. (૫) **नादेन मनोहरः** શબ્દથી મનોહર. કથા લીલા સ્તોત્ર શ્રવણથી મનો નિગ્રહ કરે. નારાયણ કવચથી તે થાય છે. (૬) **योगेन आत्मप्रवेशदः** યોગથી પોતાનો પ્રવેશ આપે. (૭) **कालमोक्षप्रदः द्विष्टः** દ્વેષ કરનારને પણ કાલમાંથી બચાવી મુકિત આપે. (૮) **स्वामी सर्वसुखप्रदः** સ્વામી તરીકે ભજે તેને સર્વ પ્રકારે સુખ આપે. અગિયારમા અધ્યાયમાં વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં વૃત્રાસુરની પ્રપત્તિ છે, જેમાં સ્વામી તરીકે પ્રભુને ભજે છે. તેથી ભગવાને તેને સર્વ સુખ આપ્યાં છે. (૯) **हीनभावाद् दुःखदः** ક્ષુદ્ર નજરે જોનારને દુઃખ આપે છે. (૧૦) **केवलः सकलार्थदः** ભગવાનના સત્યસ્વરૂપનું ધ્યાન કરવાથી સકલ પુરુષાર્થોને આપે છે. (૧૧) **मितौ योगप्रदः** ભગવાનનું જ્ઞાન મેળવનારને યોગ આપનાર. (૧૨) **भिन्नो मृत्युप्रदः** ભિન્ન દૃષ્ટિથી જોનારને મૃત્યુ આપે છે. (૧૩) **यथास्थितो ज्ञानदः** યથાસ્થિત રીતે સમજાયેલ ભગવાન જ્ઞાન આપે. (૧૪) **स्नेहाद् वश्यः** સ્નેહથી પ્રભુ વશ થાય છે.

## અધ્યાય ૪ થો શ્લોક ૫૪

ચોથા અધ્યાયમાં હંસગુહ્ય સ્તોત્રથી ભગવાનની સ્તુતિ છે. આત્મજ્ઞાન આપનારૂં સ્તોત્ર છે. ચતુર્થ સ્કંધના ૩૧ મા અધ્યાયના અનુસંધાનમાં ચોથા અધ્યાયથી પ્રસંગ શરૂ થાય છે.ચતુર્થ સ્કંધ વિસર્ગ છે. તેનાજ વિષયનો પ્રસંગ ચોથા અધ્યાયથી શરૂ થાય છે, તેથી એને અનુસર્ગ લીલા પણ કહે છે.

**પ્રાચીન બર્હિષ** રાજાના દશ પુત્રો થયા. પ્રચેતસ તેઓનું નામ છે. કર્મમાં કે ફલભોગમાંજ રસ લેતા કર્મનિષ્ઠ પુરુષની દશ ઈન્દ્રિયોની સાત્વિક વૃત્તિ બની, તે દશ પ્રચેતસ થયા. ભગવદ્ દિદૃક્ષાને નિમિત્ત કરી તપ કરે તો ક્રોધ થાય નહિ. કેવલ તપસ્વી ક્રોધી બને છે. પ્રચેતસોને તપથી ક્રોધ થયો. ચન્દ્રે સત્સંગથી ક્રોધનું શમન કર્યું.

બાલકોને માવેતર, આંખને પાંપણ, સ્ત્રી ને પતિ, પ્રજાને રાજા, ભિક્ષુકોને ગૃહસ્થી, બાલિશને બુધ હિત સાધનાર સુહૃદ છે.

દશ પ્રચેતસો **વાર્ક્ષી** નામની કન્યાને પરણ્યા. વૃક્ષોએ ઉછેરેલી તેથી વાર્ક્ષી નામ પડયું. **દક્ષ** તેમના પુત્ર થયા. પ્રજા વૃદ્ધિ દક્ષની કન્યાઓથી થઈ. માનસી સૃષ્ટિ પણ દક્ષે કરી, ને વીર્ય સૃષ્ટિ પણ દક્ષથી થઈ. **હંસગુહ્ય સ્તોત્ર** થી પ્રજાપતિએ આરાધના કરી. ૨૩ થી ૩૪ શ્લોકોમાં તે સ્તોત્ર છે. ભગવાને દર્શન આપી પ્રજાપતિને ગૃહસ્થાશ્રમી થવા આદેશ કર્યો. **અસિકની** નામની પંચજનની પુત્રીને પરણ્યા.

## અધ્યાય ૫ મો શ્લોક ૪૪

પ્રજાપતિને ત્યાં હર્યશ્વ અને શબલાશ્વ નામના પુત્રો થયા. નારદજીના સત્સંગથી તેઓ વિરકત થયા નારદજીએ તેમને સાતમા અને આઠમા શ્લોકમાં દશ પ્રશ્નો પૂછયા. દક્ષપુત્રોને તેનાથી સ્વરૂપ ભાન થયું.

પૃથ્વીનો અંત એટલે લિંગ શરીરનો મોક્ષ કેમ કરવો; રાષ્ટ્રમાં એકજ પુરુષ એટલે પિંડ બ્રહ્માંડમાં રહેલ ઇશ્વર; પાછા ન અવાય એવું બિલ (ગુફા) એટલે પરંપદ; બહુરૂપી એટલે બુદ્ધિ; સ્વૈરિણી સ્ત્રીનો પતિ એટલે સકામ બુદ્ધિમાં લુબ્ધ થયેલ માનવ; ઉભયવાહિની નદી એટલે માયા; પચીશ વસ્તુઓનું ઘર એટલે શરીર; રસમય કથા કરતો હંસ એટલે વિવેક માર્ગ કહેતો સત્પુરુષ, શાસ્ત્ર કે ગુરૂ; ભમતું ચક્ર એ તો કાળ; પિતા એટલે હિતોપદેશક શાસ્ત્ર. આવા તત્ત્વજ્ઞાનને સ્પર્શતા પ્રશ્નોના વિચાર વિના દામ્પત્ય જીવનમાં જનારો જીવન સુખ અને સંતોષ ગુમાવે છે. હર્યશ્વ, શબલાશ્વો આ પ્રશ્નોનાજ વિચારોથી તત્ત્વજ્ઞાની થયા.

પ્રજાપતિને સંતાનોને ત્યાગી બનાવનાર નારદજી ઉપર ગુસ્સો થયો. એક વાકય કહ્યું, **नानुभूय न जानाति पुमान् विषयतीक्ष्णताम्**

"સંસારની વિષમયતા અને વિષમતા અનુભવથી સમજાય. ઉતાવળે અને અકળામણે થયેલ સાધુ અટવાઇ મરે. અનુભવે અને આત્મજ્ઞાને થયેલ તરે તેમ તારે." એટલું કહી નારદજીને શાપ આપ્યો કે ઠરી એક ઠામે નહિ બેસો". સંત રાજી થયા અને દોહો બોલ્યા—

વહેતાં પાણી નિર્મળાં, કદી ન ગંદાં થાય
સાધુ તો રમતા ભલા ડાઘ ન લાગે કોઈ

**एतावान् साधुवादो हि तितिक्षेतेश्वर: स्वयम्** (શ્લોક ૪૪). સમર્થ છતાં સહન કરે, પ્રતિશાપ ન આપે, પરંતુ પ્રસન્ન રહે તે સાધુતા.

### અધ્યાય ૬ ઠ્ઠો – શ્લોક ૪૫.

પ્રજાપતિને ત્યાં ૬૦ કન્યાઓ થઈ. ધર્મને ૧૦, કશ્યપને ૧૩, ચન્દ્રને ૨૭, ભૂતને ૨, અંગિરાને ૨, કૃશાશ્વને ૨, પુન; કશ્યપને ૪ કન્યાઓ આપી. કશ્યપથી અદિતિમાં વિવસ્વાન્, અર્યમા, પૂષા, ત્વષ્ટા, સવિતા, ભગ, ધાતા, વિધાતા, વરૂણ, મિત્ર, ઇન્દ્ર, વામન (ઉરૂક્રમ) એમ ૧૨ પુત્રો થયા. ત્વષ્ટા દૈત્યોની નાની બહેન રચનાને પરણ્યા. તેમના સન્નિવેશ અને **વિશ્વરૂપ** પુત્રો થયા. વિશ્વરૂપ સમર્થ હતા. બૃહસ્પતિએ દેવોનો ત્યાગ કર્યો ત્યારે વિશ્વરૂપને ગુરૂ બનાવ્યા.

### અધ્યાય ૭ મો શ્લોક ૪૦

**अभिमानं सुरापानम्** સ્વર્ગપદનશીન દેવોએ અભિમાનના તોરમાં બૃહસ્પતિનો અનાદર કર્યો. સિંહાસને બેઠા પછી મનુષ્ય મટી સિંહ જેવા પશુ ન થતાં પરાક્રમી થાય તે શોભે. સંગીત, સૌંદર્ય, લલના અને લક્ષ્મીનો સંગ મનુષ્યને લંપટ બનાવે છે. ઉચ્છૃંખલ ને લંપટ એ ગુરુને, સાધુને ન નમે. **वाचस्पतिं मुनिवरं सुरासुरनमस्कृतम्** (શ્લોક ૮)—આ ત્રણ પદોમાં બૃહસ્પતિની યોગ્યતા બતાવી. 'વાચસ્પતિ' પદથી જ્ઞાન સમ્પન્ન; "મુનિવર" પદથી તપસ્વી, વિવેકી; "દેવ અસુર વંદિત"થી ગુણશીલ સમ્પન્ન કહ્યા. સભામાં આવતા ગુરુને જોઇ સિંહાસનેથી ઇન્દ્ર ઊભો ન થયો. સ્વમાની ને નિરભિમાની ગુરુ હસ્યા અને બોલ્યા, "રાજન્! સીધું લેવા આવે એ તો અપમાન સહે; પરંતુ શિષ્યને સીધો સરલ કરવા આવે, તે શાને અપમાન સહે?" એવું વિચારી વિદાય થયા.

પદ આવે મદ ન થાય, લક્ષ્મી આવે લક્ષણ ન જાય, જ્ઞાન આવે ઘમંડ ન થાય, માન આવે ભાન ઇન્સાન ન જાય, યૌવન આવે શીલ ન જાય, અર્થાપત્તિ આવે ઇમાન ન જાય—એજ પ્રભુ કૃપા, પુણ્યશાલીનતા ને કુલીનતા. **બ્રહ્માએ** ઉપદેશ આપ્યો કે—

**न विप्रगोविन्दगवीश्वराणां भवन्त्यभद्राणि नरेश्वराणाम** ॥२४॥ વિપ્ર, ગોવિન્દ, ગાય અને ઇશ્વરને માનનાર નરેશ્વરોનો નાશ નથી થતો. તમે જાઓ અને વિશ્વરૂપને ગુરુ બનાવો". ગુરુ વિનાનું અધરૂ. અધરૂ એટલેજ અગુરૂ. ઇન્દ્ર રાજા વિશ્વરૂપ પાસે ગુરુ બનાવવા અતિથિ રૂપે ગયા; અને બોલ્યા, "આચાર્ય બ્રહ્માની મૂર્તિ છે, અથવા બ્રહ્મ એટલે વેદની મૂર્તિ છે." આચરે તે આચાર્ય. વેદમાં તો સિદ્ધાન્તનો ઉચ્ચાર છે. આચાર્યમાં આચાર એજ ઉચ્ચાર છે તેથી તે પ્રત્યક્ષ વેદ છે. વળી તે નીચે પ્રમાણે બોલ્યા. "પિતા પ્રજાપતિની પ્રતિમા છે." પ્રજાપતિનું વિધાન ન તોડાય તેમ પિતાનું પણ ન તોડાય. "ભ્રાતા વાયુની મૂર્તિ છે." દુ;ખમાં ભાગીદાર થવા પવન વેગે અણધાર્યો દોડી આવે, સુખ આપી પવન સમાન શીઘ્ર ચાલ્યો જાય, પવનની માફક ગુપ્ત રીતે સહાય કરે, પણ લોકમાં દેખાવ ન કરે, એને ભાઇ કહેવાય. જેનાથી બધાજ ભય મટે ને બધી રીતે અભય બનાવે તે ભાઈ. માતા સાક્ષાત્ પૃથ્વીની મૂર્તિ છે" ભર્તાને ઘરે રહીને પણ ભ્રાતાનું સતત મંગલ ચિંતવ્યા કરે તે બહેન. "અતિથિ ધર્મની મૂર્તિ છે." જવાનોને આવવાનો જેનો નિયત તિથિ નથી તે અતિથિ છે. "અભ્યાગત અગ્નિની મૂર્તિ છે." ઇચ્છા આશાપૂર્વક આવેલો તે અભ્યાગત. ન આપીએ તો તેનો નિશાસો દેવતાની માફક દાહ કરે. "પ્રાણી માત્ર પ્રભુની પ્રતિમા છે." પ્રતિષ્ઠા વિના સદાય પ્રભુ તેમાં પ્રતિષ્ઠિત છે. મૂર્તિમાં પ્રતિષ્ઠા પછી પ્રભુ પધારે, જ્યારે પ્રાણીમાત્રમાં તો પ્રથમથીજ પ્રાણપ્રતિષ્ઠા છે, એ સમજપૂર્વક સર્વને ભજવા તે સાચું ભજન.

વિશ્વરૂપે પુરોહિત પદ ન સ્વીકાર્યું. સમ્પન્નના પુરોહિત થવું એટલે સ્વમાન શૂન્ય થવું. પરંતુ પિતાના આગ્રહથી તે પુરોહિત બન્યા. યજમાન વિચારે તે પહેલાં પ્રથમથીજ હિત વિચારે તે પુરોહિત કહેવાય.

## અધ્યાય ૮ મો–શ્લોક ૪૨

## નારાયણ કવચ

રાજોવાચ—

યયા ગુપ્તઃ સહસ્રાક્ષઃ સવાહાન્રિપુસૈનિકાન્
ક્રીડન્નિવ વિનિર્જિત્ય ત્રિલોક્યા બુભુજે શ્રિયમ્ ॥૧॥
ભગવંસ્તન્મમાખ્યાહિ વર્મ નારાયણાત્મકમ્
યથાઽઽતતાયિનઃ શત્રૂન્યેન ગુપ્તોઽજયન્મૃધે ॥૨॥

શ્રી શુક ઉવાચ—

વૃતઃ પુરોહિતસ્ત્વાષ્ટ્રો મહેન્દ્રાયાનુપૃચ્છતે
નારાયણાખ્યં વર્માહ તદિહૈકમનાઃ શૃણુ ॥૩॥

વિશ્વરૂપ ઉવાચ—

ધૌતાઙ્ઘ્રિપાણિરાચમ્ય સપવિત્ર ઉદઙ્મુખઃ
કૃતસ્વાઙ્ગકરન્યાસો મન્ત્રાભ્યાં વાગ્યતઃ શુચિઃ ॥૪॥
નારાયણમયં વર્મ સન્નહ્યેદ્ ભય આગતે
પાદયોર્જાનુનોરુર્વોરૂદરે હૃદ્યથોરસિ ॥૫॥
મુખે શિરસ્યાનુપૂર્વ્યાદોંકારાદીનિ વિન્યસેત્
ૐ નમો નારાયણાયેતિ વિપર્યયમથાપિ વા ॥૬॥
કરન્યાસં તતઃ કુર્યાદ્દ્વાદશાક્ષરવિદ્યયા
પ્રણવાદિયકારાન્તમઙ્ગુલ્યઙ્ગુષ્ઠપર્વસુ ॥૭॥
ન્યસેદ્ધૃદય ઓઙ્કારં વિકારમનુ મૂર્ધનિ
ષકારં તુ ભ્રુવોર્મધ્યે ણકારં શિખયા દિશેત્ ॥૮॥
વેકારં નેત્રયોર્યુંજ્યાન્નકારં સર્વસંધિષુ
મકારમસ્ત્રમુદ્દિશ્ય મન્ત્રમૂર્તિર્ભવેદ્ બુધઃ ॥૯॥
સવિસર્ગં ફડન્તં તત્સર્વદિક્ષુ વિનિર્દિશેત્
ૐ વિષ્ણવે નમ ઇતિ ॥૧૦॥

આત્માનં પરમં ધ્યાયેદ્ ધ્યેયં ષટ્શક્તિભિર્યુતમ્
વિદ્યાતેજસ્તપોમૂર્તિમિમં મન્ત્રમુદાહરેત્ ॥૧૧॥
ૐ હરિર્વિદધ્યાન્મમ સર્વરક્ષાં
ન્યસ્તાઙ્ઘ્રિપદ્મઃ પતગેન્દ્રપૃષ્ઠે
દરારિચર્માસિગદેષુચાપ
પાશાન્દધાનોઽષ્ટગુણોઽષ્ટબાહુઃ ॥૧૨॥
જલેષુ માં રક્ષતુ મત્સ્યમૂર્તિ
ર્યાદોગણેભ્યો વરૂણસ્ય પાશાત્
સ્થલેષુ માયાવટુવામનોઽવ્યાત્
ત્રિવિક્રમઃ ખેઽવતુ વિશ્વરૂપઃ ॥૧૩॥
દુર્ગેષ્વટવ્યાજિમુખાદિષુ પ્રભુઃ
પાયાન્નૃસિંહોઽસુરયૂથપારિ :
વિમુંચતો યસ્ય મહાટ્ટહાસં
દિશો વિનેદુર્ન્યપતંશ્ચ ગર્ભાઃ ॥૧૪॥
રક્ષત્વસૌ માધ્વનિ યજ્ઞકલ્પઃ
સ્વદંષ્ટ્રયોન્નીતધરો વરાહ :
રામોઽદ્રિકૂટેષ્વથ વિપ્રવાસે
સલક્ષ્મણોઽવ્યાદ્ભરતાગ્રજોઽસ્માન્ ॥૧૫॥
મામુગ્રધર્માદખિલાત્ પ્રમાદા-
ન્નારાયણઃ પાતુ નરશ્ચ હાસાત્
દત્તસ્ત્વયોગાદથ યોગનાથ :
પાયાદ્ ગુણેશઃ કપિલઃ કર્મબન્ધાત્ ॥૧૬॥
સનત્કુમારોઽવતુ કામદેવા-
દ્ધયશીર્ષા માં પથિ દેવહેલનાત્

દેવર્ષિવર્યઃ પુરૂષાર્ચનાન્તરાત્
કૂર્મો હરિર્માં નિરયાદશેષાત્ ॥૧૭॥
ધન્વન્તરિર્ભગવાન્પાત્વપથ્યાદ્
દ્વન્દ્વાદ્ ભયાદૃષભો નિર્જિતાત્મા
યજ્ઞશ્ચ લોકાદવતાજ્જનાન્તાદ્
બલો ગણાત્ક્રોધવશાદહીન્દ્રઃ ॥૧૮॥
દ્વૈપાયનો ભગવાનપ્રબોધાદ્
બુદ્ધસ્તુ પાખણ્ડગણાત્પ્રમાદાત્
કલ્કિઃ કલેઃ કાલમલાત્પ્રપાતુ
ધર્માવનાયોરુકૃતાવતારઃ ॥૧૯॥
માં કેશવો ગદયા પ્રાતરવ્યાદ્
ગોવિન્દ આસઙ્ગવમાત્તવેણુઃ
નારાયણઃ પ્રાહ્ણ ઉદાત્તશક્તિ
મધ્યંદિને વિષ્ણુરરીન્દ્રપાણિ. ॥૨૦॥
દેવોઽપરાહ્ણે મધુહોગ્રધન્વા
સાયં ત્રિધામાઽવતુ માધવો મામ્
દોષે હૃષીકેશ ઉતાર્ધરાત્રે
નિશીથ એકોઽવતુ પદ્મનાભઃ ॥૨૧॥
શ્રી વત્સધામાઽપરરાત્ર ઇશઃ
પ્રત્યૂષ ઇશોઽસિધરો જનાર્દનઃ
દામોદરોઽવ્યાદનુસન્ધ્યં પ્રભાતે
વિશ્વેશ્વરો ભગવાન્કાલમૂર્તિઃ ॥૨૨॥
ચક્રં યુગાન્તાનલતિગ્મનેમિ
ભ્રમત્સમન્તાદ્ભગવત્પ્રયુક્તમ્
દન્દગ્ધિ દન્દગ્ધ્યરિસૈન્યમાશુ
કક્ષં યથા વાતસખો હુતાશઃ ॥૨૩॥

ગદેઽશનિસ્પર્શનવિસ્ફુલિઙ્ગે
નિષ્પિણ્ઢિ નિષ્પિણ્ઢ્યજિતપ્રિયાઽસિ
કૂષ્માણ્ડવૈનાયકયક્ષરક્ષો
ભૂતગ્રહાંશ્ચૂર્ણય ચૂર્ણયારીન્ ॥૨૪॥
ત્વં યાતુધાનપ્રમથપ્રેતમાતૃ
પિશાચવિપ્રગ્રહઘોરદૃષ્ટીન્
દરેન્દ્ર વિદ્રાવય કૃષ્ણપૂરિતો
ભીમસ્વનોઽરેર્હૃદયાનિ કમ્પયન્ ॥૨૫॥
ત્વં તિગ્મધારાસિવરારિસૈન્ય
મીશપ્રયુક્તો મમ છિન્ધિ છિન્ધિ
ચક્ષૂંષિ ચર્મન્ શતચન્દ્ર છાદય
દ્વિષામઘોનાં હર પાપચક્ષુષામ્ ॥૨૬॥
યન્નો ભયં ગ્રહેભ્યોઽભૂત્કેતુભ્યો નૃભ્ય એવ ચ
સરીસૃપેભ્યો દંષ્ટ્રિભ્યો ભૂતેભ્યોંઽહોભ્ય એવ વા ॥૨૭॥
સર્વાણ્યેતાનિ ભગવાન્નામરૂપાસ્ત્રકીર્તનાત્
પ્રયાન્તુ સંક્ષયં સદ્યો યે નઃ શ્રેયઃ પ્રતીપકાઃ ॥૨૮॥
ગરૂડો ભગવાંસ્તોત્રસ્તોભશ્છન્દોમયઃ પ્રભુઃ
રક્ષત્વશેષકૃચ્છ્રેભ્યો વિષ્વક્સેનઃ સ્વનામભિઃ ॥૨૯॥
સર્વાપદ્ભ્યો હરેર્નામરૂપયાનાયુધાનિ નઃ
બુદ્ધીન્દ્રિયમનઃપ્રાણાન્પાન્તુ પાર્ષદભૂષણાઃ ॥૩૦॥
યથા હિ ભગવાનેવ વસ્તુતઃ સદસચ્ચ યત્
સત્યેનાનેન નઃ સર્વે યાન્તુ નાશમુપદ્રવાઃ ॥૩૧॥
યથૈકાત્મ્યાનુભાવાનાં વિકલ્પરહિતઃ સ્વયમ્
ભૂષણાયુધલિઙ્ગાખ્યા ધત્તે શક્તીઃ સ્વમાયયા ॥૩૨॥

તેનૈવ સત્યમાનેન સર્વજ્ઞો ભગવાન્ હરિઃ
પાતુ સર્વૈઃ સ્વરૂપૈર્નઃ સદા સર્વત્ર સર્વગઃ ॥૩૩॥
વિદિક્ષુ દિક્ષૂર્ધ્વમધઃ સમન્તા—
દન્તર્બહિર્ભગવાન્નારસિંહઃ
પ્રહાપયઁલ્લોકભયં સ્વનેન
સ્વતેજસા ગ્રસ્તસમસ્તતેજાઃ ॥૩૪॥
મઘવન્નિદમાખ્યાતં વર્મ નારાયણાત્મકમ્
વિજેષ્યસ્યઞ્જસા યેન દંશિતોઽસુરયૂથપાન્ ॥૩૫॥
એતદ્ધારયમાણસ્તુ યં યં પશ્યતિ ચક્ષુષા
પદા વા સંસ્પૃશેત્સદ્યઃ સાધ્વસાત્ સ વિમુચ્યતે ॥૩૬॥
ન કુતશ્ચિદ્ભયં તસ્ય વિદ્યાં ધારયતો ભવેત્
રાજદસ્યુગ્રહાદિભ્યો વ્યાઘ્રાદિભ્યશ્ચ કર્હિચિત્ ॥૩૭॥
ઇમાં વિદ્યાં પુરા કશ્ચિત્કૌશિકો ધારયન્ દ્વિજઃ
યોગધારણયા સ્વાઙ્ગં જહૌ સ મરુધન્વનિ ॥૩૮॥
તસ્યોપરિ વિમાનેન ગન્ધર્વપતિરેકદા
યયૌ ચિત્રરથઃ સ્ત્રીભિર્વૃતો યત્ર દ્વિજક્ષયઃ ॥૩૯॥
ગગનાન્યપતત્સદ્યઃ સવિમાનો હ્યવાક્શિરાઃ
સ વાલખિલ્યવચનાદસ્થીન્યાદાય વિસ્મિતઃ
પ્રાસ્ય પ્રાચીસરસ્વત્યાં સ્નાત્વા ધામ સ્વમન્વગાત્ ॥૪૦॥

શ્રી શુક ઉવાચ—

ય ઇદં શૃણુયાત્કાલે યો ધારયતિ ચાદૃતઃ
તં નમસ્યન્તિ ભૂતાનિ મુચ્યતે સર્વતો ભયાત્ ॥૪૧॥
એતાં વિદ્યામધિગતો વિશ્વરૂપાચ્છતક્રતુઃ
ત્રૈલોક્યલક્ષ્મીં બુભુજે વિનિર્જિત્ય મૃધેઽસુરાન્ ॥૪૨॥
ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે ષષ્ઠસ્કન્ધે નારાયણ
વર્મ નામાષ્ટમોઽધ્યાયઃ ॥૮॥

નરને નારાયણ સમાન સમર્થ અને દિવ્ય બનાવનાર કવચનું નામ નારાયણ કવચ. નિર્ભય, શીલ સમ્પન્ન અને સમર્થ શકિતશાળી બનવાની મંત્ર શક્તિ અને તંત્ર શકિતનો સંગ્રહ કવચમાં દર્શાવ્યો છે. કોઇપણ કાર્યની વિજય સિદ્ધિ કવચને ધારણ કરનાર મેળવી શકે. વિધિપૂર્વક કરવાથીજ ફળ મળે છે. પ્રત્યેક સ્તોત્રમાં ઋષિ, દેવતા, બીજ, કીલક વિચારાયાં છે. આ તો સ્વતંત્ર સિદ્ધ સ્તોત્ર હોવાથી એ યોજના તેમાં રાખવામાં નથી આવી. **ॐ नमो नारायणाय** મંત્રથી અંગન્યાસ, **ॐ नमो भगवते वासुदेवाय** મંત્રથી કર ન્યાસ અને **ॐ विष्णवे नमः** મંત્રથી હૃદયાદિ ષડંગ ન્યાસ બતાવ્યા છે.

પ્રાતઃકાલમાં અથવા રાત્રિના સમયમાં આ કવચનો પાઠ કરવો. સ્નાન કરી, વિશુદ્ધ વસ્ત્ર ધારણ કરી, દર્ભાસન ઉપર સિદ્ધાસન લગાવીને બેસવું. મુખ ઉત્તર દિશા તરફ રાખવું. જમણા હસ્તની અનામિકા અંગૂલી ઉપર દર્ભની પવિત્રી ધારણ કરવી. દર્શાવ્યા પ્રમાણે સંકલ્પ કરી ન્યાસ કરવા; પછીથી સ્તોત્રનો આરંભ કરવો. **ॐ नमो नारायणाय** અષ્ટાક્ષર મંત્રથી બે પગ, બે ગોઠણ, બે સાથળ, પેટ, હૃદય, વક્ષઃસ્થલ, મુખ અને મસ્તકમાં ક્રમે ક્રમે એક એક અક્ષરનો ન્યાસ કરવો; અથવા મસ્તકથી ચરણ સુધીના આઠ સ્થલોમાં અનુક્રમે અષ્ટ અક્ષરનો ન્યાસ કરવો; અથવા અંતિમ અક્ષર **य** થી આરંભી ચરણથી મસ્તક સુધીના અષ્ટ અંગોમાં સંહાર ક્રમથી અષ્ટ અક્ષરોનો ન્યાસ કરી, પુનઃ સૃષ્ટિ ક્રમથી **ॐ** કારથી આરંભી **य** કાર સુધીના અષ્ટ અક્ષરોનો મસ્તકથી આરંભી ચરણ પર્યન્તના સ્થાનોમાં ન્યાસ કરવો.

ન્યાસ ત્રણ પ્રકારે છે. (૧) **ॐ यं ॐ** પ્રથમ પ્રકાર. (૨) **ॐ यं नमः** બીજો પ્રકાર. (૩) ત્રીજા પ્રકારમાં કેવલ અક્ષરોનોજ સંપુટ કરી ન્યાસ કરવો-**ॐ य ॐ** એ રીતે. સંકલ્પ શીખી લેવો. ન્યાસનો પ્રકાર સામે પાન ઉપર છે.

અષ્ટાક્ષરથી આઠ અંગોમાં ન્યાસ. મંત્ર **ॐ नमो नारायणाय** ॐ ॐ ॐ पादयो:। ॐ न ॐ जानुनो:। ॐ मो ॐ ऊर्वो:। ॐ ना ॐ उदरे। ॐ रा ॐ हृदि। ॐ य ॐ उरसि। ॐ णा ॐ मुखे। ॐ य ॐ शिरसि।

દ્વાદશાક્ષરથી કરની અંગુલિઓમાં ન્યાસ. મંત્ર **ॐ नमो भगवते वासुदेवाय** :—

ॐ ॐ ॐ दक्षिण तर्जन्याम् । ॐ न ॐ दक्षिण मध्यमायाम् ।
ॐ मो ॐ दक्षिणानामिकायाम् । ॐ भ ॐ दक्षिण कनिष्ठकायाम् ।
ॐ ग ॐ वाम कनिष्ठिकायाम् । ॐ व ॐ वामानामिकायाम् ।
ॐ ते ॐ वाम मध्यमायाम् । ॐ वा ॐ वाम तर्जन्याम् ।
ॐ सु ॐ दक्षिणांगुष्ठोर्ध्वपर्वणि । ॐ दे ॐ दक्षिणांगुष्ठाध: पर्वणि।
ॐ वा ॐ वामांगुष्ठोर्ध्वपर्वणि । ॐ य वामांगुष्ठाधः पर्वणि ।

હૃદયાદિ ષડંગ ન્યાસ. **ॐ विष्णवे नम:** મંત્ર છે.

ॐ ॐ ॐ हृदये। ॐ वि ॐ मूर्धनि। ॐ ष ॐ भ्रुवो।ः ॐ ण ॐ शिखायाम्। ॐ वे ॐ नेत्रयो:। ॐ न ॐ सर्वांगुलिसंधिषु। ॐ म ॐ सर्वदेहं भगवत्संनिधानयुक्तं ध्यायेत्। मः अस्त्राय फट् इति दिग्बन्ध:

શ્લોક ૧૨- સર્વ પ્રકારની વિપત્તિઓને દૂર કરનાર શ્રીહરિ છે. દુઃખનું સ્થાન મન અને વાસના બે છે. હરિનામોચ્ચારથી વાસના મરે અને હરિના ગુણોમાં પ્રેમથી મન હરિમાં વળે, દુઃખ દૂર થઈ જાય. **पतगेन्द्र** ગરુડજીનું નામ છે. દ્રૌપદીના દુઃખમાં વેગથી ભકિત નામના ગરુડ ઉપર બિરાજીને હરિ આવ્યા હતા, તેમ મારા દુઃખમાં પણ વેગથી આવો. **दर**-શંખ. અમંગલ દૂર કરનાર શંખ શબ્દ છે. **अरि**-ચક્ર. શત્રૂને દૂર કરનાર ચક્ર તત્વ છે.

ચક્ર જ્ઞાન સ્વરૂપે છે. **चर्म**-ઢાલ. બ્રહ્મચર્ય ઢાલ છે. **असि**-તરવાર. અનાસકિત એ ખડ્ગ છે. **गदा**-ગદા. પ્રાણાયામ અથવા યોગ ગદા છે. **इषु**-બાણ. એકાગ્રતા બાણ છે. **चाप**-ધનુષ્ય. ૐકાર ધનુષ્ય છે. **पाश**-પાશ. સ્નેહ પાશ છે. **अष्टगुण:** વેદમાં બતાવેલ આઠ ગુણો છે. **य एव आत्मा अपहतपाप्मा** શ્રુતિમાં દર્શાવ્યા છે. **अष्टबाहु:** આઠ સિદ્ધિઓ તે આઠ હાથ છે.

શ્લોક ૧૩-**मथ्नातीति मत्** જગત ને વેદની હિંસા કરનારો **मत्** હયગ્રીવ અસુર **तं स्यति नाशयति इति मत्स्य:** હયગ્રીવ અસુરનો વધ કરનાર મત્સ્ય ભગવાન. **मथित्वा विलोड्य सरतीति मत्स्य:** જલમંથન કરી બહાર સરી આવે તેથી મત્સ્ય કહેવાય. **माद्यति सत्यव्रत: ऋषिगणश्च अनेन**-જેનાથી જ્ઞાન મેળવી સપ્તર્ષિ ગણ અને સત્યવ્રત હર્ષ પામ્યા તે મત્સ્ય. સંસારના જલોમાં અથવા વિવિધ મતમતાંતર વાળાં શાસ્ત્ર જલોમાં અથવા વિવિધ પ્રકારના વકતાઓના વાકય જલોમાં સત્યનું સંશોધન કરતા સત્યવ્રત જનોને **मत्स्य** ભગવાન પ્રપત્તિનું એક જ્ઞાન આપે છે, અને અનન્યાશ્રયનું જ્ઞાન આપે છે. **मायया वटति इति मायावटु:** વાકય છલથી બાંધી લેતા માયા બટુ, વામન ભગવાન સ્થલમાં રક્ષણ કરો. કર્તવ્ય સ્થલોમાં આત્મનિવેદનનું માર્ગદર્શન કરાવો.

શ્લોક ૧૪- **नॄन् सिनोति इति नृसि:** મનુષ્યોને બાંધી રાખનાર **नृसि**- લોભ અથવા અવિદ્યા સમૂહ હિરણ્યકશિપુ છે. **तं हन्तीति नृसिंह:** તેને નાશ કરે તે નૃસિંહ ભગવાન છે.

શ્લોક ૧૫-**वरमहो दिवसो यस्मात् स: वराह**:- વિશ્વના કલ્યાણનો દિવસ જેનાથી આવે તે વરાહ-વેદ. **राम:** પરશુરામ પર્વતોના શિખરોપર રક્ષા કરો. સ્વજન વિયોગમાં સંયોગ કરાવનાર રામ રક્ષા કરો.

શ્લોક ૧૬–**नारायणः** – નર સમૂહને પ્રેરનાર. **दत्त** :– સર્વ મનોરથના દાતાર. **कं सुखं पातीति कपि तत् लातीति कपिलः कपि** જ્ઞાનને લઃ આપનાર, કપિલ.

શ્લોક ૧૭– હયગ્રીવ ભગવાન દેવોના અપરાધમાંથી બચાવો. દેવ સામે વાહનમાં બેસીને જવું, પાદુકા પહેરી મંદિરમાં ચાલવું, ઉત્સવમાં ભાગ ન લેવો, સન્મુખ જતાં પ્રણામ ન કરવા, મુખ ઉચ્છિષ્ટ હોય ને પ્રણામ કરવા, એક હાથે પ્રણામ કરવા, દેવ સામે પગ લંબાવીને બેસવું, પલંગમાં સુવું, પગ ઉપર પગ ચઢાવીને બેસવું, ઉચ્ચ સ્વરે બોલવું, રોકકળ કરવી આવા ૩૨ અપરાધો ગણાવ્યા છે. તેમાંથી હયગ્રીવ પ્રભુ જ્ઞાન આપી અમારી રક્ષા કરો. **कौ भूमौ उर्मिः वेगः यस्य** – ભૂમિ ઉપર પણ જેમનો વેગ છે તે કૂર્મ.

શ્લોક ૧૮. **घं घनं धैर्यं नाशयन्तीति धनवो रोगाः तेषामन्तं रातीति धन्वंतरिः** રોગોનો અંત લાવનાર ધન્વંતરિ. **ऋष्यते जायते अनेन सर्वम् ऋषं ज्ञानम् तेन भाति इति ऋषभः** – જ્ઞાનથી શોભનાર ઋષભ.

શ્લોક ૧૯ **कलिं कृणोति इति कल्किः**–કલીને નાશ કરનાર કલ્કિ.

શ્લોક ૨૦. **કેશવ** ભગવાન પ્રાતઃકાલે ૧ થી ૫ ઘડી સુધી, **ગોવિંદ** ભગવાન આસંગવ કાલ– ૬ થી ૧૦ સુધી, **નારાયણ** પૂર્વાહ્ણ કાલ– ૧૧ થી ૧૫ ઘડી સુધી, **વિષ્ણુ** મધ્યંદિન એટલે ૧૬ થી ૨૦ ઘડી સુધી રક્ષો. (ગાયોનો ધોરમાં જવા માટે છોડવાનો સમય આસંગવ કાલ).

શ્લોક ૨૧. ૨૧ થી ૨૫ ઘડી સુધી અપરાહ્ન કાલે **મધુસૂદન** પ્રભુ, ૨૬ થી ૩૦ ઘડી સાયંકાલે **માધવ** રક્ષા કરો. (દિવસના ૬ વિભાગ કર્યા છે. રાત્રિના પાંચ ભાગ શરૂ કરે છે.) રાત્રિની ૪ ઘડી સુધી સુધી હૃષીકેશ ભગવાન, ૫ ઘડી થી ૧૪ ઘડી સુધીના અર્ધરાત્ર અને ૧૫ અને ૧૬ ઘડી નિશીથ કાલમાં એકલા **પદ્મનાભ** પ્રભુ રક્ષા કરો.

શ્લોક ૨૨. નિશીથ કાલ પછીથી અરુણોદયની પૂર્વનો સમય અપર રાત્રિ કહેવાય છે, ત્યારે શ્રી **વત્સ** પ્રભુ; રાતની પાછલી ૪ ઘડી – પ્રત્યૂષ કાલમાં **જનાર્દન** પ્રભુ; પ્રભાતમાં દામોદર અને વિશ્વેશ્વર સર્વ સંધ્યા કાલમાં રક્ષા કરો.

## અધ્યાય ૯ મો – શ્લોક ૫૫

સ્વાર્થને આંખ નથી. લોભને અવધિ નથી. નવમા અધ્યાયમાં વિશ્વરૂપ આચાર્યનો ઇન્દ્રે વધ કર્યો. સમ્પત્તિ જ્ઞાનને સ્વાશ્રિત અને સ્વાધીન રાખવા ચાહે છે. જ્ઞાન સર્વનું થવા વિચારે છે. વિશ્વરૂપ દેવો સિવાય અન્યને જ્ઞાન કે યજ્ઞભાગ આપે તે ઇન્દ્રને ન ગમ્યું; અને વિશ્વરૂપનો વધ કર્યો. વિશ્વના હિત માટે રૂપ શરીર લીધું, તેથી વિશ્વરૂપ સંજ્ઞા થઇ. વિશ્વરૂપને સત્વ, રજસ અને તમસ–ત્રણ ગુણવાળાં ત્રણ મસ્તક હતાં. પ્રથમ મનુષ્યનું અન્નાદ રાજસ મસ્તક હતું. દેવોનું સોમપાન કરનારૂં બીજું સાત્વિક મસ્તક દેવોના ગુરૂ થયા પછી થયું. દૈત્યોના પક્ષપાતથી ત્રીજું સુરાદ મસ્તક બન્યું. વિશ્વરૂપનો વધ કરવાથી બ્રહ્મહત્યા લાગી. ઇન્દ્રે તેને અંજલિમાં ધારણ કરી "**ब्रह्महत्यामंजलिना जग्राह**" વિશ્વરૂપનો વધ ઇન્દ્રે બે હસ્તથી કરેલો, માટે અંજલિમાં હત્યા ધારણ કરવી પડી. એક વર્ષ પર્યન્ત તે રહી.

પૃથ્વી, વૃક્ષો, જલ અને સ્ત્રીઓ ભક્ત હૃદયનાં હોવાથી બ્રહ્મહત્યાનું પાપ લઈ ઇન્દ્રને પાપમુક્ત કર્યો–એજ સાચું સંત

ચરિત્ર. **अन्नं ब्रह्म**-અન્ન પણ બ્રહ્મ છે. અન્નના ઉત્પાદનની હાનિ એજ બ્રહ્મહત્યા છે. ખારી ભૂમિ અન્ન ન થવા દે, એ બ્રહ્મહત્યા છે. પરંતુ જો ખાતર નાખ્યા વિના પણ ઉત્પાદન લે તો પણ પાક હાનિ થાય. પાકહાનિ એજ મોટું પાપ. ઈન્દ્રે-સમ્પન્ને-અર્થ પેદા કરનારા પદાર્થો જમીનમાં વાવ્યા અર્થ લોભથી, પરંતુ અન્ન, કઠોળ આદિનું વાવેતર ન કર્યું, તે બ્રહ્મહત્યા થઈ. વૃક્ષોનો નિર્યાસ એટલે ગુંદર જેવો રસ ન ખાવો, એમાં બ્રહ્મહત્યા છે. એનું રહસ્ય એવું છે કે તે રસ બુદ્ધિને જડ કરે છે; અને તેમ થતાં વેદ-બ્રહ્મને ધારણ કરવાની શકિત ક્ષીણ થાય, તે બ્રહ્મહત્યા થઈ.

**वृत्रासुरः**- વૃત્રાસુરની ઉત્પત્તિ ત્વષ્ટાને આવેશ આવ્યો તેથી થઈ. અભિચાર પ્રયોગ કર્યો. મંત્રોમાં અભિચાર શકિત છે. “**स्वाहेन्द्रशत्रो विवर्धस्व**” એવો મંત્ર બોલી **शत्रो** નો સ્વર ઉદાત્ત કરી લંબાવીને બોલતાં “ઈન્દ્રનો શત્રુ” ઉત્પન્ન થાઓ એવો અર્થ થાય. ષષ્ઠી તત્પુરુષ સમાસ પણ ત્યારે થાય. તેમ થતાં આહુતિ અપાય તો તેમાંથી ઈન્દ્રનો વધ કરનાર શત્રુરૂપ કોઈ પુરુષ થાય. તેમ ન થયું. પરંતુ ત્વષ્ટાનો સ્વર ભંગ થવાથી આદ્ય ઉદાત્ત થયો, અને ઈન્દ્રનો ઉચ્ચાર લંબાઈ ગયો. તે અવસ્થામાં આહુતિ અપાઈ. તેમાં જે પુરૂષ થયો તે ઈન્દ્રનો વધ કરી શકે તેવો સમર્થ ન થયો, પરંતુ તેનો કેવલ શત્રુજ થયો. બહુવ્રીહિ સમાસ થયો. ૧૨ થી ૧૭ શ્લોકોમાં વૃત્રાસુરની ઉત્પત્તિ તેમજ સ્વરૂપ અને નામ વર્ણવ્યાં છે. **अन्वाहार्यपचनात्** નો અર્થ એ થાય છે કે દક્ષિણાગ્નિ હોમમાંથી એક વિકરાળ પુરુષ જન્મ્યો. મંત્રો સાથે રમત રમવી એ હિતકારક નથી. **अथान्वाहार्यपचनात्** નું તાત્પર્ય એ છે કે ત્વષ્ટાને પોતાના **इन्द्रशत्रो** મંત્રના પાઠના ઉચ્ચારમાં સ્વરનો ફેરફાર થયો, તેની ખબર પડી કે મારાથી

પ્રમાદે સ્વભાવ પ્રાપ્ત બહુવ્રીહિ સમાસાર્થ ઉચ્ચાર થયો છે. તેથી ફરીથી તત્પુરુષાર્થ પાઠ લીધો; જેથી સ્વાભાવિક પાઠને લીધે ઈન્દ્રે વૃત્રાસુરને માર્યો અને તત્પુરુષાર્થ પાઠના ગ્રહણથી વૃત્રાસુર ઈન્દ્રને ગળી પણ શકયો.

**स इमान् लोकान् आवृणोत् तत् वृत्रस्य वृत्रत्वम्** સર્વ વિશ્વને ઘેરી લેનાર **મોહ** અને **લોભ** નામના બે દોષોનું નામ વૃત્ર છે. **आवृतं ज्ञानमेतेन तेन मुह्यन्ति जन्तवः** અજ્ઞાન એ મોહ લોભનું મૂળ છે. જ્ઞાની, યોગી અને તપસ્વીને મોહ પરવશ કરે તો અર્થી અને અધિકારીને વિકારી બનાવે એમાં શું આશ્ચર્ય ? મોહ અને લોભ ભગવત્ સેવામાં અતિશય બાધક છે. આસુરી ભોગવિલાસ વૃત્રાસુર છે. વિશ્વના પ્રત્યેક ભાગમાં તેનો વધુ ફેલાવો થઈ રહ્યો છે. ભોગવિલાસની પોષક સામગ્રીઓનું નિર્માણ થાય તેના શતાંશ ભાગના ‘જીવન વિકાસ’નાં સાધનોનું નિર્માણ થાય, તો કલ્યાણ કેટલે દૂર? ‘વૃત્ર’ આહવનીય અગ્નિમાં ઉચ્છિષ્ટ હોમ કરવાથી અને સ્વર ભંગ થવાથી અસુર યોનિમાં જન્મ્યો. સોમવલ્લી રસમાંથી કાયા થઈ, જેથી સર્વથા વિલાસી થયો, પણ બલવાન થયો. મોહની નિવૃત્તિ જ્ઞાનથી સંભવે. જ્ઞાન અસ્થિગત હોવું જોઈએ, એટલે હાડકામાં જ્ઞાન હોવું જોઈએ, ચામમાં નહિ એ ન્યાયે દધીચિ ઋષિના ‘જ્ઞાન અસ્થિ’ દ્વારા મોક્ષ થયો.

દેવોએ ૨૧ થી ૨૭ સાત શ્લોકોમાં સાત પ્રકારના આવરણના ભેદન માટે ભગવાનની સ્તુતિ કરી, અથવા મુખઉપરનાં સાત દ્વારોમાં ઘુસેલા આસુરભાવ વૃત્રથી છૂટવા માટે ૭ શ્લોકોમાં વિનંતિ કરી.

સોળ પાર્ષદો સાથે ભગવાને દર્શન આપ્યાં. પાર્ષદોમાં ભગવાનનું સામ્ય હોય છે, પરંતુ શ્રી વત્સ અને કૌસ્તુભ નામના બે આભૂષણો હોતાં નથી. શ્રી વત્સ પ્રકૃતિનું સ્વરૂપ છે; કૌસ્તુભ

બ્રહ્મ અથવા વેદનું સ્વરૂપ છે. વાસુદેવથી આરંભી દામોદર સુધીના ૧૬ પાર્ષદો છે. અથવા નંદ, સુનંદ, પ્રબલ, ઉદ્બલ, જય, વિજય, વિશ્વક્સેન, ગરૂડ, શ્રુતદેવ, જયંત, કુમુદ, કુમોદાક્ષ, નિશઠ, સાત્વત પુષ્પદંત, દારૂકઆ સોળ પાર્ષદો છે. આ ભગવાનની સોળ કળાઓ છે.

૩૧ થી ૪૫ શ્લોક પર્યન્ત પ્રત્યક્ષ થયેલ પ્રભુને સ્તવન, ઉપસ્થાન અને કષ્ટ નિવેદન કર્યાં, ત્યારે ભગવાને દધીચિ ઋષિનાં અસ્થિ લાવી, વજ્ર બનાવવાનો આદેશ કર્યો. **“विद्या-व्रत-तपः सारं” गात्रं याचत** (શ્લોક ૫૧). **વિદ્યા, તપ અને વ્રત** એ ત્રણના સંગમે અનવરત સ્નાત બનેલ દેહ વૃત્રનો વિજય અથવા વિનાશ કરી શકે.

દધીચિ અંગિરા કુલમાં જન્મ્યા છે. અંગ અને અંગી એટલે શરીર ઉભયને વિશ્વ કલ્યાણમાં સમર્પે તે અંગિરા ઋષિ. ભાગવતમાં અંગિરા કુલના ત્રણ ઋષિઓ છે-શમીક ઋષિ, દધીચિ ઋષિ અને મહાભાગવત શ્રી ભરત ઋષિ. ત્રણે મહર્ષિઓએ પરાર્થે સર્વ સમર્પણ કર્યાં.

વિપ્રનો ત્યાગ અને ઐશ્વર્યનો સ્વાર્થનુરાગ કેવો છે તેનો આ એક નમૂનો છે. એક વાર વિદ્યા પ્રાપ્તિ માટે દધીચિ ઋષિ પાસે અશ્વિનીકુમારો આવ્યા. મહર્ષિ કર્મરત હતા, તેથી બીજે દિવસે આવવા કહ્યું. આ વાત સાંભળી ઇન્દ્રે આવી ઋષિને સૂચવ્યું, “જો અશ્વિનીકુમારોને વિદ્યા આપશો તો શિરચ્છેદ કરીશ,” એમ કહી વિદાય લીધી. બીજે દિવસે અશ્વિનીકુમારો આવ્યા ત્યારે તે વાતનું નિવેદન કર્યું. વૈદ્યોએ કહ્યું, “આપનું આ મસ્તક અમે કાપી લઇએ; એને સ્થાને અશ્વમુખ મુકીએ. તેનાથી વિદ્યા આપો. ઇન્દ્ર અશ્વમસ્તક છેદશે, ત્યારે અમે આપનું મુખ્ય મસ્તક મુકી સજીવન કરીશું.” મુનિ સંમત થયા. અશ્વમુખથી વિદ્યા આપી. ઇન્દ્રે તેનો છેદ કર્યો અને મુનિવરને પુનઃ સ્વવૈદ્યોએ સજીવન કર્યા.

આ આખા પ્રસંગમાં **“પ્રાણની પણ કુરબાની કરી વિદ્યાનું દાન કરવું”**, એ વિપ્રત્વ દર્શાવ્યું, અને ઇન્દ્રનો એટલે સમ્પત્તિ માનનો સ્વભાવ બતાવ્યો. **સમ્પત્તિ વિદ્યા આશ્રિત અને આધીન બની રહે. જ્યારે સમ્પત્તિ અને સત્તાને આધીન જ્ઞાન રહેશે અથવા સ્તુતિ ગાયક થઇને રહેશે ત્યારે માનવતા રસાતલમાં જશે.** જ્ઞાને અકિંચન, ત્યાગી અને શીલ સમ્પન્ન થવું પડે, જે દધીચિ ઋષિમાંથી જોવા મળ્યું.

## અધ્યાય ૧૦ મો - શ્લોક ૧૩

મહર્ષિના પુણ્ય કાયમાંથી ઇન્દ્રરાજે અસ્થિ મેળવ્યું, વજ્ર બનાવ્યો અને યુદ્ધ કર્યું આ વિષય દશમા અધ્યાયમાં છે.

“સ્વાર્થને યાચતાં પર સંકટનો વિચાર નથી આવતો. જો આવે તો માગે નહિ.” આવું વાક્ય મુનિને ઇન્દ્રે સંભળાવ્યું ત્યારે મુનિએ હસીને દેહનો ત્યાગ કર્યો, પરંતુ **લોભ અને કામ અધીરા છે, એ** ન્યાયે પ્રાણાયામથી પ્રાણોત્સર્ગ મુનિ કરી રહ્યા છે, તે દરમિયાનમાંજ મુનિના સચેત દેહ ઉપર ઇન્દ્રે શસ્ત્ર પ્રયોગ કર્યો ને બ્રહ્મહત્યા કરી. કામ, લોભ સર્વ હત્યા કરી શકે છે. મુનિએ તો બ્રહ્મહત્યા ન લાગે માટેજ પ્રાણાયામથી પ્રાણ વિસર્ગ કરવો આરંભ્યો હતો. ઋષિના અસ્થિમાંથી ઇન્દ્રે વજ્ર બનાવ્યો. ભગવાનનું તેજ આવ્યું, અને વજ્રના બળે ઇન્દ્રે યુદ્ધ આરંભ્યું.

● **બે મૃત્યુ અમૂલ્ય અને અલભ્ય — દેશ માટે દેહ સમર્પણ; અને યોગ માર્ગે દેહ વીસર્જન.**

## અધ્યાય ૧૧ મો-શ્લોક ૨૭

શ્રીમદ્ ભાગવતની સૈદ્ધાન્તિક ભકિતનું બીજ અગિયારમા અધ્યાયની **ચતુઃશ્લોકીમાં** છે. ભાગવતની બે ચતુઃશ્લોકી, કવિ કાલીદાસની શાકુન્તલ ચતુઃશ્લોકી જેવી સર્વ પ્રિય અને માન્ય છે. એક ભગવાને બ્રહ્માજીને આપેલી ભાગવત ચતુઃશ્લોકી ( સ્કંધ ૨ અ. ૯, શ્લોક ૩૨ થી ૩૫ ) અને બીજી વૃત્રાસુર ચતુઃશ્લોકી. એકમાં તત્ત્વજ્ઞાનનો સમાવેશ છે, બીજીમાં ભકિતનું સર્વાંગ નિરૂપણ છે.

**यतो हरिर्विजयः श्रीर्गुणास्ततः** (શ્લોક ૨૦). યુદ્ધના પ્રારંભમાંજ વૃત્રને વિશ્વાસ છે કે **વિજય, શ્રી** અને **ગુણો, જ્યાં હરિ હશે ત્યાંજ હશે.** "માટે ઇન્દ્ર, તમારા પક્ષમાં વિપ્ર તેજસનું વજ્ર અનુકૂળ કાલ, અને ઈશ્વર આ ત્રણ છે, તો વિજય તમારો છે. યુદ્ધ કરો. વજ્ર શા માટે નથી છોડતા ?" યુદ્ધ કરવું, છતાં વૈરી સાથે નિર્વૈર ભાવવાળા અને તેના ગુણ ગ્રાહક થવું એ અસંભવ; તેને વૃત્રે સંભવ બનાવ્યો.

**अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः ।**
**मनः स्मरेतासुपतेर्गुणांस्ते गृणीत वाक् कर्म करोतु कायः ॥२४॥**

શ્રીમદ્ ભાગવતના ઇષ્ટ દેવ " **શ્રી હરિ** " છે; તેથી **हरे** સંબોધન કર્યું. **હરિ**=ભકત ક્લેશ હરનારા, અભિષ્ટ વસ્તુ દેનારા, અથવા સંસારી જીવને સ્વ અભિમુખ બનાવી દેનાર તે શ્રી હરિ. **दासानुदासः**- મને દાસાનુદાસ બનાવે. કદી ન ઉદાસ તેજ ઉત્તમ દાસ. હરિદાસ થવું ગમે, કારણકે ત્યાં તો સુખ ઐશ્વર્યાદિ સર્વસ્વ છે. પરંતુ જેની પાસે કાંઇ નથી, તેની સેવા કરીને સાચા દાસ થવું. "જેની પાસેથી આપને રીઝવવાની રીત શીખી આપની પાસે આવી શકું." **भवितास्मि**- આ અસુર દેહ છે, તેને બદલે અન્ય કોઇ જન્મમાં સેવોપયોગી દેહ લઇ સેવામાં આવીશ. **मनः स्मरेत**- મનને દોષો અને દુઃખો સ્મરવાની ટેવ છે. તે કેવલ ભગવન્નામ સ્મરવાથીજ મટે છે. **गृणीत वाक्** વાણી ગુણો ગાય. ગાનથી ગોવિંદ હૃદયમાં ઊતરે છે. બન્ને સ્થળે ક્રિયાપદ આત્મનેપદ લીધાં. પરંતુ **कर्म करोतु**-કાયા કામ કરો-અહિં પરસ્મૈપદ લીધું. સામાને સાનુકૂલ થઈ સુખ આપવું એજ સેવા. વિશ્વના અને વિષ્ણુના સેવક થવું એ પુષ્ટિ ધર્મ.

**न नाकपृष्ठं न च पारमेष्ठ्यं न सार्वभौमं न रसाधिपत्यम् ।**
**न योगसिद्धीरपुनर्भवं वा समंजस त्वा विरहय्य कांक्षे ॥२५॥**

પૃથ્વીનું સાર્વભૌમ પદ, પાતાલનું રસાધિપત્ય (અમેરિકાનું ઐશ્વર્ય), સ્વર્ગનું ઇન્દ્ર ઐશ્વર્ય (યુરોપનો વૈભવ), બ્રહ્માંડનું સ્વામિત્વ તે પરમેષ્ઠિપદ, કે મોક્ષ અથવા યોગ કે સિદ્ધિઓ-આટલું ત્યજી શકે ત્યારે સેવા કરી શકે.

**अजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः** ઉષા
**प्रियं प्रियेव व्युषितं विषण्णा मनोऽरविन्दाक्ष दिदृक्षते त्वाम् ॥२६॥**

ત્રણ દૃષ્ટાન્તો આપી પ્રેમ, આસકિત અને વ્યસનની ક્રમ શ્રેણી સમજાવી. **अजातपक्षाः** પંખીઓની અનન્યતા અને અસાધનતાનો સંકેત કરે છે. પંખિણી વિના બાલકોનું અન્ય કોઇ પોષક નથી, તેથી તે અનન્યાશ્રયી છે. તેમજ પંખીનાં શિશુ (બચ્ચાં) માની સાથે જઇ શકે તેમ નથી, તેથી નિઃસાધનતા છે. જ્ઞાન અને યોગ કે સેવા-ભકિત નામની જીવ પાસે ઇશપ્રાપ્તિની બે પાંખો નથી, કે જેથી પ્રભુ પાસે જઈ શકે, અથવા પ્રભુને પાસે બોલાવવા માટે સ્તુતિ-પ્રાર્થનાનું આમંત્રણ નથી, છે કેવલ આર્તિ. એ સૂચના પંખીના દૃષ્ટાન્તથી કરી. એ પ્રેમની ભૂમિકા છે.

પરંતુ પંખીની આર્તિ મા પાસેથી કણ પ્રાપ્તિ થતાં શિથિલ થાય છે, અને પાંખ આવતાં માને મૂકીને ચાલ્યાં જાય છે. તેથી આસક્તિ ભક્તિનું દૃષ્ટાન્ત આપ્યું. **स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः-** અનન્યતાનું વાસ્તવિક સ્વરૂપ આ દૃષ્ટાન્તમાં છે. પક્ષીનું પોષણ અન્નના કણસલાથી છે. નાના વાછરડાનું પોષણ તો માના અંગમાંથી મળતા સ્તન્યથી છે. તેથી ત્યાં તો માતાના શરીરનુંજ પ્રયોજન છે. ત્યાં દૂધનો આસ્વાદ નથી, કિંતુ દૂધ રૂપે એ માતાનેજ ચાહે છે. ભક્ત એમ કહે છે, “આપનાથી અલગ વસ્તુના પોષણને અમે નથી વાંછતા, પરંતુ આપનું દર્શનજ પોષણ રૂપે છે, આપજ સ્વયં પોષણ છો.”

બન્ને દૃષ્ટાન્તો કરતાં દમ્પતીના ત્રીજામાં “**વ્યસન**” ભૂમિકાનું કથન છે. સ્તનપાન કરતાં વાછરડાં યોગ્ય વયનાં થતાં માતાના તલસાટને વિસરે છે. જ્યારે પ્રિયતમા પત્ની પતિની ઉત્તરાવસ્થાની પણ વિદાયમાં પતિ સાથે અગ્નિ ગમન-સહગમન કરે છે. તે એની અનન્યતા ને વ્યસન ભૂમિ છે. પત્નીના દૃષ્ટાન્તમાં વિદેશથી નિર્દિષ્ટ સમયે પણ ન આવતા પતિમાં ઉપેક્ષા, અન્યથાભાવ, અભાવ ભાવ શૈથિલ્ય જેમ નથી, તેમ આપ મને શીઘ્ર પ્રાપ્ત ન થાવ તો પણ આપના તરફનો **તલસાટ-આર્તિ**, ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં મળો એવું નિવેદન કર્યું.

**ममोत्तमश्लोकजनेषु सख्यं संसारचक्रे भ्रमतः स्वकर्मभिः ।**
**त्वन्माययाऽऽत्मात्मजदारगेहेष्वासक्तचित्तस्य न नाथ भूयात् ॥२७॥**

ત્રીજા શ્લોકમાં મનની ત્રણ અવસ્થા માટે ત્રણની સાથે મનને સરખાવ્યું. પક્ષીની પ્રથમ ઉપમામાં ભૌતિક તાપ છે; વાછરડાંની બીજી ઉપમામાં આધ્યાત્મિક પીડાનું કથન છે. પરંતુ વિરહિણી પત્નીની તુલનામાં આત્મિક દુઃખનો નિર્દેશ છે. ચતુર્થ શ્લોકમાં ચતુર્થ મોક્ષ પુરુષાર્થનું સ્વરૂપ વર્ણવે છે, જે ભક્તિ શાસ્ત્ર સંમત મોક્ષને લગતું છે. હરિ અને હરિજનનું દાસ્ય એ ‘ધર્મ’ છે. શ્રીહરિ એજ સાચું ધન છે એ ‘અર્થ’ નામનો બીજો પુરુષાર્થ અને હરિ દર્શન લાલસા અને સર્વમાં હરિના સ્વરૂપ દર્શનની દૃષ્ટિ એ ‘કામ’ છે. મહત્પુરુષોની મૈત્રી એ ‘મોક્ષ’ નામનો પુરુષાર્થ છે. ઉત્તમ શ્લોક જન એટલે સજ્જન પુરુષો.

## અધ્યાય ૧૨ મો શ્લોક ૩૫

યુદ્ધ ધર્મ છે. બળ નિર્ણય માટે કે ધન, ભૂમિ, અધિકાર નિર્ણય માટે કેવલ યુદ્ધ નથી હોતું. સત્યનું અને સિદ્ધાંતનુ અવલંબન કરીને રાષ્ટ્ર માટે કે શરણાગત, આર્ત કે અનાથની રક્ષા માટે અનિવાર્ય કર્તવ્ય તરીકે યુદ્ધ કરવાનું હોય છે. વૃત્રાસુરે યુદ્ધને **દ્યૂતની** ઉપમા આપી છે. પ્રાણ હોડ હોય છે. બાણો **પાસા** તરીકે ગણ્યા છે. વાહન બાજીની ચોપાટનાં ખાનાં છે. તત્ત્વજ્ઞાનના પાયા ઉપર ઊભા રહી કોર્ટમાં કે રણમાં બે વિરોધીઓ અધિકાર સિદ્ધિ માટે લઢે તો યુદ્ધમાંથી પણ ‘**માનવતા**’ તરી આવે. વૃત્રાસુરનું કથન એક ત્યાગી અને યોગીની અદાનું માલૂમ પડે છે. હાથમાંથી પડેલા વજ્રને લેતાં સંકોચ પામતા દેવરાજ ઇન્દ્રને લેવાની સલાહ આપી કેવલ ઈશ્વર સંકેત અને ધર્મ નિષ્ઠાને અવલંબી યુદ્ધ માટે પ્રેરે છે. બે માનવ કોર્ટમાં લઢે તો ભલે; કાયદો કાયદા સાથે લઢી લે; પરંતુ ‘**બેની કાયાને, બેના કુટુંબને, બેની કીર્તિને**’ ઓછી અદાવત છે કે તેના પણ પણ વિરોધમાં માનવો ઊતરતા હશે!

### અધ્યાય ૧૩ મો શ્લોક ૨૩

ગુણો આનુવંશિક સમ્પત્તિ છે, જે વારસામાં વગર માગી આવે છે. ક્ષય અગર એવા રાજરોગો વંશમાં ઊતરે છે. તે પ્રકારે દિવ્ય ગુણો અને ઉત્કટ દોષો તેમજ અસાધ્ય રોગો-એ ત્રણે વંશમાં ઊતરે છે. દાંપત્યજીવન કે લગ્નજીવનને યજ્ઞીય આહુતિ સમાન ગણેલ છે. તેનું કારણ ઉપરની ત્રણે વસ્તુઓ લક્ષમાં લેવી. જે રોગી અને આચાર શૂન્ય છે, તેનાથી પિતા-માતા ન થવાય. વૃત્રમાં ત્રણ ગુણો વારસામાં આવ્યા. પ્રચેતસોમાં ભકિત, દક્ષમાં તપ, હર્યશ્વોમાં જ્ઞાન હતાં. તે ત્રણે આધિભૌતિક હતાં. **વિશ્વરૂપમાં** ત્રણે એક સાથે હતાં અને આધ્યાત્મિક હતાં, જ્યારે **વૃત્રમાં** ત્રણે સાથે અને આધિદૈવિક હતાં.

વૃત્રના વધથી દેવોને સુખ થયું, પણ ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગી ઋષિઓએ તેની શુદ્ધિ માટે અશ્વમેધ યજ્ઞ કરાવ્યો. ઈન્દ્રની વિશુદ્ધિ થઈ.

---

### અધ્યાય ૧૪ મો - શ્લોક ૬૪

૧૪, ૧૫, ૧૬, અને ૧૭ આ ચાર અધ્યાયોમાં વૃત્રાસુરના **પૂર્વજન્મનો** વૃત્તાંત છે. **મતાંતર** ભાષામાં આ પ્રકરણનો સમાવેશ છે. ષષ્ઠ સ્કંધ અનુગ્રહ લીલા છે. તેના અનેક પુરાવા છે. ઈન્દ્રે કરેલા અનેક અપરાધોની ભગવાને ક્ષમા કરી, શુદ્ધિ આપી અને કરુણા પણ આપી. એથી આ સ્કંધ પુષ્ટિ લીલાનો કહ્યો.

**વૃત્રાસુરનો વૃત્તાંત**:-વૃત્ર પૂર્વ જન્મનો **ચિત્રકેતુ** રાજા હતો. **કૃતદ્યુતિ** તેની મહિષી હતી. **कृतेन सुकृतेन द्युतिर्यस्याः** : પુણ્ય, વ્રત, **દર્શન** આદિ ક્રિયાઓ 'સુકૃત' શબ્દથી ઓળખાય છે. **સુકૃતિની** કાન્તિ નિત્ય વધે. **જ્યેષ્ઠા-શ્રેષ્ઠા** બે વિશેષણો કૃતદ્યુતિનાં છે. સર્વ **રાણીઓમાં** પ્રથમ તેથી **જ્યેષ્ઠા** અને રૂપ, ગુણ, સ્વભાવથી ઉત્તમ માટે **શ્રેષ્ઠા**, વિશેષણો આપ્યાં. અનેક પ્રકારની સત્ક્રિયાઓમાં રસ લેનાર ચિત્રકેતુ રાજા હતો. કેતુ શબ્દ સૂર્યના કિરણનો પણ વાચક છે. ચિત્રવિચિત્ર રંગ ધરાવનારાં અનેક કિરણોવાળા સૂર્યને ચિત્રકેતુ શબ્દથી ઓળખાય. અસંખ્ય કિરણમાલાઓ એની કરોડ પત્નીઓ છે, પરંતુ તેની જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ જે પ્રભા તે કૃતદ્યુતિ છે, જે આન્તર જગત અને બહિર્જગતને પણ પ્રકાશે છે. **ચિત્રકેતુની** મહારાણી કૃતદ્યુતિને અંગિરા અને નારદે મળી યજ્ઞીય **અવશિષ્ટ ચરુથી** પુત્ર આપ્યો. એ વિવેક હતો. થોડા ક્ષણ માટે વાદળમાં ઘેરાતા સૂર્યની માફક તે મોહથી ઘેરાયો, પરંતુ પુનઃ **ઉપદેશથી** જાગ્રત થયો-એ પુત્રનું મરવું અને સજીવન થવું છે.

રાણી કૃતદ્યુતિનું માતૃહૃદય તેના વિલાપમાંથી મળે છે. ૫૪ મા **શ્લોક** થી ૫૮ શ્લોક સુધીના પાંચ શ્લોકો, પાંચ પ્રાણોની વેદનાને વર્ણવતા પાંચ શોકો એજ પાંચ શ્લોકો બન્યા છે.

**अहो विधातस्त्वमतीव बालिशो यस्त्वात्मसृष्ट्यप्रतिरूपमीहसे**
**परेऽनुजीवत्यपरस्य या मृतिर्विपर्ययश्चेत् त्वमसि ध्रुवः परः ॥५४॥**

વિધાતા ખરેખર અત્યંત બાલિશ-અણ સમજૂ છે, કારણ કે પોતાની સૃષ્ટિના નિયમથી વિપરીત વર્તે છે. **परे** વૃદ્ધના જીવતાં **अपरस्य** બાલકનો મૃત્યુ કરે છે. **विपर्ययः**-બ્રહ્માજી કહે, "ના હું બાલિશ નથી; જો બાલિશ હોત તો આવી સૃષ્ટિ કેમ રચી શકત? (માટે 'વિપર્યય' છે). એટલે હું બાલિશ નથી, પરંતુ એથી ઊલટું પંડિત છું." તેના ઉત્તરમાં કહ્યું, "ભલે, વિધિ બાલિશ નથી, વિચક્ષણ છે, તો પણ **त्वं ध्रुवः परः** વિધિ નિશ્ચિત રીતે નિર્દય હોઈ **पर** શત્રુ તો છેજ. (**ध्रुवः** અને **ध्रुवम्** એવા બે પાઠ છે).

**त्वं तात नार्हसि च मां कृपणामनाथां त्यक्तुं विचक्ष्व पितरं तव शोकतप्तम्**……(५६॥). **उत्तिष्ठ तात त इमे शिशवो वयस्यास्त्वामाह्वयन्ति नृपनन्दन संविहर्तुम्**……(५७॥)
અંગિરા નારદે આવી પુનઃ જ્ઞાન આપી શોક મોહની નિવૃત્તિ કરી.

---

### અધ્યાય ૧૫ મો શ્લોક ૨૮

નારદ-અંગિરાએ ચિત્રકેતુ રાજાના કુમારને સજીવન કર્યો. કુમારે માતા પિતાને બોધ આપ્યો, જે જ્ઞાનીના ઉપદેશ કરતાં વધુ અસરકારક નીવડ્યો. નારદજીની એ વિશેષ કૃપા કે સ્વયં ઉપદેશ આપતે, તો રાજાને ચિત્ત શાંતિ થતે, પરંતુ પુત્રને સજીવન કરી, તેમાં જ્ઞાન સ્વરૂપે પ્રવેશ કરી મોહનું નિવારણ કરાવ્યું. યોગેશ્વરોની આ અનૂપ અનુકમ્પા છે. યોગેશ્વરોની એક સાથે નોંધ આ અધ્યાયના ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ મા શ્લોકોમાં કરી. ૧ કુમાર, ૨ નારદ, ૩ ઋભુ, ૪ અંગિરા, ૫ દેવલ, ૬ અસિત, ૭ અપાન્તરતમ, ૮ વ્યાસ, ૯ માર્કણ્ડેય, ૧૦ ગૌતમ, ૧૧ વસિષ્ઠ, ૧૨ પરશુરામ, ૧૩ કપિલદેવ, ૧૪ શુકદેવ, ૧૫ દુર્વાસા, ૧૬ યાજ્ઞવલ્કય, ૧૭ જાતૂકર્ણ્ય, ૧૮ આરુણિ, ૧૯ લોમશ, ૨૦ ચ્યવન, ૨૧ દત્તાત્રેય, ૨૨ આસુરિ, ૨૩ પતંજલી, ૨૪ વેદશિરા, ૨૫ પંચશિરા, ૨૬ હિરણ્યનાભ, ૨૭ કૌસલ્ય, ૨૮ શ્રુતદેવ, ૨૯ ઋતધ્વજ, ૩૦ બોધ્યમુનિ અને અન્ય સમર્થ સિદ્ધો પણ છે.

આ અધ્યાયમાં દર્શાવ્યા તેવા સિદ્ધોને ભગવાને પોતાની ખોટ પૂરવા માટે “નિરંતર અનાસકત અને અનિકેત” અવસ્થાથી જીવનાર સાધુઓને મૂકયા છે.

નારદજીને દયા આવી અને જગતના હિત માટે રાજાને મંત્ર ઉપનિષદ્ આપી. રાજાએ આર્ત અવસ્થામાં રહી સ્તુતિ કરી અને ગન્ધર્વની યોનિ મળી.

---

### અધ્યાય ૧૬ મો-શ્લોક ૬૫

બાળકમાં જ્ઞાનાવેશ થયો, તેમજ આયુષ્યનો અવશેષ ભોગવવા સજીવ બન્યો. શ્લોક ૪ થી ૧૧ સુધીના આઠ શ્લોકોમાં અષ્ટ પ્રકારની પ્રકૃતિના વિજયની ચાવી છે. બાલકના ઉપદેશની અને ક્ષણભર જીવિત બની, વિવેક દઇ, અનાસકિત દર્શાવી, વિવેક લઇ ચાલ્યા જવાની અસર અન્ય અપરાધિની સ્ત્રીઓ ઉપર થઇ. તેમણે ક્ષમા માગી, પ્રાયશ્ચિત્ત કર્યું.

નારદજીએ મંત્રોપનિષદ્ રાજાને આપી. શ્લોક ૧૮ થી ૨૫ સુધીમાં આઠ શ્લોકોથી તેનો નિર્દેશ છે. ચિત્રકેતુએ સાત રાત્રિઓ વ્રતમાં ગાળી. સાત દિવસ જલનોજ આહાર કરી ઉપાસના કરી. ઉપાસનાના બળથી વિદ્યાધર બન્યો. આર્યા છંદમાં ૧૫ શ્લોકથી ૩૪ થી ૪૮ સુધી ભગવાનની સ્તુતિ કરી. સ્તુતિના ૪૨ મા શ્લોકમાં **कः क्षेमो निजपरयोः कियानर्थः स्वपरद्रुहा धर्मेण**- ધર્મની ચર્ચા કરી છે. જે ધર્માચરણ શરીરને પીડે અથવા અન્યનો દ્રોહ કરે, તે ધર્મથી કલ્યાણ અગર લાભ શો ? ધર્મ તો સર્વ પ્રકારે સર્વનું કલ્યાણ કરે છે.

સ્વાર્થ શબ્દનો વાસ્તવિક અર્થ—

**एतावानेव मनुजैर्योगनैपुणबुद्धिभिः ।**
**स्वार्थः सर्वात्मना ज्ञेयो यत्परात्मैकदर्शनम् ॥**

“અન્ય કોઇપણ વ્યકિતમાં પોતાનોજ આત્મા છે”, એવું અવલોકન તેનેજ સ્વાર્થ કહેવાય. આવો સ્વાર્થ જો મનુષ્ય પાસે હોય તો વિશ્વમાં કોઇની સાથે કોઇને વૈરજ ન હોય.

### અધ્યાય ૧૭ મો શ્લોક ૪૧

ઊર્ધ્વગતિ મેળવ્યા પછી પણ **નિત્ય સત્સંગતિ અથવા ભગવત્સેવા** રતિ ન હોય, તો મનુષ્યના જીવનમાં પતનનો અવશ્ય ભય રહે છે. ચિત્રકેતુને ગન્ધર્વ બન્યા બાદ ગર્વ થયો. શિવ પાર્વતીનું સ્વરૂપ ન સમજી શકયો, ટીકા કરી; તેથી સતીનો શાપ થયો. આસુર યોનિમાં પુનર્જન્મ થયો, તે વૃત્રાસુર બન્યો. વૃત્તિઓમાં સુપ્ત દશામાં રહેલી વાસના પોષણ મળતાં પુનઃ સતેજ થાય છે. તે વખતની જીવની અવસ્થા આસુરી બને છે, અને જીવનની સાત્વિકતા ભોગ વિલાસમાં પલટાય ત્યારે તે માનવ પણ વૃત્રાસુરજ મનાય છે.

શિવ યોગી છે, શિવા યોગ શકિત છે. શકિત શકિતમાન હમેશાં સાથે રહે છે. તેનો ખ્યાલ ચિત્રકેતુને ન આવ્યો, તેથી નિંદા કરી.

શંકર ભગવાને **મહાવ્રત** નો વિશ્વને ક્રિયા સાથે ઉપદેશ આપ્યો છે. યોગશાસ્ત્રમાં કહ્યું છેકે **अहिंसा-सत्यास्तेय-ब्रह्मचर्यापरिग्रहा : यमा:। एते जातिदेशकालसमयानवच्छिन्ना: महाव्रतम्**-વ્રતમાં નિયમ અને અપવાદ બે હોય છે. 'હિંસા ન થાય'-એ નિયમ. પરંતુ 'આતતાયીનો વધ થાય'-એ અપવાદ. વ્રતોમાં નિયમ અપવાદ બન્ને હોય છે. મહાવ્રતમાં અપવાદ ન હોય. નિયમોને સર્વ અવસ્થામાં પાળવા જોઇએ. **વિના અપવાદે નિત્ય સિદ્ધાન્ત પાલન તે મહાવ્રત.** પોતાને માટે પાળે તે વ્રત, બીજાને જેના જીવનવ્રતથી અનુસરણ કરવાની જવાબદારી છે તે મહાવ્રત છે. શિવજી મહાવ્રતી છે, તો સભામાં અમર્યાદિત કેમ ?

ચિત્રકેતુને યોગેશ્વરની શકિત વિજયનો અને તેમના આધિદૈવિક સ્વરૂપનો ખ્યાલ નથી, તેથીજ તેનો સમજવામાં પ્રમાદ થયો છે.

મહા પુરુષો હસીને, મૌન સેવીને બાલિશના દોષોને સહી લે છે; બાલિશને દયા અને વિવેકની નજરે જુએ છે. પાર્વતીએ શાપ આપ્યો. ચિત્રકેતુનું ખૂબ ઊંચે ગયા પછી અધિક પતન ન થાય, માટેજ આરંભમાં તેને શિક્ષા કરવી તેના હિતમાં છે. "**नायमर्हति वैकुंठपादमूलोपसर्पणम् संभावितमति:**"- સંભાવિત મતિ એટલે જગતથી માન મળતાં હું વિશિષ્ટ છું, સમજૂ છું-એવી ઠસકવાળો. સંભાવિતમતિ કોઈનું અપમાન અને ટીકા કરતાં અચકાતો નથી. ઉછેરમાં બાળકને કડવાં ઘસારાંનું પાન કરાવાતા અમૃત જેવું આ ચિત્રકેતુ માટેનું માતૃવાત્સલ્ય છે, નહિ કે વૈરભાવથી શાપનું પ્રદાન છે.

ચિત્રકેતુએ શાપ પરિહાર માટે માફી નથી માગી. પરંતુ પોતાનાં કટુ વાકયોથી થયેલી પીડાની નિવૃત્તિ માટે ક્ષમા માગી. શાપનો આદરપૂર્વક સ્વીકાર એજ શાપનું નિવારણ. શિવજી 'તટસ્થ પુરૂષ છે', સતીને ઉપાલંભ આપ્યો; અને ચિત્રકેતુનું માહાત્મ્ય કહ્યું કે ભકતોને તો સ્વર્ગ, અપવર્ગ અને નરક ત્રણે સમાન છે; ભગવત્સેવામાં તે ત્રણે પ્રતિબંધક છે માટે.

### અધ્યાય ૧૮ મો - શ્લોક ૭૮

**પુંસવન વ્રત.**

'પુમાનનું સવન' પુંસવન વ્રતનો અર્થ છે. આર્યો પુરૂષાર્થમાં પૂર્ણ માનતા. પરિમિત પ્રજા, પુરુષ સંતતિ પ્રજા એ એમનો વિજય હતો. ત્યાં પ્રારબ્ધને કેવલ આગળ ધરતા ન હતા. ચોવીસ સંસ્કારોમાં '**પુંસવન**'ને સંસ્કાર ગણતા. કર્મમાર્ગનો એ ઉદ્યમ હતો કે અભિલાષિત સંતાનો મેળવી શકીએ. પુત્ર સંતતિના માતા પિતા થવાના નિયમોનું અનુસંધાન અને અનુસરણ દામ્પત્ય જીવનનું ઉજ્જ્વલ ગૌરવ છે. 'બ્રહ્મચર્ય' તેના નિયમોમાંનો મુખ્ય નિયમ છે. વળી વ્રત વૃત્તિની રાજસ તામસતાના પરિવર્તનનું

રસાયણ પણ છે. દિતિની હિંસાપ્રધાન વૃત્તિનું પરિવર્તન પુંસવન વૃત્તિથીજ થયું છે. દિતિએ કશ્યપ પાસે વૃત્રાસુરના વધથી કિલષ્ટ થઈને ઈન્દ્ર વધ કરવા સમર્થ પુત્ર માગ્યો.. આ અસુર ભાવનું પણ સંશોધન વ્રતથી થયું.

વ્રતના અંગે નિયમો હોય છે. ઔષધને પથ્ય (ચરી), પ્રેમને તથ્ય, તેમ વ્રતને નિયમો હોય છે. ૪૭ થી ૫૩ સુધીના સાત શ્લોકોમાં વ્રતાંગ નિયમો બતાવે છે. પાંચ શ્લોકોમાં ૩૧ પ્રકારના નિષેધ છે. બીજા બે શ્લોકોમાં ૧૪ પ્રકારનાં કર્તવ્યો બતાવ્યાં છે.

દિતિએ વિધિ નિષેધ બરાબર જાળવ્યા; પરંતુ એક દિવસ ઉચ્છિષ્ટ મુખે શયન કર્યું. તેનો લાભ લઈ ઇન્દ્રે ઉદરમાં પ્રવેશ કર્યો. બાળકના ૭ × ૭ વિભાગો કર્યા. દિતિના તપોબળથી, વ્રતના માહાત્મ્યથી, યોગિકાય વ્યૂહના નિયમથી કે ભગવત્ ઇચ્છાથી ૪૯ ભાગ થયા; પરંતુ પ્રાણ ન ગયો.

સુખી કે સામાન્ય માણસોને અવાર નવાર ઘરમાં બેઠાં હોય ત્યારે આબાલ વૃદ્ધને કંઈક ખાવાની ટેવ પડી હોય છે. ખાધા બાદ 'એંઠુ-ઉચ્છિષ્ટ મુખનો ખ્યાલ નથી રહેતો. જલથી મુખ સ્વચ્છ કરવાનું પણ યાદ નથી આવતું. પરિણામે તેમાં અનેક કીટાણુઓ થઈ પાયોરિયા કરે છે, તેમજ ૪૯ પ્રકારના વાયુનો પ્રકોપ કરી વાત વિકાર પણ કરે છે. શાસ્ત્રો એવું સમજીનેજ જલ સિવાયની કોઈ પણ વસ્તુ મુખમાં મૂકતાં તે મુખને ઉચ્છિષ્ટ માનતાં; તેથી આરોગ્ય રક્ષાતું હતું.

### અધ્યાય ૧૯ મો – શ્લોક ૨૮.

**પુંસવન** બાર માસનું આદર્શ વ્રત છે. સુવાસિની કુમારિકા કે સંતાનાભિલાષિણી કોઈપણ શ્રદ્ધાનુસ્યૂત બનીને વ્રત કરે. કાર્તક અમાવાસ્યાએ દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરી, ગોપૂજા કરી, માગશર શુકલ પ્રતિપદાથી બાર માસ પર્યન્ત વ્રત કરવું. વ્રતના પૂર્વમાં શ્રદ્ધાવૃદ્ધિ અને વિધિ જ્ઞાન માટે **મરૂતોના જન્મની** કથાનું શ્રવણ કરવું. બાદ નિત્ય સવારમાં **શ્રી લક્ષ્મી** નારાયણનું પૂજન કરવું. '**ॐ नमो भगवते महापुरुषाय.**' એ મંત્ર આપ્યો છે. ષોડશ ઉપચાર કે શંજોપચાર વિધિનાં **પૂજન** પણ આજ મંત્રથી કરવાં. બાર વખત અગ્નિનારાયણમાં આહુતિ આપી, દશ વખત મંત્ર જાપ કરવો. કાર્ય સમાપ્ત થતાં સાષ્ટાંગ કરી, પૂજા ભગવાનની આચકી લેવી; અને અને ભાવનામય બની સ્તુતિ, ગાન, નૃત્ય કરવાં. હોમ માટેના ચરૂનો શેષ પત્નીને આપવો, જે સર્વકામનાપૂરક સુપુત્રને આપે. છેલ્લા ચાર શ્લોકોમાં ચતુર્વિધ પુરુષાર્થને સાધનારી ફલશ્રુતિ વર્ણવી અનુગ્રહ લીલાનું નિરૂપણ પૂર્ણ કર્યું,

**तुष्टाः प्रयच्छन्ति समस्तकामान् होमावसाने हुतभुक् श्रीर्हरिश्च ।**
**राजन् महन्मरुतां जन्म पुण्यं दितेर्व्रतं चाभिहितं महत् ते ॥२८॥**

અગ્નિ, લક્ષ્મી અને ભગવાન હરિ, હોમ થયા પછી પ્રસન્ન થઈ યજમાનના સર્વ કામને પૂર્ણ કરે છે. મરુતોનો જન્મ અને દિતિનું પવિત્ર વ્રતનું વર્ણન કર્યું.

* * *

**— ષષ્ઠ સ્કંધ સંપૂર્ણ —**

# સપ્તમ સ્કંધ ૧૫ અધ્યાય

**ઊતિ વાસના લીલા. શ્રીનાથજીનો કટિ ઉપરનો દક્ષિણ હસ્ત**

વય, વપુ, વિદ્યા અને વિત્ત એ ચાર વાસનાઓને વસવાનાં કેન્દ્ર છે. માનવ માત્રમાં સમુદાય રૂપે કે એકલ રીતે ચારેનો નિવાસ હોયજ. વહેતાં સરિતાનાં વારિ જેવાં તે મધુર રસાયણોને મંગલ ક્ષેત્રોમાં વાળી લેતાં તેનાં રસમય ફળ અવશ્ય મળે, ત્રિપથગાના ત્રિમાર્ગ ગામી પ્રવાહ જેવી તે શકિત ચતુષ્ટયી, સદ્ અસદ્ અને મિશ્ર માર્ગે વહેવાની. તે જો ચતુષ્ટયી કેવલ વિશ્વ-હિતના પંથમાં વહે તો સદ્‌વાસનાનું બલ છે. વય એટલે યૌવન-ઉદ્યોગમાં, વપુ–સદાચારમાં, વિદ્યા–પરહિતમાં, વિત્ત–નગ્ન રંક કાયા ક્ષુધા નિવારણમાં વપરાતાં **સદ્‌વાસના**; પરંતુ યૌવન–વિલાસમાં, અનેક સંતતિનાં જનેતા જનક થવામાં, વપુ–પ્રમાદ અને પાપમાં, વિદ્યા–વિપરીત તર્ક પ્રપંચમાં, વિત્ત–વ્યસન વૈભવમાં વપરાય તો **અસદ્ વાસના** છે. સ્વ અને સર્વ હિતમાં વપરાય તો **મિશ્રવૃત્તિ** છે.

યોગ્યતા–અધિકાર સમ્પન્ને જ્ઞાન મેળવી પ્રયત્ન પ્રારબ્ધના ઉભય સહારે જ્ઞાનનું ફળ સંપાદન કરી સુયોગ્ય સ્થાનમાં પદનશીન બની સુવ્યવસ્થિત કાર્યશકિતથી પ્રતિષ્ઠા સંપાદન કરી ત્યારે તેની યોગ્યતાની તેના સ્વામીએ કદર કરી. ભગવાને પણ તેની ઉન્નતિ કરી. તે કૃપા પાત્ર થયો. પરંતુ કોઈ વિચિત્ર વંટોળ વચમાં આવ્યો તો કૃપાપાત્ર કુપાત્ર બન્યો. (કુસંગ વિચિત્ર વંટોળ હતો). તેણે વિશિષ્ટ શકિતઓનો દુર્વ્યય કરવા માંડયો, તેથી સમજુ વર્ગે ને સમાજે તેને અસુર હિરણ્યકશિપુ કહ્યો. તેના જીવનની કઢંગી રીતને ભાગવતે અસદ્ વાસના કહી. સપ્તમ સ્કંધે તેવી ત્રણ પ્રકારની વાસનાઓનાં ત્રણ પ્રકરણમાં હિરણ્યકશિપુ, પ્રહ્‌લાદ અને યુધિષ્ઠિરજીનાં જીવન અને આચરણો વર્ણવીને સ્વરૂપ બતાવ્યાં, જેના ત્રણ વિભાગો પાંચ પાંચ અધ્યાયના છે. વાસનાને **ઊતિ** શબ્દથી ઓળખાવાય છે. **ऊतयः कर्मवासनाः**



અનેક જન્મના સંસ્કારો બુદ્ધિમાં સૂક્ષ્મ બીજ રૂપે મોજૂદ હોય છે. પત્થરમાં રહેલો ગંધ માલૂમ નથી પડતો. તે જ્યારે પીસાય. ચૂનો બને–પલળે, ત્યારે ગંધ અને દાહકતા સ્પષ્ટ અનુભવાય છે. સુપ્ત વાસનાઓ પણ, તેમનાં પોષક અને ઉત્તેજક વાતાવરણોમાં જાગૃત અને ક્રિયામય બને છે. જે જ્ઞાન અને કલા ગૂમાનથી બચ્યાં, જેટલાં રૂપ, કદ્રૂપાં સામે હસ્યા વિનાં રહ્યાં ને શીલ સંભાળી શકયાં, અને જેટલાં ધન ઐશ્વર્યો કોઇના ખપમાં વપરાઇ ગયાં અને એના ફલમાં માનવતાની દીવાદાંડી દુનિયા દરિયામાં મૂકી ગયાં તેટલાં દિવ્ય થયાં. વાસના તેમને તેવાં થતાં અટકાવે છે. બચવાનો ઉપાય એકજ કે તેને બાલ્યકાલથીજ સંસ્કારો આપી સંભાળી લેવાય. ગૃહશિક્ષણ સૌથી શ્રેષ્ઠ ગુરૂકુલ છે. વડીલોનાં દૈનિક કાર્યનાં વાતાવરણ કેવલ તેમના ઉપદેશ માટે પૂરતાં છે. વડીલનો દિનભરનો કાર્યક્રમ સ્પષ્ટ રીતે સાત્વિકતાનો દાતાર હોવો જોઇએ. કોઇ પણ વ્યકિતનો પ્રાતઃકાલ પથી ૭ સુધીનો આદર્શ કાર્યવાળો હોય તોજ પ્રેરક બને. પરંતુ વિશિષ્ટ કક્ષાના, વિવિધ ક્ષેત્રના પણ જવાબદાર પુરુષોનો પણ કાર્યવ્યૂહ કેવલ પ્રમાદનોજ પ્રેરક હોય છે. એ માટે ઘરમાંથી આળસ, વ્યસન, મિથ્યા વાર્તાલાપ પ્રથમ જવાં જોઇએ.

ધન, બળ, જ્ઞાનનો સ્વભાવ સપ્તમ સ્કંધમાં બતાવ્યો છે. એનો સંસ્કાર કેમ થાય અને સદુપયોગ કેમ થાય તે પણ સ્પષ્ટ વિચાર્યું છે. અસદ્ વાસનાના પ્રથમ પ્રકરણમાં પાંચ અધ્યાયથી

હિરણ્યકશિપુનું ચરિત્ર વ્યવસ્થિત રીતે રજૂ કર્યું છે. છઠ્ઠો સ્કંધ અનુગ્રહનો હતો. જો અનિગ્રહી અને સંગ્રહી ઉપર અનુગ્રહ થાય તો તેને અને દુનિયાને તે દુઃખકરજ નીવડે. તપ, જ્ઞાન, બળ આદિ હિરણ્યકશિપુ પાસે અજોડ હતાં અને બ્રહ્માએ વરદાન આપ્યો. વિશ્વને ત્રાસરૂપ હિરણ્યકશિપુ નીવડયો. સુવર્ણનો કે સમ્પત્તિનો અખૂટ ભંડાર જેના હાથમાં છે. તે હિરણ્યકશિપુ છે. તેનો પ્રસંગ શરૂ થાય છે.

### પ્રથમ પ્રકરણ—અસદ્‌વાસના—અધ્યાય ૧ થી ૫.

અશુભા અને શુભા એવા બે ભેદ પણ વાસનાના વર્ણવ્યા છે. મોટાઓના અને મહત્પુરુષોના કોપથી અશુભ વાસના, મહત્પુરુષોના અનુગ્રહથી શુભ વાસના મળે છે. સનત્કુમારોના કોપથી જય વિજય અશુભ વાસના લઈ ભૂતલ ઉપર આવ્યા. પ્રહ્લાદજી નારદજીના અનુગ્રહથી શુભ વાસના લઈને આવ્યા. ૧૦ અધ્યાયમાં બે વસ્તુઓ બનાવી. પછીના પાંચ અધ્યાયમાં ધર્મને મધ્યસ્થ નિયામક બનાવ્યો.

સપ્તમ સ્કંધથી ભગવદ્ અવતારોનો પ્રસંગ આવશે. એ વસ્તુ વિચક્ષણ વ્યાસ મહર્ષિજીની વિશિષ્ટ સંકલન કલા છે. કાવ્યનો એમાં વિજય છે. તત્વજ્ઞાન કેમ મેળવાય, તેનો આરંભ કયાંથી થાય, તેમાં ભકિતનો પ્રવેશ કયારે કરવો અને કેવી રીતે કરવો, અને જીવને ક્રમબદ્ધ વિકાસ કેમ સાધવો તેની ક્રિયા–સોપાન રચના અદ્‌ભુત રીતે કરી છે.

એક મનુષ્યને શરીર, જ્ઞાન, કર્મ શકિત, કાર્યશૈલી, કાર્યક્ષેત્ર, અને કૃપા આવાં છ અંગો મેળવી આપ્યાં. તે દ્વારા તેનો વિકાસ પણ સધાવ્યો. છઠ્ઠા સ્કંધ સુધીમાં આ છ અંગોનો સમાવેશ કર્યો. હવે માનવ દેવવંદ્ય માનવ બને, એનામાં પ્રભુ કૃપાનું અવતરણ થાય તે માટેની ભૂમિકાની રચના સપ્તમ સ્કંધથી આરંભી.

લોભ સર્વ અનર્થનો જનક છે. અર્થમાંથી અનેક અનર્થો સરજાય છે. ત્યાં કયા પ્રકારે સાવધાની રાખવી તેના ઉપાય તરીકે **શ્રી** નૃસિંહ ભગવાનનું પ્રાકટ્ય સપ્તમ સ્કંધથી વર્ણવ્યું. લોભના બે અંશના બે આકાર લીધા–(૧) હિરણ્યાક્ષ અને (૨) હિરણ્યકશિપુ. વૈદિક કર્મોથી હિરણ્યાક્ષ જીતાયો અથવા દૂર કરાયો. ત્યાગ **પ્રયોગથી હિરણ્યકશિપુ જીતાશે.** ભકિત વિના ત્યાગ નહિ આવે. **વિશ્વમાત્રમાં પ્રીતિ એજ ભક્તિ.** વિશ્વમાટે જીવવું અને વપરાવું એ છે ત્યાગ. **મનુષ્યના ત્રણ અવરોધક લોભ, કામ અને ક્રોધ.** સપ્તમ સ્કંધથી અનુક્રમના ચાર સ્કંધોમાં એ ત્રણેનો વિજય આવે છે. લોભ વધુ અજેય છે, માટે તેને લગતા બે સ્કંધો છે. નૃસિંહ અને વામન ભગવાનની કૃપાથી તે જીતી શકાય છે. નવમ સ્કંધમાં **શ્રી** રામચરિતથી કામ જીતાય છે. **શ્રી**કૃષ્ણના ચરિતામૃતથી ક્રોધ પ્રેમના રૂપમાં પલટાય છે.

'કૃપા કરનાર પક્ષપાતી છે', એવું ક્ષણભર લાગે; તેના સમાધાન માટે સપ્તમ સ્કંધ છે. વાસના પ્રકાર ભેદથી મનુષ્યને હાનિલાભ થયાં કરે છે. એવું સમાધાન તેમાંથી મળે છે. સપ્તમ સ્કંધના પ્રથમ શ્લોકમાં એવોજ ઉપક્રમ કરીને સમાધાન કર્યું છે.

### અધ્યાય ૧ લો શ્લોક ૪૭

**समः प्रियः सुहृद् ब्रह्मन् भूतानां भगवान् स्वयम् ।**
**इन्द्रस्यार्थे कथं दैत्यानवधीद् विषमो यथा ॥१॥**

અધિકાર જો ત્રણ ધર્મો–સમત્વ, પ્રિયકારિતા અને સૌહાર્દ્ર–સાચવે તો સમાજમાં તિરસ્કાર પાત્ર ન બને, પરંતુ આદર પાત્ર બને. ભગવાન સર્વોપરી અધિકારી ઉપરના ધર્મોના અવલંબનને લીધેજ છે. જ્યારે ન્યાય અને અર્થ વિભાગ એ બે કસોટીના પ્રસંગો આવે છે ત્યારે સમત્વ ચાલ્યું જાય છે. દોષ, અપરાધ

નજરે પડે ત્યારે **પ્રિયકારિત્વ** જતું રહે. **સ્વાર્થ** જાગે ત્યારે ઉપકારવૃત્તિરૂપ **સૌહાર્દ** પણ ક્ષીણ થાય છે. એ ત્રણથી જે પર હોય તેને પરમાત્મા કહેવાય. જો આ પરમાત્માનું સ્વરૂપ છે, તો દૈત્યવધ આદિ કાર્યોથી વિષમ, અપ્રિય અને શત્રુતુલ્ય વ્યવહાર કરતા ભગવાન કેમ જોવામાં આવ્યા ? ત્રણ શ્લોકમાં પૂછેલા પ્રશ્નનો પ્રત્યુત્તર ચતુર્થ શ્લોકથી આરંભ્યો. પ્રારંભ કરતા પહેલાં આ વાસના લીલાનું નિરૂપણ હોવાથી શુકદેવજીએ મધ્ય મંગલ કર્યું, **नत्वा कृष्णाय मुनये कथयिष्ये हरेः कथाम् । कृष्णाय नत्वा**–શ્રીકૃષ્ણને નમઃસ્કાર કરીને, **कृष्णाय मुनये नत्वा**–વ્યાસ મહર્ષિને નમઃસ્કાર કરીને, **मुनये नत्वा**– મુનિ નારદજીને નમઃસ્કાર કરીને શુભ કથાઓનો પ્રારંભ કરીશ.

વકતા શ્રોતાનો આદર કરે છે. **महे आराजसे इति महाराज**–ભગવદ્ ગુણ શ્રવણ નામના '**महे**' મહોત્સવમાં શોભનાર મહારાજ. '**निर्गुणोऽपि ह्यजोऽव्यक्तो भगवान्**'–માયાના ગુણોથી પ્રભુમાં વૈષમ્ય ભાસે છે. ન્યાયાધીશ એકને નિર્દય અને અન્યને સહૃદય લાગે છે, છતાં તે ઉભય ધર્મથી પર અને કૃપાળુ છે. પરીક્ષિતના પ્રશ્નનું જય-વિજયના પ્રસંગને આરંભી સમાધાન કરે છે.

ધર્મરાજના રાજસૂયમાં શિશુપાલનું તેજ શ્રીકૃષ્ણમાં મળતાં આશ્ચર્ય પામીને યુધિષ્ઠિરે નારદજીને પૂછયું '**श्वित्रो न जातो जिह्वायाम्**–'નિન્દકની જીહવા ઉપર કોઢ થવો જોઈએ, તેને બદલે તેને કોડ પૂરા ભગવાને પૂર્યા ? આવું કેમ બને ? જો નિંદાથી મુકિત મળતી હોય તો સ્તુતિનો પ્રયત્ન શા માટે કોઇ કરે અને સ્તુતિ-નિંદાની વ્યવસ્થા કેમ ટકશે ?

નારદજીએ સમાધાન આપ્યું. 'પારસમણિ'ને પ્રેમથી, પ્રમાદથી, કે દુર્ભાવથી સ્પર્શતા પણ લોખંડને તો સુવર્ણ થવાનું છે. સંતો અને ભગવાન વિરોધીઓનું પણ કલ્યાણ કરે છે, કારણ એ એમનો સ્વભાવ છે. **निन्दन-स्तव-सत्कार-न्यक्कारार्थं कलेवरम्**–નિન્દન–દોષ કથન, સ્તવ–ગુણ વર્ણન, સત્કાર–આદર પૂજા, ન્યક્કાર–તિરસ્કાર, આ ચાર જીવને અસર કરે છે. શરીરને સ્પર્શતા આ ચાર ધર્મો છે. આત્મા અને દેહ પૃથક્ છે, એવું સમજે તેજ સુજન ચાર ધર્મોથી પર રહી શકે. ભગવાન પ્રકૃતિ-પુરુષ વિવેકવાળા છે તેથી આ અસરથી પર રહી શકે છે.

૨૯ મા શ્લોકે ઈશ્વરના તાદાત્મ્યમાં પાંચ સાધન વર્ણવ્યાં છે– કામ, દ્વેષ, ભય, સ્નેહ અને ભકિત. ૩૦ મા શ્લોકમાં દૃષ્ટાન્તો છ આપ્યાં છે.

**गोप्यः कामाद् भयात् कंसो द्वेषाच्चैद्यादयो नृपाः ।**
**सम्बन्धाद् वृष्णयः स्नेहाद् यूयं भक्त्या वयं विभो ॥३०॥**

ગોપીજનો કામથી, કંસ રાજા ભયથી, શિશુપાલ દ્વેષથી, યાદવો સંબંધથી, પાંડવો સ્નેહથી, ભકતો સેવાથી, ભગવાનને મેળવે છે. એજ ભગવાનનો વિશ્વપ્રેમ અને નિર્વૈર ભાવ છે. **सम्बन्धात् वृष्णयः**–યાદવોની ગણના છઠ્ઠી છે. સંબંધનો સ્નેહમાં સમાવેશ થાય છે, એટલે પાંચ સાધનોની સાથે વિરોધ નથી. યાદવ, પાંડવ સંબંધીઓમાં ગણાય, છતાં સંબંધનું સુખ સ્નેહને લીધે છે. **तन्मयता वैरानुबन्धेन** એવો વ્યાસજીનો સંકેત મનોવૈજ્ઞાનિક ઢંગનો છે. ઈશ્વરને પ્રેમથી કે વૈરથી ભજવો ! તન્મયતા દ્વેષ અને વૈરનો વધુ સંબંધ ધરાવે છે. જે ઇચ્છાનો પ્રતિબંધક બને છે, તે વધુ સ્મૃતિમાં આવે છે. જો જીવ કે અન્યને દ્વેષનું સ્થાન બનાવીએ તો સર્વ સુખશાંતિની હાનિ છે. જો ઈશ્વર વૈર દ્વેષનું પાત્ર થશે તો તલમાત્ર ભય નથી. તાદાત્મ્યના પરિણામે કલ્યાણ છે. સ્નેહે વિલંબે મળે, વૈરે વિના વિલંબે; પણ સ્નેહ પચાવાય, વૈર તો કોઈજ પચાવી શકે. વૈરમાં સર્વ હાનિ પછી સર્વ લાભ છે. ૪૬ મા શ્લોકમાં તેથીજ **वैरानुबन्धतीव्रेण** વાકયમાં 'તીવ્ર વૈર' ને સાધન માન્યું છે.

## અધ્યાય ૨ જો- શ્લોક ૬૧

ક્ષણિક વૈરાગ્ય અનાસકિત ન આપે, સ્વજન વિયોગ, ધન-માન હાનિના પ્રસંગો વિષાદ ભર્યા વૈરાગ્યને આપે છે, જે પરિપકવ નથી હોતા. હિરણ્યાક્ષ નાનો છે. હિરણ્યકશિપુ મોટો છે. સંગ્રહ હિરણ્યાક્ષ છે. તે નષ્ટ થતાં કે લૂંટાતાં ક્ષણભર વિરાગ આવે છે. લોભના બે અંશમાંનો તે પ્રથમ છે. **દિતિને એટલે આસકત મતિને ત્યાં ઉપદેશની અસર નથી. જેના જીવનમાં કસર, તેના ઉપદેશની ન થાય અસર.** લોભના વિજય વિના પ્રહલાદ ન મળી શકે. અર્થ અને વૈભવની સામગ્રી અઢળક છતાં ચિત્તને આનંદ નથી થતો. આનંદ તો ત્યાગ, યાગ, યોગ અને વિનિયોગથીજ આવે છે.

હિરણ્યકશિપુએ આનંદનાં સ્થાનો કે કારણો સાથેજ દ્વેષ કર્યો. **सूदयध्वं तपोयज्ञ-स्वाध्याय-व्रत-दानिनः** (શ્લોક ૧૦)-તપ, યજ્ઞ, સ્વાધ્યાય, વ્રત, દાનનોનાશ કરવાનું ફરમાન કર્યું. આત્મવિનાશનો એમાંથીજ સંકેત ઊભો થયો. શ્લોક ૨૦ થી ૬૦ સુધી હિરણ્યકશિપુએ સિદ્ધાન્ત-દૃષ્ટાન્તના સંગ્રહથી જ્ઞાન ગાથા વર્ણવી.

હિરણ્યાક્ષની પત્નીનું નામ રૂષાભાનુ હતું. એને અગિયાર પુત્રો હતા. **भूतानामिह संवासः प्रपायामिव सुव्रते.** માનવનો સંબંધ 'પરબે' મળેલા મેલાપ સમાન છે કે પંખીના મેળા જેવો છે.

વકતાની વાત અને કેળનાં પાનની રીત એક સરખી હોય છે. એક પાનમાં બીજું, બીજામાં ત્રીજું, એ પ્રમાણે એક પ્રસંગમાં બીજો અવાન્તર પ્રસંગ, તેમાં વળી અન્ય પ્રસંગ આવે, છતાં સંકલના સચવાય એ બુદ્ધિ અને પ્રતિભાની વિજયિની શકિત છે. હિરણ્યકશિપુએ તત્વજ્ઞાનનો પ્રસંગ શરૂ કર્યો. તેમાં સુયજ્ઞની ઉપકથા મુકી, પુનઃ ઉપકથામાં પણ દૃષ્ટાન્ત કથાનો સમાવેશ કર્યો.

**पथि च्युतं तिष्ठति दिष्टरक्षितं गृहे स्थितं तद्विहतं विनश्यति।**
**जीवत्यनाथोऽपि तदीक्षितो वने गृहेऽपि गुप्तोऽस्यहतो न जीवति।४०।**

મનુષ્યના પ્રયત્નને મળતી નિષ્ફળતાને દિલાસાનું આ વાકય છે. પ્રયત્ન અને પ્રજ્ઞાનો પૂર્ણ સમન્વય સાધી પુરૂષકાર કરવો. પરિણામથી પર રહેવું અથવા પરમાત્માના સંકેત ઉપર નિર્ભર રહેવું એ છે જીવન સ્પર્શી નિત્યનું તત્વજ્ઞાન.

## અધ્યાય ૩ જો શ્લોક ૩૮

'ક્રિયાને ફળ હોય', એ ન્યાયે તપશ્ચરણને ફળ અવશ્ય હોય છે. વ્યકિત માત્રને ફળની વાંછા પણ હોય છે. જો તપઃને ઈશ્વર તરફ કે ઇન્દ્રિય વિનિગ્રહ તરફ વળાંક અપાય તોજ તપની વાસ્તવિકતા સધાશે. હિરણ્યકશિપુથી તેમ ન બન્યું. તેના તપનાં ભોગ, સામ્રાજ્ય, ઐશ્વર્ય કેન્દ્રો હતાં. અસાધારણ શકિતના વળતરમાં સાધારણ ફળ તરફ તે ઢળ્યો. તેણે શરીરને અમર કરવામાં સર્વ શકિત અને જ્ઞાનનો વ્યય કર્યો. મંદરાચલ પર્વતમાં એક પ્રયોગશાળા સ્થાપી. રસાયણના, કાયા કલ્પના, વનસ્પતિ રસના પ્રયોગો પોતાના અને બીજાના ઉપર અજમાવ્યા. એમાં અંશતઃ સફળતા મળી. પરિણામે ગર્વ થયો અને વિનાશ થયો.

ભૌતિકવાદ અને જડવિજ્ઞાનવાદ વિષમ પરિણામ અનુભવ્યા બાદ પાછો વળવા વિચારે છે. **'સંહાર'** શકિત તરફ જડવાદીનું લક્ષ્ય હોય છે. જો દૃષ્ટિબિંદુ બદલાય અને **સર્જન કે સંકલન** તરફ એમનું લક્ષ જાય તો વિશ્વને માટે તેઓ આશીર્વાદ રૂપ બની જાય. શસ્ત્ર અને દારૂગોળો બનાવવામાં ખર્ચાતી શકિત, બુદ્ધિ, સામગ્રી, જ્ઞાન અને ધન જો લોકોપયોગી વસ્તુ રચનામાં વિશ્વની મહાન સત્તાઓનાં વપરાય તો વિશ્વથી વૈકુંઠ બીજું ન હોય.

નૃસિંહ ભગવાનને વિશ્વને એવી સમ્પત્તિ આપવી છે. તારકાસુર, રાવણ, હિરણ્યકશિપુની વિપુલ વિજ્ઞાન શક્તિને જિવનનો માર્ગ બદલવો પડ્યો. ભયનું વાતાવરણ કદી એક બીજી સત્તાઓને વ્યવસ્થા, શાંતિ અને સુખમાં ન બેસવા દે. શાંતિ તો વિશ્વ સમૂહમાંથી હિંસા, દ્વેષ જાય અને પરસ્પરમાં વિશ્વાસ અને પ્રેમ આવે ત્યારેજ સંભવિત થવાની.

ભૌતિક સુખની વૃદ્ધિ અને વિશ્વ સિદ્ધાન્તના વિરોધમાં હિરણ્યકશિપુએ સૃષ્ટિનું નિયંત્રણ કરવા વિચાર્યું. **अन्यथेदं विधास्येऽहम्** –એ એનો સંકલ્પ હતો. જે પ્રકૃતિના ધર્મોથી વિપરીત હતો, જેથી તેની સફળતાને અવકાશ ન હતો. હિરણ્યકશિપુએ પ્રતિજ્ઞા કરી કે "હું જગતને આજે જે નિયમનથી તે ચાલે છે, તેનાથી વિપરીત બંધારણથી જીવવા ફરજ પાડીશ, અથવા વિપરીત બંધારણ ઘડીશ. એમ કરતાં મારી સમસ્ત શકિતનો ભોગ આપીશ. પુણ્ય પાપના નૈસર્ગિક શાસનને પણ ફેરવીશ. યજ્ઞનું ફળ દેવોને શા માટે? હું અસુરોને અપાવીશ; અને દેવોને અમૃતને બદલે 'અપેય અને અખાદ્ય' એવાં પીણાં અને ખાણાં આપીશ." આખું સૃષ્ટિનું રાર્વહિત સાધક સર્વમાન્ય જે બંધારણ હતું, તેનો આમૂલચૂડ ફેરફાર નક્કી કરી નાખ્યો. એ માટે તપ આદર્યું. બ્રહ્માજીએ તેના વિપરીત સંકલ્પો જાણ્યા, અને **तुष्यतु दुर्जनः** "દુર્જન રાજી થાવ," એવી એક નીતિને માન આપીને હિરણ્યકશિપુને વરદાન આપી આગળ વધતાને રોકી રાખ્યો અને તેનાજ હિત માર્ગે તેને વાળ્યો. બ્રહ્માજીની સમદૃષ્ટિનું તે લક્ષણ છે.

શ્લોક ૨૬ થી ૩૪, નવ શ્લોકોમાં હિરણ્યકશિપુએ બ્રહ્માજીની સ્તુતિ કરી નિસ્પૃહતાથી વરદાન માગ્યાં. એક વર દેહની અમરતા, બીજો તેનો સમકક્ષ કોઇ પુરુષ ન જોઇએ, અને ત્રીજા વરદાનમાં વશ્વભૌમનું આધિપત્ય–એવાં ત્રણ વરદાનો માગ્યાં.

### અધ્યાય ૪ થો – શ્લોક ૪૬

**बलं परेषां परिपीडनाय** – બળ બીજાઓને સતાવવા એ 'ખલ' જીવન શૈલિએ હિરણ્યકશિપુ પહોંચ્યો. યૌવન, સત્તા, બળ, ઐશ્વર્ય અને જ્ઞાનના સહયોગથી સુજનનો માર્ગ સર્વ મંગલકર નીવડે, જ્યારે યૌવનાદિ પ્રપંચ પંચે પંચશીલને છેહ દીધો. વિશ્વ વિજય કરી વિલાસમાં જિવનની શક્તિઓનો હોમ કરી રાખ બનાવ્યો. તે મહાશક્તિઓનો સંયમમાં હોમ કર્યો હોત તો તેની ભસ્મ મહા વિભૂત બનત, અને ભૂતપતિને શિરે ચઢત. વિજ્ઞાનબળથી અન્ન, વાહન, વૈભવ, વિમાન વગેરે ભોગ ભંડારો વિશ્વને આપ્યા; પરંતુ ત્યાગ, સંતોષ, સંયમ, સમર્પણ અને સેવા વિનાના તે સર્વ વિષરૂપ બન્યા અને વિનાશમાં પરિણમ્યા.

વિશ્વ ઉદયનાં સાધનોમાં વિદ્વેષ કરનારી કોઈપણ સત્તા અને શકિતનો ક્ષય થાય છે. ભગવાને દુઃખી દેવોને કહ્યું, "દેવ, વેદ, ગાય, વિપ્ર, સાધુ, ધર્મ અને ઇશ્વરમાં જે દ્વેષ કરે છે, તેનો સ્વયં વિનાશ થાય. જો તે સાત સેવાય તો વિકાસ થાય છે. પરંતુ મારા નિર્વૈર ભકત પ્રહલાદ ઉપર અત્યાચાર આદરશે, ત્યારે તેનો નાશ કરીશ".

**निर्वैराय प्रशान्ताय स्वसुताय महात्मने ।**
**प्रह्लादाय यदा द्रुह्येद्धनिष्येऽपि वरोर्जितम् ॥२८॥**

**हनिष्ये** આત્મને પદ છે. પ્રહલાદને તો કોઇજ વૈરિ ન હોય, માટે ભગવાને પોતાના સુખ માટે દૈત્યનો વધ કર્યો છે. નિવર અને પ્રશાન્તનો કોઈ નાશ ન કરી શકે. **हनिष्यामि** પરસ્મૈપદ પ્રયોગ કર્યો હોત તો પ્રહલાદજીના દુઃખ નિવારણ માટે વધ કર્યો મનાત. આત્મનેપદ ક્રિયાપદમાં ક્રિયાનું ફળ કર્તાને મળે છે. ભકતના હૃદય મંદિરમાં વસેલા ભગવાનનાજ આનંદ માટે કે **'ભકત કલેશ અસહિષ્ણુ'**, ભકત વત્સલ. પિતૃ હૃદયની શાંતિ માટે હિરણ્યકશિપુનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી.

प्रह्लादोऽभून्महांस्तेषां गुणैर्महदुपासकः[1] ।
ब्रह्मण्यः[2], शीलसम्पन्नः[3], सत्यसन्धो[4], जितेन्द्रियः[5] ।
आत्मवत्[6] सर्वभूतानामेकः, प्रियसुहृत्तमः[7] ॥३१॥
दासवत्संनतार्याङ्घ्रिः[8], पितृवत् दीनवत्सलः[9] ।
भ्रातृवत् सदृशे[10] स्निग्धो, गुरुष्वीश्वरभावनः[11] ।
विद्यार्थरूप जन्माढ्यो[12], मानस्तम्भविवर्जितः[13] ॥३२॥
नोद्विग्नचित्तो[14] व्यसनेषु, निःस्पृहः श्रुतेषु[15] दृष्टेषु गुणेष्ववस्तुदृक[16] ।
दान्तेन्द्रियप्राणशरीरधीः[17] सदा प्रशान्तकामो[18] रहितासुरोऽसुरः[19] ॥३३॥

આ શ્લોકોથી મહાન પુરુષોના નિત્ય ગુણોનો નિર્દેશ કર્યો છે. ઓગણીસ ગુણો ગણાવ્યા છે. પ્રથમ સ્કંધે ૧૯ અધ્યાયથી ૧૯ પ્રકારે અધિકારી ભક્ત, શ્રોતા અને વકતા થઇ શકે તેમ કહ્યું. ષષ્ઠ સ્કંધે ૧૯ અધ્યાયથી પ્રભુનો અનુગ્રહ દર્શાવ્યો. પ્રહલાદજીમાં ૧૯ ધર્મો આગંતુક નથી, પરંતુ જન્મથીજ છે. કવિત્વ, શીલ, કલા, ભકિત, ઔદાર્ય જન્મથીજ આવે છે. સર્વ સદ્‌ગુણનું મૂલ **મહદ્ ઉપાસના** છે. **निःस्पृहः** એટલે દૃષ્ટિ સામે આવેલા પદાર્થોથી ન લોભાવું. **प्रशान्तकामः** એટલે પદાર્થોની મનમાં કામનાજ ન થવી. કુલીન કુલમાં જન્મે અને કુલશીલ આપે એમાં નવાઈ નથી, પરંતુ વિપરીત શીલ અને દુઃશીલ કુલે જન્મે અને સુશીલ રહે એ વિશેષતા છે. છેલ્લો ઓગણીસમો ગુણ અસાધારણ છે. અસુર દેહ છતાં કોઇ આસુર ભાવ નથી.

શ્લોક ૩૭ થી ૪૨ સુધીમાં પ્રહલાદજીની તન્મયા અવસ્થાનો પરિચય ૧૯ વિશેષણોથી આપ્યો છે. આત્મરતિ થતાં કેવી પરિસ્થિતિમાં માનવ રહેતો હશે, તેનો ખ્યાલ તેમાંથી મળશે.

### અધ્યાય ૫ મો શ્લોક ૫૭

ગુરુ કુલમાં વસતા એક ગુણ સંભાવિત વિદ્યાર્થીની વિદ્યાર્થી વર્ગ ઉપર અનુપમ અસર પડે છે. ગુરુ કુલનું વાતાવરણ આદર્શ બને છે. પ્રહલાદજીની જીવન સુગંધે ગુરુકુલના પ્રત્યેક છાત્રોને પ્રભાવિત કર્યા, અને આસુરી વિચારોને નિર્મૂલ બનાવી અણમોલ સંસ્કારોથી મિત્રોને મઢયા. વિશ્વને સંસ્કૃતિ આપવા માટે ગુરુકુલ હોય છે. નીતિની તાલીમ આલમને યૌવનના ઉંબરે નહિ અપાય. **शंडश्च मर्कश्च शंडामर्कौ** દીર્ઘ તો છાંદસ છે. શુક્રાચાર્ય વિદ્યાપીઠના કુલપતિ હતા. શંડ અને મર્ક–શુક્રના પુત્રો–વિદ્યાપીઠના સંચાલક અને પ્રાધ્યાપકો હતા. કુમળા છાત્રોના મન ઉપર આચાર્યોના શીલ, શિસ્ત, આચારની સીધી અસર થાય છે. વિદ્યાલય ક્ષેત્રમાં તેજ આચાર્યને લઇ શકાય કે જે 'ચા' જેવા પણ વ્યસનથી પર હોય. દીક્ષા અને શિક્ષા આપનાર આચાર્યે જીવનથી સંસ્કારો દેવાના હોય છે, જીહ્‌વાથી નહિ.

વિદ્યાલયમાંથી આવતા વિદ્યાર્થી તાલીમ–શિક્ષણ સંબંધી સાહિત્યનું અને પદ્ધતિનું નિત્ય કાર્ય તરીકે અવલોકન ન કરતાં માતા–પિતાઓને પિતૃત્વ પદ નથી દીપતું. રોજમેળના પાન જેવું રોજનું સંતાનોનું 'પઠન અને ચલન' જોવુંજ રહ્યું. પ્રહ્‌લાદને હિરણ્યકશિપુએ ગોદમાં લઇ પૂછયું, "વત્સ, શું શીખ્યો ? પ્રહલાદે ઉત્તર આપ્યો—

तत् साधु मन्येऽसुरवर्य देहिनां सदा समुद्विग्नधियामसद्ग्रहात् ।
हित्वाऽऽत्मपातं गृहमन्धकूपं वनं गतो यद्धरिमाश्रयेत ॥५॥

ગૃહસ્થાશ્રમીના જીવનમાં **અસદ્‌ગ્રહ** અને **અહંગ્રહ** બે મોટા ગ્રાહ છે. માનવ ગજ તે ગ્રાહોથી બચી શકતો નથી. તન, ધન બનાવવાં અને જીવન નિર્માણમાં ઉપેક્ષા સેવવી એ છે **असद्ग्रह**.

પોતાની સમજનેજ પકડી રાખવી તે છે **अहंग्रह** અસદ્‌ગ્રહ. સંગ્રહમાં લઈ જાય છે, અહંગ્રહ અજ્ઞાનમાં લઈ જાય છે. ગૃહકૂપ છોડીને વનમાં જવું એનું તાત્પર્યજ અસદ્‌ગ્રહનો ત્યાગ છે, ગૃહ ત્યાગ નથી. **वनं गतो यद् हरिमाश्रयेत** નો અર્થ થશે **यद् हरिमाश्रयेत स गृहं गतोऽपि वनं गतः** હરિનો આશ્રય કરે તે ઘરમાં રહ્યો છે, તો પણ વનમાંજ તે ગયો છે. 'વન' ની વ્યાખ્યા એકાદશ સ્કંધમાં છે. **वनं तु सात्विको वासः** સાત્વિક આહાર, વિહાર, વિચાર પૂર્વકનો સહવાસ ને નિવાસ એટલે વનવાસ. વનમાં જવા છતાં જેણે હરિ આશ્રય ન કર્યો તે તો અંધકૂપમાંજ ગયેલ છે.

હિરણ્યકશિપુ અને પ્રહલાદજીનો સંવાદ ઈશોપનિષદ્ ગાથાનું રસમય અને સમાજમાં જીવાતું શબ્દ ચિત્ર રજૂ કરે છે. સમ્પત્તિ અને વિલાસમાં રસ લેતો વિપુલ વર્ગનો સમાજ હિરણ્યકશિપુ છે. ત્યાગથી અમૃત મેળવાય એમ માનતો, અને જીવતો સમાજ તદ્દન અલ્પ છે, એટલે પ્રહલાદ બાળક છે. ત્યાગ અને ભોગ પોતાનાં મન્તવ્યો મૂકે છે. ભોગને ત્યાગનો આદર્શ ગળે નથી ઉતરતો. ભોગ વનમાં પણ ઘર સરજે છે, જ્યારે ત્યાગ ઘરનેજ ત્યાગથી સ્વર્ગ બનાવે છે.

પ્રહલાદને આચાર્યે પૂછ્યું, "આવી મતિ ક્યાંથી મળી?" પ્રહલાદે ઉત્તર વાળ્યો, "લોહને લોહચુંબક ખેંચે, તેમ ચક્રપાણિ શ્રીકૃષ્ણ જેના ઉપર કૃપા કરે તેનું મન પ્રભુમાં વળે". **दैतेयचन्दनवने जातोऽयं कण्टकद्रुमः** દૈત્યોના ચંદન બગિચામાં કંટક–બાવળ વૃક્ષ ક્યાંથી થયો? સજ્જન બાવળ છે, આમ્રતરૂ કરતાં અધિકતર ઉપયોગમાં આવે છે; છતાં એને અભિમાન નથી. **कंटकद्रुमः** નો અર્થ ગુલાબનો છોડ પણ થઈ શકે છે.

**प्रह्लाद स्वधीतं किंचित** પ્રથમ પૂછ્યું હતું 'શું ભણ્યો', ત્યારે પિતાને સલાહ આપી હતી કે વનમાં વસવું; પણ ફરીથી પૂછ્યું, **स्वधीतम** શું સારૂ ભણ્યો? ત્યારે પોતાના જીવનમાં નવ પ્રકારની ભકિતનો સંભાર માગ્યો.

**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।**
**अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥२३॥**
**इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा ।**
**क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम् ॥२४॥**

નવ પ્રકારની સેવા પરાયણતા પરમ આનંદ આપે. નવ પ્રકારમાંથી સાત પ્રકાર જીવ શકય છે, બે પ્રકાર ઈશ્વરાધીન છે.

રસનું સ્વરૂપ શ્રીકૃષ્ણ છે, શીલની શુભાકૃતિ શ્રીરામ છે, પુણ્યશીલ, ભગવદીય અને સંતો નવ પ્રકારની ભકિતની પ્રતિમાઓ છે.

**श्रीकान्तश्रवणे परीक्षिदभवत् वैयासकिः कीर्तने ।**
**प्रह्लादः स्मरणे तदंघ्रिभजने लक्ष्मीः पृथुः पूजने ॥**
**अक्रूरस्त्वभिवन्दने कपिपतिर्दास्येऽथ सख्येऽर्जुनः ।**
**सर्वस्वात्मनिवेदने बलिरभूत् कृष्णाप्तिरेषां परम् ॥**

શ્રવણનું પ્રતિબિમ્બ પરીક્ષિત, કીર્તનનું કલ્યાણ કેન્દ્ર શુકાચાર્ય, સ્મરણનો આકાર પ્રહ્લાદ, ચરણ સેવામાં લક્ષ્મીજી, અર્ચનમાં પૃથુ રાજા, અભિવન્દનના આચાર્ય અક્રૂરજી, મહાવીર દાસ્યનો મહિમા, સખ્યના શિરોમણિ અર્જુન, બલિ આત્મનિવેદનમાં–આ નવ પ્રકારમાંના એકને પણ કૃષ્ણ મળે તો નવને શું ન મળે?

સમ્પન્નના અને સત્તાભિમાનીના સંતાનોના આચાર્ય થવું એટલે આત્માને અને સ્વમાનને હોડમાં મુકવાનાં. વિશ્વરૂપે ઇન્દ્રના આચાર્ય બની જીવન ગુમાવ્યું. શંડામર્કે હિરણ્યકશિપુના સંતાનોના આચાર્ય બની સ્વમાન ગુમાવ્યું. **ब्रह्मबन्धो किमेतत्!** 'બ્રહ્મબન્ધો' શબ્દ વિપ્રના અપમાનનો વાચક છે. મોટાંનાં સંતાન ચંચલ હોય છે, અને અપવાદ અધ્યાપકને માથે જાય છે. સુપાત્ર પ્રહલાદે ગુરુને અપવાદમાંથી બચાવ્યા અને કહ્યું, "પિતાજી–

**मतिर्न कृष्णे परत : स्वतो वा मिथोऽभिपद्येत गहव्रतानाम् ।**
**अदान्तगोभिर्विशतां तमिस्रं पुन : पुनश्चर्वितचर्वणानाम् ॥२९॥**

ભકતો અને આસકતો ઉભય ચર્વિત ચર્વણ કરે, ભકતો ભગવચ્ચરિત્રનું–હરિરસનું અને આસકતો વિષય રસનું. ભકતોને ગાયની ઉપમા અપાય અને આસકતોને મહિષીની ઉપમા અપાય.

શ્લોક ૩૮ થી ૪૪ સુધીમાં નિજાનન્દ કેવો અભેદ્ય, અચ્છેદ્ય અને અદાહ્ય છે, એના નિરૂપણ માટે પ્રહલાદના ઉપરના મારણના ઉપાયો જે જે અજમાવ્યા તે ગણાવ્યા છે, અને પ્રહલાદજી અક્ષય રૂપે રહ્યા.

### સદ્‌વાસના પ્રકરણ : અધ્યાય ૬ થી ૧૦

### અધ્યાય ૬ ઠ્ઠો – શ્લોક ૩૦

બાલ્યાવસ્થાના સંસ્કારો જીવનના સાથીઓ બને છે. શ્રદ્ધા અને સત્યનાં મંગલ બીજનું વપન બાલ્યક્ષેત્રમાં કરવું અનિવાર્ય છે. વ્યર્થ વખતનું યાપન ડહાપણ ન આવવા દે. જ્યારે બાજીને સમેટવાની ક્ષણો આવે ત્યારે સજવાની સમજ આવે, એનેજ માનસશાસ્ત્રે પાજી કહ્યો. પછી તે અનેકને કે ઇશ્વરને બચાવવા આજીજી કરે. ઈશ્વર તેને મુકત કરે, પણ તેને જીવન્મુકત કે વિશ્વ ભકતનો આનંદ તો ન મળ્યો, જે માટે જીવન હતું. પ્રહલાદજીએ એક સર્વ સાધારણ સિદ્ધાન્ત બાલકોને કહ્યો.

**कौमारे आचरेत् प्राज्ञो धर्मान् भागवतानिह ।**
**दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ॥१॥**

**कौमारे** ધર્મબીજનું શુભ મુહૂર્ત કૌમાર્ય છે. **भागवतान् धर्मान्** ધર્મનું આચરણ કરવું, પણ સુખમાં ભાન ન ભૂલી જવું. સકામ ધર્મો નહિ પણ વિશ્વ કલ્યાણ કામ ધર્મોજ આચરવા. માનવતા વિકસિત જોવી હશે તો માબાપે સ્વજીવનમાં વસાવવી જોઇશે. કુમળી કુમારિકાને માતા તરફથી રામચરિત માનસનાં બીજ રોપણમાં રોજ બે ચોપાઇ અપાય; કુમળા કુમારને પિતા તરફથી બીજ રોપણમાં ગીતાજીના બે શ્લોક અપાય; તો જીવન નિર્માણમાં કોઈ વધુ શ્રમ નહિ પડે.

**भागवत** શબ્દનો અર્થ બાલકની રીતે સમજાવવો. **ભ**–ભલા માણસ થવું; **ગ**–ગુણીયલ થવું; **વ**–વિદ્યાવાન થવું; **ત**–તક ન જવા દેવા. આવા સંસ્કારો નિત્ય બાળકને આપવા.

**सुखमैन्द्रियकं दैत्या देहयोगेन देहिनाम् ।**
**सर्वत्र लभ्यते दैवाद् यथा दु:खमयत्नत : ॥३॥**

વણ વાંછ્યા દુઃખની માફક વણયાચ્યું સુખ અવશ્ય આવશે, જે દેહની સાથે અનિવાર્ય છે. સુખની આશાથી પર થવું એટલે સુખી થવું. દુઃખમાં **મસ્ત, સ્વસ્થ** ને કાર્યરત રહીને રામ થવું.

માનવ માટે સો વર્ષનું સરવાયું કેવું નેત્રને ઉઘાડનારૂં છે? ૨૦ વર્ષ શૈશવકાલે રમતમાં, ૨૦ વર્ષ વાર્ધક્યની વ્યથામાં, ૧૦ વર્ષ ધન, યૌવનના ઉન્માદમાં, ૫૦ નિદ્રામાં; જ્યારે માનવતા માટે તો નહિ, પણ માનવ! તારે માટે કેટલાં વાપર્યાં?

વ્યાસજી મહત્ત્વના શ્લોકો લગભગ અધ્યાયની અને શ્લોકની એકજ સંખ્યામાં લખે છે. સ્કંધ ૭-અ-૫, શ્લો. ૫; ૭-૬-૬ તેવાજ ધ્યાન દોરનારા છે. ૧૧ થી ૧૮ શ્લોકમાં યૌવનની અવગતિ વર્ણવી છે. તે વાંચવા જેવી છે.

**तस्मात्सर्वेषु भूतेषु दयां कुरुत सौहृदम् ।**
**आसुरं भावमुन्मुच्य यया तुष्यत्यधोक्षजः ॥२४॥**

ભૂતદયા, સૌહાર્દ, દ્વેષવર્જન, જનાર્દનને રીઝવવાના ત્રણ માર્ગ દર્શાવ્યા. દેવોને દમ, માનવોને દાન અને દૈત્યોને દયાનો નિર્દેશ કર્યો.

## અધ્યાય ૭ મો – શ્લોક ૫૫

ગર્ભગત સંસ્કારો ફલદાયી અવશ્ય બને છે. પ્રહલાદજી માતા કયાધૂના ઉદરમાં હતા. હિરણ્યકશિપુ તપમાં હતા. ત્યારે વંશ નિકંદન કરવાની વૃત્તિથી સ્વર્ગપતિ કયાધૂને લઈ જતાં માર્ગમાં કૃપાલુ નારદે સમજાવી, છોડાવી, સાથે લાવી, અનિકેતન નારદજીએ કયાધૂને આશ્રય આપવા આશ્રમ બનાવીને ઉપદેશ દેવા રહ્યા. સંતની ભૂતદયાનું ફળ-વિશ્વને પ્રહલાદજી મળ્યા.

સેવાથી પ્રસન્ન થયેલા નારદજી પાસેથી પુત્રવત્સલા જનેતાએ '**ईच्छा प्रसूति**' વરદાન માગ્યો. ઋષિના આશીર્વાદથી, ઔષધિના સેવનથી, ભગવદિચ્છાથી, સતીના સતીત્વથી ગર્ભ સો વર્ષ ઉદરમાં રહ્યો; છતાં ન વધ્યો, ન વિષ પેદા થયું, ન વ્યથા થઈ, ન જીવ ગયો.

પ્રહલાદજીએ શ્લોક ૧૮ થી ૫૫ સુધીમાં જીવન દર્શન આપ્યું. જ્ઞાનીઓથી આત્મદર્શન મળે, સંતોથી જીવન દર્શન મળે.

**गुरुशुश्रूषया भक्त्या सर्वलब्धार्पणेन च ।**
**संगेन साधुभक्तानामीश्वराराधनेन च ॥३०॥**
**श्रद्धया तत्कथायां च कीर्तनैर्गुणकर्मणाम् ।**
**तत्पादाम्बुरुहध्यानात् तल्लिंगेक्षार्हणादिभि: ॥३१॥**
**हरि: सर्वेषु भूतेषु भगवानास्त ईश्वर: ।**

અહી શ્લોકોમાં પ્રહ્લાદજીએ સર્વ સુલભ એવો સુજન જીવન માર્ગ બતાવ્યો. ગુરૂ શુશ્રૂષા, સર્વ સમર્પણ, સાધુ સંગ, કથા શ્રવણ,

ગુણ સંકીર્તન, હરિ ચરણામ્બુજ ધ્યાન, સર્વમાં ઈશ્વર દર્શન-આટલાં અનિવાર્ય છે. ૫૦, ૫૧, ૫૨ શ્લોકોમાં બતાવ્યું કે વર્ણ, વિદ્યા, વૈભવ વગેરે કોઈ પણ સાધન ઈશ્વર પ્રાપ્તિ માટે અનિવાર્ય નથી. સહજ મળે તો શ્રેષ્ઠ છે. પણ ધ્યેય સિદ્ધિનાં તેમને અંગો નથી માન્યાં. **प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद् विडम्बनम्** અમલ ભકિત વિનાનાં અન્ય કોઈ અનુષ્ઠાન આડંબરમાં ખપી જશે.

## અધ્યાય ૮ મો શ્લોક ૫૬

દુ:ખાતિરેક વિવેકનું નિમંત્રણ છે. દયાલુતા, દિવ્યગુણ અને દુનિયાની પ્રકૃતિનું જ્ઞાન એ દુ:ખકાલ ખૂબ વ્યવસ્થિત રીતે કરાવે છે. આઠ પ્રકૃતિઓનું આસુરી સામ્રાજ્ય દૈવી સમ્પત્તિમાં પલટાઈ જાય છે. આ આઠમા અધ્યાયમા આઠ પ્રકારની પ્રકૃતિ ઉપર વિજય મેળવેલા, વિજ્ઞાન જડવાદી, હિરણ્યકશિપુને આત્મવિજ્ઞાન વિના સદાની અશાંતિ છે, એનું ભાન કરાવ્યું. નૃસિંહ ભગવાનનું પ્રાકટ્ય આ આઠમા અધ્યાયમાંજ છે. ભકતોની આઠ પ્રકારની પ્રકૃતિમાં સંસ્કૃતિ ભરવા માટેજ આ પ્રાકટ્ય છે. પ્રેમ અને **વૈરનો, ભોગ અને લોકસેવાર્થે અર્થ ત્યાગનો, શ્રદ્ધા અને તર્કનો સંવાદ એ હિરણ્યકશિપુ અને પ્રહ્લાદજીનો વાર્તાલાપ.** પ્રેમ, ત્યાગ અને શ્રદ્ધામાંજ સાચો પ્રહ્લાદ છે-આનંદ છે, એવું શ્રદ્ધા-વિશ્વાસની પીઠિકા ઉપર ઊભા રહી કરતા પુરૂષાર્થમાં છે. એ નૃસિંહાવતારથી પૂરવાર થયું.

**जह्यासुरं भावमिमं त्वमात्मन: समं मनो धत्स्व न सन्ति विद्विष:** ''પિતાજી, આસુર ભાવને ત્યજો, મનમાં સમત્વને સજો અને વૈરભાવને વિસરો. વિના તપશ્ચર્યાએ પણ તત્વસાક્ષાત્કાર સહજ રીતે થશે'', પ્રહલાદજીએ કહ્યું.

**सत्य विधातुं निजभृत्यभाषितं व्याप्तिं च भूतेष्वखिलेषु चात्मनः ।**
**अदृश्यतात्यद्भुतरूपमुद्वहन् स्तम्भे सभायां न मृगं न मानुषम् ॥१८॥**

અષ્ટદશ વિદ્યાઓનું ગૌરવ સાચવવા અઢારમા શ્લોકમાં ભગવાનનું પ્રાકટ્ય વર્ણવ્યું છે. જે દરેક વેદ, વિદ્યાઓ ઈશ્વરની વ્યાપકતા વર્ણવે છે, તે સ્તંભમાંથી નૃસિંહના અવતારના બલ ઉપર નિર્ભર છે. મર્યાદા, મંત્ર બલે મૂર્તિમાંથી પ્રભુને પ્રત્યક્ષ પ્રકટ કરે છે, જ્યારે શુધ્ધ ભકિત નિષ્ઠા તો પ્રત્યેકમાંથી પ્રભુને પ્રકટ કરે છે. **निजभृत्य भाषितम्** – પોતાના સેવકના વચનને સત્ય કરવા પ્રભુ કાષ્ઠમાંથી પ્રકટ થયા. **निजभृत्य** – નારદ, બ્રહ્માજી પ્રહ્લાદ, હિરણ્યકશિપુ વગરે ભકતોના વચનની સિધ્ધિ માટે પ્રભુ પ્રકટ્યા છે.

**द्वार्यूर आपात्य ददार लीलया नखैर्यथाहिं गरुडो महाविषम्**

ગરૂડજી સર્પને વિદારે તે રીતે નૃસિંહે ઉમરા ઉપર લાવી નખ દ્વારા વિદારીને હિરણ્યકશિપુના પ્રાણ લીધા. હિરણ્યકશિપુ લોભ છે. પાતાલ કે સ્વર્ગલોકમાં પણ તેનો નિવાસ છે. ઈન્દ્રને બ્રહ્માસનની ભૂખ છે. બ્રહ્માજીને વિષ્ણુપદની ક્ષુધા છે. લોભને રાત દિવસ સરખાં છે. દિવસે તેને ક્ષુધા નથી, રાત્રે તેને નિદ્રા નથી.

**‘निशम्य लोकत्रयमस्तकज्वरम्’** – ધનરોગ મસ્તક જ્વર છે; કામરોગ માનસિક જ્વર છે. બુધ્ધિમાં રહેલી અર્થવાસના પૃથ્વીની પ્રત્યેક વાસનાની જનેતા છે. ભગવદુપાસનાથી પણ તે નિવૃત્ત થતી નથી. સેવામાં અર્થ વિનિયોગ કરવાની ભાવનાને આશરે પણ અર્થાસકિત પ્રવેશી જાય છે.

શ્લોક ૪૦ થી ૫૬ સુધીના ૧૭ શ્લોકોમાં હિરણ્યકશિપુના વિનાશની ખુશાલી મનાવતા બ્રહ્માજીથી આરંભીને વિષ્ણુપાર્ષદોનો સમાવેશ છે,

૧. બ્રહ્માજી–વંશસ્થ છંદમાં બ્રહ્માજીએ સ્તુતિ કરી. વંશ ધર્મમાં રહેનારની રક્ષા કરે છે તેથી વંશસ્થ છંદ છે.

**नतोऽस्म्यनन्ताय दुरन्तशक्तये विचित्रवीर्याय पवित्रकर्मणे ।**
**विश्वस्य सर्गस्थितिसंयमान् गुणैः स्वलीलया संदधतेऽव्ययात्मने ॥४०॥**

**दुरन्तशक्तये विचित्रवीर्याय**–અનન્ત શકિત અને વિચિત્ર પરાક્રમ છતાં પવિત્ર કર્મવાળા નૃસિંહને નમસ્કાર કરૂં છું. સનકાદિ જેવા શાન્ત મુનિઓને ક્રોધ કરાવી શાપ અપાવવો, પોતાના પાર્ષદોને પણ પદભ્રષ્ટ કરવા, બ્રહ્માજીને ભૂલાવીને ઉગ્ર પુરુષને વરદાન અપાવવા, દૈત્યને દ્વારે પણ સંતનો જન્મ કરાવવો, દૈત્યથી ભકતનો નાશ થતાં વિના સ્તુતિએ કૃપા દૃષ્ટિ પુષ્ટિથી પ્રકટ થવું–એ બધાં વિચિત્ર અને પવિત્ર પરાક્રમ છે.

૨. શ્રીરૂદ્ર–અનુષ્ટુપ છંદમાં સ્તુતિ કરીને વિનવે છે, “હે પ્રભો, નૃસિંહ તો કોપને શસ્ત્ર તરીકે વાપરે, સ્વયં કોપનું શસ્ત્ર ન બને”.

૩. ઈન્દ્ર–મન્દાક્રાન્તા છન્દમાં ઈન્દ્રરાજા સ્તુતિ કરે છે, “હે નાથ! ઐશ્વર્યના હૃદયમાં ઈશ્વરની સ્થાપના કરી, અને હિરણ્યકશિપુનો નિકાલ કર્યો. કૃપા કરી.” **दैत्याक्रान्तं हृदयकमलं त्वद्गृहं प्रत्यबोधि ।**

૪. ઋષિજનો – વસંતતિલકા છંદમાં વિનવે છે, “ઋષિ જેવા એકાન્તિક અને અસંગ્રહી વનજીવીના જિવનમાં પણ હિરણ્યકશિપુએ સ્થાન કર્યું. તેનું નિવારણ તપોબલથી ન થયું, કિંતુ કૃપાબલથી કર્યું.”

૫. પિતૃઓ–વસંત તિલકા છંદથી વિનવે છે. “શ્રાદ્ધ ક્રિયાઓ ઉપર પણ હિરણ્યકશિપુએ પ્રતિબંધ મૂકયો. તલનો, જવનો વ્યર્થ વ્યય થાય છે એમ કહી શ્રાદ્ધ ક્રિયા અટકાવી. આપે શ્રદ્ધા સરજાવી ને રક્ષા કરી.’

૬. સિદ્ધો–સિદ્ધોએ નિવેદન કર્યું “યોગ, ઉપાસનાઓ પણ ભોગવાસનાથી શિથિલ થઈ; આપે તેને શુદ્ધ કરીને કૃપા કરી. ભોગ–હિરણ્યકશિપુ–દર્ભ તલ્પમાંથી સુવર્ણ શય્યામાં સિદ્ધ પુરુષોને પણ લઈ ગયો; અને યોગ શકિત નષ્ટ થઈ ગઈ”.

૭. વિદ્યાધરો – વિદ્યાધરોએ ઇન્દ્રવજ્રા છંદમાં પરિસ્થિતિનું દર્શન કરાવ્યું કે “આત્મવિદ્યાના ચિંતનમાંથી વિલાસ–હિરણ્યકશિપુ જડ વિકાસ સાધક વિજ્ઞાનમાં લઈ આવ્યો. આપે અનુકંપા કરી પુનઃ વિદ્યાનો પ્રકાશ કરાવ્યો”.

૮. નાગો – અનુષ્ટુપ છંદમાં પ્રભુનું સ્તવન કર્યું. “પરધન, પરતનમાં કામલાલસા–હિરણ્યકશિપુ–આસકત હતો, તેનો આપે નાશ કર્યો, ઉચિત કર્યું.

૯. મનુઓ – મંજુભાષિણી છંદમાં જણાવે છે કે “સત્તા–હિરણ્યકશિપુએ ધર્મપ્રધાન બંધારણને અર્થપ્રધાન બનાવી સમાજ, સંસ્કૃતિ અને માનવતાનો ઉચ્છેદ કર્યો હતો. આપે તેનું પુનર્જિવન કર્યું.”

૧૦. પ્રજાપતિઓ–ભુજંગ પ્રયાત છંદમાં સ્તુતિ કરે છે. “વંશ વિસ્તાર ઉપર પણ હિરણ્યકશિપુએ પ્રતિબંધ કર્યો હતો”. સંતતિ નિયમ તો આવશ્યક છે, પરંતુ વંશ તંતુનો ઉચ્છેદ ન થઇ શકે. “આપે હિરણ્યકશિપુનો વધ કર્યો, તે યોગ્ય થયું”.

૧૧. ગંધર્વો–વંશસ્થ છંદમાં સ્તુતિ કરે છે, “ભગવદ્ ગુણ ગાનમાંથી ધની ગુણગાનમાં અમારી વાણી લોભ–હિરણ્યકશિપુથી વપરાઈ. આજે આપે દયા કરી બચાવ્યા.”

૧૨. ચારણો – પ્રમાણિકા છંદથી કહ્યું, “અમે વર્તમાન પત્રોથી રાજાની સ્તુતિ કરનાર થયા હતા. સ્વાર્થ–હિરણ્યકશિપુના કારણથી આજે સત્ય સમાચારમાં આપ લાવ્યા”.

૧૩. યક્ષો – “હિરણ્યકશિપુની પાલખી ઊંચકી આખી જીંદગી નકામી ગઇ. આજે આપે મુકિત આપી.”

૧૪. કિંપુરુષો – “આપે લોભાસકત કાપુરુષને મારી મહાપુરુષમાં પુરુષને પ્રેમવાળો બનાવ્યો.”

૧૫. વૈતાલિકો – “સભાઓમાં પણ અમારી વાણી ઉપર પ્રતિબંધ હતો. જગહિતથી, ધર્મહિતથી, આત્મ સ્વાતંત્ર્યથી પ્રતિકૂલ અને અધિકારને અનુકૂલ પ્રસ્તાવો અમારે કરવા પડતા. તે આપે દૂર કર્યા અને કૃપા કરી.” **वेतालं विन्दन्तीति वैतालिका :**

૧૬. કિન્નરો – “આપે અમને વેઠમાંથી છોડાવ્યા.”

૧૭. વિષ્ણુપાર્ષદો – ભગદર્શન હર્ષથી હૃષ્ટ થઇને પ્રહર્ષિણી છંદમાં વિનવે છે, “આજે આપનો અલૌકિક આકાર જોઇ અમને આનંદ થયો.”

## અધ્યાય ૯ મો – શ્લોક ૫૫.

પ્રણય અને વાત્સલ્યની તુલનામાં વાત્સલ્ય જીતી જાય છે. વાત્સલ્ય ઉભયના પ્રેમના પાનનું એક નિર્દોષ ત્રીજું પાત્ર છે. પત્નીને જોઇને પણ આવેશ જે નથી ઉતરતો તે પુત્ર વાત્સલ્યથી ઉતરી જાય છે. લક્ષ્મીજી નૃસિંહ ભગવાન પાસે ન આવી શકયાં. રમા વૈકુંઠમાં એક દિવસ જય વિજય પાર્ષદોએ લક્ષ્મીજીને પ્રવેશ કરતાં રોકેલાં, ત્યારે તેનો પ્રતીકાર નહિ કરી શકેલાં. પછીથી જ્યારે શાપ થયો ત્યારે રાજી થયેલાં. આજે ભગવાન આવેશ ભરી નજરથી કહી રહ્યા કે “તારે માટે મારે મારી નજરથી પરિચર પાર્ષદોને પૃથક્ કરવા પડયા,” આ ભાવને પામી જતાં લક્ષ્મીજી પાસે ન આવ્યાં ત્યારે **પુણ્યશીલ, કોમલ દીલ,** પ્રહલાદજી સમીપે આવ્યા અને પ્રણતિ પૂર્વક સ્તુતિ કરવા લાગ્યા.

**स्वपादमूले पतितं तमर्भकं विलोक्य देव: कृपया परिप्लुत : ।**
**उत्थाप्य तच्छीर्ष्ण्यदधात् कराम्बुजं कालाहिवित्रस्तधियां**
**कृताभयम् ॥५॥**

પાંચ વર્ષનો બાળક પ્રભુના ચરણમાં શરણ થઇ આવ્યો છે, ત્યારે તે પ્રણામ નથી કરતો, પરંતુ પિતાની પ્રેમમયી ગોદમાં પડતું મૂકે છે. તેજ સાચી પ્રપત્તિ છે. **ભરતલાલે રામચરણમાં પડતું મૂક્યું હતું. प्रणतं** ને બદલે **पतितं** વાપરીને એ સૂચવ્યું. 'હિરણ્યકશિપુ મસ્તક જ્વર' છે. તે પોતાના ભકતના જીવનમાં ન આવી જાય માટે ભગવાને મસ્તક ઉપર હાથ મૂક્યો. **कृपया परिप्लुत :**– કૃપાના જલથી નૃસિંહે સ્નાન કર્યું ત્યારે બહારનો ક્રોધ ઉતર્યો, પણ ભક્ત પ્રહ્લાદને રસનાગરે રસનાથી ચાટ્યો ત્યારે અન્તઃકરણનો ક્રોધ શમ્યો. વળી હિરણ્યકશિપુના વધથી લાગેલા મલાશૌચની શુદ્ધિ ન થાય ત્યાં સુધી પવિત્ર ભકતનો સ્પર્શ કેમ થાય? માટે નૃસિંહ કૃપાજલમાં નહાયા.

શ્લોક ૮ થી ૫૦ સુધી ૪૩ શ્લોકમાં પ્રહ્લાદ સ્તુતિ છે. ૪૨ શ્લોકોમાં પ્રહ્લાદજી સ્તોત્ર કરે છે અને છેલ્લા શ્લોકમાં ઉપસંહાર કરે છે.

**ब्रह्मादय: सुरगणा मुनयोऽथ सिद्धाः सत्त्वैकतानमतयो वचसां प्रवाहै:।**
**नाराधितुं पुरुगुणैरधुनापि पिप्रु: किं तोष्टुमर्हति स मे हरिरुग्रजाते: ॥८॥**

વેદ, વિદ્યાપતિ, વિધિ પણ સ્તુતિ ન કરી શકે તો હું કઇ વિધિથી સ્તવી શકું? પ્રહ્લાદજીના આ દૈન્યથી સ્તોત્ર સામર્થ્ય આવ્યું અને સ્તુતિ કરી.

નવમા અધ્યાયનો નવમો શ્લોક મહત્ત્વનો છે.

**मन्ये धनाभिजन रूप तप: श्रुतौज :–**
**तेज: प्रभाव बल पौरुष बुद्धि योगा : ॥**
**नाराधनाय हि भवन्ति परस्य पुंसो**
**भक्त्या तुतोष भगवान् गजयूथपाय ॥९॥**

બાર ગુણોમાંથી એક અથવા બધા હોવા છતાં એક ભકિત નિષ્ઠા નથી, તો પ્રભુ પ્રાપ્તિનો સંભવ નથી.

**व्याधस्याचरणं, ध्रुवस्य च वयो विद्या गजेन्द्रस्य का ।**
**का जातिर्विदुरस्य यादवपतेरुग्रस्य किं पौरुषम् ॥**
**कुब्जाया: किमु तत्र रूपमधिकं किं तत्सुदाम्नो धनम् ।**
**भक्त्या तुष्यति केवलं परमया भक्तिप्रियो माधव: ॥**

ધન– સુદામા પાસે કયાં ધન હતું? દુર્યોધન પાસે અપાર હતું. એકના તંદુલ માગીને આરોગ્યા. બીજાના છપ્પન ભોગ છોડયા.

અભિજન– વિદુરજીની કઈ કુલીનતા? તે દાસીપુત્ર મનાતા. ઋષિમુનિઓથી વધીને કોની કુલીનતા? વિદુરજીને ત્યાં ગયા, ઋષિ મુનિઓના યજ્ઞમાં ન પધાર્યા.

રૂપ– શબરી પાસે શું રૂપ? શૂર્પણખા પાસે કયાં ઓછું હતું?

તપ– કાલીય નાગ પાસે કયું તપ? **तप: सुतप्तं किमनेनपूर्वम्.** દુર્વાસા પાસે કયાં ઓછું તપ હતું?

શ્રુત– હિરણ્યકશિપુ, રાવણ કયાં ઓછા જ્ઞાની હતા? ગજેન્દ્ર પાસે કયું જ્ઞાન?

ઓજસ્– ઓજ: એટલે ઇન્દ્રિયની નિપુણતા. વ્રજ પશુઓનું ઈન્દ્રિય પાટવ શું? ઇન્દ્રનું ઓછું શું હતું?

તેજસ્– તેજ એટલે શરીર કાન્તિ. કુબ્જા પાસે શરીરની કાન્તિ શી હતી? અપ્સરાઓની ઓછી શી હતી? તેજ અંગિરા કદ્રૂપા ઋષિઓને કેટલું હતું? સુદર્શન ગન્ધર્વ પાસે ઓછું શું હતું?

તેજ પ્રમાણે પ્રભાવ (પ્રતાપ), બલ, પૌરુષ, બુદ્ધિ, યોગ વગેરે નકામાં છે. ઉપરોકત બાર વસ્તુઓ જેમને હતી તેઓને પણ ભગવાન નથી મળ્યા. ન હતાં તેને મળ્યા. કેવળ જિવન લોક હિતમાં અને અનાસકિતમાં ગયું છે અને હૃદય ભકિતથી ભરપુર રહ્યું છે, તેનેજ ભગવાન મળ્યા છે.

**विप्राद् द्विषड् गुणयुताद्**-બાર ગુણો ધરાવે ત્યારેજ તે વિપ્ર બને. વિશેષ પ્રમાણમાં સર્વને અર્પવાતું સામર્થ્ય ધરાવે તેને વિપ્ર મનાય. બાર ગુણો અને ભકિતભાવ ભેગાં મળે ત્યારે તે અલંકાર છે. છપ્પન ભોગની સામગ્રી તુલસીજીના દલ વિનાની નકામી જાય. ભકિત તો મનુષ્યની ચાતુર્ય ચતુઃષષ્ઠી સામગ્રીઓ પર પરોપકાર કે સેવા રૂપ તુલસીજીના પાનવાળી હોય તોજ પ્રભુ તેનો અંગીકાર કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
બ્રાહ્મણ- **शमो दमस्तपः शौचं क्षान्त्यार्जव विरक्तताः ।**
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
**ज्ञान विज्ञान संतोषाः सत्यास्तिक्ये द्विषड्गुणाः ॥**

**प्रतिमुखस्य यथा मुखश्रीः** (શ્લોક ૧૧)-પ્રભુ સેવા કે પુણ્ય આચરણ એ તો દર્પણના પ્રતિબિંબનો શૃંગાર છે. પ્રતિબિંબનું અધિક સૌન્દર્ય બિંબનીજ પ્રતિષ્ઠા વધારે છે. સૂર્યને અર્ઘ ચઢાવનારના શિર ઉપરજ સુગંધ, જલ અને પુષ્પ પરત આવીને પડવાનાંજ.

**यस्मात् प्रियाप्रियवियोगसयोग जन्म-**
**शोकाग्निना सकलयोनिषु दह्यमानः ।**
**दुःखौषधं तदपि दुःखमतद्धियाहं**
**भूमन् ! भ्रमामि वद मे तव दास्य योगम् ॥१७॥**

ધ્યાન યોગ, જ્ઞાન યોગમાં વિજયશીલ તે યોગી; પરંતુ **પ્રિય વિયોગ, અપ્રિય સંયોગ** માં સમત્વમય મનોયોગ જેનો હોય તેજ મહાયોગી. સકલ યોનિમાં તે એક સમાન વ્યથા કરે છે. મનુષ્ય કરતાં પશુને, પશુ કરતાં મનુષ્યને એ એક પ્રશ્ન છે. મનુષ્યને વાણી છે, તેથી વિયોગ વ્યથાને વહાવવાનું સાધન છે. પશું મુંગાં પ્રાણી છે, તેને વ્યથા વહાવવાની કોઇ વસ્તુ નથી.

તેથી તે વધુ દુઃખી છે. ખીલે બેઠેલ તે મૂક પ્રાણી રડે, તેની કોને ખબર પડે? **दुःखौषधम्**-દુઃખનું કોઈ ઔષધ થાય, તે પણ એક દુઃખજ છે. જવર દુઃખ છે, તો સુદર્શન ચૂર્ણ ઉપાય છે. તે કયાં સુખાત્મક છે?

**बालस्य नेह शरणं पितरौ नृसिंह ।**
**नार्तस्य चागदमुदन्वति मज्जतो नौः ॥**
**तप्तस्य तत्-प्रतिविधिर्य इहांजसेष्टः**
**तावद् विभो ! तनुभृतां त्वदुपेक्षितानाम् ॥१९॥**

માબાપ બાળકને જો બચાવે તો માની વહાલ સોયી ગોદમાંથી કુમળું કુસુમ કરમાય કેમ? ઔષધ જીવાડે તો ધન્વંતરિ અને તેનાં સંતાન જાય કેમ? નાવિક પાર ઉતારે, તો નિપુણ કેવટથી ડૂબાય કેમ? સાચે પ્રભુ! મા, બાપ, ઔષધ અને તારણહાર કેવલ આપજ છો. કેવટ તરીકે કેવલ આપનોજ વટ છે.

**नैतन् मनस्तव कथासु विकुंठनाथ !**
**संप्रीयते दुरितदुष्टमसाधु तीव्रम् ।**
**कामातुरं हर्षशोकभयैषणार्तं**
**तस्मिन् कथं तव गतिं विमृशामि दीनः ॥३९॥**

મનની નવ અવ્યવસ્થાની સુવ્યવસ્થાનું નામ યોગ કે ભકિત. પ્રહ્લાદજીની નવધા ભકિત મનની નવ પ્રકારની આસકિતને ભકિતના રૂપમાં પલટવા માટે છે. **दुरितदुष्टम** દુરિતોથી દુષ્ટ બનેલ તે દુરિત દુષ્ટ. **दुरितम** સેવા, સ્વાધ્યાય, સત્સંગ અને સત્કર્મમાં ઉપેક્ષા અને ઉતાવળ એ વધેલા પાપની નિશાની. **तुलसी पूर्वके पापसे हरि चर्चा न सुहाय.** **दुष्टम्**-દોષદર્શી, છિન્દ્રાન્વેષી; **असाधु**-વાંકુ અને અસદાચારી, સીધી વાત ન કરે. કોઈની વાતનો સીધો અર્થ ન

લેતાં અવળો લે અને તે આત્મીય અને આપ્તજનની વાતનો પણ. **तीव्रम**-તોફાની, ઉતાવળું, વેગીલું અને દંશીલું. કોઈનો એક શબ્દ યાદ રાખી, અવસરે સંભળાવી, તેને બાળનાર. **कामातुरम्**-દુબળું, ગરજુ, કાંગલું, અધીરૂ. **हर्षातुरम्**- અછકલુ, ગરીબ, લાલચુ. **शोकातुरम्**-અસહિષ્ણુ, બળેલું અને અવિવેકી. **भयातुरम्**-અવિશ્વાસુ અને અશ્રદ્ધાળુ. **ईषणार्तम** - ઇચ્છાની જંજાળ વાળુ અને ભિખારી. ઇચ્છાથી પર તે અમીર.

ભગવાને વરદાન આપતાં કહ્યું કે "**कामपूरोऽस्म्यहं नृणाम्** । કામનાઓની પૂર્તિ કરીશ. અભીષ્ટ વસ્તુ માગીલે. તારા મિત્રોનું કે વિશ્વમાત્રનું મંગલ માગ, પૂર્ણ કરીશ". માટે **नृणाम्** બહુવચનમાં છે. પ્રહલાદે આગળ કહેલું, "મારા મિત્રોને મૂકીને મુકુન્દ, મુકિત મને નહિ રૂચે". **प्रहलाद भद्र भद्रं ते**- ભગવાનના, ગુરુના અને પિતૃજનના ભદ્ર શબ્દમાં ભદ્રના ભંડારો મળે છે.

### અધ્યાય ૧૦ મો શ્લોક ૭૧

સ્તુતિ, પૂજા, સેવા કરતાં હૃદયની પ્રફુલ્લિતતા અનુભવાય, તેજ પ્રભુની પ્રસન્નતાનો પૂરાવો છે. તે સમયે અશ્રુ અર્પી દેવાં, પણ અશ્વર્ય ન દેવાં. અશ્રુ તો અકિંચનોની અમીરી છે. અશ્રુ વિના અમીર, ઉમરાવોને ઉરે ગરીબી છે.

**यस्त आशिष आशास्ते न स भृत्यः स वै वणिक्**-આશા કરે તે વ્યાપારી. આશા તો જીગરની બિચારી ને જીવનની લાચારી. સેવક તો સ્વામીને ચાહે, સ્વામી પાસેથી કાંઈ આશા રાખે નહિ. સ્વામી પણ સ્વાભાવિક રીતે સેવકને અર્પે, બદલામાં કાંઇ પણ લઇને નહિ.

પ્રહલાદજીને ભકિત માર્ગના આચાર્ય કરવા જેવા છે. વરદાન ઉત્તમ માંગ્યો. **कामानां हृद्यसंरोहं भवतस्तु वृणे वरम्** - "મારા અંતઃકરણમાં કોઇ આશા કે ઇચ્છા ન ઉગે એટલી ઇચ્છાપૂર્તિ કરો".

એક અભિયુકતે કહ્યું કે **देहि**- આપો. એટલે શું ? એનો ઉત્તર વાળ્યો કે **देहि** સાંભળતાજ દેહમાં વસેલા પાંચ દેવો ધી, શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ વિદાય લે છે.

**देहीति वचन श्रुत्वा देहस्थाः पञ्च देवताः**
**तत् क्षणादेव गच्छन्ति धी-श्री-ह्री धृति कीर्तयः ॥**

**कथा मदीया जुषमाणः**-કથાઓનું સેવન કરવાનું સૂચવ્યું. કેરી અને કથા ચુસીને, ધીમે ધીમે લેવાય. જીવનની નસેનસમાં રસ મળે. પરંતુ જો તેમાંથી ઘુંટડે, ઘુંટડે પીવે તો હોય તેટલો પણ કસ ટળે. એકજ વાકય વાસ્તવિક રીતે સમજી જીવવું જોઇએ, તો સર્વ શ્રવણનો લાભ મેળવાય.

**भोगेन पुण्यं कुशलेन पापं कलेवरं कालजवेन हित्वा ।**
**कीर्तिं विशुद्धां सुरलोकगीतां विताय मामेष्यसि मुक्तबन्धः ॥१३॥**

સુખ ઉપભોગ, પુણ્યની મૂડીનો વ્યય, દુઃખ ઉપયોગ પાપની પેઢી ને પરંપરાનો ક્ષય, એ સમજી ખાતાનું બેલેન્સ સંભાળવાની કાળજી કરવી.

**पिता मे पूयेत**- મારા પિતાજી પવિત્ર થાય. એ વરદાનના ઉત્તરમાં પ્રભુએ કહ્યું "**त्रिःसप्तभिः पिता पूतः पितृभिः सह तेऽनघ** તારી એકવીશ પેઢી તરી". 'ત્રણ સાત' એવી રજૂઆત હેતુપુરઃસર છે. સાત પેઢી માતાની, સાત પિતાની, અને સાત પત્નીની પુણ્યશીલને પગલે તરે છે. પુરુષ ત્રણ પેઢીના વંશજોને તન, મન, ધનથી તારવા જવાબદાર છે. પત્ની જેમ પતિના પિતાને સેવે, તેમ આપન્ન સ્થિતિના પત્નીના પિતાને પુત્ર વાત્સલ્ય પૂરૂ પાડી પોતાની કમાણીથી તેને સેવે તેજ સુપુત મનાય.

**નિર્વૈરભાવ** ભકિતનો, નીતિનો, માનવતાનો વિજય છે. ભગવાને પ્રહલાદજી પાસે પિતાજીના શ્રાદ્ધ સંસ્કારો કરાવ્યા, અને નિર્વૈર ભાવ પૂરવાર કર્યો.

શ્લોક ૫૩ થી ૭૧ સુધીમાં ત્રિપુરાસુરની અપ્રાસંગિક કથા જેવું લાગે છે. પરંતુ પાંચ પાંચ અધ્યાયના ત્રણે પ્રકરણમાં ત્રણ પ્રકારની વાસનાની નિવૃત્તિના પૂરાવા રૂપે તે કથાઓનો નિર્દેશ કર્યો છે. વિજયધ્વજ પંડિતજીએ તો ૫૦ મા શ્લોકે અધ્યાય સમાપ્તિ માની છે.

## પ્રકરણ ૩જું—સદસદ્ વાસના. અધ્યાય ૧૧થી૧૫

### અધ્યાય ૧૧ મો – શ્લોક ૩૫

અવલંબન જો અનુપમ છે તો આનંદ અખંડ છે. શ્રેષ્ઠ અવલંબન ધર્મનું છે. વસ્તુ અને વ્યકિતથી જરા પણ અલગ ન રહી શકતો કોઈ એક પદાર્થ છે તો તે ધર્મ છે. એના અવલંબનથીજ સર્વ વિકાસ સંભવે છે. યુધિષ્ઠિર રાજા રાજસુય યજ્ઞ દ્વારા ધર્મ આચરણ કરતા હતાજ. પ્રાસંગિક તેમાં શિશુપાલ આડે આવતો હતો. શ્રીકૃષ્ણે પ્રેમથી તેને મોક્ષ આપ્યો. ધર્મ તન, મન, ધનથી થાય; પરંતુ શિશુઓના, સંતાનોના, અને સમાજના મોહમાં રહેનાર ભાગ્યેજ તન, મન, ધન શ્રીકૃષ્ણમાં વાપરી શકે. શ્રીકૃષ્ણ એટલે ધર્મનું હૃદયંગમ, મૂર્ત, મધુર સ્વરૂપ. શ્રી નારદજી જેવા સદ્ગુરુની સંગતિથી, લોકોત્તર સ્નેહથી, યુધિષ્ઠિર રાજે ધર્મના, યજ્ઞના અધિષ્ઠાતામાં શ્રીકૃષ્ણ માટે તન, મન, ધનનો વિનિયોગ કર્યો. ધર્મમાં અતિશય આદર વધ્યો. વાસનાને ધર્માનુષ્ઠાન દ્વારા ઉપાસનામાં ફેરવાશે એમ લાગ્યું અને પાંચ અધ્યાયથી ધર્મ તત્વની મીમાંસા માટે ધર્મરાજે નારદજીને પૂછ્યું. નારદજીએ પ્રત્યુત્તર આપવો શરૂ કર્યો.

**नत्वा भगवतेऽजाय लोकानां धर्महेतवे ।**
**वक्ष्ये सनातनं धर्मं नारायणमुखाच्छ्रुतम् ॥७॥**

નમસ્કાર આદરને પૂરવાર કરે છે. આદર દ્વારા શ્રેષ્ઠ ગુણો અન્તરમાં ઉતરે છે. ધર્મ વિષાદના વિશાલ વારિધિમાં સેતુ છે, અને પાપ પારાવારને સુકવનારો ધૂમકેતુ છે. ધર્મ અને ધર્મી એકજ છે. ધર્મ અજ અને અવિનાશી છે. તેને નમઃસ્કાર કરી ધર્મનો વિવેકપૂર્વક વિભાગ વર્ણવે છે.

૮ થી ૧૨ પાંચ શ્લોકોમાં ત્રીસ લક્ષણો ધર્મના દર્શાવ્યાં છે. ગણના કરતાં તો બત્રીસ થાય છે. મૂળમાં ત્રીસ લખે છે, માટે **समदृक्सेवा** એ આખું પદ લેવું અને 'સમદૃષ્ટિ વાળા મહાપુરુષોની સેવા' એવો અર્થ કરવો; અને 'ભૂતમાત્રમાં આત્મબુદ્ધિ' 'મનુષ્યોમાં વિશેષ રૂપમાં આત્મબુદ્ધિ'—એ બેને એક ગણવા અને ત્રીસ સંખ્યાનો મેળ થઇ શકે. ત્રીસ પ્રકારના ધર્મમાં નવ પ્રકારની ભકિત અને ૨૧ બીજા ગુણો મળીને ત્રીસ સંખ્યા થાય છે.

યજન, યાજન, અધ્યયન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહ—વિપ્રના ધર્મો છે. આ છ ધર્મોમાં ત્રણ આજિવિકા અને ત્રણ ધર્મ છે. આજિવિકામાં તેને મરજીયાત છે, પરંતુ ધર્મપાલન તેને ફરજિયાત છે. **विचित्रावार्ता**—ખેતી, **यायावरम्**—રોજ રોજ જુદે ઘરેથી રોજી જેટલું માગવું, **शालीनम्** અયાચિત મળેલું, **शिलोञ्छनम्** કોઇનું પણ વધી પડેલું અને ખળામાં છોડી દીધેલું અન્ન લાવવું. આ ચાર વિપ્રની વધુ આજિવિકા છે.

શૌર્ય, વીર્ય, ધૈર્ય, તેજ, ત્યાગ, આત્મજય, ક્ષમા, બ્રહ્મણ્યતા, પ્રસાદ અને રક્ષા એ ક્ષત્રીય ધર્મો છે.

દેવ-ગુરુ-ભગવદ્ભકિત, ત્રિવર્ગપોષણ, આસ્તિકય, ઉદ્યમ, નિત્ય નૈપુણ્ય એ વૈશ્યના ધર્મો છે.

નમસ્કાર, સેવા, શૌચ, યજ્ઞ, સત્ય, અસ્તેય એ શૂદ્રના ધર્મો છે. ૨૫ થી ૨૯ શ્લોકોમાં વ્યાસજીએ સ્ત્રીઓના તરફના આદરથી તેમનો સ્વતંત્ર ધર્મ વર્ણવ્યો છે.

### અધ્યાય ૧૨ મો શ્લોક ૩૧

બ્રહ્મચારી એટલે વિદ્યાર્થી એ તો સાધારણ અર્થ; પરંતુ **બ્રહ્મ** તત્ત્વજ્ઞાન વાચક શબ્દ છે. જેની જિવનચર્યા તત્વજ્ઞાન અને વિજ્ઞાન સંપાદન કરવામાં અનુકૂલ હોય તેવા આચરણને બ્રહ્મચર્ય કહેલ છે.

૧. ષોડશ લક્ષણ સમ્પન્ન બનાવવા સોળ શ્લોકો એને માટે વર્ણવ્યા. પચીસ વર્ષ સુધી કૌમાર્ય, નિત્ય સ્વાધ્યાય, સૂર્ય ઉપાસના, અભ્યાસ સમાપ્તિ સુધી દાઢી ન કરવી, અલ્પભાષી, રેશમી વસ્ત્ર ન પહેરવાં, ચિત્રપટ દર્શન ન કરવું, સ્વાશ્રયી થવું, વ્યાયામશીલ બનવું, વ્યસનથી પર રહેવું, વિવેકથી તર રહેવું–એ વિદ્યાર્થી જિવનનું પ્રધાન લક્ષ્ય બિંદુ છે.

૨. ૫૧ થી ૫૮ મા વર્ષના ગાળા દરમ્યાન આરંભાતું જીવન વાનપ્રસ્થ અવસ્થા છે. બાર વર્ષ પર્યન્ત ક્ષૌર ન કરાવવું, એકાશન કરવું, બ્રહ્મચર્યનું સંપૂર્ણ સેવન, તીર્થ સેવન તત્ત્વચિંતન, અને નિવૃત્તિ કાલથી સમાજ સેવન વ્રત–આ જીવનના ત્રીજા તબક્કાના મંગલ ધર્મો છે.

### અધ્યાય ૧૩ મો – શ્લોક ૪૬

પ્રહ્‌લાદ અને અવધૂતના પ્રસંગ સાથેના સત્સંગનો સંગ્રહ તેરમો અધ્યાય છે. પરમહંસ પ્રકરણ એનું નામ છે. વિવેકની ચરમ સીમાની સંકેત સંજ્ઞા પરમહંસ છે. દૂધ જલના વિવેકે વર્તનાર હંસ છે, પરંતુ ગુણ અવગુણના પૃથક્કરણે અન્તઃકરણ અને કરણને જેણે પરમાત્માના ચરણે સમર્પ્યાં છે તે પરમહંસ છે. મનુષ્યના

જીવનના ચતુર્થ તબક્કાની તે મંગલ જીવની છે. આ સંપૂર્ણ **અધ્યાય માનવ માત્રે** જાણવા, જીવવા જેવો છે, જેનું વર્ણન ૪૬ શ્લોકોમાં છે.

### અધ્યાય ૧૪ મો – શ્લોક ૪૨

ગૃહમાં **આગ્રહના** ગજગ્રાહથી પર થઈને રહે, **સંગ્રહને** સર્વને માટે વાપરે, અને **અહંગ્રહને** ક્ષણમાં છોડે, તેના જીવનમાં માધુર્ય, ઐશ્વર્ય, સૌન્દર્ય દેવા માટે સર્વવિધ સાનુકૂલ બની નવગ્રહ સતત દોડે. 'સમર્પણ' ગૃહસ્થાશ્રમનું શિખર છે. સર્વનું તર્પણ ધન દર્પણનું માર્જન છે. સ્વાશ્રય અને શ્રમથી ઉપાર્જન ઈશ્વરનું આરાધન છે. મધુર-મન્દ સ્મિત, અને મિત્ત ભાષણ એ દીર્ઘ આયુષ્ય અને સ્નેહનું સંપાદન છે. ચારે આશ્રમોનો કલ્પદ્રુમ સમ આશ્રય ગૃહસ્થાશ્રમ છે. વિશ્વની આશા સરિતાઓની પૂર્તિ માટેનો પારાવારીણ છે. જગતના પ્રત્યેક ક્ષેત્રની હરિયાળી કૃષીનો તે પીયૂષ પયોદ છે. ગૃહસ્થાશ્રમીને માટે બે મહામૂલાં જીવન સૂત્રો છે–એકમાં **અનાગ્રહ** અને બીજામાં **અસંગ્રહનો** નિર્દેશ છે.

ज्ञातयः पितरौ पुत्रा भ्रातरः सुहृदोऽपरे ।
यद् वदन्ति यदिच्छन्ति चानुमोदेत निर्ममः ॥६॥
यावद् भ्रियेत जठरं तावत् स्वत्वं हि देहिनाम् ।
अधिकं योऽभिमन्येत स स्तेनो दण्डमर्हति ॥८॥

'સૌને સંમત થા, સમજી જા, સમજૂ થા' એ પ્રથમનો સાર છે. 'સંતોષી બની જા, એ જીવનનો આત્મ સાક્ષાત્કાર છે' એ બીજાનો સાર છે.

શ્રાદ્ધ સર્વારાધન છે. શ્રદ્ધાથી સર્વની સમીપે શક્ય શ્રેષ્ઠ સામગ્રી લઈ આવશ્યકતાના અપૂર્વ પર્વે શીઘ્ર પહોંચવાની અખંડ

વિધિના શ્રાદ્ધ કર્મે સર્વનું આરાધન બની જશે. શ્લોક ૧૯ થી ૨૪ સુધીમાં શ્રાદ્ધાદિ સત્કર્મોના સુયોગ્ય કાલ બતાવ્યા છે. પ્રતિવર્ષનો ભાદ્રપદ માસનો એક પક્ષ પિતૃઓનાં ઋણમાંથી મુક્ત થવા સેવામાં તન મન ધનથી વાપરવો એ મહાલય શ્રાદ્ધ છે. **चतसृष्वप्यष्टकासु**- માર્ગશીર્ષ માસથી આરંભીને ચાર માસની કૃષ્ણપક્ષની અષ્ટમીઓને ચાર અષ્ટકા કહી છે.

તીર્થાટન તત્ત્વજ્ઞાનનું લોચન છે; ગેહ, દેહ, મોહનું વિમોચન છે; ચિત્ત શાન્તિનું ગોરોચન છે. શ્લોક ૨૭ થી ૩૩ સુધીમાં તીર્થ સ્થળોનો નિર્દેશ કર્યો છે.

**कुरुक्षेत्रं गयशिरः प्रयागः पुलहाश्रमः ॥३०॥ नैमिषं फाल्गुनं सेतुः प्रभासोऽथ कुशस्थली । वाराणसी मधुपुरी पम्पा बिन्दुसरस्तथा ॥३१॥ नारायणाश्रमो नन्दा सीतारामाश्रमादयः । सर्वे कुलाचला राजन् महेन्द्रमलयादयः ॥३२॥**

## અધ્યાય ૧૫ મો શ્લોક ૮૦

ચાર અધ્યાયોનો સાર પંદરમા અધ્યાયમાં આપ્યો છે. વિશ્વનો ભૌતિક અને નૈતિક વિકાસ તેમજ અધ્યાત્મ વિકાસ અને પ્રભુ પ્રેમ વિકાસ સાધવાની આ સંક્ષિપ્ત પણ સરલ ચાવી છે.

દેવકાર્યમાં બે, પિતૃકાર્યમાં ત્રણથી વધુ નહિ; અથવા ઉભયમાં કેવલ એક એક વિપ્રને ભોજન કરાવવું અને અર્ચન કરવું કે આનંદ, આદર અને આદર્શમય થાય.

વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા અને છલ આ અધર્મની પાંચ શાખાઓ છે. (શ્લોક ૧૩). કામજય અસંકલ્પ અને આહાર વિવેકથી; ક્રોધ વિજય વિચાર વિવેકથી; અને લોભ વિજય ત્યાગ, સંતોષ અને પ્રેમથી થઈ શકશે. (શ્લોક ૨૨).

તત્ત્વચિંતકો માટે રસમય રૂપક શ્લોક ૪૧ થી ૪૬ સુધીમાં મૂક્યું છે, ઉપનિષદનું જેમાં રહસ્ય છે. શરીર રથ છે, ઇન્દ્રિય અશ્વો છે, મન લગામ છે, વિષયો દેશ છે, બુદ્ધિ સારથિ છે. **सत्त्वं बृहद् बन्धुरम्**-દેહનું દઢ બંધન ચિત્ત રથીનું-ભગવાનનું ધામ છે, દશ પ્રાણો અક્ષ છે, ધર્મ-અધર્મ ચક્ર છે, અભિમાની જીવ રથી છે, પ્રણવ ધનુષ્ય છે, જીવ બાણ છે, પરમ બ્રહ્મ લક્ષ્ય છે. કામાદિ દોષો દુશ્મન છે, જેનો વધ કરીને આત્મવિજય કરવાનો છે. ધર્મથી આત્મવિજય થવાનો એ સાર છે.

અદ્વૈત દૃષ્ટિથી દ્વૈત નિવૃત્ત થાય. કાર્યવસ્ત્ર, કારણ તંતુઓ-બન્ને એકજ કપાસ રૂપ છે એ સમજનું **भावाद्वैत** થતાંજ મોહની નિવૃત્તિ થાય છે. (શ્લોક ૬૩).

સર્વ કર્મ જનસમૂહ અને જનાર્દન માટે કરવું. પુણ્ય અને ફલ પણ તેનેજ ચરણે ધરવું. **क्रियाद्वैत** છે. એના પ્રતાપે પ્રત્યેક મિત્ર બને છે, વૈરભાવ વિદાય લે. (શ્લોક ૬૪).

જાયા, સ્વજન, સંતાન, આદિ એકજ આત્માના પ્રતિબિંબો છે. એ અનુસંધાને **द्रव्याद्वैत** થાય છે. એના પરિણામે આત્મપ્રેમ અને નિર્દોષ ભાવ થાય છે. (શ્લોક ૬૫).

**यूयं नृलोके बत भूरिभागा लोकं पुनाना मुनयोऽभियन्ति ।**
**येषां गृहानावसतीति साक्षाद् गूढं परं ब्रह्म मनुष्यलिंगम् ॥७५॥**

**स वा अयं ब्रह्म महद्विमृग्यकैवल्यनिर्वाणसुखानुभूतिः ।**
**प्रियः सुहृद् वः खलु मातुलेय आत्मार्हणीयो विधिकृद् गुरुश्च ॥७६॥**

ત્રણે પ્રકારની વાસનાઓના વિશોધનથી પ્રેમઘન શ્રીકૃષ્ણ ચરિતામૃતમાં અને ચરણામ્બુજમાં પ્રેમ થતાં ધર્મમાં અભિરૂચિ થશે. ધર્માભિરૂચિ અષ્ટમ સ્કંધ છે.

—: સપ્તમ સ્કંધ સંપૂર્ણ :—

# અષ્ટમ સ્કંધ — અધ્યાય ૨૪.

## **દક્ષિણ સ્તન** – ધર્મમીમાંસા

વાસનાને વિવેકે વાળતાં ઉપાસના બની જશે, મનુષ્યના જીવનનો સર્વ આસ્વાદ અનુભવાશે. વ્યક્તિમાં રહેલ અમી સરોવર વાસનાની પાસ વાળું થતાંજ માધુર્યશૂન્ય લાગ્યું હતું. શ્રીખંડના કટોરા પર હીંગની જરા ગંધ આવી ગઇ, કે સંપૂર્ણ સ્વરૂપનો નાશ થયો. જીવનનો માંગલ્ય પૂર્ણ સુરસ કટોરા પર સ્વાર્થનો અને ભોગનો એકજ ટુકડો આવ્યો કે સ્વરૂપની હાનિ થઈ. પરંતુ ધર્મની મંગલ પવન લહરીએ નાની મોહ કાંકરી દૂર કરી દૂર દૂર ફેંકી દીધી. જીવન અમી નીર તીરે સર્વ આવ્યાં. સર્વ સ્વજન, ધન, સુખ સાધન અને ભગવાન પણ આવ્યાં. જીવન સરોવરની ચારે દિશાઓમાં સદ્ગુણ ઉદ્યાનો વિકસ્યા. સંત મિલિન્દ રસલુબ્ધ બની આવ્યા છે. એ સંત મધુકરના મુખારવિંદમાંથી ધર્મ, ધાર્મિક અને ધર્મીનાં ચરિત્રો સરવા લાગ્યાં. અષ્ટમ સ્કંધમાં ધર્મ ચરિત્રોની ચર્ચા આદરી; નવમ સ્કંધમાં ધાર્મિક ચરિત્રો આવ્યાં; દશમ સ્કંધમાં ધર્મી ચરિતામૃત આવશે.

એ ત્રણે ચરિત્રમાં પ્રથમ અષ્ટમ સ્કંધનો પ્રારંભ થયો. કૃપામય શ્રીકૃષ્ણનો તે દક્ષિણ સ્તન છે. એ દક્ષિણ સ્તનનું ધર્મમય સ્તન્યનું પાન કરાવતા ચાર વિભાગ છે. એ ચાર પ્રકરણોના ક્રમશઃ ચાર, દશ, નવ અને એક અધ્યાયો છે. અષ્ટમ સ્કંધનો સાર એટલો મળે કે આપન્ન, સપન્ન અને પ્રપન્ને જો સર્વ વિધ **'આત્મ સમ્પન્ન'** થવું હોય તો પ્રપન્ન થવું અનિવાર્ય છે. આત્મ સમ્પન્નતાનો અર્થ નૈસર્ગિક મનઃ પ્રસાદ, સહજ ચિત્ત શાન્ત.

જીવનની ત્રણ અવસ્થાઓ છે – **આપન્ન, સમ્પન્ન** અને વિપન્ન. માનવ જ્યારે **આપત્તિમાં**–સંકટમાં મુકાય, ત્યારે તેનું નિવારણ

કાર્ય પ્રપન્ન અને પ્રભુ સમ્પન્ન થઇને કરવું. **સમ્પન્ન ભૂમિકા** જીવનમાં આવે તો ન છલકાતાં, ન મલકાતાં, અનેકનાં પાત્રોમાં ઠલવાઈ જવું, અને પ્રભુની સેવામાં ધનથી વપરાઇ જવું. **વિપન્ન** અવસ્થામાં વચનને વળગી રહેવું. ધન અને તન કરતાં વચનનું મહત્ત્વ વધુ છે.

આપત્તિમાં ગજેન્દ્રે પ્રભુની પ્રપત્તિ સ્વીકારી લીધી. ચાર અધ્યાયના તે પ્રકરણમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષના અવલંબન પૂર્વકની પ્રભુ પ્રપત્તિ પુનઃ સમ્પતિ આપે છે. એમ દર્શાવ્યું છે. સમ્પતિના બીજા પ્રકરણમાં ૧૦ અધ્યાયો છે. સર્વ જનને સમ્પત્તિનું ધર્માનુકૂલ વિતરણ કરતાં સર્વ શત્રુઓ દૂર થઇ જાય છે. સમુદ્ર મંથનની ચતુર્દશ રત્નોના ઉત્પાદનની મૂડી સર્વને વહેંચી દીધી. પરિણામે ભગવત્કૃપા થઈ અને અમૃત પીવા મળ્યું. **ધર્માનુકૂલ** સમ્પત્તિ વહેંચવા છતાં જો **આત્મનિવેદન** ન થાય તો સુખ-શાંતિ ન સચવાય. તેથી ત્રીજા પ્રકરણમાં ૯ અધ્યાયોથી બલિરાજાના આત્મનિવેદન પ્રસંગને મૂકયો. ત્રણે પ્રકરણના આપન્ન, સમ્પન્ન, વિપન્નોની એકજ પ્રકારની ઉપાસનાનું નામ પ્રપત્તિ છે. પ્રપત્તિ નિરૂપણનો ૧ અધ્યાય છે. આ ચારે પ્રકરણમાંથી ચાર જીવન સૂત્રો બને. **આપત્તિમાં હરિ સ્મરણ, સમ્પત્તિમાં સર્વદાન, વિપત્તિમાં વચન પરિપાલન, સર્વાવસ્થામાં પ્રપત્તિ-શરણાગતિ.** એ છે ધર્મનું સ્વરૂપ.



## પ્રથમ પ્રકરણ–હરિસ્મરણ. અધ્યાય ૧ થી ૪

### અધ્યાય ૧ લો શ્લોક ૩૩

સંપૂર્ણ અષ્ટમ સ્કંધમાં ચોવીસ મનુઓનું વર્ણન આવશે. દરેક મન્વંતર ૬ જણથી બને છે. **मन्वन्तर मनुर्देवाः मनुपुत्राः सुरेश्वरः। ऋषयोंऽशावताराश्च हरेः षड्विधमुच्यते॥** મનુ, મનુપુત્રો, ઇન્દ્ર, ઋષિઓ, ઈશ્વર અને દેવો–એ છના સહકારથી સમાજની વ્યવસ્થા જળવાય. માનવતા ભર્યા બંધારણની રચના કરવામાં એ છ એનો અભિપ્રાય લેવાય. સમાજના પ્રત્યેક અંગોના તેઓ પ્રતિનિધિ હોય છે. તેથી તેમના ઘડેલા બંધારણમાં સર્વનું હિત સચવાય છે. પ્રથમ અધ્યાયમાં સ્વાયંભૂ, સ્વારોચિષ, ઉત્તમ અને તામસનો નિર્દેશ કર્યો છે. અષ્ટમ સ્કંધના પ્રારંભમાં પ્રશ્નો પૂછે છે કે સ્વાયંભુવ મનુનો વંશ આપે કહ્યો, કૃપા કરીને અન્ય મનુઓને વર્ણવો.

**स्वायम्भुवस्येह गुरो वंशोऽयं विस्ताराच्छ्रुतः।**
**यत्र विश्वसृजां सर्गो मनूनन्यान् वदस्व नः ॥१॥**

**ऋषिरुवाच**–ત્રિકાલજ્ઞને ઋષિ કહેવાય. આવતી કાલનો ખ્યાલ રાખીને આજે બોલ બોલે તેથી તે ઋષિ છે. શ્રી શુકને અતીત, વર્તમાન અને ભવિષ્યના મન્વંતરોની ગાથા ગાવાની છે; તેથી તેના વકતાને ઋષિ કહ્યા, શ્રી શુકે ઉત્તર આરંભ્યો. ‘‘આ શ્વેત વરાહ કલ્પમાં ૭ મનુઓ થયા. **પ્રથમ મનુ સ્વાયંભુવને** પ્રથમ વર્ણવ્યા છે. અન્યનું વર્ણન કરીશ.’’ સ્વયંભૂ અને શતરૂપા પ્રથમ મન્વંતરમાં થયાં. આકૂતિ, દેવહૂતિ–મનુ કુમારિકાઓમાં સુયજ્ઞ અને કપિલ અવતારો અનુક્રમે થયા. રાજા મનુએ સર્વ ત્યજી સુનંદાના કિનારે તપ આદર્યું. શ્લોક ૯ થી ૧૬ સુધીમાં ઇશોપનિષદની છાયાત્મક

સ્તુતિથી વિશ્વપતિને આરાધ્યા. વિશ્વગત સમસ્ત પ્રાણીઓમાંના ઈશ્વરને સંભાળવા એ તો નૃપતિની તત્વારાધના છે. '**स विश्वकायः पुरुहूत ईश्वरः**' શ્લોકથી ભગવાનનું સ્વરૂપ વર્ણવ્યું. વિશ્વ શરીર છે અને વિવિધ નામ છે તે ઈશ્વર છે. **पुरूणि हूतानि यस्य सः पुरुहूतः** જેની અનેક સંજ્ઞાઓ છે તે પુરૂહૂત છે. વિશ્વનાં નામ અને રૂપ એ સર્વ ઈશ્વરનાંજ છે. એ ભાવનાથી પ્રજાની સંભાળમાં પ્રજાનું સુખ સમાયેલ છે. તપોનિષ્ઠ રાજાનો નાશ કરવા તત્પર થયેલ યાતુધાનોનો વિનાશ કરવા ભગવાને **સુયજ્ઞ** અવતાર લીધો.

**બીજા સ્વારોચિષ** મનુ થયા. વેદશિરા ઋષિથી તુષિતા પત્નીમાં **વિભુ** ભગવાને અવતાર લીધો.

**ત્રીજા ઉત્તમ** મનુ થયા. ધર્મને સુનૃતા પત્નીમાં **સત્યસેન** ભગવાને અવતાર લીધો. **ચતુર્થ તામસ** નામે મનુ થયા. શ્રી હરિ મેધાને ત્યાં હરિણી પત્નીમાં **શ્રીહરિ** ભગવાને અવતાર લીધો. ગજેન્દ્ર મોક્ષ કર્યો. રાજાને ગજેન્દ્ર મોક્ષને જાણવાની જીજ્ઞાસા થઇ. એના પ્રત્યુત્તરમાં બીજો અધ્યાય શરૂ થયો.

### અધ્યાય ૨ જો - શ્લોક ૩૩

**आसीद् गिरिवरो राजंस्त्रिकूट इति विश्रुतः ।**
**क्षीरोदेनावृतः श्रीमान् योजनायुतमुच्छ्रितः ॥१॥**

વાસનાનું પ્રતીક ગજેન્દ્ર છે. જ્ઞાન, ધ્યાન, સમાજ સેવા, દેશ સેવા જેવાં સાત્વિક અને સર્વ હિત કાર્યો પણ જો વાસના પૂર્ણ છે તો સૌન્દર્ય, વીર્ય, ચાતુર્ય, કલા, ધન, યૌવન તત્વો વાસના વંચિત કેમ સંભવે છે ? હાથીની આંખ હાથીના શરીરના કદના કરતાં નાની છે તેથીજ તે ખાડામાં પડે છે. વાસનાની નજર દૂર દર્શિની, ભાવ દર્શિની, સૂક્ષ્મદર્શિની કે પરિણામ ગામિની નથી હોતી; હોય છે કેવલ ભોગદર્શિની ને આપાત દર્શિની, તેથી તેનો વિનિપાત છે. **ગિરિવર**-ઉત્કૃષ્ટ માનવ દેહ ગિરિવર છે. માનવેતર દેહ સામાન્ય પર્વત છે. એ શરીરમાં સન્મેધા ન આવી શકે. માનવ દેહમાં સન્મતિ અને સેવા આવી શકે છે. '**बड़े भाग मानुष तनु पावा**'- દેહના મહત્વને વર્ણવતું શ્રી રામચંદ્રજીનું વચન છે. '**नृदेहमाद्यं सुलभं सुदुर्लभम्**'- વ્યાસજીનું વચન છે. **राजन्**- જેને પ્રમાદ કરતાં વિલંબ નથી, પાપ કરતાં સંકોચ નથી, કોઇનું અપમાન અનાદર કરતાં વિચાર નથી, ત્યારે તેને રજોગુણી માની **राजन्** શબ્દે સંબોધન થાય. પરીક્ષિત રાજાએ પણ શમીકના કંઠમાં સાપ મૂકયો અને આ પ્રકરણના નાયક પાંડય રાજા-ઇન્દ્રદ્યુમ્ને આંગણે પધારતા અગસ્ત્યને અવલોકીને આવકાર દેવાને બદલે ધ્યાનમગ્ન દેખાવાનો ડોળ કીધો અને દૃષ્ટિ બંધ રાખી. એ છે રજોગુણ ધર્મ. **त्रिकूटः** પર્વતનું નામ છે. કામ, ક્રોધ, લોભ-ત્રણ મહાન કૂટો તેમાં અડ્ડો જમાવી બેઠા છે. તે ત્રિવિક્રમને કે ત્રિગુણાતીતને પેસવા નથી દેતા. જો ત્રિકૂટમાં રામ કે શ્યામ આવે તો ચિત્રકૂટ કે શ્રી ગિરિરાજ બને, **विश्रुतः**- વેદ વિદિત, દેવ વાંછિત અને શાસ્ત્ર પ્રશંસિત માનવ દેહ છે. **यद्यत्र नः स्वर्ग सुखावशेषितम्**- પંચમ સ્કંધમાં દેવોએ પ્રાર્થના કરી કે જો સ્વર્ગ સુખ અમારૂં અવશિષ્ટ હોય તો કલ્પોના આયુષ્યના બદલામાં ક્ષણ આયુષ્યની માનવ કાયા મળે. **क्षीरोदेन आवृतः**- ધર્મ, તો કર્મ, જ્ઞાન, સત્સંગ આદિ દૂધ ભર્યા સાગરોથી સુરક્ષિત છે. **श्रीमान्** સેવોપયોગી છે. શ્લોક ૨ થી ૧૯ સુધી ગિરિવરનું ગૌરવ ગાયું છે.

**तत्रैकदा** એક દિવસ તે ગજેન્દ્ર તે વનના સરોવરમાં સ્નાન માટે આવ્યો. સુખની આશાએ સંસારના વિષય જલમાં ગાફલ જીવે કુટુંબ સાથે પ્રવેશ કર્યો.

**तं तत्र कश्चिन्नृप दवनोदितो ग्राहो बलीयान् चरणे रुषाऽग्रहीत्** પ્રમત્ત થઈ જીવન; યૌવન, ધનનો અપવ્યય કરતા માનવને જરા નામના કાલધર્મ મઘરે ક્રોધથી ચરણમાં મજબૂત પકડ્યો. પગમાં શૈથિલ્ય આવે અને કાનમાં શ્વેત કેશ આવે, ત્યારથી **કેશવ** ને યાદ કરવા. **ग्राहः** કાલ મઘર છે. **रुषा** લાલ આંખવાળા યમરાજ કહે છે કે **कथं नार्जितो देवः केशवः क्लेशनाशनः**- શા માટે મૃત્યુના હાથમાંના કેશપાશથી છોડાવનાર કેશવને ન ભજ્યા ?

**न माभिमे ज्ञातय आतुरं गजाः कुतः करिण्यः प्रभवन्ति मोचितुम् ।**
**ग्राहेण पाशेन विधातुरावृतोऽप्यहं च तं यामि परं परायणम् ॥३२॥**

આખરે એને આત્મવિવેક થયો. ભોગ રોગનું ઘર છે; યૌવન પ્રમાદનું વન છે; સ્વજન સ્વાર્થનું સાજન છે. ભગવાન અને ભગવન્નામ એકજ સાચું ધન, સાધન અને સ્વજન છે, એવો વિવેક આવ્યો અને સન્માર્ગ તરફ, ઈશ્વર સ્તવન તરફ ઢળ્યો.

### અધ્યાય ૩ જો શ્લોક ૩૩

૩૩ શ્લોકથી ૩૩ કોટિ દેવોને તે પોકારે છે. તેના દેહમાં રહેલા ૩૩ દેવો તેને આજે સાનુકૂળ બન્યા છે, પ્રભુની સ્તુતિમાં પ્રેરે છે. ગીતાજીની દર્શાવેલી વ્યવસાયાત્મિકા બની તેને હરિકૃપાએ મળી અને સ્તુતિ આરંભી.

**मादृक्प्रपन्नपशुपाशविमोक्षणाय मुक्ताय भूरिकरुणाय नमोऽलयाय ।**
**स्वांशेन सर्वतनुभृन्मनसि प्रतीतप्रत्यग्दृशे भगवते बृहते नमस्ते॥१७॥**
**आत्मात्मजाप्तगृहवित्तजनेषु सक्तैर्दुष्प्रापणाय गुणसंगविवर्जिताय ।**
**मुक्तात्मभिः स्वहृदयेपरिभाविताय ज्ञानात्मने भगवते नम ईश्वराय॥१८॥**
**जिजीविषे नाहमिहामुया किमन्तर्बहिश्चावृतयेभयोन्या ।**
**इच्छामि कालेन न यस्य विप्लवस्तस्यात्मलोकावरणस्य मोक्षम् ॥२५॥**

આ ત્રણ શ્લોકથી નિત્ય નિદ્રા સમયે સ્તુતિ કરવી જોઇએ, ભલે સંપૂર્ણ અધ્યાયની પછી સ્તુતિ ન થઇ શકે. ૩૦ મા શ્લોકમાં શ્રી હરિના અવતારનો આવિર્ભાવ છે ૩૨મા શ્લોકમાં ગજેન્દ્રે પ્રપત્તિ લીધી. **उत्क्षिप्य साम्बुजकरं गिरमाह कृच्छ्रान्नारायणाखिलगुरो भगवन् नमस्ते ।**

### અધ્યાય ૪ થો શ્લોક ૨૬

કુલાચલ પર્વતમાં **ઇન્દ્રદ્યુમ્ન** રાજા આરાધના કરતા હતા. સંત આવ્યા, જોયા; સાધુતાનો, ધ્યાનનો, દંભ નામનો ઉપધર્મ આચર્યો; અનાદર થયો, પતન થયું. સંત ગુરુ આવે, જપ અધુરો મુકી, આદર કરી, પુનઃ જપ આરંભવો. બમણો લાભ થશે. મદાન્ધ જેવો ધર્મ આદર્યો, જેથી મદમત્ત ગજેન્દ્રની યોનિ થઇ.

હૂ હૂ કાલનું સ્વરૂપ છે. ગંધર્વના રૂપે ઓળખાવે છે. સંધ્યામગ્નને કાલ ન ગળી શકે. સંધ્યામગ્નની ઇન્દ્રિયો અન્તર્મુખ હોય છે. તેને બહિર્મુખ કાલધર્મો સતાવતા નથી. દેવલ ઇન્દ્રિયના દેવોને સ્વાધીન કરીને વસનાર જીતેન્દ્રિય દેવલ છે. તે સંસારમાંજ વસે છે, પરંતુ કાલને જીતી શકે છે. જે દિવસે દુઃસ્વપ્ન આવે તે દિવસે ગજેન્દ્ર મોક્ષનો પાઠ કરવો. દુષ્ટ સ્વપ્નનું અનિષ્ટ ફલ નહિ મળે. વધુ ન થઇ શકે તો શ્લોક ૧૭ થી ૨૫ સુધીનો સુતાં, જાગતાં પાઠ કરે તેને નિદ્રા મળે અને સર્વ વિધ મંગલ મળે. આઠ શ્લોકોમાં ૪૨ સંખ્યામાં પ્રાતઃસ્મરણીય તત્વોનો ઉલ્લેખ કર્યો છે.

## દ્વિતીય પ્રકરણ - સર્વદાન. અધ્યાય ૫ થી ૧૪.

### અધ્યાય ૫ મો શ્લોક ૫૦

આપત્તિમાં મુકત થવાનું સાધન સર્વવિધ દાન છે. ધ્યાન, દાન અને જ્ઞાન એ શાંતિનાં સાધન છે. સ્નાન અને દાન દશ પ્રકારનાં થાય છે. ૧૦ અધ્યાયથી દાન પ્રકરણનો વિચાર કર્યો છે. દાનથી

દુઃખો, દુશ્મનો, દુર્વ્યસનો ટળે છે; દિવ્ય સુખો મળે છે. યૌવન જીવનનું મધ્યવર્તી કેન્દ્ર છે. શકય સર્વ સમર્પણ એ કાળમાં કરી લેવાં. દેવ, દેશ, કુટુંબ, સ્વજન વિગેરે પ્રત્યેક ક્ષેત્રમાં આપવાનો અમૂલ્ય અવસર છે. ઉત્તરાવસ્થા આવતાં કૃપણ બને છે. યુવાવસ્થા ઉદાર હોય છે. ઇન્દ્રિયોના વિલાસોનો ત્યાગ પણ દાન મનાય છે. દાન પ્રકરણના ૧૦ અધ્યાયોમાં ૫ અધ્યાયોથી **અમૃત** પ્રાપ્તિ પ્રસંગ નિરૂપણ છે. આઠ પ્રકૃતિનાં અંગો વિષય વિષથી મરેલાં છે. તેને હરિ રસથી સજીવન કરવાં છે.

પાંચમા અને છઠ્ઠા મન્વંતરની કથા આ અધ્યાયમાં આવે છે. વૈકુંઠ બે છે. એક રમા વૈકુંઠ અને બીજું વ્યાપિ વૈકુંઠ. બ્રહ્માજીએ બીજા અધ્યાયમાં જે વૈકુંઠનાં દર્શન કર્યાં તે વ્યાપિ વૈકુંઠ. તૃતીય સ્કંધમાં રમા વૈકુંઠનું વર્ણન છે, જય વિજયનું જ્યાંથી પતન વર્ણવ્યું છે. લક્ષ્મીજીની લાલસાની સંપૂર્તિ માટે વિષ્ણુ ભગવાને સ્વતંત્ર લોક બનાવ્યો, તેને રમા વૈકુંઠ નામ આપ્યું. પત્નીની અભિલાષાની પૂર્તિ એ પ્રેમ યજ્ઞની એક આજ્યા હુતી છે. **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता:** પત્નીનો જે ઘરમાં આદર થાય છે, તે ઘર વૈકુંઠ બની જાય છે.

**છઠ્ઠા મન્વંતરમાં અજિત** ભગવાને સાગર મંથન કરી દેવોને અમૃત આપ્યું. શ્રી શુકદેવે સંક્ષેપમાં એ વસ્તુ રજુ કરી, ત્યારે રાજાની વિસ્તાર શ્રવણની જીજ્ઞાસા થઇ. આદ્યંત પ્રસંગ આરંભ્યો. દેવો પાસેથી લક્ષ્મી ગઈ. પ્રથમ લક્ષણો જાય, પછીથી લક્ષ્મી જાય. લક્ષ્મીજી આવે ત્યારે સદ્વાસનાઓ થવી જોઇએ. સર્વ હિતનાં કાર્યોમાંજ તેનો વપરાશ ઘટે; પણ જ્યારે તે કુટુંબ ભોગ વિલાસમાં વપરાય, ત્યારે લક્ષ્મી ઘટે, **દુર્વાસા**ના શાપથી લક્ષ્મીજીનો નાશ છે. દુર્વાસનાઓજ શાપ સ્વરૂપે છે.

પચીસ તત્વોના બનેલા દેહથીજ હરિરસામૃતનું પાન થઈ શકે છે. એ લક્ષમાં લઇ બ્રહ્માજી દેવોના પ્રતિનિધિ બનીને શ્લોક ૨૬ થી ૫૦ સુધીના પચ્ચીસ શ્લોકોમાં ભગવાન અજિતની સ્તુતિ કરે છે. સ્તુતિમાં પ્રથમ છ શ્લોકોમાં સ્વરાટ્‌ની અને પછીના બાર શ્લોકોમાં વિરાજ પુરુષની આરાધના છે.

**नाणवः कर्मकल्पोऽपि विफलायेश्वरार्पितः ।**
**कल्पते पुरुषस्यैष स ह्यात्मा दयितो हितः ॥४८॥**

---

### અધ્યાય ૬ ઠ્ઠો – શ્લોક ૩૯

સ્તુતિ સર્વશ્રેષ્ઠ લક્ષ્મી છે. ભગવાન લક્ષ્મી પતિ છે. જ્યાં લક્ષ્મી હોય ત્યાં ભગવાન અવશ્ય પધારે. બ્રહ્માજીની સ્તુતિથી પ્રસન્ન થયેલ પ્રભુએ દેવોને દર્શન આપ્યાં. હરિદર્શનજ અમૃત છે. દેવોને દર્શનથી અમૃત મળ્યું. કેવલ અષ્ટમ સ્કંધમાંજ ભગવાનનાં દર્શન સમયે સ્ત્રી લિંગે પ્રભુની મૂર્તિનું સ્તવન છે. શ્રી હરિ આ અલૌકિક મૂર્તિથીજ અમૃતપાન કરાવશે એ પણ સૂચવ્યું છે. મૂર્તિનાં દર્શન થતાંજ બ્રહ્માજી આઠ શ્લોકથી પુનઃ પ્રાર્થના કરે છે.

“આન્તર વિગ્રહ અમૃતનો નાશ કરે છે. કુલ કલહ કોટિ લક્ષ્મીનો નાશ કરે છે. સંધિ સ્વર્ગની સીડી છે. સહકાર પ્રભુનો સાક્ષાત્કાર છે, સમાધાન સર્વ સમ્પત્તિનું નિધાન છે. સહયોગ સુખ સંપાદનનો સર્વોત્કૃષ્ટ યોગ છે”, એવી સલાહ ભગવાને આપી. **अरयोऽपि हि सन्धेया:** કુઅવસરે દુશ્મનો સાથે પણ દોસ્તી કરવી. સુલેહ સુધાનો અવલેહ છે.

**क्षिप्त्वा क्षीरोदधौ सर्वा वीरुत्तृणलतौषधीः ।**
**मन्थानं मन्दरं कृत्वा नेत्रं कृत्वा तु वासुकिम् ॥२२॥**

સાગરમાં સર્વ ઔષધિઓ નાખી મંથન કરે અમૃત મળશે. ઔષધિઓ, આરોગ્ય આપશે. સમુદ્ર મંથન એ તો જીવન મંથનનો ક્રિયા યોગ છે. અધ્યાત્મ વિગ્રહમાં વિજય સમ્પાદન કરવાની પ્રક્રિયા છે, યોગ માર્ગની પદ્ધતિનું વિધાન છે. વિશ્વશાંતિ સમ્પત્તિનું જો અમૃત જોઈએ તો બે વર્ગોએ પોતાનો દુરાગ્રહ મૂકી સહકાર સાધવો, તો ઉદય દરેકના હાથમાં છે.

જીવન સાગર છે. પ્રત્યેક સુખ સામગ્રીઓ તેમાં છે. મેળવી શકે તે, જે આત્માને કેળવી શકે. ઔષધિઓ અમૃત પ્રાપ્તિનું અંગ છે. આરોગ્ય અને દીર્ઘાયુ અમૃત છે. આહાર, ઔષધિ સમાન શુદ્ધ, સ્વચ્છ, શ્રમ સમ્પાદિત, સાત્વિક અને સર્વને વહેંચતાં વધવાથી **યજ્ઞાશિષ્ટ** બનેલો લેવો. **यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वे किल्बिषैः।; नाश्नतः पथ्यमेवान्नं व्याधयोऽभिभवन्ति हि।**

**જીવન સાગર** છે. ધ્યેય સિદ્ધિ, ભગવત્પ્રાપ્તિ, કાર્યસાફલ્ય, આનંદ, અમૃત છે. **પ્રયત્ન મન્દરાચલ** પર્વત છે. **मन्दं राति इति मन्दरः** પ્રયત્નને પગલે પગલે ફળ છે, પરંતુ જે પ્રથમ પગલેજ ફલ ચાહે તે સદા નિષ્ફળ છે. પર્વતની માફક પ્રયત્ન અડગ અને અચલ જોઈએ. વિક્ષેપો, વિરોધીઓ, વિઘ્નો, વિપત્તિઓ, પ્રતિસ્પર્ધિઓ, પ્રતિકૂલતાઓ સામે આવે પણ પ્રયત્ન ન તૂટે તેને ત્યાં અમૃતનાં ઝરણાં છૂટે. પ્રયત્ન પર્વત ઉપરથી સુખ – સમ્પત્તિનાં ઝરણાં વહે છે.

**પ્રજ્ઞા કૂર્મ** છે. પ્રયત્નને પ્રજ્ઞાની – સમજના 'સુંથીઆ' ઉપર મૂકી આચરવો. મંથનની પ્રત્યેક સામગ્રીઓ શ્રેષ્ઠ હશે, તો પણ પ્રજ્ઞાની ઉઠરણી ન હોય તો ગોળી ગબડી પડશે, ને અમૃત ઢળી જશે.

**પ્રેમ વાસુકી** રજ્જૂ છે. પ્રેમ પૂર્વક પ્રયત્ન કરતાં પરિશ્રમ નથી લાગતો. યોગિજનોના માર્ગમાં કુંડલીની વાસુકિ છે. તેની જાગૃતિમાં પ્રથમ ઝેર આવે છે. પછીથી અમૃત પીવા મળે છે. આસનસિદ્ધિ કૂર્મ છે. પ્રાણાયામ પર્વત છે. સિદ્ધિઓ શત્રુઓ છે.

કાલ કઠિનાઈઓ, કષ્ટ, કલેશ, કંટાળો, કંટકો કાલકૂટ વિષ છે. વિષમકાલ હોય ત્યાં સુધી અમૃત ન મળે, પણ અકળાવું નહિ, વળગી રહેવું, તો વિજયરૂપી અમૃત હાથમાં છે. માટે કહ્યું **न भेतव्यं कालकूटात्** સંરંભ એટલે ઉતાવળ અથવા ક્રોધ. ઉતાવળ ભૂતાવળ છે. ઉતાવળ રસ ઢોળી નાંખે. ક્રોધ સર્વ ફલ સિદ્ધિનો શત્રુ છે. ભલાઈ લક્ષ્મી છે.

> વસે છે ક્રોધ ચિત્તે જે, સદા તેને ત્યજી દેજે,
> ઘડી જાયે ભલાઈની, મહાલક્ષ્મી ગણી લેજે,
> **—बालाशंकर**

લોભ લક્ષણોનો નાશ કરે છે. ફલાસક્તિ લોભ છે. ફલાસક્તિજ ધ્યેયની આડે આવશે. કામ ન કરવો, કીર્તિની પણ આશા ન કરવી. પ્રયત્નના પર્વત ઉપર કીર્તિનો ધ્વજ સ્વયં ફરકે છે. ગરૂડ ભગવદિચ્છા છે. પ્રયત્ન ભગવદિચ્છા પૂર્વક કરાય તોજ તેનો ભાર ઉપાડાય.

## અધ્યાય ૭ મો શ્લોક ૪૬

પ્રેમ, જ્ઞાન, આત્મદર્શન એ સર્વ અમૃત છે. જીવન સાગરમાંથી સેવા–ભક્તિ, તત્વચિંતન કે યોગાનુષ્ઠાન કરી મેળવવાનાં છે. સેવા ભક્તિમાંથી પ્રેમ પીયૂષ પીવાય. તત્વાવગાહનમાંથી જ્ઞાનામૃત લેવાય. યોગોપાસનામાંથી આત્મદર્શન અમી મેળવાય.

સમુદ્ર મંથનમાં આગ્રહ કરી દૈત્યો વાસુકિના મુખ આગળ રહ્યા, વિષ મળ્યું. પ્રયત્ન પ્રારંભે શૂરા એ અસુરો છે પ્રયત્ન સમાપ્તિ સુધી ધીરા એ સુર-દેવો છે. પ્રયત્નના આરંભે કે અધવચ અમૃત ન મળે, અન્તે મળે. પગાર મહિનો પૂર્ણ થતાં મળે, પ્રથમ કે વચમાં નહિ. ગણપતિનું સ્મરણ વિઘ્નોનો નાશ કરે છે. કૂર્મ ભગવાન પણ ગણપતિનું પ્રતિક છે. ગણપતિનું પેટ મોટું છે. કાર્ય કરનારનું પેટ મોટું જોઈએ.

સૌના બોલ ઉદાર ઉદરમાં ભરી રાખે તે અમૃત પામે. મન્દાક્રાન્તા છંદમાં પ્રભુના સ્વરૂપનું વર્ણન કરે છે. **मेघश्यामः कनकपरिधिः कर्णविद्योतविद्युन्मूर्ध्नि** શ્લોક ૧૭. આ શ્લોકનું ધ્યાન કરવાથી મનોબળ, આત્મબળ ને કૃપાબળ મળે છે. તેમજ થાક ટળે છે. કાર્યના પ્રારંભમાં જો આ શ્લોકનું ધ્યાન કરે તો વિજય મળે છે.

મંથનના પ્રથમ ફળમાં વિષ મળ્યું. **यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम्** । વેદ, વડીલ અને વિવેકના વચન આરંભે કટુ પણ અન્તે અમૃત નીવડે છે. કાર્યારંભ વિષમતાના વિષથી ભરેલ હોય છે, પરિણામે હિતકર બને છે.

વિષમાંથી મુક્ત થવા ૧૫ શ્લોકથી શિવજીની સ્તુતિ કરે છે. પાંચ મુખનાં ત્રણ ત્રણ નેત્રોના હિસાબે ૧૫ શ્લોકથી સ્તવન કરે છે. **मुखानि पंचोपनिषदस्तवेश यैः त्रिंशदष्टोत्तर मंत्रवर्गः** (શ્લોક ૨૯)

સદાશિવ પંચ મુખ છે. તેની ૩૮ કલાઓ છે. ઇશાનની ૫ કલાઓ, પુરુષની ૪ કલાઓ, અઘોરની ૮ કલાઓ, વામની ૧૩ કલાઓ, સદ્યોજાતની ૮ કલાઓ, મળીને ૩૮ કલાઓ થાય છે. **'ईशानः सर्वविद्यानाम्', 'तत्पुरुषाय विद्महे', 'अघोरेभ्योथ घोरेभ्यः', 'सद्योजातं प्रपद्यामि', वामदेवाय नमो ज्येष्ठाय'**–આ પાંચ મંત્રોના પદચ્છેદથીજ ૩૮ મંત્રાત્મક કલાઓ વર્ણવી છે. શાંતિ, વિદ્યા, પ્રતિષ્ઠા, ધૃતિ વગેરે કલાઓની સંજ્ઞાઓ છે.

વિષપાન સમયે સદાશિવ દેવી ઉમાનું અનુમોદન સાડાચાર શ્લોકથી ઇચ્છે છે. **प्राणैः स्वैः प्राणिनः पान्ति** સાધુઓ પોતાના પ્રાણોથી અન્યના પ્રાણોની રક્ષા કરે છે. પ્રિયે! "સંતોષે પ્રાણી, પ્રભુ પ્રસન્ન, સેવો શ્રીકૃષ્ણ કૃપાલ"–એ છે સાચી ઇશ્વરની ઉપાસના. વળી હરિ પ્રસન્ન થતાંજ હું હર પ્રસન્ન થાઉં છું. માટે આપનું અનુમોદન હોય તો વિષપાન કરૂં. પરોપકાર માટે પ્રાણ વિસર્જન કરતાં પૂર્વમાં માતા અને પત્નીની અનુમતિ મેળવવી જોઇએ.

---

### અધ્યાય ૮ મો – શ્લોક ૪૬.

લક્ષ્મી સ્વયંવર, શ્રી ધન્વંતરિ ભગવાન અને મોહિનીનો પ્રાદુર્ભાવ આઠમા અધ્યાયમાં છે. સમુદ્ર મંથનમાંથી પ્રથમ વિષ પછીથી કામધેનુ હવિર્ધાની પ્રકટ થયાં. **हविर्घृतं धीयते अस्यामिति हविर्धानी**. હોમના ઉપયોગી ઘીને ધારણ કરવાથી હવિર્ધાની કહેવાય છે. ત્રીજું રત્ન **ઉચ્ચૈઃ શ્રવસ અશ્વ** પ્રકટ થયો, તે બલિરાજાને આપવામાં આવ્યો. ગોપ્રદાન કરવાથી કામનાઓ પૂર્ણ થાય છે માટે દેવોએ ઋષીઓને કામધેનુનું પ્રદાન કર્યું. દેવોએ સ્નાન કરી દાન કર્યું, પરંતુ અસુરોએ ગાયનું દાન ન કર્યું તેથી તેઓને અમૃત ન મળ્યું. જેઓએ દાન કર્યું, તેઓને યશ મળ્યો. ઉચ્ચૈઃ શ્રવસ યશનું પ્રતીક છે. મહત્કાર્યમાં મળતી **Credit** – કીર્તિ અન્ય વહેંચી દેવાથી વિજય ફળે છે. કુલીન જન કાર્ય સફળતાના ઉજ્જવલ યશને કુટુંબીજનોને વહેંચી આપે છે, ત્યારે પ્રેમામૃત પ્રસવે છે. અશ્વ પછી **ઐરાવત હાથી** પ્રકટ થયો. ઐરાવત ઐશ્વર્યનું પ્રતીક **Symbol**– છે, જેના ઉપર ઇન્દ્ર બેસે છે. યશ આપનારને ઐશ્વર્ય મળે છે. ઐરાવત શ્વેત હતો, ચાર દાંત હતા. ઐરાવત પછી **કૌસ્તુભ મણિ** પ્રકટ્યો. જ્ઞાનનું સ્વરૂપ કૌસ્તુભ મણિ છે. શ્રી વિષ્ણુના કંઠનું તે વિભૂષણ છે. જ્ઞાન વિષ્ણુ પાસે સંભવી શકે છે. પછીથી પારિજાતક એટલે કલ્પતરૂ વૃક્ષ પ્રકટ્યું. સ્વભાવ સર્વશ્રેષ્ઠ કલ્પતરૂ છે. મધુર, મંગલ સ્વભાવને સર્વ મનોરથો ફળે છે, જનમાન મળે છે અને શ્રી પણ તેનાજ પગલે આવે છે, કારણ કે–**जनानुराग प्रभवा हि संपदः** જનાનુરાગમાંથી સમ્પત્તિ જન્મે. ત્યારબાદ અપ્સરાઓ પ્રકટ થઈ. તેઓ સ્વતંત્ર હોઇ સ્વેચ્છાથી સ્વર્ગમાં ગઈ. પુન. મંથન કરતાં **લક્ષ્મીજી** પ્રકટ થયાં **रंजयन्ती दिशः कान्त्या विद्युत् सौदामनी यथा** (શ્લોક ૮) એજ સમ્પત્તિ છે કે જે સર્વના હિત માટે દશે દિશામાં દશ પ્રકારના દાનથી વિદ્યુત માફક વપરાઈ જાય.

લક્ષ્મીજીનો અભિષેક થયો. ઇન્દ્રરાજે આસન અર્પ્યું. આધિદૈવિકરૂપ લઇ લક્ષ્મીજી પધાર્યાં હોવાથી સરિતાઓ પણ મૂર્તિમતી બની પાવન જલ લાવ્યાં. પૃથ્વીએ પ્રત્યક્ષ થઇ અભિષેક માટે સકલ ઔષધિ સમર્પી.

**कुष्ठं मांसी हरिद्रे द्वे मुरा शैलेय चन्दनम् ।**
**वचा चंपक मुस्ताश्च सर्वौषध्यो दशस्मृताः ॥**

ઉપરોક્ત દશ પ્રકારની સર્વ ઔષધિ ન મળે તો વિષ્ણુકાંતા, સહદેવા, તુલસી અને શતાવરીનાં મૂલ અભિષેકમાં વાપરવાં. અભિષેકનો અર્થ સ્નાન પણ થાય. જો રોજ કોઈ પણ વ્યકિત સર્વૌષધીઓના ચૂર્ણને અંગ ઉપર લગાવી સ્નાન કરે તો સ્ફુર્તિ અને તંદુરસ્તી સાથે આત્મશુદ્ધિ પણ આવે છે. **गावः पंच पवित्राणि**-ગાયો પંચ ગવ્ય લાવ્યાં. **गावः** બહુ વચન કેમ વાપર્યું ? એક ગાયથી પણ પંચ ગવ્ય મેળવાય છે. ત્યારે વિવેક દર્શાવ્યો કે કાંચનવર્ણી ગાયનું દુધ, નીલવર્ણી ગાયનું ઘી, કૃષ્ણવર્ણી ગાયનું દહીં, સફેદવર્ણી ગાયનું ગોમય, લાલવર્ણની ગાયનું ગોમુત્ર મેળવી પંચગવ્ય કરવું. પિતા તરીકે સમુદ્રે પાનેતર, વરૂણે વૈજયન્તીમાલા, વિશ્વકર્માએ વિભૂષણો, સરસ્વતીએ હાર, બ્રહ્માએ કમલ અને નાગોએ કુંડલ દીધાં.

શ્લોક ૨૦ થી રમા વર પરીક્ષા કરે છે. જો કે સમુદ્ર મંથન વખતે પરીક્ષામાં ગણાવેલ સર્વ ઉપસ્થિત ન હતા, પરંતુ વરણમાં કોને વરાય, ન વરાય એ વિચારવા સર્વનો સંગ્રહ કર્યો છે. કદાચ એમ પણ સંભવે કે કોઇ એક કલ્પમાં ગણાવેલ સર્વ હાજર હોઈ શકે. ગમે તેમ હોય પરંતુ ઘર, વર, કુલ, ગુણ, રૂપ, ધામ આદિનો ખ્યાલ કરીનેજ કન્યા આપવી.

અવગુણ વિનાના એકાદ પણ પૂર્ણગુણને રમા વરે, પરંતુ અવગુણભર્યા ગુણ સમૂહને લક્ષ્મી ન વરે. તપનો વિરોધી ક્રોધ, જ્ઞાનનો દુશ્મન દુઃસંગ, કીર્તિ પ્રતિપક્ષ કામ, અસૂયા ભર્યું ઐશ્વર્ય, ભૂત દયા શૂન્ય ધર્મ, આસક્તિ-ત્યાગ વિનાનુ દાન, કરૂણા વિરહિત વીર્ય, શીલ શૂન્ય દીર્ઘાયુઃ, મંગલ વેષ વર્જિત શીલ દીર્ઘાયુષ્ય અને સર્વ મંગલ ગુણ યોગ છતાં આકાંક્ષાને લક્ષ્મીજી ન વરે. લક્ષ્મી તો વરે સુલક્ષણ વર, શ્રી લક્ષ્મીવરને, કે જ્યાં કોઇ પ્રતિપક્ષી અવગુણ વિનાનો ગુણ સમુદાય છે.

**वव्रे वरं सर्वगुणैरपेक्षितं रमा मुकुन्दं निरपेक्षमीप्सितम् ॥२३॥**

લક્ષ્મીવરે વિશ્વની આવશ્યકતા લક્ષમાં લીધી અને લક્ષ્મી વિશ્વના જરૂરિયાતના આંગણે વાપરી દીધી. ખપના ખેતરમાં વાપરેલી લક્ષ્મી એ તો વાવેલી કુલમાં કલ્પવેલી છે. લક્ષ્મીનો ઉપભોગ કરનારને-અસુરોને પ્રમાદ-મદિરા મળી. વિષ્ણુને પ્રમોદ સુધા મળી. માટેજ અમૃત કલશ લઇ ધન્વંતરિ અવતર્યા. આન્તર વિગ્રહને હરવા મોહિનીજી પ્રકટ થયાં.

### અધ્યાય ૯ મો - શ્લોક ૨૯

અસુરોની પ્રકૃતિ અધીરી અને કામી હોય છે. વિના પરિચયે પરદારાને વર્ણવે, નીરખે, વિલાસ કુચેષ્ટા અને ચંચલતા આચરે. મોહિની પાસે આવી અસુરો કહેવા લાગ્યા, "**वयं कश्यपदायादाः**- હમે કશ્યપના પુત્રો છીએ, અને આપ હમારા લવાદ બનો." ભગવાને ઉત્તર વાળ્યો કે

**कथं कश्यपदायादाः पुंश्चल्यां मयि संगताः ।**
**विश्वासं पंडितो जातु कामिनीषु न याति हि ॥९॥**

અમૃત વ્રતી, યતિ, આત્મરતિ અને સુકૃતીને મળે. દેવોને ઉપોષણ વ્રત આદિ કરવાથી અમૃત મળ્યુ. દાનવ, અસુરો આદિ વ્રત વર્જિત હોવાથી ન મેળવી શકયા. રાહુ સૂર્ય ચન્દ્રની વચમાં આવ્યો. ભગવાને તેને દૂર કર્યો. લક્ષ્ય સિદ્ધિ નામના અમૃત પાનમાં વિષય પ્રીતિ રાહુ આડે આવે છે. ધ્યાનસ્થ દશામાં જતા ચિત્તમાં વિત્ત, વનિતા, વિલાસાદિની સ્મૃતિ આવ્યાં કરે છે. કેવલ ભગવત્સૌન્દર્ય દર્શન આનંદથી તે દૂર થાય છે. માટે નિર્બીજ યોગ ઉપાસના કરતાં સાકાર ઉપાસના ચિત્તલય અને અદ્ભુતામૃત માટે સુકર અને સુખકર નીવડે છે, જ્યાં વિષયો ભગવત્સેવા સામગ્રી બની જાય છે. તેનો નિર્દેશ **यद् युज्यतेऽसुवसुकर्ममनोवचोभिः** શ્લોક ૨૯ માં કર્યો છે.

### અધ્યાય ૧૦-૧૧ - શ્લોક ૫૭-૪૮

અમૃત અનુકંપાથી મળ્યું છે. એ અનુસંધાન દેવોને ન રહ્યું, અને માન્યું કે પોતાના પ્રયત્નથીજ અમૃત મેળવ્યું છે. તેજ રીતે દૈત્યો સાથેના સમરાંગણમાં પણ માનવા લાગ્યા. આથી કૃતજ્ઞતાનું દર્શન દેવોમાં ન જોયું અને અમૃતે ઉપકાર ન કર્યો. દેવો હારવા લાગ્યા. કૃપાવશ પ્રભુએ ત્યારે યુદ્ધમાં પણ પ્રકટ થઈને સહાય કરી.

સજ્જનમાં સમદૃષ્ટિ એ સર્વશ્રેષ્ઠ સદ્ગુણ હોય છે. અમૃતપાનથી માતબર બનીને તેમજ ભગવાનનું બળ મેળવી દૈત્યોનો વિનાશ કરતા દેવોને વિવેકવૃત્તિ આપી યુદ્ધમાંથી વારી લીધા.

### અધ્યાય ૧૨ મો શ્લોક ૪૭

અમૃત પાનથી ઈન્દ્રિયો અને શરીર બલિષ્ઠ બને છે. ધર્મનિષ્ઠ કે સત્સંગનિષ્ઠ તે બલથી સ્વરૂપનિષ્ઠ રહી શકે છે, જ્યારે બીજા તો માર્ગ ચૂકે છે. ભગવાન સ્વયં યોગવેદ અને ત્યાગનું સ્વરૂપ છે. એટલેજ મોહ પેદા કરાવનારી મોહિનીથી વંચિત ન થયા. જ્યારે મોહિનીના પ્રસંગમાં આવ્યા ત્યારે વૃષભ એટલે ધર્મના અવલંબને આવ્યા, અને સતીને આત્મવિદ્યાને - સાથે લાવ્યા. એથી સ્વરૂપ રહ્યા. **ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा** જ્ઞાનીઓના ચિત્તમાં પણ માયા વિક્ષેપ કરે છે, જો સર્વત્ર ઈશ્વર ભાવ જાગ્રત ન થયો હોય તો. સૌન્દર્યને ઈશ્વર ધર્મ તરીકે જોનારને વિકાર નથી થતો. **कोऽनु मेऽतितरेन्मायां विषक्तस्त्वदृते पुमान्** મોહિની ભગવાને કહ્યું કે આપ પુણ્ય પુરૂષનુંજ સ્વરૂપ છો, તેથી માયાને તરી શકયા છો. આ મોહિની પ્રસંગના પાઠનું સતત ચિંતન કરે તો મોહ વિજય થઈ જાય છે.

ઉષા

### અધ્યાય ૧૩-૧૪. શ્લોક ૩૬-૧૧

તેરમા અધ્યાયમાં અવશિષ્ટ આઠ મન્વંતરોની કથા છે. સપ્તમ મન્વંતરમાં શ્રી વામન ભગવાનનો અવતાર છે. શ્રાદ્ધદેવ સપ્તમ મન્વંતરના મનુ છે. ચૌદમા અધ્યાયમાં મનુ, દેવ, મનુપુત્ર ઈન્દ્ર ઋષિ અને દેવોના કર્તવ્યનું નિરૂપણ કર્યું છે. ૧૧ શ્લોકનો આ નાનો અધ્યાય છે.

# — ચૌદ મન્વન્તરો —

| સંખ્યા | મનુ | મનુના પુત્રો | ઇન્દ્ર | ઋષિઓ |
|---|---|---|---|---|
| ૧ | સ્વાયંભુવ | ઉત્તાનપાદ, પ્રિયવ્રત | | |
| ૨ | સ્વારોચિષ | ધુમાન, સુષેણ, રોચિષ્માન વગેરે | રોચન | ઉર્જસ્તંભાદિ |
| ૩ | ઉત્તમ | પવન, સૃંજય, યજ્ઞ, હોતા વગેરે | સત્યજિત | વસિષ્ઠના પ્રમાદાદિ ૭ પુત્રો |
| ૪ | તામસ | પૃથુ, ખ્યાતિ, નર, કેતુ, વગેરે ૧૦ પુત્રો | ત્રિશિખ | જ્યોતિર્ધામાદિક |
| ૫ | રૈવત | અર્જુન, બલિ, વિન્ધ્ય | વિભુ | હિરણ્યરોમા, વેદશિરા, ઉર્ધ્વબાહુ વગેરે |
| ૬ | ચાક્ષુષ | પૂરુ, પૂરુષ, સુદ્યુમ્ન વગેરે | મંત્રદ્રુમ | હવિષ્માન, વીરકાદિ, |
| ૭ | શ્રાધ્ધ દેવ | ઇક્ષ્વાકુ, નભગ, ધૃષ્ટ, શર્યાતિ, નરિષ્યંત, નાભાગ, દિષ્ટ, કરૂષ પૃષધ્ર, વસુમાન | પુરંદર | કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ, ભરદ્વાજ |
| ૮ | સાવર્ણિ | નિર્મોક, વિરજસ્ક વગેરે | બલિ | ગાલવ, દીપ્તિમાન, રામ, અશ્વત્થમા, કૃપાચાર્ય, ઋષ્યશૃંગ બાદરાયણ વ્યાસ |
| ૯ | દક્ષ સાવર્ણિ | ભૂતકેતુ, દીપ્તકેતુ | અદ્દભુત | દ્યુતિમાન વગેરે |
| ૧૦ | બ્રહ્મ સાવર્ણિ | ભૂરિષેણ વગેરે | શંભુ | હવિષ્માન, સુકૃતિ, સત્ય, જય, મૂર્તિ |
| ૧૧ | ધર્મ સાવર્ણિ | સત્ય, ધર્માદિ ૧૦ પુત્રો | વૈધૃત | અરુણાદિ |
| ૧૨ | રુદ્ર સાવર્ણિ | દેવમાન, ઉપદેવ, દેવશ્રેષ્ઠ વગેરે | ઋત ધામા | તપમૂર્તિ, આગ્નીધ્ર વગેરે |
| ૧૩ | દેવ સાવર્ણિ | ચિત્રસેન, વિચિત્ર વગેરે | દિવસ્પતિ | નિર્મોકિ, તત્ત્વદર્શાદિ |
| ૧૪ | ઇન્દ્ર સાવર્ણિ | ઉરગંભીર, બુદ્ધિ વગેરે | શુચિ | અગ્નિ, બાહુ, શુદ્ધિ, માગધ વગેરે |

# — ચૌદ મન્વન્તરો —

| ઇશ્વર | દેવો | મનુનું કાર્ય | ઇશ્વરનું કાર્ય |
|---|---|---|---|
| આકૂતિમાં **યજ્ઞમૂર્તિ** (૧)<br>દેવહૂતિમાં **કપિલદેવ** (૨) | — | ઉપનિષદ વિચાર્યો | ૧. અસુરોને મારી સ્વર્ગનું રાજ્ય<br>૨. ધર્મજ્ઞાનનો ઉપદેશ |
| **વિભુ**–વેદશિરા ઋષિની પત્ની તુષિતામાં | તુષિત આદિ | બ્રહ્મચર્યનું પાલન | બ્રહ્મચર્યનું પાલન |
| **સત્યસેન**–ધર્મની પત્ની સુનૃતામાં | સત્ય, વેદશ્રુત, ભદ્રાદિ | સત્યની રક્ષા | ખોટાં આચરણ કરનાર રાક્ષસોનો નાશ |
| **હરિ**–હરિમેધાની પત્ની હરિણીમાં | સત્યક, હરિ વગેરે | વેદાભ્યાસ કર્યો | ગજેન્દ્ર મોક્ષ |
| **વૈકુંઠ**–શુભ્રની પત્ની વૈકુંઠામાં | ભૂતરય વિગેરે | વ્રતસહ ભગવત્સેવા | વૈકુંઠ લોક બનાવ્યો |
| **અજિત**–વરાજથી સંભૂતિમાં | આપ્યાદિ | ભગવદ્ ભક્ત, દેવોની સેવા | કૂર્મનું રૂપ ધરી સમુદ્ર મંથન |
| **વામન**–કશ્યપથી અદિતિમાં | આદિત્ય, વસુ, રૂદ્રો, વિશ્વદેવ, અશ્વિની-કુમાર, ઋભુ, મરૂદ્દગણ | વૈષ્ણવ વ્રત | બલિ પાસે ત્રણ પગલાં પૃથ્વી |
| **સાર્વભૌમ**–દેવગુહ્યથી સરસ્વતીમાં | સુતપસ વગેરે | પુષ્ટિમાર્ગીય ધર્મ | પુરંદર પાસેથી બલિને સ્વર્ગ અપાવશે |
| **ઋષભ**–આયુષ્માનથી અંબુધારામાં | પારા મરીચિ વગેરે | યજ્ઞાદિ ધર્મો | ત્રિલોકીનું રક્ષણ |
| **વિશ્વકસેન**–વિશ્વજિતથી વિષૂચિમાં | સુવાસન વગેરે | લોકરક્ષક ધર્મો | શંભુ સાથે મૈત્રી |
| **ધર્મસેતુ**–આર્યકથી વિધૃતામાં | વિહંગમ વગેરે | સ્મૃતિના ધર્મો | ત્રણ લોકની રક્ષા |
| **સ્વધામા**–સત્યસહથી સુનૃતામાં | હરિત વગેરે | વૈરાગ્યના ધર્મો | મન્વંતરનું પાલન |
| **યોગેશ્વર**–દેવહોત્રથી બૃહતીમાં | સુકર્મા વગેરે | ઉપાસ્ય દેવોના પોષક ધર્મો | દિવસ્પતિ ઇન્દ્રના સહાયક |
| **બૃહદ્ ભાનુ**–સત્રાયણથી વિનતામાં | પવિત્ર, ચાક્ષુસ વગેરે | ધર્મપૂર્વક ભોગ્ય ધર્મો | — |

## પ્રકરણ ૩ જું. વચન પાલન. અધ્યાય ૧૫ થી ૨૩.

**આત્મનિવેદન** જીવન સંસ્કરણનું અનન્ય સાધન છે. કાર્ય માત્રમાં આત્માને મૂકીને જો કાર્ય થાય તો કાર્યનો હેતુ સરે. સ્વત્વ ભૂલી જવું, મમત્વ મૂકી દેવું અને સર્વસ્વ પ્રભુની સેવામાં સોંપી દેવું એ અનુપમ સંસ્કરણ આત્મનિવેદનથી સરે છે. પ્રથમ વાણીથી નિવેદન કરવું એટલે વચન બદ્ધ, પ્રતિજ્ઞારત કે નિશ્ચિત સિદ્ધાન્તી થવું. બાદ વચનાનુસાર કે પ્રતિજ્ઞાનુસાર પ્રત્યેક ક્ષણે ક્રિયામય થવું. ક્રિયામય થવામાં ગમે તેવો ભોગ આપવો પડે તો તેને **પ્રેમયોગ** સમજીને અત્યંત સ્નેહભાવ ને દૈન્યભાવથી અપનાવી લેવો.

અષ્ટમ સ્કંધના ત્રીજા પ્રકરણનું નામ **નિવેદન** છે. બલિરાજાની ભગવદીયતા આ પ્રકરણના ૯ અધ્યાયોમાં આદર્શમય, પ્રેરક અને બોધમય રીતે ઉપલબ્ધ થાય છે. ચિત્તને વિત્તમાંથી ઉપાડી લેવું અને ચિંતનમાં મૂકી દેવું. આત્મનિવેદન સિદ્ધ કરવાની એ ચાવી છે. ૯ અધ્યાયના નિવેદન પ્રકરણમાં અવાંતર ૩ પ્રકાર છે—**સાધન**, **દાન** અને **દાનફલ** એવા ત્રણ અધ્યાયના ત્રણ વિભાગો છે.

વિપ્રકૃપા, વ્રતકૃપા અને વિશ્વેશ્વરકૃપા નામના **સાધન પ્રકરણના** ૩ અધ્યાયો છે. શુક્રાચાર્ય—વિપ્ર—કૃપાથી બલિરાજાને ત્રૈલોક્યની લક્ષ્મી મળી. અદિતિ માતાને વ્રતકૃપાથી ભગવન્નિષ્ઠા ફળી. હરિ કૃપાથી શ્રી હરિ અદિતિ માતાના પુત્ર થયા. સાધન પ્રકરણનો અર્થ સિદ્ધ થયો.

**દાન પ્રકરણના** ત્રણ અધ્યાયમાં એકથી અજ્ઞાનમાં દાન અને બે અધ્યાયથી જ્ઞાનપૂર્વક દાન જોવામાં આવ્યું. અજ્ઞાનના દાનમાં અહંભાવ, ઉપકાર ભાવ અને દાતૃત્વ ભાવ આવે છે.

**દાનફલ** નામના ત્રીજા પ્રકરણમાં આત્મશુદ્ધિ સિદ્ધ થઈ જાય અને જીવનનું લક્ષ્યબિંદુ ફળીભૂત થઈ જાય છે.

### અધ્યાય ૧૫ મો. શ્લોક ૩૬

૧૫ મા અધ્યાયમાં બલિરાજા વિશ્વજિત યજ્ઞ કરી વિશ્વને જીતે છે, અને દેવો સ્વર્ગને ત્યજી ભૂગર્ભ વાસમાં ચાલ્યા જાય છે, એ વિષય છે. વિપ્ર અવલંબન વિશિષ્ટ આશ્રય છે પરાજીત બલિએ શુક્રાચાર્યની કૃપાથી યજ્ઞ કર્યો. સુવર્ણરથ, હરિવર્ણ અશ્વ અને સિંહધ્વજ અગ્નિનારાયણે આપ્યાં. અગ્નિના ઉપાસકને સુવર્ણ સમાન તેજસ્વી, તાકાતવાન અને શુદ્ધ કાય રથ બને છે. ઈન્દ્રિય રૂપી અશ્વો પણ ઉજજવલ અને અમોઘબલ બને છે. આત્માના સિંહ સમાન અભય સ્વભાવનો અનુભવ થાય છે. ધનુષ્ય, ભાથાં, કવચ અને 'અમ્લાન પુષ્પ'ની માલા પ્રહલાદજીએ આપ્યાં પ્રહલાદ વિશુદ્ધશીલ છે. વિશુદ્ધશીલની જ કીર્તિમાલા કરમાતી નથી. સંયમનું કવચ પ્રણવમંત્રરૂપી ધનુષ્ય બળ અમોઘ બને છે. કાર્યોરૂપી અનન્તબાણો વિજયી બને છે. શુક્રાચાર્યજીએ શંખ આપ્યો. શુક્ર વીર્ય છે. વીર્યનો સંરક્ષક શબ્દ બ્રહ્મજ્ઞાન શંખને મેળવી શકે છે. બલિ રાજાએ સ્વર્ગને ઘેરી લીધું. દેવો સ્વર્ગ ત્યજી સુગુપ્ત બનીને બચ્યા. ઈન્દ્રરાજા મયૂર, અગ્નિદેવ, કબૂતર, યમરાજ વાયસ વગેરે રૂપો બદલી વસવા લાગ્યા.

### અધ્યાય ૧૬ મો - શ્લોક ૬૨

પયોવ્રત અને પુસંવન વ્રત એ બે તેજસ્વી સંતતિને દેનારા સિધ્ધ પ્રયોગો છે. અલ્પ સંખ્યા પણ સિંહ સમાન પરાક્રમી અને ઉજજવલ સંતતિવાળો દેશ દરેક ક્ષેત્રમાં વિજયી બને, દરેક

દેશનો મુકુટ બને, સ્વતંત્રતાને અખંડ રાખી શકે. આ અધ્યાયમાં પયોવ્રત બતાવ્યું છે. છઠ્ઠા સ્કંધના ૧૮-૧૯ અધ્યાયોના પુસંવન વ્રત વિધિને અને આ પયોવ્રતના પ્રકારને સમજી, અનુસરીને જો મનુષ્યો સંતાનનાં માતા પિતા બને તો સંતાપ, પાપ, પ્રમાદ ટળતાં વાર ન લાગે. ફાગણ સુદ એકમથી ત્રયોદશી સુધીનું ઉદ્યાપન સાથેનું આ વ્રત છે. અતિથિ, અગ્નિ અને અગ્રજન્મા એ ત્રણની ઉપાસના સર્વ કામનાઓને પૂર્ણ કરે છે. એ ત્રણ વિનાના નિવાસો નિસ્તેજ અને શૂન્ય લાગે. અતિથિના પગલે પુણ્યો વધે. અગ્નિની ઉપાસનાએ ઐશ્વર્યો મળે. અગ્રજન્માની ઉપાસનાએ ઈશ્વર મળે. શૂન્ય અને નિસ્તેજ આશ્રમ જોઈને કશ્યપે અદિતિને પૂછ્યું કે આશ્રમ શૂન્ય શાથી? કશ્યપ ઋષિએ ૨૪મા શ્લોકથી પયોવ્રત વિધિ સમજાવ્યો.

મહાવદ અમાવાસ્યાએ તીર્થમાં દશ વિધ સ્નાનપૂર્વક પૂર્વાંગ, ઉત્તરાંગ પ્રાયશ્ચિત કરી ફાલ્ગુન શુક્લ પ્રતિપદથી દ્વાદશી સુધી પયોવ્રત કરવું. શ્લોક ૨૯ થી ૩૩ સુધીના ૯ મંત્રો દ્વારા વિષ્ણુનું આવાહન, પૂજા વગેરે કરવાં

**नमो द्विशीर्ष्णे त्रिपदे चतुःशृंगाय तन्तवे ।**
**सप्त हस्ताय यज्ञाय त्रयीविद्यात्मने नमः ॥३१॥**

**चत्वारि शृंगा त्रयो अस्य पादा द्वे शीर्षे सप्त हस्तासो अस्य । त्रिधा बद्धो वृषभो रोरवीति महादेवो मर्त्यां आविवेश । वृषभ** શબ્દનો અર્થ યજ્ઞ, વિષ્ણુ અને શબ્દ પ્રપંચ એવો થશે. પૂર્વોત્તર મીમાંસા પરક આ મંત્ર છે. શબ્દ પ્રપંચ પર આ મંત્ર લઈએ ત્યારે શબ્દ બે પ્રકારનો વિચાર્યો છે. એક વર્ણાત્મક અને બીજો ધ્વન્યાત્મક. વર્ણાત્મક શબ્દ પણ સાધુ શબ્દ અને અસાધુ શબ્દના ભેદથી બે પ્રકારનો છે. સાધુ શબ્દ પણ વેદરૂપ અને વેદમૂલક સ્મૃતિ, ઈતિહાસ, પુરાણ રૂપે બે પ્રકારનો છે. વૃષભ શબ્દનો અર્થ

આ સ્થાને વેદ અને વેદમૂલક શબ્દ વિસ્તાર એવો થશે. **महादेवः मर्त्यान् आविवेश**–દેવ, મનુષ્યાદિને પરમાત્માને સમજાવવા માટે આ શબ્દ પ્રવૃત્ત થયો. આ **वृषभो रोरवीति** નિર્દિષ્ટ રૂપે જગતના વૃષભથી જુદા પ્રકારનો આ વૃષભ શબ્દ કરે છે. **चत्वारि शृंगाः** આ શબ્દ સ્વરૂપ વૃષભનાં નામ, આખ્યાત, નિપાત, ઉપસર્ગ નામનાં ચાર અંગો એ ચાર શૃંગો છે; **त्रयो अस्य पादाः**– ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણ પાદો છે; **द्वे शीर्षे**– પ્રવૃત્તિ-નિવૃત્તિ અને અને તેનો આશ્રય એવાં બે મસ્તક છે; **सप्त हस्तासो अस्य**– સાત વિભક્તિઓ સાત હસ્ત છે; **त्रिधा बद्धः**– ઉર, કંઠ, મસ્તક ત્રણ સ્થાનોમાં તે વ્યક્ત બને છે. બીજો અર્થ ચાર વેદ ચાર શૃંગ છે; ત્રિસવન–ત્રણ પાદ છે; પ્રાપણીય, ઉદયનીય બે ઇષ્ટિ બે મસ્તક છે; સાત છદ સાત હસ્ત છે; મંત્ર, બ્રાહ્મણ અને કલ્પ એ ત્રણથી બદ્ધ બનીને સવનના ક્રમ પ્રમાણે શબ્દ કરે છે; **यथैनमृग्भिः शंसन्ति, यजुर्भिर्यजन्ति, सामभिः स्तुवन्ति.** ત્રીજો અર્થ–બ્રહ્મા, ઉદ્ગાતા, હોતા અને અધ્વર્યુ એ ચાર શૃંગ છે; વેદત્રયી ત્રણ પાદો છે; હવિર્ધાન, અને મહાવીર બે મસ્તક છે; મૈત્રા વરૂણ, બ્રાહ્મણાચ્છંશી, ગ્રાવ, સ્તોતા, પોતા, અચ્છાવાક, નેષ્ટા– આ સાત જેના હસ્ત છે; ત્રિસવનથી બંધાયેલ વૃષભ છે. વૃષભ એટલે કામનાઓને વર્ષાવનાર છે.

પયોવ્રતના વ્રતાંગે **द्व्यवरान् भोजयेद् विप्रान् पायसेन यथोचितम्** ૧૨, ૨૨, ૩૨ અથવા બેથી વધારે એટલે ત્રણ વિપ્રોને ભોજન કરાવવું. બાર દિવસ વ્રત કરી ત્રયોદશીને દિવસે ઉદ્યાપન કરવું. બ્રહ્મચર્ય પાલન, ભૂમિશયન, ત્રિકાલ સ્નાન, એ વિધિ નિયમો છે. ભોગત્યાગ, મિથ્યાવચન વર્જન, હિંસા ત્યાગ, એ નિષેધ નિયમ છે. **नमो भगवते वासुदेवाय** મંત્રથી પ્રત્યેક ક્રિયા કરવી. તત્પરતા અને **શ્રદ્ધા** એ બે વ્રતનાં મુખ્ય અંગો છે.

## અધ્યાય ૧૭ મો શ્લોક ૨૮

નિષ્ઠાપૂર્વક વ્રત આરાધન નિશ્ચિત ફલને આપે. સાત્વિક ક્રિયા અને ભાવનાની સુમંગલ મૂર્તિ અદિતિ માતાના વ્રતની **પૂર્તિ** માટે પ્રેમમૂર્તિ પ્રભુનો પ્રાદુર્ભાવ થયો. અદિતિ માતાએ સ્નેહાશ્રુ કુસુમાવલિએ શ્રી હરિને વધાવ્યા. ભાવાવેશમાં આવી ભગવાનને નેત્રથી નિરખ્યા;'ના, ના, ચખરસના રસરૂપ હરિને ચાખ્યા કે અન્તરમાં ઉતાર્યા. રસમયી સરસ્વતી સ્તવને ઢળી. દશ પ્રાણના અધિપતિ પ્રભુને ૧૦ સંબોધનથી ગાયા; અને આઠમા શ્લોકમાં પ્રપત્તિ કરી. આઠ વર્ષના જાણે વામન રૂપે થવાની, તેથી પ્રભુને અરજ ન કરી હોય કે પ્રભુને ફરજ ન પડી હોય. "**रमापतिम्; यज्ञ पतिम्, जगत्पतिम्**' ને નિહાળ્યા. સ્વર્ગની સંપત્તિ તો શું પણ વૈકુંઠની સમ્પત્તિ આપશે એ સૂચન માટે **रमापतिम्** કહ્યું. અનુષ્ઠાન વ્રતથી મળ્યા માટે **यज्ञपतिम्** કહ્યું. સર્વ સામર્થ્યના સ્વામી છે, એ ખ્યાલ **जगत्पति** શબ્દથી આપ્યો. માતા પ્રપત્તિ અને સ્તુતિ કરે છે.

**यज्ञेश यज्ञपुरुषाच्युत तीर्थपाद तीर्थश्रवः श्रवणमंगलनामधेय ।**
**आपन्न लोक वृजिनोपशमोदयाद्य**
**शं नः कृधीश भगवन्नसि दीननाथः ॥ ८ ॥**

આઠમા શ્લોકમાં ૧૦ સંબોધનો કર્યાં છે. ૬ ઐશ્વર્યો માટે ૬ વિશેષણ અને ૪ પુરુષાર્થના દાતારના મળી ૧૦ છે. **यज्ञेश**– હે ઐશ્વર્યના દાતાર, **यज्ञपुरुष**– હે વીર્યના અવતાર, **अच्युत**– ઉજ્જવલ યશસ્વિન, **तीर्थपाद**– સર્વ વિધ શ્રીને ચરણે ધરનાર, **तीर्थश्रवः**–જ્ઞાનના સાગર, **श्रवणमंगलनामधेय**– પ્રેમથી વૈરાગ્યને દેનાર હે મંગલ નામ ધેય, **आपन्नलोकवृजिनोपशमोदय**–શરણાગત જનના અન્તરાયના નિવારક શરણ્ય! શરણે આવું છું, ચરણે નમું છું, અખંડ સ્મરણે રમું છું ને પૂછું છું કે પ્રપન્ન રૂપે ગમુ છું?

**प्रायोऽधुना तेऽसुरयूथनाथा अपारणीया इति देवि मे मतिः ।**
**यत्तेनुकुलेश्वरविप्रगुप्ता न विक्रमस्तत्र सुखं ददाति ॥१६॥**

આ શ્લોકમાં શ્રી હરિએ કહ્યું કે માતા, આશાને સમજી શકયો છું. પણ આજે અસુરો અમોઘ બલિષ્ટ બન્યા છે. શીલ, હરિશરણ અને વિપ્રચરના આશ્રિતને ઈશ્વર પણ ન જીતી શકે.

**अथाप्युपायो मम देवी चिन्त्यः संतोषितस्य व्रतचर्यया ते ।**
**ममार्चनं नार्हति गन्तुमन्यथा श्रद्धानुरूपं फलहेतुकत्वात् ॥१७॥**

વ્રત, અનુષ્ઠાન વ્યર્થ નથી થતું. કર્મફલ શ્રદ્ધાનુરૂપ ઉપલબ્ધ થાય છે. "મા, મારે કોઈ પણ ઉપાય વિચારવો પડશે. જો મારા જેવો પુત્ર જોઈએ તો પતિમાં મારા ભાવથી જોજે. દામ્પત્યમાં મમત્વ ભલે હોય, પણ પરસ્પરમાં મહત્વ એજ મહદુપાસના છે." એવું પ્રભુ બોલીને વિરમ્યા. ત્યાં બ્રહ્માજીએ આવી ચતુર્વિધ પુરુષાર્થ દાતા પ્રભુને ૪ શ્લોકથી આરાધ્યા. (શ્લોક ૨૫ થી ૨૮).

## અધ્યાય ૧૮ મો શ્લોક ૩૨

વિક્રમ કે ત્રિવિક્રમ પણ યાચક બને ત્યારે વામન સ્વરૂપ લેવું પડે. એક સદુક્તિ છે કે **द्वावेवांभसि क्षेप्यौ गले बध्वा शिलां दृढाम् । धनिकं चाप्रदातारं दरिद्रं वा तपस्विनम् ॥** બે જણને ગળે દૃઢા શિલા બાંધીને જલ સમાધિ કરાવો. ભીખ માગવી છે ને તુમાખી કરે છે; ધનિક છે ને કૃપણ છે. આ તો લૌકિક ભાવ છે. પરંતુ ભકત વત્સલતા કેવી અપાર ઉદાર છે કે દાતાર યાચક બને છે અને વિરાટ વામન સ્વરૂપ લઈ ભકત મનોરથનું પૂરણ કરે છે. ત્રિવિક્રમ પકટ થયા છે, તે સૂચવવા અધ્યાયના આરંભમાંજ ત્રણ શ્લોકથી પ્રભુ પ્રાકટ્ય વર્ણવ્યું.

**इत्थं विरिंचस्तुतकर्मवीर्यः प्रादुर्बभूवामृतभूरदित्याम् ।**
**चतुर्भुजः शंखगदाब्जचक्रः पिशंगवासा नलिनायतेक्षणः ॥१॥**

દ્વાદશ દિવસના મતાંગે પ્રકટ થયેલ પૂર્ણ પુરુષનું-પ્રભુના શ્રી વિગ્રહનું વર્ણન પંદર વિશેષણથી કર્યું છે. **अमृत भूः अमृतेन आनन्द विग्रहेण भवतीति अमृतभूः** – નિત્ય સિદ્ધ વિગ્રહ અથવા **मृतं मरणं च भूः जन्म इति मृतभुवौ न स्तो यस्य**– જન્મ અને મૃત્યુ જેને નથી એવા **हरिः** કૃપાલુ શ્રી હરિ પ્રકટ થયા. હરિ વિશેષ્ય છે. અન્ય ચૌદ વિશેષણો છે. કેવલ કૃપા ધર્મથી ચૌદ લોકમાં અનુગ્રહ કરી ચૌદે ચૌદ લોકની પ્રજાને **"અહં-મમ"** ગ્રહમાંથી અથવા ભોગ સંગ્રહમાંથી મુક્ત કરી આત્મનિવેદનની ભાવનામાં લઇ જશે. ચતુર્ભુજ સ્વરૂપથી પ્રથમ કશ્યપ ઋષિને ત્યાં પ્રકટ થઇ વામન સ્વરૂપે વિરાજ્યા બાદ વિરાટ્ રૂપે વિશ્વમાં પધાર્યા. કશ્યપ વિશ્વના આદિ અને આદર્શ પુરુષના જીવનમાં ત્યાગ, સંતોષ ક્રિયાત્મક રીતે આવ્યો; અને એની અસર ચૌદ લોકમાં થઇ. જો વિશ્વના પ્રત્યેક ક્ષેત્રનો પ્રધાન પુરુષ સંસ્કારથી જીવે તો વિશ્વને વિના આદેશે કે ઉપદેશે તે ધર્મની અસર થાય છે. ચોથા શ્લોકમાં વિશ્વની પ્રસન્નતાનું વર્ણન એજ હેતુથી સૂચવે છે.

વામન ભગવાનનો સમય જ્યોતિષ શાસ્ત્રથી ખૂબજ નિશ્ચિત રીતે દર્શાવ્યો. **श्रोणायां श्रवणद्वादश्यां मुहूर्तेऽभिजिति प्रभुः** (શ્લોક ૫) શ્રવણ દ્વાદશી ભાદ્ર શુક્લ દ્વાદશી નામથી પ્રસિદ્ધ છે; ત્યારે **श्रोणायाम्** શ્રવણસ્થ ચન્દ્ર હતો. તેમાં પણ શ્રવણના પ્રથમ અંશમાં અભિજીત મુહુર્તમાં વામન પ્રભુનો અવતાર છે.

**बभूव तेनैव स वामनो वटुः** (શ્લોક ૧૨) વિભુ અષ્ટ વર્ષના વામન બન્યા. અષ્ટ પ્રકૃતિના સંસ્કરણ માટે અષ્ટમ વર્ષનાં સંસ્કાર આપવા વધુ શ્રેયસ્કર છે. જો કે ભગવાન તો સ્વયં દિવ્ય છે.

**स तेनैव बभूव**– તે આનન્દ, ચિન્મય સ્વરૂપજ વામનની આકૃતિ બન્યા. લગ્ન અને ઉપવીત એ વિશ્વને આનંદ દેનાર સંસ્કાર છે. મહર્ષિઓએ સત્કર્મ કરાવ્યાં, કારણકે સ્વયં જાગૃત આત્માઓજ અન્યમાં જાગૃતિ લાવી મૂકી શકે. સૂર્યની અમોઘ શકિત સાવિત્રી છે, તે સૂર્યદેવે આપી. ગાયત્રી મંત્રદાન પિતાએ કરવાનું હોય છે. **अत्र पिता गुरुः** આ કાર્યમાં પિતાને ગુરુ માન્યા છે. બૃહસ્પતિજીએ બ્રહ્મસૂત્ર આપ્યું. બ્રહ્મ એટલે વેદ, અને વેદનું પ્રતીક તે બ્રહ્મસૂત્ર છે. બ્રહ્મસૂત્રને ધારણ કરનારે વેદના એક લાખ મંત્રો કંઠમાં અને ક્રિયામાં ધારણ કરવા એ એનો પ્રાણભૂત સંદેશો છે. કશ્યપ પિતાજીએ મેખલા આપી. મેખલા મુજના ઘાસમાંથી બને છે. વિદ્યુત શકિતનો તેમાં સન્નિવાસ છે. સંયમ પિતાથી વારસામાં મળે છે. બ્રહ્મચર્યના રક્ષણમાં મુજની મેખલા ઉપકારક બને છે. ભૂમિએ કૃષ્ણમૃગનું અજિન આપ્યું. વનમાં વસતા ઋષિ પુત્રને ઋતુ માત્ર માટે તે સાનુકૂલ છે. સોમે પાલાશ દંડ આપ્યો. પાલાશમાં સર્પાદિ ઝેરી જીવોને દૂર કરવાનો પ્રભાવ છે. કોઈ વખત વીજળી જંગલમાં પડે તો દંડથી તેની રક્ષા થાય છે. કૌપીન માતા અદિતિએ આપ્યું. શીલદાન જનની પાસેથી મળે છે. સ્વર્ગની દેવતા 'દ્યૌ' એ છત્ર આપ્યું. પુણ્ય કર્મ કરવાનો એમાં સંદેશો છે. પુણ્ય કર્મ છત્ર છે. બ્રહ્માજીએ કમંડલુ આપ્યું. જ્ઞાન એ અમોઘ જલ છે. **कस्य मंडलम्** કલ્યાણને ધારણ કરવાનું એ પાત્ર છે. "વિશ્વ કલ્યાણ સાધન, જ્ઞાનને, હે વિપ્ર ! તું મેધામાં ધારણ કરી વિશ્વને આંગણે દેજે", એ સંદેશો વિધિએ દીધો. સપ્તર્ષિઓએ કર્મ નિર્વાહ માટે દર્ભ આપ્યા. સુવર્ણ સમાન શકિત દર્ભોમાં છે. એનાં આસ્તરણ આસન સેવવાથી તેજસ્વિતા મળે છે, અને કુશાગ્ર બુદ્ધિ બને છે. સરસ્વતિજીએ રૂદ્રાક્ષ માળા આપી. રૂદ્રાક્ષ સર્વ રોગોનો હરે છે. વિદ્યાર્થી નિરોગી રહે તેથી તેનાથી

જપ કરવાના હોય છે. કુબેરજીએ ભિક્ષાપાત્ર આપ્યું. ભિક્ષાનું નામ મધુકરી વૃત્તિ છે. અંબિકા અન્નપૂર્ણાએ ભિક્ષા આપી. ગાયત્રી, ગુરુ, અને સૂર્યના ઉપાસકને અન્નપૂર્ણાની કદિ ખોટ નથી. ઉપવીત ધારણ કરી ભગવાન વામન બલિરાજાને દ્વારે પધાર્યા.

**इत्थं सशिष्येषु भृगुष्वनेकधा वितर्क्यमाणो भगवान् स वामनः ।**
**छत्रं सदण्डं सजलं कमण्डलुं विवेश विभ्रद्धयमेधवाटम् ॥२३॥**

ભગવાનના ચરણ કમલમાં અર્ચન કર્યાં અને એ 'અવનેજન'ને મસ્તકે ધારણ કર્યું. આજ પર્યન્ત તો આજ્યથી અગ્નિનારાયણને નવાજ્યા, પરંતુ આજે વિપ્ર ચરણના અવનેજને યજ્ઞનાથને આરાધ્યા.

**अद्य नः पितरस्तृप्ता अद्य नः पावितं कुलम् ।**
**अद्य स्विष्टः क्रतुरयं यद् भवानागतो गृहान् ॥३०॥**

ભલે આવ્યા બટુક મહારાજ આજ મારે આંગણીએ,
મારાં સુધારીઆં સ કાજ આખરની અણીએ.

**अद्याग्नयो मे सुहुता यथाविधि द्विजात्मज त्वच्चरणावने जनैः ।**
**हतांहसो वार्भिरियं च भूरहो तथा पुनीता तनुभिः पदैस्तव ॥३१॥**

અનેક રીતે મુખાકૃતિમાં દુઃખો છુપાવી શકાય, પણ યાચકની મુખાકૃતિ છાની ન રહી શકે.

**यद् यद् वटो वाञ्छसि तत् प्रतीच्छ मे त्वामर्थिनं विप्रसुतानुतर्कये ।**
**गां कांचनं गुणवद् धाम मृष्टं तथान्नपेयमुत वा विप्र कन्याम् ।**
**ग्रामान् समृद्धांस्तुरगान् गजान् वा रथांस्तथार्हत्तम संप्रतीच्छ ॥३२॥**

## અધ્યાય ૧૯ મો – શ્લોક ૪૩

**इति वैरोचनेर्वाक्यम्** – બલિરાજા વિરોચનના પુત્ર હતા. પિતાના પુણ્યથી પુત્ર ભક્ત અને ઉદાર બને છે. આનુવંશિક સંસ્કારો કદિ વ્યર્થ નથી થતા.

યાચકની વાણીનું પાણી દાતામાં દાનની શ્રેણીને સરજાવે છે. ઘર છુટે છે, પણ હૃદયમાંથી 'જર' ન છુટે. જરા અવસ્થા શરીરને આવે, પણ 'જર'માં યુવાવસ્થા આવે છે. આશા અને વિત્ત સદા યુવાનજ થવા વિચારે છે. બાકી 'જર' એટલે જીર્ણ થનારૂં ધન. દેનારની ત્રણ પેઢીની તારીફ કરવી પડી, ત્યારે ત્રણ પગલાં માગી શક્યા. **वचस्तवैतज्जनदेव सूनृतं कुलोचितं धर्मयुतं यशस्करम्** (શ્લોક ૨). સુજનના વાક્યમાંથી સત્ય, કુલીનતા, ધાર્મિકતા અને યશસ્વિતા એ ચાર ગુણો સદા તરી આવે. શ્લોક ૨થી ૧૫, ચૌદ શ્લોકોમાં ચૌદ લોકના નાથને બલિના ત્રણ પૂર્વજોની કુલશીલ ગાથા ત્રણ પગલાં પૃથ્વી માટે ગાવી પડી; પછી ૧૬મા શ્લોકમાં યાચના કરી. ભગવાને કહ્યું, "રાજન! શૌર્ય હિરણ્યકશિપુમાં, ધૈર્ય પ્રહલાદજીમાં, ઔદાર્ય વિરોચનમાં, તે ત્રણ પૂર્વજોમાંના ગુણો એકત્ર અવતર્યા હોય તો કેવલ બલિ, તમારામાં. મને મારાં પગલાંથી મપાયેલ ત્રણ પગલાં પૃથ્વી જોઈએ. **यावदर्थ प्रतिग्रह:** પ્રતિગ્રહ અથવા પરિગ્રહ માનવે આવશ્યક્તા જેટલાજ કરવા. વધુ તો વધુ રક્ષણની સંપાદનની વ્યથાથી ભરેલા છે.

દાતાનો ત્યાગમય સ્વભાવ અને ગૃહીતાનો સંતોષમય સ્વભાવ તે દાનભાવમાં પ્રેમ અને પ્રભુનો પ્રાદુર્ભાવ કરે. બલિએ **ब्राह्मणदायाद** સંબોધનથી ભગવાનને સત્કાર્યા. "સાચેજ, બ્રાહ્મણકુમાર છો તેથીજ આટલી લઘુ યાચના કરો છો." બલિનું કુલશોભી શીલ બોલે છે કે "મારી પાસે હાથ લંબાવનાર બીજા પાસે હાથ પસારવાની હાલતમાં ન રહી શકે."

ભગવાને શ્લોક ૨૧ થી ૨૭ સુધીના સાત શ્લોકોમાં સંતોષની વિપ્રોચિત સ્વભાવની ઓળખ આપી છે.

**यदृच्छालाभतुष्टस्य तेजो विप्रस्य वर्धते ।**
**तत् प्रशाम्यत्यसन्तोषादम्भसेवाशुशुक्षणिः ॥२६॥**

તપસ્વી ને તેજસ્વી વિપ્રના લલાટનું ત્યાગ-સંતોષ તેજ તેજ ક્ષણે ક્ષીણ થાય છે કે જયારે તેના ઉપર અસંતોષનું સલિલ સિંચાય છે.

બલિ રાજાએ અજ્ઞાત હાલતમાં દાન આપવા વચન નથી આપ્યું. શુક્રાચાર્યના મુખમાંથી ન આપવા, અલ્પ આપવા, વામન વિષ્ણુ છે તે સમજાવવા, અને પરિણામ ખૂબજ ખરાબ આવશે તે કહેવા શ્લોક ૩૦ થી ૪૩ ચૌદ શ્લોક નીકળ્યા; પરંતુ બલિ તે શ્રવણથી વધુ દૃઢ બન્યા. **वैरोचने!** શુક્રાચાર્યે કહ્યું, "તારા પિતાએ દેવોને ન જાણ્યા અને દાનમાં જીવ દીધો. તારી તે ભૂલ ન થાય. હે વૈરોચન, તેનો ખ્યાલ કરજે." બલિ **'વૈરોચન'** સંબોધનથી સમજયા, "નિત્ય આત્માનો ત્યાગ માત્ર દેવોને દેવામાં પિતાએ પ્રમાદ ન કર્યો, જયારે મારે તો દેવાધિદેવને નશ્વર દ્રવ્ય દેવાનું છે, તો પ્રમાદ કેમ ઘટે?" આવો સંબોધનમાંથી ભાવ મેળવ્યો.

શુક્ર નીતિ પ્રમાણે પણ જો અર્થના **પાંચ** વિભાગ થાય તો વિશ્વમાં અનર્થ ન થાય. ૧/૫ ભાગ ધર્મમાં, બીજો કીર્તિ-યશમાં, ત્રીજો ધનથી ધનના વધારામાં-ધંધામાં, ચોથો સ્વોપભોગમાં, પાંચમો સ્વજન અને સુહૃદ્જનમાં વપરાતાં જીવનમાં મુશ્કેલીઓ ન આવે. ધન લોભી વ્યાપારી ધંધામાં મુડી ખરચી નાખે અને ખત્તા ખાય છે.

**आत्मवृक्षस्य** આ સ્થાને આત્મવૃક્ષનો અર્થ દેહ થાય છે. અસત્ય દેહ વૃક્ષનું મૂલ છે. અનિત્યમાંથી દેહ જન્મ્યો છે. પરંતુ **સત્ય** એટલે જ્ઞાન, પ્રેમ એનાં ફલ ફુલ છે. તે તેનાથી મેળવવાનાં

એવો અર્થ શ્રુતિનો છે. પરંતુ પક્ષકાર બની શુક્રાચાર્ય અન્યથા સમજાવે છે કે 'અસત્ય, નામનું મૂળ જો નષ્ટ થશે તો વૃક્ષ નાશ પામશે. માટે સત્ય રૂપી ફલ ફુલ સાચવે ન ચાલે. પરંતુ નૈષ્ઠિક ભક્ત બલિ આવી પ્રતારણ સલાહથી સત્યનો રાહ બદલતો નથી અને ત્યાગ ને આત્મનિવેદનનો ધ્વજ ફરકાવે છે.

**स्त्रीषु नर्मविवाहे च वृत्त्यर्थे प्राणसंकटे ।**
**गोब्राह्मणार्थे हिंसायां नानृतं स्याज्जुगुप्सितम् ॥४३॥**

આ શ્લોકમાં 'અનૃત' બોલવામાં પાપ નથી એવું વિધાન નથી; પરંતુ અનૃતને નિંદિત નથી ગણ્યું તેવું બતાવ્યું છે. શાસ્ત્રકાર તો હિતદર્શી છે. કોઈ અવસ્થામાં અનૃત કથન આવશ્યક લાગે ત્યાં જો તે કોઇ અસાધારણ માપમાં વિશ્વહિતમાં હોય તો તેનું અનિષ્ટ ફલ ભોગવીને તેટલા પુરતું અસત્ય બોલી લેવાય.

## અધ્યાય ૨૦ મો શ્લોક ૩૪

બલિના વચનનો અને ધર્મનો વિજય ૨૦મા અધ્યાયમાં છે. ધન અને વચન બન્નેની સમતુલામાં વચનનું પલ્લું ભારનત બને છે, ને વિનત બલિ મસ્તક ઉન્નત બને છે.

**न ह्यसत्यात् परोऽधर्म इति होवाच भूरियम् ।**
**सर्वं सोढुमलं मन्ये ऋतेऽलीकपरं नरम् ॥ ४ ॥**
**नाहं विभेमि निरयान्नाधन्यादसुखार्णवात् ।**
**न स्थानच्यवनान्मृत्योर्यथा विप्रप्रलम्भनात् ॥ ५ ॥**

જો અતિથિ વિષ્ણુ છે તો એવો તિથિ ક્યાંથી કે તેનું છે અને તેને પ્રત્યક્ષ સમર્પણ કરવાનું આવે. આ વાસ્તવિક ભાવના છે. વિત્ત વિશ્વનું છે, વ્યક્તિનું નહિ. વ્યકિતએ ભકિત અને શકિતથી મેળવવાનું, પણ વિશ્વને વિભકત કરી દેવા માટે. પરંતુ વિશ્વમાં વિશ્વપતિ વસ્યા છે, તેમને સમર્પું છું એવા દીન અને દિવ્યભાવે; નહિ કે દાતાર ભાવે કે દુનિયા દુઃખી છે તેવા પરોપકાર ભાવે. છે તેનું, તેને આપવાનું છે. મારે ત્યાં તો તે બધાની અનામત છે. સમ્પત્તિ એટલે સન્મતિને ત્યાં મૂકેલી સૌની અનામત. અવસરે તેને પરત કરવી એજ પવિત્ર દાનત. એ જેની પાસે નથી તે દાનવ અને એને પાળે તે માનવ.

### અધ્યાય ૨૧ મો શ્લોક ૩૪

વીસમા અધ્યાયમાં વામન પ્રભુના વિરાટ રૂપમાં વિશ્વનો પરિચય કરાવી આપી સમજાવ્યું કે માનવની **'અહંતા, મમતા'** માત્ર બે પગલાંમાંજ સમાય છે–ભૂગોલમાં અને ખગોલમાં. સ્વામિત્વ ધરાવતી વ્યકિત કેવલ પાતાલથી પૃથ્વી અને ભૂમિ આકાશ સુધીનું વિતરણ કરી શકે; પણ તેથી પર આત્માનું સમર્પણ એ વધુ મહત્વનું છે. ૨૨મા અધ્યાયમાં ત્રીજું ચરણ ક્યાં સ્થાપવું એ પ્રશ્ન કરી બલિ રાજામો સમર્પણના પ્રાણભૂત દૈન્યનો પ્રાદુર્ભાવ કરે છે.

**धातुः कमण्डलुजलं तदुरुक्रमस्य पादावनेजनपवित्रतया नरेन्द्र**
**स्वर्धुन्यभून्नभसिसापततीनिमार्ष्टिलोकत्रयंभगवतोविशदेवकीर्ति ॥४॥**

એક સંદેશો આપ્યો આ શ્લોકમાં કે 'સ્વર્ધુની' એ તો ભગવાન ચરણ–આત્મચરણની વિમલ કીર્તિધારા છે. બલિ પાસેથી લઇ

પ્રત્યેકનું પ્રત્યેકને આપી વામને કાંઇ પણ પોતાનું ન કર્યું એ છે ભગવદ્ધર્મની ચરમ સીમા.

બલિ રાજાના સૈનિકો ભગવાનની સામે આક્રમણ કરવા આવ્યા ત્યારે બલિએ અત્યંત વિવેક દર્શાવ્યો. એ હતી બલિરાજાની અનુપમ ભકિત. ભગવાનના ૧૪ પાર્ષદો હસીને તેમને રોકે છે. ચૌદ પાર્ષદોમાં જયવિજયનો ઉલ્લેખ છે, તે વ્યાપિ વૈકુંઠના પાર્ષદો માટે છે.

### અધ્યાય ૨૨ મો – શ્લોક ૩૬

**'पदं तृतीयं कुरु शिर्ष्णि मे निजम्'** – આત્મ સમર્પણનો પૂર્ણ વિવેક જાગ્યો ત્યારે લાગ્યું કે મેં અકારણ જગત ઉપર મમતા કરી. માલિકને ભિક્ષુકની દૃષ્ટિએ નિહાળ્યા. હવે બુદ્ધિમાંથી **'અહમ્'**, અને સમૃદ્ધિમાંથી 'મમ' બે દૂર કરી **'तव इदं'** અને **'तवाहम्'**ની ભાવનાને સ્થિર કરૂં કે જેથી સમર્પણનું સ્વરૂપ બને, એવો વિમર્શ કરી નિવેદન કર્યું, "આપના તૃતીય ચરણને મારા મસ્તક ઉપર પધરાવો; એટલે મારી બુદ્ધિમાં આપ વસો." મેધા મસ્તકમાં રહે છે તેથીજ મસ્તકે શિર સ્થાપન માટે વિનવ્યા.

**किमात्मनाऽनेन जहाति योऽन्ततः किंरिक्थहारैः स्वजनाख्यदस्युभिः ।**
**किं जायया संसृतिहेतुभूतया मर्त्यस्य गेहैः किमिहायुषो व्ययः ॥ ९॥**

દેહ અને ગેહ બે પાત્રોથી દુનિયાનું સર્જન થયું. જડ ચેતન સમસ્ત પદાર્થો દેહ અને ગેહના કારણે વધ્યા. જીવન તેમાં વપરાઇ ગયું. આત્માના સ્વાભાવિક સુખ અને સાર્થક્ય માટે તે ન વાપર્યાં. આખરે છોડે તેને આરંભથી છોડાય તો અનેક પ્રકારે આનંદ સચવાય તેમજ ઉત્કર્ષ થાય. દેહ, ગેહ અને દિલ ત્રણમાં બે

આપે ત્યારે સામાન્ય આનંદ; પણ જ્યારે દિલ–આત્માનું અર્પણ થાય ત્યારે પૂર્ણાનન્દ થાય. **नन्दस्त्वात्मज उत्पन्ने जाताह्लादः** સાચો આનંદ તો આત્મ સમર્પણમાં છે. બલિએ જ્યારે પ્રભુને મસ્તક અર્પ્યું ત્યારે પ્રહલાદજી આવ્યા.

**तस्येत्थं भाषमाणस्य प्रह्लादो भगवत्प्रियः ।**
**आजगाम कुरुश्रेष्ठ राकापतिरिवोत्थितः ॥१२॥**

**तस्मै बलिर्वारुणपाशयन्त्रितः समर्हणं नोपजहार पूर्ववत् ।**
**ननाम मूर्ध्नाश्रुविलोललोचनः सव्रीडनीचीनमुखो बभूव ह ॥१४॥**

બલિ રાજા પ્રત્યેક સમયે પાદ્ય, અર્ઘ, આચમન સાષ્ટાંગ ઉપચાર આચરતા. પરંતુ આજ પાશબદ્ધ હતા, તેમજ પ્રભુની પાસે ઊભા હતા, તેથી કેવલ મસ્તકથીજ વંદન કર્યાં. ભગવાનની સમીપે અન્યનાં ચરણ સ્પર્શ ન થાય. ભાગવતજીની સમીપે પણ અન્યનાં ચરણ સ્પર્શ ન થાય. પ્રહલાદજીએ ભગવાનને કહ્યું.

**त्वयैव दत्तं पदमैन्द्रमूर्जितं हृतं तदेवाद्य तथैव शोभनम् ।**
**मन्ये महानस्य कृतो ह्यनुग्रहो विभ्रंशितो यच्छ्रिय आत्ममोहनात् ॥१६॥**

આપ્યું આપે, અંગીકૃત કર્યું આપે; એથી અધિક અનુગ્રહ શો ? પ્રહલાદજીના કથન બાદ બ્રહ્માજી કંઇ કહેવા ગયા ત્યારે વિન્ધ્યાવલીજીએ કહ્યું.

**क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतं ते**
**स्वाम्यं तु तत्र कुधियोऽपर ईश कुर्युः ।**
**कर्तुः प्रभोस्तक किमस्यत आवहन्ति ।**
**त्यक्तह्रियस्त्वदवरोपितकर्तृवादाः ॥२०॥**

વિશ્વપતિ, વિશ્વ આપનું છે. જીવને વિવેકી સમજી વિશ્વાસે વ્યવસ્થા કરવા સોંપ્યું. તેમાં તેણે સ્વામિત્વ સ્થાપ્યું, એ છે કુમતિ. **कर्तुः, प्रभोः, अस्यतः** ઉત્પત્તિ, સ્થિતિ, ઉપસંહાર એ ત્રણે આપ

કરો છો; ત્યાં જીવનું શું છે કે તે આપને સમર્પે ? પત્ની તો પતિની કીર્તિ, લક્ષ્મી અને શાંતિ છે. પુરુષમાં ધર્મશ્રદ્ધા પત્ની તરફથી આવે છે. બ્રહ્માજીએ ભગવાનને કહ્યું—

**यत्पादयोरशठधीः सलिलं प्रदाय दूर्वाङ्कुरैरपि विधाय सतीं सपर्याम् ।**
**अप्युत्तमां गतिमसौ भजते त्रिलोकीं**
**दाश्वानविक्लवमनाः कथयार्तिमृच्छेत् ॥२३॥**

**दाश्वान्–दत्तावान्**– જે કોઇ ચરણે જલ બિંદુ દે તેને આપ ધનસિંધુ આપો તેવા ઉદાર ઇન્દુ છો; તો પ્રભો ! બલિએ ત્રિલોકી દીધી, તે પણ ના અવલોકી ? અને એને બાંધ્યો ?

ભગવાને કહ્યું— **ब्रह्मन् यमनुगृह्णामि तद्विशो विधुनोम्यहम् ।**
**यन्मदः पुरुषः स्तब्धो लोकं मां चावमन्यते ॥२४॥**

**ब्रह्मन्** સંબોધનથી સૂચવ્યું કે “મારી અનુગ્રહ રીત વિપરીત છે. આત્મીય બનાવું તેનું પ્રથમ માગી લઉં, પછી તેને મારો આત્મા દઉં, પછી ઐશ્વર્ય દઉં, એથી એને અજિર્ણ ન થાય.

### **અધ્યાય ૨૩ મો** શ્લોક ૩૧

વામનજીનાં મધુર વાકયોમાં ભાવ ભીનાશ હતી, આત્મીયતા હતી, અમિત પ્રેમ હતો. જ્યારે ભગવાને કહ્યું, “સુતલમાં મને સતત સંરક્ષક સ્વરૂપે નિરખશો,” ત્યારે હર્ષાવેશમાં આવી આર્દ્ર બની બલિરાજ બોલ્યા, “દેવોને દુર્લભ એવો, દયા નિધિ, આપે અનુગ્રહ કીધો. અન્ય માટે તો ઉદાર નિધિ છો, મારે માટે તો કૃપા નિધિ છો. ઉદાર નિધિ ધન આપે, જ્યારે કૃપા નિધિ સ્વજન બને અને સર્વ આપે.

પ્રહલાદજીએ ૬, ૭, ૮ એમ ત્રણ શ્લોકોમાં પ્રભુની અનુકંપાનું ગાન કર્યું. પ્રહલાદજીના આ ત્રણ શ્લોકો અતિ મધુર છે.

नेमं विरिञ्चो लभते प्रसादं न श्रीर्न शर्वः किमुतापरे ते ।
यन्नोऽसुराणामसि दुर्गपालो विश्वाभिवन्द्यैरपि वन्दिताङ्घ्रिः ॥६॥

અસુરોના દુર્ગપાલ થયા એજ દયાનિધિપણાનો પુરાવો છે. અસુર એટલે પ્રાણ અને પીંડને પોષનારને આપે અપનાવ્યા ! **दाक्षिण्यदृष्टिपदवी भवतः प्रणीताः** આપની અમી નજરમાં અમને આપે લીધા !

वत्स ! प्रह्लाद भद्रं ते प्रयाहि सुतलालयम् ।
मोदमानः स्वपौत्रेण ज्ञातीनां सुखमावह ॥ ९ ॥
नित्यं द्रष्टासि मां तत्र गदापाणिमवस्थितम् ।
मद्दर्शनमहाह्लादध्वस्तकर्मनिबन्धनः ॥ १० ॥

બલિ રાજામાં કવચિત્ સંસાર વૃત્તિ, દાનની અહંવૃત્તિ આવી જતી, જ્યારે પ્રહ્લાદજીમાં ભકિત નિષ્ઠા નિત્ય નિવાસ કરતી. એટલા તફાવતથી બલિને બંધન કલેશ અનુભવવો પડયો. સુતલ પાતાલનો એક વિભાગ છે. ભગવાને નિત્ય દર્શનનું અને સાન્નિધ્ય વાસનું વચન આપ્યું. મન-ઇન્દ્રિયોનું ઇશ્વર સમર્પણ થઇ જતાં તેની સન્માર્ગ યાત્રા સંદેહવાળી નથી હોતી, તેમજ કદિ અસત્પથ ગમન વિચાર નથી થતા, તો અસત્ આચાર સંભવે કયાંથી ?

ભગવાને શુક્રાચાર્યને પણ સંસ્કાર આપ્યો અને સદ્ભાવ આપ્યો. અવશિષ્ટ યજ્ઞીય કાર્ય પ્રભુએ પોતાની ઉપસ્થિતિમાં યજમાનના પ્રતિનિધિ તરીકે પૂર્ણ કરવા સૂચવ્યું **मंत्रतस्तन्त्रतश्छिद्रं**- મંત્ર, તંત્ર, કર્તા વિગેરેમાં અંગ વૈગુણ્ય-ખામી રહી ગઇ હોય તો **'હરિનામ સ્મરણ'**થી પૂરી થાય, એવો મત ત્યારે શુક્રાચાર્યે દર્શાવ્યો. છતાં ભગવાને **'યજ્ઞ'** એ વિજ્ઞાન પ્રયોગ હોઇ તેના વિધિને માન આપવા સૂચવ્યું અને ભકતનું કાર્ય ભગવાને હાજરી આપી પૂર્ણ કર્યું

क्रियमाणे कर्मणीदं दैवे पित्र्येऽथ मानुषे ।
यत्र यत्रानुकीर्त्येत तत् तेषां सुकृतं विदुः ॥३१॥

પૂર્વજોને, દેવોને અને મનુષ્યોને વફાદાર થવાનો અને એમના વિશુદ્ધ પગલે ચાલવાનો મંગલ સંદેશ આ પ્રસંગમાં વર્ણવ્યો છે. સમર્પણની દિવ્ય શૈલી વિશ્વશાંતિનું શ્રેષ્ઠ સાધન અને ધન છે.

### અધ્યાય ૨૪ મો શ્લોક ૬૧

ચોવીસમા અધ્યાયના **પ્રપત્તિ** પ્રકરણમાં **શતપથ બ્રાહ્મણના પ્રથમ કાંડના અષ્ટમ અધ્યાયના છઠ્ઠા પાઠકની** કથાનો પ્રસંગ મહર્ષિ વ્યાસે વિસ્તૃત રીતે વર્ણવ્યો.

**કૃતમાલા** નદીના કિનારે **સત્યવ્રત** જલ તર્પણ કરતા હતા. અંજલિમાં એક મત્સ્ય આવ્યો. એને વાણી થઇ કાવ્ય વિસ્તાર થયો. આ આશ્ચર્યે રાજા મુગ્ધ થયા, જિજ્ઞાસા કરી અને તે **મત્સ્યાવતાર** ઇશ્વર છે, એમ જાણી પ્રપત્તિ કરી. ભગવાને રાજાને માર્ગદર્શન આપ્યું.

सप्तमेऽद्यतनन्दुर्ध्वमहन्येतदरिन्दम ।
निमंक्ष्यत्यप्ययाम्भोधौ त्रैलोक्यंभूर्भुवादिकम् ॥ ३२ ॥

પરીક્ષિત રાજાને સાતમે દિવસે તક્ષક કરડે, સત્યવ્રતને સાતમે દિવસે પ્રલયમાં સંભાળવા કહે, દ્વારકા સાતમા દિવસે પ્રલયમાં ડૂબે-આ બધા સંકેતો ઐતિહાસિક છતાં આત્મગામી પણ છે. મુખનાં સાત દ્વારથી બહિર્મુખ દશા અને વિષયમાં જતા માનવને અન્તર્મુખ થવાનો તેમાં વિધિ વસેલો છે. ત્યારે જ તે બની શકે કે સંસાર રસ સાગરમાં ખરાબે ચઢતી માનવ દેહ નાવને માર્ગે લાવવા-સપ્ત છિદ્રોથી અન્તર્મુખ થવા-ઔષધિ સમાન આહાર,

ઋષિ સમાન આચાર, અને વેદના-તત્વજ્ઞાનના નિત્ય વિચાર અતિ આવશ્યક છે.

હયગ્રીવ રૂપે મત્સ્ય ભગવાને વેદ સંરક્ષા કરી, એ વિષય પણ આ પ્રકરણમાં સૂચક રૂપે વર્ણવ્યો છે. '**ઇન્દ્રિયોને મન સાથે પાછી વાળો**,' એવું સ્પષ્ટ કથન આમાં રહેલું છે. ૪૬ **થી** ૫૩ સુધીના આઠ શ્લોકોની સ્તુતિ પણ અષ્ટ પ્રકૃતિની સંસ્કૃતિનાજ કથન માટેનીજ છે. અન્તર્મુખ થઇ જ્ઞાન બોધ માટે જતા જિજ્ઞાસુની પ્રપત્તિનો આ ઉલ્લેખ છે.

**तं त्वामहं देववरं वरेण्यं प्रपद्य ईशं प्रतिबोधनाय ।**
**छिन्ध्यर्थदीपैर्भगवन् वचोभिर्ग्रन्थीन् हृदय्यान् विवृणु स्वमोकः ॥५३॥**

૬૦માં શ્લોકમાં સૂચવ્યું કે આ અધ્યાયનો નિત્ય પાઠ કરનારના સંકલ્પોની સફળતા થાય છે અને પરમ ગતિને પામે છે.

**प्रळयपयसि धातुः सुप्तशक्तेर्मुखेभ्यः**
**श्रुतिगणमपनीतं प्रत्युपादत्त हत्वा ।**
**दितिजमकथयद्यो ब्रह्म सत्यव्रतानां**
**तमहमखिलहेतु जिह्ममीनं नतोऽस्मि ॥६१॥**

પ્રપન્નને સંત મિલન થાય. સંત મિલને મલ ટળે અને મન અમલ બને. નવમ સ્કંધના સંતોના સમાગમ માટેની ભૂમિકા **અષ્ટમે** સિદ્ધ કરી દીધી અને હરિ ભક્તિ જાગૃત થઇ.

---

**-: અષ્ટમ સ્કંધ સંપૂર્ણ :-**

# ઈશ્વરોપકાર નિરૂપણ સ્તુતિઃ

કરૂણાવરૂણાલયપ્રભો વિહિતા પ્રાણિહિતાય યે ત્વયા
ઉપકારભરાન્વિચિન્ત્યતાન્ મનુજેનમ્રશિરાનકોભવેત્
વિપદાં પ્રભવેભવેભ્રમન્ નરદેહં ભવસાગરપ્લવમ્
ભવતા ભવતાપહારિણા કૃપયાજન્તુરવાપિતઃ સુખમ્
જનની જઠરે સમાગતં વ્યથિતં જાઠર વહ્નિના ભૃશમ્
અવતા ભવતા પ્રદર્શિતાઽનુપમાદીનદયાલુતા વિભો
અથ લબ્ધજની ક્ષુધાતુરં દશનૈર્હીનમતીવકોમલમ્
પરિપોષયિતું સુધાસમં વિહિતં માતુરૂરોજ્યોઃ પયઃ
શિશુત્માતમવપુઃ પ્રપુષ્ટયે શનપાનાદિસમર્જને ક્ષમમ્
અવિતું પિતૃચેતસિત્વયા સુતવાત્સલ્યમહોમહત્કૃતમ્
રચના વચનાતિગામિની તનુયંત્રસ્યકૃતામહાદ્ભુતા
અસુભિઃ પરિપાલિતામનોમુકુરેસ્વપ્રતિબિમ્બભૂષિતા
ખગણં ખગુણાદિગોચરં વચનાદાનમુખક્રિયા પટુમ્
પ્રવિધાયમતિ નિવેશિતા સદસદ્વસ્તુ વિવેચન ક્ષમા
દ્યુમણિંભુવનપ્રકાશકં તનુરક્ષૌપયિકૌષ્ણ્યદાયિનમ્
નયનં જગતઃ સુમંગલં ગતિયુક્તં દધસેનભોઙ્ગણે
નિશિચંદનવારિં શીતલં શશીનં તપ્તજનાર્તિશાન્તયે
સકલૌષધિપુષ્ટિકારકં કમનીયં પ્રકટીકરોષિચ
ભુવનાન્યમિતાનિ યત્ર ચ ગ્રહનક્ષત્રગણાશ્ચકાસતે
વિપુલંતદનન્તલીલયા સુખસંચાર કૃતેકૃતંનભઃ
ક્ષણમેકમપીહ યં વિના નજનો જીવનધારણે ક્ષમઃ
સુલભઃસતુમૂલ્ય મન્તરા શ્વસનો વિશ્વહિતાયનિર્મિતઃ
શુભયજ્ઞવિધાનસિદ્ધયે જઠરસ્યાન્નરસાદિપંક્તયે
તપનાસ્તમયે પ્રકાશદં સૃજસિસ્મેષ્ટદજાતવેદસમ્
નિહિતં ભુવિવારિ શીતલં તૃષિતપ્રાણિ તૃષાનિવૃત્તયે
સકલાઘહરંસુશાન્તિદં શુચિગંગાદિજલં પ્રવાહિતમ્
વિવિધાન્નરસપ્રદૌષધી ફલનમ્રા દ્રુપરાજિ મંડિતા

મણિરત્ન હિરણ્યસંભૃતા સુખદાસકૃને કૃતા મહી
સમદષ્ટિતયા મહીભુજે ધનહીનાયચ જીવન શ્રયમ્
અનિશંદદતાત્વયાસમો ભુવનેનાસ્તિ વદાન્યસત્તમ:
પુરૂષાર્થચતુષ્કસાધનાન્યધિકારાનુગમેન દેહિનામ્
પરિદર્શયિતું સુધોપમા મધુરાવેદગિરાભ્યુદીરિતા
શુભસાધનબોધનાયચ શ્રુતિપાઠાનધિકારિણાં નૃણામ્
ઈતિહાસપુરાણવાઙ્મયં મુનિભિર્વ્યાસમુખૈરકારય:
નિગમાગમપારદશ્વતા સુવિયાંયશ્ચકલાસુ નપુણમ્
તવશકિત રિયં વિજૃંભતે ભગવન્સત્વગુણોદયાત્મિકા
ધૃતિશૌર્યદયાદયો ગુણા: સુયશ: શ્રીશ્ચમનોહરાકૃતિ:
તનુભૃત્સુ વિભૂતયો ભવત્સકૃપાપાંગવિલોકનોદ્ભવા:
પરિબાધિતમુદ્ધતાસુરૈ: શ્રુતિધર્મભુવનંચરક્ષિતુમ્
ઋષકૂર્મ નૃસિંહવામનાદિકં મૂર્તીરધર: સુમંગલા:
રઘુનંદન નંદનન્દને ત્યભિધેદીવ્યતનૂ વિધૃત્યચ
ચરિતાનિ ચકર્થગાયતા મઘહારીણિ વિમુકિતદાનિચ
અપદિશ્ય ચ પાંડુનંદનં યુધિગીતામૃતમાત્મદર્શનમ્
શ્રુતિસાર મનન્તશાન્તિદં જગદુદ્ધાર કૃહૃચિવાન્ભવાન્
મહિમામનસોપ્યગોચર: શ્રુતિભિર્નેતિચનેત્યુદીરિત:
ગદિતું તવકેન શકયતે વિધિનાવાકપતિનાપિ દુર્વચ:
ઉપકાર ગણાન્પ્રતિક્ષણં ક્રિયમાણાન્ગણયેમ તેકથમ્
નમનાન્નમનાગપીતરદ્ધવત: પ્રત્યુપકર્તુમીશમહે
જગદીશ જગત્રયેન કિં ભવદીયં ભવતેર્પયેમયત્
મમતામપહાય કેવલાં વરિવસ્યેમભવત્પદાંબુજમ્
ત્વયિજાગ્રતિ કલ્પપાદપે સકલાભીષ્ટ કરે સુશાંતિદે
ઈતરાશ્રવકાંક્ષિણો નરા: ફલમિચ્છન્ત્યવકેશિનો દ્રુમાત્
પ્રવિભાતુ મદીયમાનસે તવરૂપં રૂચિરં રમાપતે
અપગચ્છતુ ચાંતરંતમો ભ્યુદયયાતુમતિ: કૃતિ: શુભા
અસુરઘ્નમમાંતરે સ્થિતાનસુરાન્કાનમુખાન્વિનાશય
અવહન્ બહુ જન્મસંચિતાનઘરાશી નખિલાનપા કુરૂ.
શ્રુતિગીતમનામરૂપકં પરમં તત્વમજં નિરંજનમ
યતયોનુભવન્તુ હૃત્તુમે સગુણાંદિવ્યતનું દિદૃક્ષતે
સમુપૈતુસુખાસુખાદિકં સ્વકૃતપ્રાકતનકર્મણ: ફલમ્

ભવદીયપદાંબુજે રતિ હૃદયાન્નાથન જાત્વપૈતુમે
અતિ દુસ્તર દુ:ખ સાગરે નવલંબૈકત્રનિમજ્જતો ભવે
શરણં સકાર્તિવારણં ચરણંતે તરણાયતાંમમ
અપરાધ શતાનિમેપ્રભો જગદાવાસ નસન્તુ તેક્રુધે
ઉદરસ્થશિશો: પદાહતિ જનની ચેતસિરોષકૃન્નહિ
સચરાચર વિશ્વમોહિની તવમાયા બહુ ભાવદર્શિની
સ્મસ્તરસ્તવપાદ પંકજં હૃદયંજાતુનમેપકર્ષતુ
બહુજન્મ નિરૂઢવાસના વશગંમેચપલં હિગોવ્રજમ્
વિષયાટાવિકા ભ્રમાકુલં કુરુગોપાલ નિજાલયેસ્થિરમ્
ભવદાવમહાગ્નિતાપિતં વિષયાશી વિષદંશમૂર્છિતમ્
અમૃતેશ કૃપાસુધાસિચાસ્વદશાપ્યાયયમાં દયાનિધે
ઉપકાર નિરુપણ સ્તુતિ વિંહિતૈષામૃતલાલ શર્મણા
પઠતાં પ્રયતાત્મનામિમાં પરમેશપ્રવણંમનો ભવેત્
ઉપકાર પરંપરાંસ્મરન્ જગદીશેનકૃતાં નિરંતરમ્
મનુજો ભગવત્પદામ્બુજે દઢભક્તિ: કૃતકૃત્યતાંવ્રજેત
સમવાપ્યમનીષિતાનિહાભ્યુદયાન્વિશ્વપતે: પ્રસાદત:
પરમં નરજન્મન: ફલં પરમાનંદપદં લભેતસ:

શરવસ્વંકભૂસંખ્યે વિક્રમાર્કસ્ય વત્સરે
ચૈત્ર માસે સિતે પક્ષે નવમ્યાં બુધવાસરે
પ્રહ્લાદાખ્ય પુરેશ્રેષ્ઠિનારાયણવિનિર્મિતે
વિદ્યાસદ્મનિ પૂર્ણ્યં સ્તુરસ્ત્વીશ તુષ્ટિકૃત